

सर्वेऽत्र सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग् भवेत॥

આત્મકલ્યાણ



પેટલાદવાળા પરીખ જગમોહનદાસ કેશવલાલ
સ્વ. ધર્મપત્ની સૌ. હીરામણિના સ્મર્ણા

માગશર : સં. ૨૦૧૧
* આવૃત્તિ ૧ લી *

卐

ડીસેમ્બર : સન ૧૯૫૪
* પ્રતો : ૧૦૦૦ *



આ પુસ્તક વડોદરા, રાવપુરામાં, અશોક પ્રિન્ટરીમાં, રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું, અને જગમોહનદાસ કેશવલાલ પરીખે નારિયા પાડાની પોળ,–પેટલાદથી પ્રગટ કર્યું.

માગશર : સં. ૨૦૧૧
* આવૃત્તિ ૧ લી *

ડીસેમ્બર : સન ૧૯૫૪
* પ્રતો : ૧૦૦૦ *



આ પુસ્તક વડોદરા, રાવપુરામાં, અશોક પ્રિન્ટરીમાં, રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું, અને જગમોહનદાસ કેશવલાલ પરીખે નારિયા પાડાની પોળ,—પેટલાદથી પ્રગટ કર્યું.

શ્રી પરમાત્મા ચરણવિલીન



અ. સૌ. હીરામણિ

(શ્રી. જગમોહનદાસ કેશવલાલનાં ધર્મપત્ની)

: જન્મ તિથિ : શ્રાવણ વદ ૧૩, સંવત ૧૯૫૧

*

: દેહવિલીન તિથિ : જેઠ સુદ ૮, સંવત ૨૦૦૯




પુસ્તક પ્રયોજન

પરમ કૃપાળુ પરમાત્મચરણવિલીન થએલાં મારાં પ્રિય ધર્મપત્ની અ. સૌ. હીરામણિને મારા હૃદયની ભાવાંજલિ અર્પવા સારુ આ પુસ્તક મેં પ્રકાશિત કરાવ્યું છે. તેની સાથેના મારા જીવનના લગભગ પીસ્તાળીસ વર્ષ જેટલા સમયમાં તેના શાન્ત, સંતોષી, ઇર્ષા–દ્વેષ રહિત ધર્મપરાયણ સ્વભાવથી, તથા તેના ગૃહકાર્ય ઉપરાંત વ્યાવહારિક કાર્યદક્ષતાથી અમારા ગૃહસ્થી જીવનમાં તેણે મને બિલ્કુલ નિશ્ચિંત બનાવ્યો હતો. એટલે આ બાબતમાં પણ તેનો ઘણો ઋણી હોવાથી આ પુસ્તક પ્રકાશન દ્વારા મારું તેના તરફનું ઋણ અદા કરુ છું. તેની સાથેના મારા સહવાસ દરમ્યાન તેના સદ્ગુણોએ મારા જીવનમાં ઘણો જ પલટો આણેલો, અને મારા સ્વભાવ અને રહેણીકરણી ઉપર પણ એટલી સારી અસર કરેલી કે અત્યારે પણ તેની ગેરહાજરીમાં શાંતિથી પ્રભુસ્મરણ અને આત્મચિંતનમાં જ મારો ઘણો સમય હું ગાળું છું.

આ પુસ્તકમાં મારું પોતાનું લખાણ ફક્ત પુસ્તકના "આમુખ" સિવાય કાંઇ જ નથી. તમામ વિષયો સંગ્રહિત કરેલા છે, પણ તેમાં ઘણો વિશેષ ભાગ તો મારાં ધર્મપત્નીના હસ્તલિખિત ઉતારામાંનો છે. તે તેના જીવન દરમ્યાન ગૃહકાર્યમાંથી નિવૃત્ત થતાં જે જે પુસ્તકો, લખાણ, ભજનો, ગીતો વગેરે વાંચતાં તેમાંથી હૃદયને, બલ્કે અંતરાત્માને રૂચતું, તેનો તેમણે ઉતારો કરેલો; અને તેમાંનો ઘણોખરો ભાગ આ પુસ્તકમાં પ્રગટ કર્યો છે.

☆




વિનંતિ

આ પુસ્તક છપાવવામાં ઘણી ઉતાવળ કરવી પડેલી હોવાથી ભૂલો રહી જવાનો સંભવ છે. તો જેના કરકમળમાં આ પુસ્તક આવે તેમને ભૂલો સુધારીને વાંચવા વિનંતિ છે, અને તે બદલ ઉદાર દિલ રાખી ક્ષમા કરશોજી.

લિ. આપનો,
જગમોહનદાસ કે. પરીખ

શ્રી જગમોહનદાસના પૂજ્ય પિતાશ્રી



સ્વ. શ્રી કેશવલાલ અંબાલાલ

આભાર દર્શન

આ વિષય અત્રે રાખવાનું પ્રયોજન માત્ર એટલું જ છે કે, મારે પોતાને મારી જિંદગીમાં આવું બીજું પુસ્તક બહાર પાડવાનું છે નહિ, અને આ પુસ્તક તો મારાં સ્નેહી-સંબંધીઓ, સગાંવહાલાં તથા મિત્ર-મંડળ અને ઓળખાણ પિછાણમાં જરૂરથી જશે. માટે આ જ પુસ્તકમાં આ સ્થળે મને તથા મારાં સદ્‌ગત ધર્મપત્ની પ્રત્યે અમારી જિંદગીમાં જેનાજેના તરફથી સહાય અથવા તો પ્રેમભરી લાગણી અમારા પ્રત્યે દર્શાવાઈ છે, તેઓનો સર્વેનો મારે મારા તરફથી તથા મારાં સદ્‌ગત ધર્મપત્ની તરફથી, સહૃદયતાથી આભારની લાગણી પ્રદર્શિત કરું તો જરા પણ અયોગ્ય લેખાશે નહીં.

સૌથી પ્રથમ મારા સદ્‌ગત પૂજ્ય પિતાશ્રીના મામા-ભાવનગરવાળા શ્રીમાન્ શેઠ મોતીલાલ નાનાભાઇ તથા શ્રી. મગનલાલ નાનાભાઇ વગેરે નામોથી ઓળખાવ છે, અને જેમને ત્યાં મારાં માતાપિતા સાથે મેં મારું બાળવય સુખરુપ વીતાવ્યું હતું, તેમનો મારે ઉપકાર માનવાનો છે. પરમાત્મા તેમની તથા સર્વ કુટુંબી જનોની ભૌતિક તથા આધ્યાત્મિક ઉન્નતિ કરો, અને તેમના કુટુંબની ઉત્તરોત્તર વૃદ્ધિ થાઓ.

ત્યાર બાદ મારી આઠ-દસ વરસની ઉંમર થઇ એટલે મારાં માતા-પિતાને મારા અભ્યાસની કાળજી પડી; એટલે મારાં પૂજ્ય સદ્‌ગત માતુશ્રીએ મને મારા પોતાના મામા શ્રી. મોહનલાલ મથુરાદાસ તથા સદ્‌ગત પૂજ્ય શ્રી. ગોકુળદાસ મથુરાદાસને ત્યાં અભ્યાસાર્થે મૂક્યો. ત્યાં રહી મેં બી. એ. સુધીનો અભ્યાસ કર્યો.

મારો અભ્યાસ તથા વ્યાવહારિક શિક્ષણ વગેરે મારા સદ્‌ગત મામા શ્રી. ગોકળદાસે પોતાના સગા દીકરા જેટલી કાળજી, પ્રેમ અને પૂરતી સંભાળ રાખે તે પ્રમાણે રાખી કરાવ્યો. તેમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. તે સદ્‌ગત અત્યારે આ પરમાત્માની સૃષ્ટિમાં જ્યાં હોય ત્યાં તેમને મારા હાર્દિક સહસ્ર વાર સાષ્ટાંગ પ્રણામ છે; અને

પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે તેમને તથા તેમનાં કુટુંબના સર્વે જનોને સર્વ પ્રકારે સુખી કરે, અને તેમનાં કુટુંબની અભિવૃદ્ધિ કરે.

બી. એ. થયા બાદ મુંબઈમાં સદ્દગત શ્રીમાન શેઠ શ્રી. નહાલચંદ લલ્લુચંદની પેઢીમાં નોકરીનો પ્રસંગ આવ્યો; તે પેઢીમાં લગભગ વીસથી બાવીસ વરસથી અત્યારે પણ કામ કરું છું. મારી નોકરી દરમ્યાન સદ્દગત શ્રીમાન્ શેઠ શ્રી નહાલચંદભાઈના સહવાસથી જિંદગીમાં નહીં મળેલો તેવો અનુભવ તથા વ્યાવહારિક જ્ઞાન તથા વ્યાપાર અંગેની નીતિ વગેરેનું જ્ઞાન તથા તેમનાં માણસો પ્રત્યેના પ્રેમ–ભાવ અને માયાળુ સ્વભાવને લીધે ઘણું જ જાણવાનું મળ્યું અને મારે કબૂલ કરવું જોઈએ કે અત્યારે મારું જીવન જે રીતે ઘડાએલું છે, તે તેમનો જ પ્રતાપ છે. તેમના ચિરંજીવી શ્રીમાન શેઠ શ્રી કાન્તિલાલભાઈ તથા તેમનું આખુંય કુટુંબ પણ સદ્દગત શ્રીમાન્ શેઠ શ્રી નિહાલચંદભાઈના જેવા જ બધા ગુણો,–જેવા કે ઉદારતા, પ્રેમ અને દયા વગેરે ધરાવતા આવ્યા છે. એક વાકયમાં બધા જ ગુણો દર્શાવું તો ખોટું નહીં લેખાય અને તે એ કે તેમને ત્યાં કામ કરનાર માણસને એમ ન લાગતું કે પોતે શેઠના નોકર છે કારણ કે તે કુટુંબ નોકરો સાથે એવો વ્યવહાર રાખતા આવ્યા છે કે જાણે નોકરો પણ એમના જ કુટુંબના સભ્યો છે. આવા એ ગુણિયલ મનુષ્યોની ઉન્નતિ તેમ જ ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ અભિવૃદ્ધિ પરમ કૃપાળુ પરમાત્મા દિન પ્રતિદિન વધુ ને વધુ કરતા રહે એવી હાર્દિક પ્રાર્થના છે. અને સાથે સાથે તે પેઢીના સૌ કામ કરનારા ભાઈએ, કે જેમની સાથે હું લાંબા વખતથી કામ કરું છું, તેઓ સૌનો મારા તરફના પ્રેમ અને લાગણી બદલ હાર્દિક આભાર માનું છું, અને તેઓ સૌનું પરમાત્મા કલ્યાણ કરે એવી ઇશ્વર પાસે પ્રાર્થના છે.

આ સિવાય મારાં સગાંવહાલાં, સ્નેહીઓ, મિત્રો વગેરે જેના જેના સંબંધમાં હું તથા મારી સદ્દગત પત્ની આવેલાં હોઈએ તેઓ સૌનો આ

સ્થળે હાર્દિક આભાર માનું છું, અને તેઓ સૌનું તેમના કુટુંબ–કબીલા સાથે પરમાત્મા કલ્યાણ કરો.

છેવટમાં મારા પરમ સ્નેહી મિત્ર ઠાકોરલાલ અમૃતલાલ શાહ કે જેઓ મારા તરફ સગા લઘુબંધુ જેવો સ્નેહ ધરાવે છે અને જેઓ મારા આપત્તિકાળમાં પણ મને પૂરા મદદગાર રહ્યા છે અને રહે છે તેમનું તેમના કુટુંબકબીલા સાથે પરમકૃપાળુ પરમાત્મા સર્વ ઉત્તમ પ્રકારે કલ્યાણ કરે એવી હાર્દિક પ્રાર્થના છે.

આ પુસ્તકમાં બહેનોને માટે તેમના 'જીવન સફળ કેમ થાય ?' તે માટે ઘણા ઘણા ઉતારા તથા ગીતો છે. જો કે આ જમાનાની બહેનોને તે ધ્યાનમાં ઊતરશે નહિ; પણ જેમ કવિ દલપતરામ કહે છે :–

"વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર."

માટે બરાબર ધ્યાનપૂર્વક વાંચી તેના ઉપર મનન કરવાથી જરૂર જીવનનું સાફલ્ય મેળવી શકાશે.

આ સિવાય આત્માના કલ્યાણ માટેનાં ઘણાં ગીતો, ભજનો વગેરે છે, તે પણ જો ઉપર લખ્યા પ્રમાણે સહૃદયતાથી વાંચવામાં આવે, અને તેના સારનું મનન કરવામાં આવે તો જરૂર જીવનમાં ઘણો જ અજબ ફેરફાર થએલો માલૂમ પડશે.

આશા છે કે જેના હસ્તકમળમાં આ પુસ્તક આવે તેઓ સર્વે ઉપર કહ્યા પ્રમાણે વાંચી, સમજી, પોતાના જીવનમાં ઉતારવાની કોશીશ કરશે, તો આ પુસ્તક પ્રકાશિત થયાની પૂરી સફળતા માનીશ.

સ્થળ :
નારિયા પાડાની પોળ,
પેટલાદ

જગમોહનદાસ કેશવલાલ પરીખ
ના જય શ્રીકૃષ્ણ.

આમુખ

"ક્વચિત્ વીણાવાદ: ક્વચિત્ અપિચ હાહેતિ રૂદિતં.
ક્વચિત્ રંમ્યા નારી ક્વચિત્ અપિ જરાજર વમું,
ક્વચિત્ વિદ્વદ્ ગોષ્ટિ, ક્વચિત્ અપિચ શુરામત કલહો.
ન જાને સંસારો અમૃતમય: કિં વિષમય: ॥"

ઉપરના શ્લોકમાં શ્રી ભર્તૃહરિ મહારાજ તેમના વૈરાગ્ય શતકમાં જણાવે છે કે આ સંસારમાં કોઇ જગ્યાએ વીણાવાદ, ગાનતાન મોજમજા ઊડે છે, તથા કોઇ જગ્યાએ કકળાટ–મારપીટ–રડારોળ–રૂદન વગેરે પ્રકાર ચાલે છે. વળી કોઇ જગાએ સુંદર મહેલ, બાગબગીચા, સુંદર સ્ત્રી, સર્વ વૈભવ સાથે મોજ ઉડાવાય છે, જ્યારે બીજી બાજુ રોગોથી ભરેલાં, ઘડપણથી ક્ષીણ થએલાં, અને જીવનથી કંટાળેલાં મનુષ્યો જોવામાં આવે છે. વળી કોઇ જગ્યાએ મોટા મોટા વકતાઓ, તથા વિદ્વાનો સભાઓ ભરી ભાષણો અને વાદવિવાદ કરે છે. જ્યારે બીજે સ્થળે સુરાપાન વગેરેથી મદમસ્ત થએલા લોકો મારામારી તથા હો–હા કરી ઉન્મત દશામાં વિચરે છે. જ્યારે સંસારમાં આવા અનેક એકબીજાથી વિરૂદ્ધ દશ્યો જોવામાં આવે છે ત્યારે આ સંસાર અમૃતમય કે વિષમય છે ? એ સમજવું ઘણું મુશ્કેલ છે.

ખરેખર આ સંસારને સંપૂર્ણપણે સમજવો એ એક મહાન વિકટ પ્રશ્ન છે. કવિ દલપતરામભાઇ તેમની એક કવિતામાં જણાવે છે કે:—

"ખોટો ખેલ સંસારનો મરણ પલંગને હેઠ."

વળી કવિ રત્નેશ્વર તેમના આત્મવિચાર ચંદ્રોદયમાં જણાવે છે કે :—

'તમો માનજો મન સંસાર ખોટો સદા શે ન સેવો જદુનાથ મોટો.'

આ ઉપરાંત ઋષિમુનીઓ, જ્ઞાનાત્મા તત્વદર્શીઓ તથા ધર્મના વેદવેદાંત અને ગીતા જેવા પુસ્તકોમાં પણ એવી જ રીતે કહેવામાં આવેલ છે કે:– " આ જે સંસાર જેનો રોજબરોજ આપણે અનુભવ કરીએ છીએ, આપણી દ્રષ્ટિએ જોઇએ છીએ, અને માણીએ છીએ, અને અનુભવ કરીએ છીએ. તે બધું જ ખોટું છે. માયિક છે, નાશવંત, બલ્કે ક્ષણિક છે."

આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય કે, ' આ બધો સંસાર માયિક ક્ષણિક અને નાશવંત છે, ત્યારે પરમાત્મા એ કે જેને આપણે પરમ કૃપાળુ દીનદયાળ તરીકે વિશેષણો આપી સંબોધીએ છીએ, તેણે આવું જગત શા માટે ઉત્પન્ન કર્યું હશે ? જરૂર, તેમાં કાંઇક તેનો ભેદ હશે જ. આપણે તેનો વિચાર કરવો આવશ્યક છે.

આ સમસ્ત જગતનો સર્જનહાર નિ:સંદેહ, આપણી દ્રષ્ટિ સમક્ષ જે કાંઇ કુદરતનાં મહાન દ્રશ્યો જેવાં કે, સૂર્ય–ચંદ્ર આકાશ, તારાઓ, પર્વતો, મહાસાગર, નદીઓ વગેરે જે કાંઇ આશ્ચર્યકારક ઘટનાઓ જોવામાં આવે છે, તદુપરાંત આ

સંસાર જગતમાં આપણે મહાલીએ છીએ તે બધાંથી પર છે. તે સર્વ તે શકિતમાન પરમાત્મા અનાદિ **આનંદઘન**, અદ્વિતીય, તથા પૂર્ણ પુરુષોત્તમ છે. તેઓ પોતાની માયાથી આ સંપૂર્ણ જગતને રચીને તેની અંદર અને બહાર સર્વ બાજુએ, (Every where all round throughout the whole universe in every atom and molecule, He is present.) પ્રત્યેક પ્રાણી અગર નિર્જીવ વસ્તુઓમાં તે સર્વ કાળે વ્યાપ્ત રહે છે. જેમ આકાશ સર્વ સ્થળે સમાનરૂપે વ્યાપ્ત છે, તે પ્રમાણે પરમાત્મા પણ વ્યાપ્ત છે, અને સર્વ પ્રાણીઓના અંતઃકરણ આત્મારૂપે સ્થિત હોઇ પોતાની માયાથી આ વિશ્વનું પરિચાલન કરી રહ્યા છે. છતાં તેઓ નિઃસંદેહ સમસ્ત ઉપાધિઓથી રહિત, સત્તામાત્ર ઇંદ્રિયોના અવિષય, આનંદઘન, નિર્મળ, નિર્વિકાર, નિરંજન, સર્વ વ્યાપક, સ્વયંપ્રકાશ તથા પાપહીન છે; વળી આ સૃષ્ટિના કર્તા (માયાની સહાયથી) પરમાત્મા ખુદ પોતે હોવા છતાં તેઓ તો પોતાને માત્ર "સાક્ષી" જ કહેવડાવે છે, અને આ સંપૂર્ણ જગત તેમનામાંથી ઉત્પન્ન થએલું છે અને તેમનામાં જ લીન થાય છે, અને તેથી કરીને તેમને આ સર્વ જગતના કારણભૂત માનવામાં આવે છે.

જ્યારે આ દૃષ્ટિ સમક્ષ આવતું જગત માયિક, નાશવંત, ક્ષણભંગુર અને તેની અંદર ઉત્પન્ન થએલા જીવોને ફસાવનાર હોઇ સ્વાભાવિક પ્રશ્ન એ થાય છે કે આવું જગત પરમાત્માને પેદા કરવાની જરૂરિયાત કેમ પડી ?

આદિ પુરુષ પરમાત્મા આ સૃષ્ટિના ઉદ્‌ભવ **પહેલાં** તદ્દન

એકલા જ હતા. જેમ આપણે કહીએ છીએ કે "આ સંસારમાં આ દુનિયામાં સાવ કોઇ એકલું નિઃસહાય જથા વગરનું હશો નહીં. જંગલમાં એકલું ઝાડ પણ હશો નહીં." એટલે આ ઉપરથી એમ સમજાય છે કે જીવન જીવવાંમાં એક કરતાં વધુની આવશ્યકતા છે જ. એ હિસાબે પરમાત્માએ પણ વિચાર કર્યો કે: " એકોડહં બહુશ્યામ્ " આવો વિચાર કરતાંની સાથે તેઓ સર્વ શકિતમાન હોઇ, પોતે પોતાની અંદર ગુપ્ત રહેલી 'માયા' નામની શકિતને સૃષ્ટિ પેદા કરવાનો હુકમ આપી દીધો. પરમાત્માની આજ્ઞા અનુસાર ચાલનારી માયાએ સૌથી પહેલાં જીવજંતુ પ્રાણી વગેરે ઉત્પન્ન નહીં કરતાં પ્રાણી, જીવો માટે જેના વડે તેઓ જીવન જીવી શકે તેવી કુદરતની વસ્તુઓ જેવી કે, પૃથ્વી, અગ્નિ, તેજ, વાયુ, અને આકાશ આ પ્રમાણે ઉત્પન્ન કર્યાં. પણ તેની પહેલાં માયા શકિતથી (પરમાત્માની પ્રેરણાથી જ) મહત્‌તત્વ ઉત્પન્ન થાય છે અને મહત્‌તત્વથી અહંકાર પ્રગટ થાય છે. મહત્‌તત્વથી ઓતપ્રોત એ અહંકાર ત્રણ પ્રકારનો થયો. સાત્વિક, રાજસ અને તામસ–**તામસ અહંકારથી** શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓ થઈ, અને એ સૂક્ષ્મ તન્માત્રાઓથી તેમના ગુણાનુસાર ક્રમશઃ આકાશ, વાયુ, જળ, અગ્નિ અને પૃથ્વી એ પાંચ સ્થૂલભૂત થયાં. **રાજસ અહંકારથી** દશ ઇન્દ્રિયો અને **સાત્વિક અહંકારથી** એ ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા તથા મન ઉત્પન્ન થયાં. અને એ સર્વની સાથે મળીને સમષ્ટિ સૂક્ષ્મ શરીરરૂપ હિરણ્યગર્ભ થયા, જેને સૂત્રાત્મા પણ કહે છે પછી સ્થૂલભૂત સમૂહથી વિરાટ ઉત્પન્ન થયું. તથા તેનાથી આ સંપૂર્ણ સ્થાવર જંગમ સંસાર પ્રગટ થયો.

આ પ્રમાણે પરમાત્માએ માયા દ્વારા સૃષ્ટિ ઉત્પન્ન તો કરી, પણ તેની અંદરના જીવો આનંદ અને મોજમજા ભોગવવાને બદલે દુઃખી કેમ જોવામાં આવે છે ? તે બાબતમાં આપણે પ્રથમ 'જીવ' તથા 'આત્મા' વગેરે સંબંધી વિચાર કરવો જોઈએ

અવિદ્યાજન્ય દેહાદિ સિદ્ધાંતોમાં પ્રતિબિંબિત થએલી ચિત્તશકિત જ આ જીવ લોકમાં 'જીવ' કહેવાય છે. એ જીવ જ્યાં સુધી દેહ, મન, પ્રાણ તથા બુદ્ધિમાં **અભિમાન** કરે છે ત્યાં સુધી કતુઁત્વ, ભોકતૃત્વ તથા સુખ આદિ ભોગવે છે. વાસ્તવમાં આત્મામાં જન્મ મરણાદિ સંસાર કોઈ અવસ્થામાં નથી. **બુદ્ધિમાં કદી જ્ઞાનશકિત** નથી. અવિવેકથી એ બન્નેમાં મળીને જીવ "સંસારી" છું, એવું માનીને કર્મમાં પ્રવૃત્ત થાય છે. અહંકાર, બુદ્ધિ, પાંચ પ્રાણ તથા દસ ઇન્દ્રિયો એ સર્વના સમૂહને જ પ્રાજ્ઞજન, જન્મ મરણ તથા સુખ દુઃખાદિ ધર્મવાળો લિંગદેહ કહે છે લિંગ દેહાભિમાની ચેતના ભાસ જ જગતમાં તન્મય થએલો 'જીવ' નામે વિખ્યાત છે. શુદ્ધ ચેતનની સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ ઉધાધિયો છે. ત્રણે ઉપાધિઓથી યુક્ત થાય ત્યારે તે 'જીવ' કહેવાય છે, અને **તેમનાથી રહિત હોય તેને પરમેશ્વર કહે છે.**

ચેતનાના ત્રણ પ્રકાર છે: (૧) બુધ્ધિમાં રહેલું ચેતન (૨) સર્વત્ર પરિપૂર્ણ ચેતન (૩) બુધ્ધિમાં પ્રતિબિંબિત ચેતન જેને આભાસ ચેતન કહે છે. કેવળ આભાસ ચેતન સહિત બુદ્ધિમાં જ કર્તૃત્વ છે, એટલે કે ચિદાભાસ સહિત બુદ્ધિ જ સર્વ કાર્ય કરે છે. પરંતુ અજ્ઞાની મનુષ્યો ભ્રાંતિવશ થઇને નિરવિચ્છન્ન, નિર્વિકાર

'સાક્ષી' આત્મામાં કર્તૃત્વ અને જીવત્વના આરોપ કરે છે. અર્થાત્ તે જ કર્તા ભોક્તા માની લે છે. આભાસચેતન તો મિથ્યા છે બુદ્ધિ અવિદ્યાનું કાર્ય છે; તથા પરબ્રહ્મ પરમાત્મા વાસ્તવમાં વિચ્છેદરહિત છે, તેથી તેમાં વિચ્છેદ પણ કલ્પિત છે.

જ્ઞાનદષ્ટિથી જોતાં આ સંપૂર્ણ વિશ્વ, રજ્જુમાં સર્પભ્રમના સમાન શુદ્ધ પરમાત્મામાં **માયાથી કલ્પિત છે.** વિચાર કરતાં તેની કાંઇ પણ સ્થિતિ જ નથી. મનુષ્ય જે કાંઇ સર્વદા સાંભળે છે, દેખે છે, સ્મરણ કરે છે, અનુભવ કરે છે, તે સર્વ સ્વપ્ન અને મનોરથના સમાન અસત્ય છે.

મદારીના ખેલની માફક આ સમગ્ર સૃષ્ટિ માયાનો ખેલ હોઇ, ક્ષણિક અને અસત્ય છે. ત્યારે સાચું સત્ય અને સનાતન કોણ ? પરમ કૃપાળુ પરમાત્મા જ આ સમગ્ર જગતનો નિયંતા, જે જગતમાં સર્વ સચરાચરમાં વ્યાપ્ત છે, તે જ સત્ય અને સનાતન છે. પરંપરાના જીવના વધુ ને વધુ દેહાધ્યાસથી જીવોમાં વધુ ને વધુ અજ્ઞાન આવે છે અને તેને લઇને તે 'પરમાત્મ' ભાવથી અળગો થતો જાય છે અને તે જ આ સંસારના જીવોના સુખદુઃખનું કારણ છે.

રત્નેશ્વર કવિ આત્માવિચાર ચંદ્રોદયમાં એક સ્થળે જણાવે છે કે, "તમો માનજો મન સંસાર ખોટો, સદા શેં ન સેવો જદુ-નાથ મોટો." ત્યારે હવે સવાલ એ થાય છે કે, જ્યારે પરમાત્મા-એ સૃષ્ટિ ઉપર જણાવ્યા પ્રમાણે રચી ત્યારે જીવોમાં ' પરમાત્મ ભાવ ' મટી જે 'જીવભાવ' દેહાધ્યાસભાવ વધુ પ્રમાણમાં કેમ આવવા માંડયો, એટલે કે અજ્ઞાન વધુ ને વધુ કેમ આવવા

માંડયું ? તો તેનો ખુલાસો એમ છે કે સત્વ, રજસ અને તમસ અહંકાર વગેરેમાંથી યુગો જતાં સાત્વિક ભાવનું પ્રમાણ ઘટવા માંડયું. અને રજસ્ તમસનું પ્રમાણ વધવા માંડયું. અને એ પ્રમાણે ઘટતાં ઘટતાં સાત્વિક ભાવનું પ્રમાણ શૂન્ય જેવું જ થઇ ગયું છે. જેમ જેમ સાત્વિકતાનું પ્રમાણ ઘટતું ગયું, તેમ જીવો માયા, મમતા, મોહ, અભિમાન, મારું-તારું, લોભ, દ્વેષરાગાદિ કર્મના કર્તૃત્વપણાની ભાવના દેહાભિમાન વગેરે વગેરે પરમાત્મ-ભાવથી જીવને વધુ ને વધુ અલગ કરનારી દુષ્ટ ભાવનાઓ વધવા માંડી.

રત્નેશ્વર કવિ 'આત્મવિચાર ચંદ્રોદયમાં' કહે છે કેઃ–

" મિથ્યા કાં મદ મોહ મત્સર કરો, નિંદા કરો લોકની;
ટાળો ફોક કુટુંબ શોક સઘળો, મૂકી મળો શ્રીકૃષ્ણને.
નિત્યે ચિત્ત વિચાર, માર મનને, સંભાર શ્રીકૃષ્ણને.
ટાળી નેહ નિહાળ નેટ નરમાં નારા'ણને સર્વદા."

પ્રાણીની જિંદગી કેવી છે ? તે માટે પણ કવિ લખે છે.

" યથા પદ્મના પત્ર ઉપરે પાણી ઢળે મેલતાં માંય છે એમ પ્રાણી."

શ્રીમદ્ શંકરાચાર્ય પણ જીવ માટે જણાવે છે કેઃ–

આયુઃ નશ્યતિ પશ્યતાં પ્ર તેદિનં યાતિ ક્ષયં યૌવનમ્
પ્રત્યા યાતિ ગતાઃ પુન ર્ન દિવસા કાલો જગત્ ભક્ષક.
લક્ષ્મી તોય તરંગભંગ ચપલા વિદ્યુત ચલં જીવ તં,
તસ્માત્ ત્વં શરણાગતં શરણદ રક્ષરક્ષાધુના, "

જીવનની ક્ષણભંગુરતા માટે, બીજી ઘણી ઉક્તિઓ છેઃ–

" આ તન 'રંગ પતંગ' સરીખો જાતાં વાર ન લાગેજી."

આ અસાર સંસારમાં પણ જીવોમાં એવી ભાવના રહે છે કે, વડીલો, માબાપો, મુરબ્બીઓ પણ પોતાનાં બચ્ચાં તેમના મુરબ્બીઓ તરફ પૂજ્યભાવ, સેવાભાવ, નમ્રતા, આજ્ઞા-ધારકતા વગેરે ભાવો રાખે તેવી આશા જરૂર સેવે. શેઠ પોતાના નોકર પાસેથી પણ નિમકહલાલીપણું, સત્ય, સદાચાર અને આજ્ઞાનુકારીપણું તથા માનની ભાવનાની આશા રાખે, અને તે પ્રમાણે રાખવાની ફરજ છે. પણ તેથી વિરૂદ્ધ વર્તન થાય તો પરિ-ણામ વિરૂદ્ધ આવે તેમાં શંકાને જરા પણ સ્થાન નથી. એટલે સ્વાભાવિક રીતે માબાપ, વડીલો, મુરબ્બીઓ તથા શેઠીઆઓ પણ બેદરકાર થાય, એટલે તેમનો ભાવ તેમના છોકરાંઓ તથા નોકરો તરફ ઓછો થાય, અને તેનું પરિણામ એ આવે કે છોકરાઓ અગર નોકરોના કામકાજનું પરિણામ કરનારે જ વેઠવું રહ્યું. તેવી જ સ્થિતિ સંસારના જીવોની થઈ છે. વધુ ને વધુ અજ્ઞાનને લીધે, અનેક દુષ્ટ ભાવનાઓ, દુર્ગુણોને લીધે જીવોનો પરમાત્મભાવ ઘટતાં ઘટતાં જીવો એટલી હદ સુધી આવેલા છે કે હવે તો પરમાત્માનો ઉપકાર તો માનવો કયાં રહ્યો–તેનું સ્મરણ, ભજનકીર્તન કરવું કયાં રહ્યું, પણ હવે તો ઉઘાડી રીત નિરીશ્વર-વાદી થઇ, નિમકહરામપણું બતાવવાની શરુઆત થઇ ગઇ છે !

રત્નેશ્વર કવિ "આત્મવિચાર ચંદ્રોદય"માં જણાવે છે કેઃ–

"જોની રે તુજ કાજ, કોણ રચના કીધી કૃપા સાગરે,
ધૂમ્ર જ્યોતિ સમીર વારિ સઘળાં ટોળે કર્યાં શ્રીવરે.

સિંધુથી ગગને ચઢાવી ઘનને વર્ષામ્બુ મધ્યે ભરી,
તે પ્રત્યે જ થયો અલ્વા કૃતઘ્ની શ્રી રામને વિસ્મરી. "

ઉપર પ્રમાણે જીવોની પરિસ્થિતિ હોઇને પરમાત્મા જીવોના કર્મની તથા તેના ફળની જરાપણ જવાબદારી સ્વીકારતા નથી. તે તો ફક્ત સાક્ષીભૂત રહે છે. એટલે એક દૃષ્ટા તરીકે જ, દરેક પ્રાણીમાત્રના હૃદયમાં વસે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ પરમાત્મા કહે છે કે:–

ચે યથા મામ્ પ્રપદ્યંતે, તામ્ તથૈવ ભજામ્યહં.

"સમોઽહં સર્વ ભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ,
ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ
ન કર્મફલ સંયોગં સ્વાભાવસ્તુ પ્રવર્તતે. "

આપણામાં સાધારણ ઉક્તિ છે કે:–"કરો તેવું પામો". જેવાં કર્મ કરો તેવાં ફળ પામો. આ સંસારમાં જીવો નાના પ્રકારનાં કાર્યો કરે છે, તથા માયા અજ્ઞાન, અહંતા, મમતા, દ્વેષ લોભ, લોલુપતા વગેરે વગેરે દુર્ગુણોથી વિવશપણે તેનાં ફળોથી બંધાય છે. એ પ્રમાણે પાપપુણ્યને વશીભૂત થઇને સદા ઊંચી નીચી યોનીઓમાં જીવ ભ્રમણ કરતો રહે છે. તે એવી કલ્પના કરવા માંડે છે કે મે ઘણા યજ્ઞો કર્યા, દાન કર્યા, વગેરે ઘણાં પુણ્યો કર્યાં; પણ અજ્ઞાનને લીધે વિચાર નથી કરતો કે કેવી ભાવનાથી–શુદ્ધ કે અશુદ્ધ ? ફળની આસક્તિથી કે બ્રહ્માર્પણ ભાવથી ? તે પુણ્યો કરવામાં જે નાણાં ખરચાયાં, તે કેવી

રીતે પુણ્યનાં એટલે કે સત્ય અને નીતિથી કમાએલાં કે અનીતિ અને છળપ્રપંચ તથા ગરીબોનાં લોહી ચૂસીને મેળવેલાં ? હું નિશ્ચય સ્વર્ગમાં જઇને સુખ ભોગવીશ, એવા અધ્યાસથી જીવ ત્યાં જઇને પુણ્ય કર્મનું ફળ ચિરકાળ સુધી ભોગવે છે. અને પાપ કર્મ કર્યાં હશે તો નર્કમાં જઇ દુઃખ ભોગવી અન્તમાં પાપપુણ્ય ક્ષીણ થયે પ્રારબ્ધની પ્રેરણાથી ઇચ્છા ન હોવા છતાં જીવ પાછો નીચે પડે છે. પ્રથમ તે ચંદ્રમંડળમાં પડે છે. ત્યાં ચંદ્ર રશ્મિઓ દ્વારા ધુમ્મસ રૂપે પૃથ્વી ઉપર આવીને ઘણા દિવસો સુધી ડાંગર આદિ ધાન્યોમાં રહે છે. પછી તે (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય તથા ચોષ્ય) ચાર પ્રકારના અન્નોના રૂપમાં પુરુષ જાતિ દ્વારા ખાવામાં આવે છે, અને વીર્યરૂપમાં પરિણિત થઇ યથા સમયે સ્ત્રી જાતિના ગર્ભમાં આવે છે. આ પ્રમાણે મનુષ્યજાતિમાં સ્ત્રીના ગર્ભમાં આવ્યા બાદ પાંચમો મહિનો થાય ત્યારે ગર્ભમાં જીવને ચેતન–શક્તિ આવે છે. તે સમયે પોતાના સંપૂર્ણ પૂર્વ જન્મોનું તથા કર્મોનું સ્મરણ કરીને જઠરાગ્નિથી સંતપ્ત થએલો જીવ સંતાપ કરે છે: " હું સદા અકાર્ય કર્મ કરતો જ રહ્યો; કદી પણ મારું વાસ્તવિક હિતસાધન (પરમાત્માની ભક્તિ, સેવા, નામ સ્મરણ, વગેરે વગેરે) કર્યું નહિ. તેથી જ મારા કર્માનુસાર હું આ પ્રમાણે ઘણાં દુઃખો ભોગવતો રહ્યો." આ પ્રમાણે ચિંતા કરતો કરતો જીવ ગર્ભમાં ભયંકર રીતે પીડિત થતો થતો અતિ કષ્ટથી જેમ કોઇ પાપી નર્કમાંથી નીકળતો હોય તેવી રીતે જન્મ લે છે. રત્નેશ્વર કવિ આત્મ વિચાર ચંદ્રોદયમાં લખે છે કે:–

" યથા તાર તાણે બળે સ્વર્ણકાર
તને કાઢિયો ગર્ભથી એમ બહાર
પછે વિસરી વેદના ગર્ભમાંની
ભૂલી ઇશને તું થયો દેહાભિમાની ! "

જન્મ પછી બાળક જ્યારે રડે છે ત્યારે– "હું...આં....હું.... આં" જેવો અવાજ થાય છે, તેનો આપણા સમજુ લોકો, એવો અર્થ કરે છે કે રડતો બાળક પરમાત્માને કહે છે કેઃ– "હું અહિંયા અને તું ત્યાં."

એટલે કે હવે હું તારાથી વેગળો થયો, અને ખરેખર સંસારની પરિસ્થિતિ પણ તેવી જ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કે :–

"અનાદિત્વાન્નિર્ગુણત્વાત્પરમાત્માઽયમવ્યયઃ ।
શરીરસ્થોઽપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે ॥

કવિ દયારામ તેમની એક કવિતામાં લખે છે કે :–

"ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે,
જેવું જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે,
તેમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુટાઇ તું મરે....કૃષ્ણને.
રાખ ભરોસો રાધાવરનો, દયા તું શીદને ડરે....કૃષ્ણને."

આ પ્રમાણે જીવ અજ્ઞાન, તથા રાગદ્વેષ, અહંકાર, માયા મમતા વગેરે દુર્ગુણોથી યુક્ત પૂર્વ જન્મોનાં પ્રારબ્ધોને આધીન વિવશપણે કર્મો કર્યે જાય છે, અને તેનાં ફળોથી તે બંધાય છે.

તો શું કર્મો કરવાં જ નહીં ? કે જેથી જ્યાં કર્મો જ નથી તો પછી ફળ ભોગવવાનાં રહેશે જ કયાં ? આ બાબતમાં ભગવાન શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કે :–

" ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્ય કર્મકૃત "

કોઇ પણ જીવ એક ક્ષણ પણ કોઈ પણ જાતનું કર્મ કર્યા સિવાય રહી શકતો જ નથી. કોઇ ને કોઇ ક્રિયા શારીરિક યા માનસિક ચાલ્યાં જ કરે છે. જ્યારે જીવને અવશપણે પણ ક્રિયા કરવી જ પડે, અને તેનાં ફળ પણ ભોગવવાં પડે ત્યારે તેમાંથી કાંઇ છૂટવાનો રસ્તો ખરો કે નહીં ? ત્યારે ભગવદ્ ગીતામાં કહે છે કેઃ—

"કર્મણ્યે વાઽધિકારસ્તે મા ફલેષુકદાચ ન ।
મા કર્મફલ હેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ ॥

જ્યારે જીવોને વિવશપણે કર્મ તો કરવાં જ પડે છે બલ્કે કુદરતી થયાં જ કરે છે. એટલે એ તો સાબીત થાય છે કે સંસારના જીવો કર્મ કરવા માટે જ સર્જાએલાં છે. ત્યારે હવે તે જીવોએ કેવી રીતે અને કેવા પ્રકારનાં કર્મો કરવાં કે જેથી તેના ફળ તેને ભોગવવાં પડે નહીં ? તો તેના જવાબમાં એમ છે કે, જીવોએ સ્વાર્થ, મોહ, માયા, મમતા, અહંકાર, રાગદ્વેષ, લોલુપતા વગેરે વગેરે અનેક દુર્ગુણોથી મુકત થઇ પરોપકારાર્થે તથા લોકસંગ્રહાર્થે (કરેલાં કર્મોનાં ફળની આશા આસકિત રહિત થઇને) કર્મો કરવાં જોઇએ. આ સૃષ્ટિમાં જે જે જીવો જન્મે છે; તેની તેની એકબીજા પ્રત્યેની જે જે ફરજો હોય તે

બધી અદા કરવી જ જોઇએ, અને તે ફરજ અદા કરવામાં કમીપણું આવે તેટલા જ પ્રમાણમાં જીવ પાપનો ભાગીદાર થાય છે.

ત્યારે આસકિત કેમ છૂટે ? આ એક ઘણો જ વિકટ પ્રશ્ન છે. મમતા, માયા, અહંત્વ એ કેમ મુકાય ? તો એક સ્થળે એક કવિ એમ લખે છે કે "અમો સૌ બાળક એક પિતાના." એટલે કે પરમ કૃપાળુ પરમાત્મા જે જે જીવો આ સૃષ્ટિમાં પેદા થાય છે તેનો સર્જનહાર તે એકલો જ છે અને તેથી તે 'જગતનો તાત' કહેવાય છે. "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ." આ આ હિસાબે આ સમગ્ર સૃષ્ટિના જીવો એક બીજાનાં ભાઇબહેન જ ગણાય. આવી 'સમદૃષ્ટિ' વાળી ભાવના થાય ત્યારે જ આપણે જે કાંઇ કર્મો કરીએ તે આપણે આપણી એકબીજા તરફની ફરજ અદા કરીએ છીએ, તેથી વિશેષ કાંઇ જ કરતા નથી. અને આવી ભાવના સતત અંતરમાં વહ્યા કરે ત્યારે જ આસકિતથી મૂકત થવાની કાંઇ આશા રહે. વળી ભગવાન શ્રી ભગવદ્‌ગીતામાં ખાસ કરીને કહે છે કેઃ–

" યજ્ઞદાન તપઃ કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।
યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ॥
એતાન્યપિ તુ કર્માણિ સંગં ત્યકત્વા ફલાનિ ચ ।
કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥ "

હવે કર્મ કેવી રીતે કરવાં કે જેને સાત્વિક કહેવાય, તેને માટે શ્રી ભગવાન ગીતામાં કહે છે કે :–

" નિયતં સંગરહિતમરાગદ્વેષતઃ કૃતમ્
અફલ પ્રેપ્સુના કર્મ તત્તત્સાત્વિક મુચ્યતે."

શ્રી ભગવાન ગીતામાં કહે છે કે જીવોએ ખાસ કરીને શું ત્યાગ કરવું જોઇએ.

" અહંકારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્
વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે. "

વળી શ્રી ભગવાને એમ પણ કહેલ છે કે :–

" સંસારમાં સરસ્યો રહે ને મન મારી પાસ;
સંસારમાં લોપાય નહીં, તે જાણુ મારો દાસ,
તે ભકત જાણું મુજનો મુજથી ન અળગો તેહ. "

ઉપર જણાવ્યા પ્રમાણે સૃષ્ટિના તમામ જીવોએ આસકિત ભાવ છોડીને કર્મો કરવાં જોઇએ. આ ભાવ લાવવો ઘણો જ વિકટ છે. પ્રત્યેક જીવે જીવભાવ છોડીને પરમાત્મભાવ કેળવવો રહ્યો. વધુ ને વધુ પરમાત્મભાવ કેવી રીતે પ્રાપ્ત થાય એ સવાલ હવે ઊભો થાય છે. તેને પ્રાપ્ત કરવાના મુખ્ય ત્રણ માર્ગ બતાવવામાં આવેલ છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભકિત. આ ત્રણે માર્ગો માટે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ઘણુંઘણું વિવેચન છે. પણ જ્ઞાન અને વૈરાગ્યના માર્ગ આ સંસારી, અજ્ઞાની જીવો માટે ઘણા જ મુશ્કેલ છે. પૂર્વ જન્મોમાં કાંઇ સારાં સારાં કર્મો કર્યાં હોય તો જ તે દિશામાં જીવ પ્રવૃત્તિ કરવાને શકિતમાન થાય છે. પણ તેમાં તે સંપૂર્ણપણે ફળીભૂત થતો નથી. કારણ કે તેમાં નિર્ગુણ, નિરાકાર પરબ્રહ્મનું ચિંતન કરવાનું હોય છે. જ્યારે

અજ્ઞાની જીવો સાકાર વસ્તુ જો નજર સામે ના હોય તો તેનું ચિત્ત ચોટતું નથી. એટલે ભકિત એ એક જ માર્ગ છે કે, જે વડે અજ્ઞાની જીવ ઘણેઘણે કાળે પણ પરમાત્મભાવ પામી શકે છે. આ બાબતમાં ખંભાતવાળા કવિ રેવાશંકર 'તુકારામનું જીવન' એ કાવ્યમાં જણાવે છે કે :—

"વ્યાપક હું સૌ વિશ્વમાં અળગો નથી રે,
વ્યોમ પેઠે સદા નિરલેપ, રાગ ને ત્યાગથી રે.
વાયુ વિરાટમાં જયમ રહ્યો, હીમ ઘાટમાં રે,
તાણા વાણા એ જુદો ના જણય, પટના પાટમાં રે.
માટે મુઝાઇશ ના જરા, સભરે ભર્યો રે,
ઠાલો હું વિના છે નહીં ઠામ, નામ રૂપે નર્યો રે.
વિશ્વંભર વળતી વદે સૂણો શ્રીપતિ રે,
રૂચે એ ના મુને કશી વાત, રંગ રહે ના રતિ રે.
દર્શાય ના કશું દષ્ટિએ, જોયામાં જરી રે,
મૂઢ વેદાંતિયો મલકાય વાતે વડાં કરી રે.
અવયવ આવે ન દષ્ટિએ ધ્યાન શું ધરે રે,
કરે દંભ વૃથા કરી ડોળ, કયમ અંતર ઠરે રે.
કરપદ ઉર દષ્ટિ વનો, કયમ જગ કરે રે,
નિરાકારનું લેશો ન નામ, વાતો વૃથા કરે રે.
કોને ભાળું ભેટું કયાં જઈ પડું સંકટે રે,
કોણ સંભાયેઁ લે સંભાળ કષ્ટ કયારે મટે રે.
જીવું છું રૂપ સગુણ વડે બીજે ના બને રે,
નિરાકારે ના ભાગે ભૂખ કષ્ટ રહે કને રે.

વર્ણું વિના વેદાંતિયો તે કરે ઠશો રે,
આવે વ્યર્થ મલોખાં રસ ન આવે કશો રે."

કવિશ્રી દયારામભાઇની 'પ્રેમપરીક્ષા'માં વૃજની ગોપીઓ જ્ઞાની ઉદ્ધવજીને ટકોર કરે છે કે:—

"તમારા તો હરિ સઘળે રે, અમારા તો એક સ્થળે,
તમે રીઝો ચાંદરણે રે, અમો રીઝું ચંદ્ર મળે."

વળી બીજી પણ એક ઊકિત છે કે:—ભકિત વડે વશ થાય, રમાપતિ ભકિત વડે વશ થાય." એટલે આ સંસારમાં જીવોને પરમાત્મભાવ કેળવવા માટે ભકિત જ એક સાધન સહેલામાં સહેલું અને તેની સાથે કપરામાં કપરૂં પણ છે, અને પ્રેમ લક્ષણા ભકિત દ્વારા જ અંતરમાં જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે, અને જીવને ત્યારે જ ખાતરી થાય છે કે આ સમગ્ર સંસાર અસાર માયાવંત, ક્ષણભંગુર, વગેરે વગેરે છે, અને આ સંસારમાં સાર શું છે? ફકત એક પરમકૃપાળુ પરમાત્મા જ છે. અને જીવની એવી ભાવના થવી અને સતત તેવી રહેવી જ, એ જ જીવમાત્રનું ધ્યેય હોવું જોઇએ. અને તેમાં જ તેના જીવનનું સાફલ્ય છે.

ભકિત કેટલા પ્રકારે થઇ શકે? ભકિત નવધા એટલે નવ પ્રકારે થઇ શકે છે. (૧) સત્સંગ. (૨) ભગવાનનાં ચરિત્રોની કથા. (૩) ભગવાનના ગુણોની ચર્ચા કરવી. (૪) વેદ, ઉપનિષદ, ગીતા આદિમાંના વાકયોનું મનન કરવું, અને જીવનમાં ઉતારવું. (૫) પોતાના ગુરુની નિષ્કપટ ભાવે ભગવદ્ બુદ્ધિથી સેવા કરવી. (૬) પવિત્ર સ્વભાવ, યમ, (અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય,

અપરિગ્રહ) નિયમ, (શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઇશ્વર પ્રણિધાન) આદિનું પાલન તથા મારી પૂજામાં પ્રેમ હોવો. (૭) મારા મંત્રની સાંગોપાંગ ઉપાસના. (૮) મારા ભકતોની મારાથી અધિક પૂજા કરવી. સમસ્ત પ્રાણીઓમાં મારી ભાવના રાખવી. બાહ્ય પદાર્થોમાં આસકત ન થવું તથા શમાદિ (શમ, દમ, તિતિક્ષા ઉપરતી શ્રદ્ધા, સમાધાન)થી સંપન્ન થવું તથા (૯) તત્ત્વ વિચાર કરવો. એ નવ પ્રકારનાં ભકિતનાં સાધન છે.

ઉપર ભકિતના પ્રકાર જણાવ્યા. તેમાંની કોઈ એકાદ પ્રકારની ભકિતથી પરમાત્માની આરાધના શરુ કરવી, અને કાળે કરી પરમાત્મામય બનવાની આશા સતત સેવવી. પણ આ કયારે બને ? જ્યારે પ્રાણી માત્ર મનુષ્ય માત્ર પોતાની અંદર રહેલા દુર્ગુણો જેવાં કે અભિમાન (દેહનું, રૂપનું, લક્ષ્મીનું, સત્તાનું વગેરે વગેરેનું) અહંકાર, મોહ, માયા, મમતા, મનની ચંચળતા, મારૂં, તારૂં વગેરે સારાસારનો, સંસારની ક્ષણભંગુરતાનો તથા આપણી સાથે સંસારના તમામ પ્રાણી, પશુપક્ષી કોઇપણ યોનીમાંનો જીવ બધાં પરમકૃપાળુ પરમાત્માના સર્જેલાં સંતાન છે, અને તે તમામમાં; જો કે દરેકના દેહ જુદા છે, જે નાશવંત છે, ક્ષણિક છે, પણ તેની દરેકની અંદર 'સાક્ષી' રૂપે રહેલો પરમાત્મા નિત્ય અવિનાશી છે. એટલે કે દરેક પ્રાણી, જીવ માત્ર પરમાત્મ તત્વ રૂપે છે. તો પછી એક પિતાના સંતાન હોવાથી, બલ્કે ભાઇ-બહેનો વગેરે હોવાથી કોની સાથે અહંતા, મમતા વેરઝેર રાખવાની જરૂરત છે ? બલ્કે પ્રાણી માત્ર જો એમ સમજે કે આ સમગ્ર સંસારની વસ્તુ ક્ષણિક અને

નાશવંત છે, અને આ સમગ્ર સંસારના જીવો પરમ કૃપાળુ પરમાત્માનાં જ સંતાનો છે. આ પ્રમાણે જ્ઞાનદૃષ્ટિથી વિચાર કરે, તો સમગ્ર સંસારમાં શાંતિ પ્રવર્તે. સ્વર્ગનું સુખ અત્રે જ ઊતરી આવેલું જણાય.

સ્વામી વિવેકાનંદજી તેમના 'વૈદિક ધર્મના આચાર્યો' ઉપરના ભાષણમાં જણાવે છે કેઃ "ઇન્દ્રિય સુખો, કર્મકાંડ અને બાહ્ય બાબતો માટેની આ ઇચ્છાઓ એણે જ તેમની (મનુષ્યની) અને સત્ય (પરમાત્મા)ની વચ્ચે આવરણ ઉપસ્થિત કર્યું છે, અને એ કોઇ પણ ક્રિયાથી દૂર થઇ શકે તેમ નથી. બાહ્ય જીવનમાંથી પરમાત્મ તત્વ શોધી કાઢવાની નિષ્ફળતા મળતાં પૂર્વે થઇ ગએલા આચાર્યો ધીરેધીરે આનંદ જગત્ તરફ વળ્યા, અને તેમણે શોધી નક્કી કર્યું કે, "સત્યની એટલે પરમાત્માની પ્રાપ્તિ માટે બીજે કોઇ સ્થળે તપાસ કરશો નહીં. તે અહીં મહાનમાં મહાન ચમત્કારરૂપ માનવ આત્મામાં, સર્વ જ્ઞાનના ભંડારરૂપ સર્વ જીવના નિધિરૂપ માનવ આત્મામાં જ રહેલું છે. તેને અહીં જ શોધો. જે અહીં નથી તે બ્રહ્મ જગતમાં હોઇ શકે નહીં. તે પરમકૃપાળુ પરમાત્મા મનુષ્યના હૃદયમાં, આપણા આત્મામાં જ છે, અને ફક્ત તે જ આપણામાં રહેલી સત્ય વસ્તુ છે."

આ કેટલી અદ્ભુત શોધ છે કે જે શોધને જાણવાથી " તેના એવા પરમપદની પ્રાપ્તિ થાય છે. આપણાં મન અને શરીરો જેવું નિર્વિશેષ સુખ અને હિત આ સમસ્ત બ્રહ્માંડમાં બીજું કાંઇ જ નથી." બાહ્યજગત ઉપર અવલંબિત છે. અને આ

અવલંબન તેની સાથેના તેના સંબંધના પ્રકાર અનુસાર ભિન્ન ભિન્ન છે. પરંતુ અંતરાત્મા તો જેવી રીતે ઇશ્વર સ્વતંત્ર છે તેવી જ રીતે સ્વતંત્ર છે અને આપણાં મન તથા શરીરોની હીલચાલોને તેમના વિકાસના પ્રમાણમાં ઘણે કે થોડે અંશે દોરવવાને શક્તિમાન છે.– મૃત્યુ તો માત્ર સ્થિતિનો જ ફેરફાર છે.

ઇશ્વર કે જે આપણા સર્વનો પિતા છે, જે સર્વવ્યાપક છે, જે સર્વશકિતમાન છે, અને જે અનંત પ્રેમથી પોતાના સંતાનોને માર્ગ દર્શાવે છે તથા તેમનું રક્ષણ કરે છે, આટલું માની અમે હિંદુઓ બેસી રહેતા નથી, પણ આગળ વધીને એમ પણ માનીએ છીએ કે "અમે ઇશ્વર છીએ" કારણ કે "તેનું જ વ્યક્તિત્વ અમારામાં વ્યકત થએલું છે." "ઈશ્વર અમારામાં રહેલ છે અને અમે ઈશ્વિરમાં રહેલા છીએ."

ઉપર પ્રમાણે આપણી માન્યતા દઢ હોવા છતાં, અને તે માન્યતા પ્રમાણે સૃષ્ટિનો પ્રત્યેક જીવ એક બીજાનો બંધુ છે, છતાં પણ આપણે આપણાં નિત્ય જીવનમાં પ્રત્યેક મનુષ્ય, પ્રાણી માત્રની સાથે બંધુ તરીકે જો ના વર્તીએ તો તે શા કામનું ? પ્રત્યેક પ્રાણી માત્રમાં પરમાત્માનો જ પ્રકાશ એક સરખો અને અવિરત છે. પણ બહાર જે અસમાનતા દેખાય છે, તે કેવળ તેની ઉપાધિઓની ભૌતિક અપૂર્ણતામાં જ રહેલી છે. આપણો આત્મા જેમ ઉચ્ચતર બનતો જશે, તેમ તેમ તે ઔપાધિક અપૂર્ણતા ઘટતી જશે. અને તેમાં અધિકાધિક સ્વચ્છતા અને ચળકાટ

આવતાં જશે. અને અંતરાત્મા પૂર્ણ પરમતત્વથી પ્રકાશિત થશે. બલ્કે પરમાત્મ સ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ બની જશે.

પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં એટલે કે જગતના સર્વ પ્રાણી માત્રના ચરણોમાં મારી નમ્ર વિનંતિ છે કે ભૌત્તિક વિચારો બહુ ના કરતાં તમારા સૌના હૃદયમાં સ્થિત થએલા પરમાત્માનું શોધન કરી તેના દર્શન કરવાની, તેની સાથે એકરૂપ થવાની રોજ ને રોજ કાંઇ ને કાંઇ કોશિષ કરતા રહો તો જરૂર તે પરમ-કૃપાળુ પરમાત્મા તમને સહાય કરશે, અને જરૂરથી કોઈ એક ભાગ્યશાળી દિવસ આવશે જે દિવસે તમો તે પરમાત્મા સ્વરૂપ થઇ ગયા હશો અને એ જ પ્રત્યેક મનુષ્ય જીવનનું ધ્યેય હોવું જોઇએ. સંસ્કૃતમાં એક ઉકિત છે કેઃ–

'આહાર નિદ્રા ભય મૈથુનં ચ સામાન્ય એતદ્
પશુભિર્નરાણામ્।
ધર્મોહિ તેષામ્ અધિકો નરાણામ્ ધર્મેણ હિનાઃ
પશુભિઃ સમાનાઃ ॥

પરમકૃપાળુ પરમાત્માએ આપણને મનુષ્યને સર્વ સુખના તથા જ્ઞાન કેળવવાનાં ઘણાં ઘણાં સાધનો આપ્યાં છે. તો પછી પશુમય જીવન જિંદગીની આખર સુધી ન કાઢતાં આખરી અવશેષ કાળમાં પણ ધર્મ તરફ વૃત્તિને દોરવી અને ધીરેધીરે મનોનિગ્રહ કરી આપણી તમામ વૃત્તિઓને બહારના ભૌતિક જગતમાંથી પાછી ખેંચી અંદર વાળવી અને આપણા દરેકના હૃદયમાં અહર્નિશ અને જાગૃત સાક્ષીભૂત બેઠેલા પરમાત્માના

દર્શન કરવા તરફ વૃત્તિઓ વાળવી, અને ધીરેધીરે પરમાત્મામય બનવાની કોશીષ કરવી. આ કામ કઠણુ છે. સહેલાઇથી થાય તેમ નથી. પણુ ભૌતિક પ્રાપ્તિ માટે જેમ મહેનત મજૂરી કરીએ છીએ તેમ આ બાબતમાં કોશીષ ચાલુ રાખવી. સંત સમાગમ કરવો. સત્સંગ કરવો. ભક્તિ, ભજન કીર્તન વગેરે કરવું, જેથી તેનાં પરમાત્મામય-તમારું જીવન થતાં તે પરમ કૃપાળુ પરમાત્મા તમોને જરૂરથી સહાય કરશે; અને તમારા જીવની તેનામય થવાની સાફલ્યતા થશે. અને જીવન-મરણુની ઉપાધિથી મૂકત થઈ, પરમાનંદમાં લીન થઇ પરમ, અનંત, નિત્ય સુખને પ્રાપ્ત થશો. એક કવિ લખે છે કે:- "ભકિત વડે વશ થાય, રમાપતિ ભકિત વડે વશ થાય." આપણે સંસારી જીવો માટે આ જ માત્ર પરમાત્મા પ્રાપ્ત કરવાનું સાધન છે.

છેવટે મારે સુજ્ઞ વાચક ભાઇઓ સમક્ષ જણાવવું જોઇએ કે હું સાક્ષર નથી, તેમ લેખક નથી. પણુ મારા વાચન અને અભ્યાસથી જે કાંઈ વિચારો સ્ફૂર્યા, તે અત્રે રજુ કરેલા છે. તેમાં દોષો ઘણા જ હશે. તો વાચક ભાઈઓ દરગુજર કરશે, અને ઉપલા લખાણુમાં તથા પુસ્તકમાંથી આત્મકલ્યાણુ માટે જે તેમને યોગ્ય લાગે તે ગ્રહણુ કરે, અને જે તેમને ના રૂચે તે છોડી દઇ મને ક્ષમા કરે એટલું લખી હું વિરમું છું.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।

લિ. આપનો કૃપાભિલાષી દાસાનુદાસ
જગમોહનદાસ કેશવલાલ પરીખ

શુદ્ધિ પત્ર

પ્રથમ નીચે પ્રમાણેની ભૂલો સુધારીને પુસ્તક વાંચવાની વિનંતી છે.

પાના નં.	કેટલામી લીટીમાં	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૫	નૌતિક	નૈતિક
૫	૨૩	દીકરા	દીકરાની
૬	૨૦	ભાઇએ	ભાઇઓ
૮	૩	વમું	વપુ
૯	૪	પલંગને	પગલાંને
૧૦	૨	સર્વને	સર્વ
૧૦	૧૦	અંતઃકરણુ	અંતઃકરણમાં
૧૨	૧૬	ઉધાધિયો	ઉપાધિયો
૧૩	૧૮	આત્માવિચાર	આત્મવિચાર
૧૪	૧૫	કેવી ૭	કેવી છે
૧૪	૧૬	પત્ર ઉપરે	પત્ર ઉપેર
૧૪	૨૦	જીવતં	જીવીતં
૨૫	૧૬	જગતગાં	જગતમાં
*	*	*	*
૨	૫	ક્રિંવા નેન	કિંવા અનેન
૧૦	૪	તજ	તત
૨૭	૬	જોડકી એનો જન્મે છે	જોડકી જન્મે છે
૨૭	૬	ગૃહિણી ધર્મ	એનો, ગૃહિણી ધર્મ
૨૯	૨૧	સહશીલપણું	સહનશીલપણું
૩૦	૧૪	દીકરીને	દીકરીની
૫૫	૪	મળેતા	મળતા
૭૫	૩	કામ	કાચ
૭૬	૭	કહુ	કટુ

૭૯	૧૯	આખો	ચાખો
૮૬	૯	હું	તું
૧૧૧	૧૦	નરસૈંયો	નરસૈંયા
૧૧૨	૧	કાળ સરશે	કામ સરશે
૧૧૫	૧	શા	સૌ
૧૨૬	૨૦	શકી	શકે
૧૨૯	૮	દયા	દયા તું
૧૨૯	૧૪	ધ્રવજી	ધ્રુવજી
૧૩૧	૯	વાટે	વાતે
૧૩૩	૪	નર્કી	નરકમાં
૧૩૩	૫	સ્વપયના	સ્વપચના
૧૩૩	૧૯	તો	ને
૧૩૪	૧૧	ગણી	ઘણી
૧૩૪	૧૮	શેઠના માલનો	શેઠના નામનો
૧૩૬	૭	નારાય	નારાયણ
૧૩૬	૧૭	ભજને	જનને
૧૩૭	૧	જાણું	જાણ્યું
૧૩૭	૭	જમતું	જમનું
૧૩૭	૭	મહાયે	ચહાયે
૧૩૭	૧૫	ઠરે	ડરે
૧૪૨	૨	ઘટકા	ઘૂંઘટકા
૧૬૨	૧૪	છોડાવશો ત્યારે	છોડાવશો ક્યારે
૧૬૩	૮	દયાધાન	દયાધન
૧૯૯	૨	પારબ્રાહ્મ	પરબ્રહ્મ
૨૦૭	૧૨	અંગ	સંગ

અનુક્રમણિકા

શ્રીનાથજી



દેવોની સ્તુતિ

ગણેશસ્તુતિ :—

વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય
લમ્બોદરાય સકલાય જગદ્ધિતાય
નાગાનનાય શ્રુતિયજ્ઞવિભૂષિતાય
ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે.

સરસ્વતી સ્તુતિ :—

યા કુન્દેન્દુતુષારહારધવલા યા શુભ્રવસ્ત્રાવૃતા
યા વીણાવરદણ્ડમણ્ડિતકરા યા શ્વેતપદ્માસના
યા બ્રહ્માચ્યુતશંકરપ્રભૃતિભિ દેવૈઃ સદા વન્દિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષજાડ્યાપહા.

દેવીસ્તુતિ :—

માયા કુણ્ડલિની ક્રિયા મધુમતી કાલી કલામાલિની
માતઙ્ગી વિજયા જયા ભગવતી દેવી શિવા શામ્ભવી
શક્તિઃ શંકરવલ્લભા ત્રિનયના વાગ્વાદિની ભૈરવી
ૐકારી ત્રિગુણાત્મિકાસિ પરમા માતઃ કુમારેશ્વરી.

શંકરસ્તુતિ :—

વન્દે દેવમુમાપતિ સુરગુરું વન્દે જગત્કારણં
વન્દે પન્નગભૂષણં મૃગધરં વન્દે પશૂનાં પતિમ્
વન્દે સૂર્યશશાંકવહ્નિનયનં વન્દે મુકુન્દપ્રિયં
વન્દે ભક્તજનાશ્રયં ચ વરદં વન્દે શિવં શંકરમ્.

ચન્દ્રોદ્‌ભાસિતશેખરે સ્મરહરે ગઙ્ગાધરે શંકરે
સર્પૈર્ભૂષિતકણ્ઠકર્ણવિવરે નેત્રોત્થવૈશ્વાનરે
દન્તિત્વક્કૃતસુન્દરામ્બરધરે ત્રૈલોક્યસારે હરે
મોક્ષાર્થં કુરુ ચિત્તવૃત્તિમખિલામન્યૈસ્તુ કિં કર્મભિઃ.

કિંવાનેન ધનેન વાજિકરિભિઃ પ્રાપ્તેન રાજ્યેન કિં
કિંવા પુત્રકલત્રમિત્રપશુભિર્દેહેન ગેહેન કિમ્
જ્ઞાત્વૈતત્ ક્ષણભઙ્ગુરં સપદિ રે ત્યાજ્યં મનો દૂરતઃ
સ્વાત્માર્થં ગુરુવાક્યતો ભજ ભજ શ્રીપાર્વતીવલ્લભમ્.

આયુર્નશ્યતિ પશ્યતાં પ્રતિદિનં યાતિ ક્ષયં યૌવનં
પ્રત્યાયાન્તિ ગતાઃ પુનર્ન દિવસાઃ કાલો જગદ્ભક્ષકઃ
લક્ષ્મીસ્તોયતરઙ્ગ ભઙ્ગચપલા વિદ્યુચ્ચલં જીવિતં
તસ્માન્માં શરણાગતં શરણદ ત્વં રક્ષ રક્ષાધુના.

આત્મા ત્વં ગિરિજા મતિઃ સહચરાઃ પ્રાણાઃ શરીરં ગૃહં
પૂજા તે વિષયોપભોગરચના નિદ્રા સમાધિસ્થિતિઃ
સંચારઃ પદયોઃ પ્રદક્ષિણવિધિઃ સ્તોત્રાણિ સર્વા ગિરો
યદ્ યત્ કર્મ કરોમિ તત્તદખિલં શંભો તવારાધનમ્.

અસિતગિરિ સમંસ્યાત્ કજ્જલં સિન્ધુપાત્રે
સુરતરુવરશાખા લેખિની પત્રમુર્વી
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ.

કરચરણકૃતં વાક્કાયજં કર્મજં વા,
શ્રવણનયનજં વા માનસં વાપરાધમ્
વિહિતમવિહિતં વા સર્વમેતત્ ક્ષમસ્વ,
જય જય કરુણાબ્ધે શ્રીમહાદેવ શંભો.

ગઙ્ગા સ્તુતિ :—

શૈલેન્દ્રાદવતારિણી નિજજલે મજ્જજ્જનોત્તારિણી
પારાવારવિહારિણી ભવભયશ્રેણીસમુત્સારિણી
શેષાહેરનુકારિણી હરશિરોવલ્લીદલાકારિણી
કાશીપ્રાન્તવિહારિણી વિજયતે ગઙ્ગા મનોહારિણી.

વિષ્ણુસ્તુતિ :—

યં બ્રહ્મા વરુણેન્દ્રરુદ્રમરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃસ્તવૈ-
ર્વેદૈઃ સાઙ્ગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ યં સામગાઃ
ધ્યાનાવસ્થિતતદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો
યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ.

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાઙ્ગમ્
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્.

એક શ્લોકી ભાગવત :—

આદૌ દેવકિદેવગર્ભજનનં ગોપીગૃહે વર્ધનં
માયાપૂતનજીવતાપહરણં ગોવર્ધનોદ્ધારણમ્

કંસોચ્છેદનકૌરવાદિહનનં કુન્તીસુતાપાલનં
શ્રીમદ્ભાગવતં પુરાણકથિતં શ્રીકૃષ્ણલીલામૃતમ્.

શ્રી રામ સ્તુતિ :—

કલ્યાણાનાં નિધાનં કલિમલમથનં પાવનં પાવનાનાં
પાથેયં યન્મુમુક્ષોઃ સપદિ પરપદપ્રાપ્તયે પ્રસ્થિતસ્ય
વિશ્રામસ્થાનમેકં કવિવરવચસાં જીવનં સજ્જનાનાં
બીજં ધર્મદ્રુમસ્ય પ્રભવતુ ભવતાં ભૂતયે રામનામ.

એક શ્લોકી રામાયણ :—

આદૌ રામતપોવનાદિગમનં હત્વા મૃગં કાંચનં
વૈદેહીહરણં જટાયુમરણં સુગ્રીવસંભાષણમ્
વાલીનિગ્રહણં સમુદ્રતરણં લંકાપુરીદાહનં
પશ્ચાદ્ રાવણકુમ્ભકર્ણહનનં હ્યેતદ્ધિ રામાયણમ્.

પરબ્રહ્મની સ્તુતિ :—

બ્રહ્માનન્દં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્.
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ.

સર્વાત્મસમર્પણની સ્તુતિ :—

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુદ્ધયાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્
કરોમિ યદ્ યદ્ સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ.

નિર્વાણષટ્કમ્ :—

મનોબુદ્ધયહંકાર ચિત્તાનિ નાહં ન મે શ્રોત્રજિહ્વં ન મે ઘ્રાણનેત્રમ્
ન મે વ્યોમભૂમિર્ન તેજો ન વાયુ શ્ચિદાનન્દરૂપઃ શિવોऽહં શિવોऽહમ્.
ન મે પ્રાણરન્ધ્રો ન વૈ પંચવાયુર્નવા સપ્તધાતુર્નવા પંચકોશાઃ,
ન વાક્પાણિપાદં ન ચોપસ્થપાયુશ્ચિદાનન્દરૂપઃ
શિવોऽહં શિવોऽહમ્ ૨
ન મે દ્વેષરાગૌ ન મે લોભમોહૌ મદો નૈવ મે નૈવ માત્સર્યભાવઃ
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષશ્ચિદાનન્દરૂપઃ
શિવોऽહં શિવોऽહમ્ ૩
ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં ન ક્ષેત્રં ન તીર્થં
ન વેદા ન યજ્ઞાઃ
અહં ભોજનં નૈવ ભોજ્યં ચ ભોક્તા ચિદાનન્દરૂપઃ
શિવોऽહં શિવોऽહમ્ ૪
ન મૃત્યુર્ન શઙ્કા ન મે જાતિભેદાઃ પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ
ન બન્ધુર્ન મિત્રં ગુરુર્નૈવ શિષ્યશ્ચિદાનન્દરૂપઃ
શિવોऽહં શિવોऽહમ્ ૫
અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો વિભુત્વાચ્ચ સર્વત્ર સર્વેન્દ્રિયાણામ્.
ન વા સંગતો નૈવ મુક્તો ન મેયશ્ચિદાનન્દરૂપઃ
શિવોऽહં શિવોऽહમ્ ૬

શ્રીનાથજીબાવાની સ્તુતિ :—

गुञ्जापुञ्जाभरणनिचयं चन्द्रकालीकिरीटं
गोत्रं वेत्रं करकमलयोर्धारयँश्चित्रवस्त्रम्
मध्ये पीतं वसनममलं, किंकिणीं वक्रवेणीं
नासामुक्तां दधदतिमुदे, मेऽस्तु गोवर्धनेन्द्रः.

દીપ દર્શન :—

शुभं करोषि कल्याण-मारोग्यं धनसंपदः
शत्रुबुद्धिविनाशाय, दीपज्योतिर्नमोऽस्तु ते.
दीपज्योतिः परं ब्रह्म, दीपज्योतिर्जनार्दनः
दीपो हरतु मे पापं, दीपज्योतिर्नमोऽस्तु ते.

ચર્પટપંજરિકા :—

दिनमपि रजनी सायं प्रातः शिशिरवसन्तौ पुनरायातः
कालः क्रीडति गच्छत्यायुस्तदपि न मुञ्चत्याशावायुः ॥
भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते
प्राप्ते सन्निहिते मरणे नहि नहि रक्षति ' डुकृञ् करणे '॥
जटिलो मुण्डी लुञ्चितकेशः काषायाम्बरबहुकृतवेषः
पश्यन्नपि न च पश्यति मूढ उदरनिमित्तं बहुकृतवेषः॥
अङ्गं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डम्
वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुञ्चत्याशापिण्डम् ॥
पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम्
इह संसारे खलु दुस्तारे कृपयाऽपारे पाहि मुरारे ॥
पुनरपि रजनी पुनरपि दिवसः पुनरपि पक्षः पुनरपि मासः
पुनरप्ययनं पुनरपि वर्षं तदपि न मुञ्चत्याशामर्षम् ॥
गेयं गीतानामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम्
नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥

મૃત્યુ શું છે.... કોણ જન્મે છે.... કોણ મરે છે.... આત્મા કેવો છે....

૩ દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા,
તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ.

અવિનાશિ તુ તદ્ વિદ્ધિ યેન સર્વમિદં તતમ્
વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્ કર્તુમર્હતિ.
અન્તવન્ત ઇમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ
અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માદ્ યુધ્યસ્વ ભારત.
ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે.
વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ
તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી.
નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ.
જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ
તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ.
દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત
તસ્માત્ સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ.

સ્થિતપ્રજ્ઞ :– સ્થિતધી :– શાન્તિ કોને મળે છે :–

પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્
આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે.
દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ
વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે.
વિહાય કામાન્યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ
નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ.

જિતેન્દ્રિય યોગીનાં લક્ષણ :—

જિતાત્મનઃ પ્રશાન્તસ્ય પરમાત્મા સમાહિતઃ
શીતોષ્ણસુખદુઃખેષુ તથા માનાપમાનયોઃ.

જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા કૂટસ્થો વિજિતેન્દ્રિયઃ
યુક્ત ઇત્યુચ્યતે યોગી સમલોષ્ટાશ્મકાંચનઃ
સુહૃન્મિત્રાર્યુદાસીન–મધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ
સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિ વિંશિષ્યતે.
યતો યતો નિશ્ચરતિ મનશ્ચંચલમસ્થિરમ્
તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત્.
યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ.

ભગવાનને કોણ પ્રિય છે?

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ
નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી.
સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ
મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ.
યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ
હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ.
અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ
સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ.
યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ
શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ.
સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ
શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ.
ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ.

ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ
સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૂયોઽભિજાયતે.
તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત્
અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ.

દૈવી તથા આસુરી સંપત્તિ :—

અભયં સત્ત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્.
અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિરપૈશુનમ્
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્.
તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાતિમાનિતા
ભવન્તિ સંપદં દૈવીમભિજાતસ્ય ભારત.
દમ્ભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદમાસુરીમ્.
દૈવી સંપદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા.

જાતિ પ્રમાણે કર્મના વિભાગ :—

શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ
જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્.
શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્.
દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્.
કૃષિગોરક્ષ્યવાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાજમ્
પરિચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપિ સ્વભાવજમ્.
સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ.

પ્રકૃતિ-પુરુષ તથા ક્ષેત્ર સંબન્ધી-ભગવાન સાક્ષીભૂત છે

-ઇદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે
-ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત.

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્ તજ્જ્ઞાનં મતં મમ
તત્ક્ષેત્રં યચ્ચ યાદૃક્ ચ યદ્વિકારિ યતશ્ચ યત્.
સ ચ યો યત્પ્રભાવશ્ચ તત્સમાસેન મે શૃણુ.

મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યક્તમેવ ચ
ઇન્દ્રિયાણિ દશૈકં ચ પંચ ચેન્દ્રિયગોચરાઃ.

ઇચ્છા દ્વેષઃ સુખં દુઃખં સંઘાતશ્ચેતના ધૃતિઃ
એતત્ ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્.

પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસંભવાન્.

કાર્યકારણકર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે
પુરુષઃ સુખદુઃખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે.

પુરુષઃ પ્રકૃતિસ્થોહિ ભુઙ્કતે પ્રકૃતિજાન્ ગુણાન્
કારણં ગુણસંગોઽસ્ય સદસદ્યોનિજન્મસુ.

કર્મ કરવા વિષેઃ-(આસક્તિરહિત-ફલની ઈચ્છા વગર)-

ન હિ કશ્ચિત્ ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્
કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ.
નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ
શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદકર્મણઃ.

તસ્માદસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર
અસક્તો હ્યાચરન્ કર્મ પરમાપ્નોતિ પૂરુષઃ.

કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ
લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્ કર્તુમર્હસિ.

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે.

ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા
ઇતિ માં યોઽભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે.

એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ
કુરુ કર્મૈવ તસ્માત્ત્વં પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્.

કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ
સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્.

ત્યક્ત્વા કર્મફલાસંગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ
કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિંચિત્ કરોતિ સઃ
નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ
શારીરં કેવલં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્.

યદૃચ્છાલાભસંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ
સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાઽપિ ન નિબધ્યતે.

નૈવ કિંચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્.
પશ્યઞ્શૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપઞ્શ્વસન્.
પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્.

બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગં ત્યક્ત્વા કરોતિ યઃ
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવામ્ભસા.

કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિન્દ્રિયૈરપિ
યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગં ત્યક્ત્વાઽત્મશુદ્ધયે.

ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ
ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે.

પરમાત્મા શા માટે અને ક્યારે કેવા સંજોગોમાં અવતાર ધારણ કરે છે.

અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોઽપિ સન્
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત
અભ્યુત્થાનમધર્મસ્ય તદાઽઽત્માનં સૃજામ્યહમ્.

પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.

એતદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય
અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા

મત્તઃ પરતરં નાન્યત્કિંચિદસ્તિ ધનંજય.
મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ.





શ્રીભગવદ્ગીતામાંથી મનન કરવા યોગ્ય શ્લોકો

૧. અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્
સંભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે.

૨. સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્.

૩. ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન
નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્.

૪. કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ.

૫. ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે
સંગાત્સંજાયતે કામઃ કામાત્ ક્રોધોઽભિજાયતે.
ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિવિભ્રમઃ
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ.

૬. યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ.

૭. શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ.

૮. યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ.
૯. સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે.
૧૦. વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ
શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ.
૧૧. ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્.
અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલં
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે.
૧૨. ન હિ કલ્યાણકૃત્ કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ.
૧૩. બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્.
૧૪. અન્તકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્
યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ.
યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્
તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ.
તસ્માત્ સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુદ્ધ્ય ચ
મય્યર્પિતમનોબુદ્ધિર્મામેવૈષ્યસ્યસંશયમ્
૧૫. અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્.
૧૬. અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ.
૧૭. પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ.
યત્ કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્.
શુભાશુભફલૈરેવ મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ.

૧૮. સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્.
૧૯. મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ.
૨૦. અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે.
૨૧. નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્.
૨૨. યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે.
તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્.
મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય
નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ.
અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્
અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય.
અભ્યાસેઽપ્યસમર્થોઽસિ મત્કર્મપરમો ભવ
મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ.
અથૈતદપ્યશક્તોઽસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ
સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્.
૨૩. શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાત્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે
ધ્યાનાત્ કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્.
૨૪. સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્ત પરમેશ્વરમ્
વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ.
અનાદિત્વાન્નિર્ગુણત્વાત્પરમાત્માઽયમવ્યયઃ
શરીરસ્થોઽપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે.

૨૫ માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે
સ ગુણાન્સમતીત્યૈતાન્ બ્રહ્મ ભૂયાય કલ્પતે.
૨૬. ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્.
૨૭. દાતવ્યમિતિ યદ્દાનં દીયતેઽનુપકારિણે
દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્.
૨૮. કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ
સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ.
કાર્યમિત્યેવ યત્કર્મ નિયતં ક્રિયતેઽર્જુન
સંગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ
૨૯. અહંકારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્
વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે.
બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ.
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્.
૩૦. ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ
ભ્રામયન્સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા.
તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત
તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્.
૩૧. મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે.
સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ માશુચઃ
૩૨. સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ?
૩૩. અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે,
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ.

બહેનોને

"સ્ત્રીઓને સંદેશ" માંથી નવા વર્ષના બે બોલ

卐

આપણાં દેશના રિવાજનું જે લોકોને પૂરેપૂરું જ્ઞાન નથી એવા અણજાણ લોકો એમ કહે છે કે હિંદની સ્ત્રીઓનું જીવતર ઘણું દુઃખીઆરું અને કષ્ટનું છે, ને સ્ત્રી જાતની ખરેખર હિંદમાં તુલના નથી એ કહેવું ખોટું છે. હિંદના શાસ્ત્રોમાં સ્ત્રીને ઘણું ઊંચું પદ આપ્યું છે. બીજા મુલકના લોકો સ્ત્રીને સંસારમાં પાંતીદાર કે ભાગીદાર કહે છે. તેઓ માત્ર વેપારી વેપારમાં જેમ ભાગીઆ હોય છે તેમ સ્ત્રી પુરુષ ઘર સંસારમાં ભાગીઆ છે એમ માને છે. હિંદુ શાસ્ત્રમાં સ્ત્રીને અર્ધાંગના માનેલી છે. એટલે પોતાના પતિનું સ્ત્રી અર્ધું શરીર છે એમ ગણેલું છે. અંગ્રેજોની ભાવના કેવળ સ્થૂલ, જડ ને જગતના હલકા વ્યવહારને ઘટે તેવી છે. આપણા આર્ય લોકોની ભાવના ઘણી ઉચ્ચ આધ્યાત્મિક ને સંસારને આનંદમય કરે એવી છે. આપણે

આર્યો આગળ ઘણા સુધરેલા, વિચારશીલ ને જ્ઞાની લોકો હતા. તે વખતે યુરોપના ઘણા આર્યો જંગલી–ઝટ જેવા નાગા જંગલમાં ભટકતા હતા. આ વાતો કહેવાનો હેતુ એ છે કે હાલની દુર્બળ સ્થિતિનું કારણ આપણી પુરાતન ભાવનાઓ ને મનોરથોથી આપણે ભ્રષ્ટ થયા છીએ તે છે. જો પાછા આપણે આપણી પૂર્વની ઊંચાઇએ ચઢીએ અને સ્ત્રી તથા પુરુષ પાછાં પૂર્વ જેવાં સત્યવાદી, ધર્મનિષ્ટ ને દેશાભિમાની થાય, તો આપણો ઉદય પાછો ઝટ દઇને થાય ને પૂર્વની ઉન્નત દશાએ પાછા આપણે જઇને બેસીએ. ફરીથી કહું છું કે આવી ઉજળી દશા લાવવી આપણા હાથમાં છે. એટલે જો આપણે આગળના જેવા ધર્મનિષ્ટ થઇએ તો એ રળિયામણો દિન પાછો આપણા ઘર ઉપર પ્રકાશશે, ધર્મનિષ્ટ થવું એ સઘળી જાતના સુખનો, સઘળી જાતની આબાદીનો, સઘળી જાતની રેલમછેલનો પાયો છે. ધર્મ શબ્દથી માત્ર જુદાં જુદાં ઇમાન સમજવાનાં નથી. પણ જગતમાં રહીને જે જે સત્ય આપણે સમજવાલાયક હોય તે સમજવું, આચરવાલાયક હોય તે આચરવું, કહેવું તેવું કરવું, બોલવું તેવું પાળવું.

સદ્ વસ્તુને ગ્રહણ કરવી, અસદ્ વસ્તુને ત્યાગવી, એવો અર્થ એ બોલનો કરવાનો છે. જગતમાં જન્મ લઇને સર્વને પોતપોતાનું, આ લોક સારું, ને પરલોક સારું, કાંઇને કાંઈ કરવાનું હોય છે જ....

સંસારના બંધારણ પ્રમાણે છોકરાંને અમુક વય લગી ઉછેરીને મોટાં કરવાં, તેમને નિરોગી ને સાજાં તાજાં બનાવવાં,

તેમની બુદ્ધિને વેલાની પેઠે સારે રસ્તે ચઢાવવી. તેમની મન કામનાઓને સારે માર્ગે દોરવી, અનીતિના દુર્ગંધ માર્ગનો તેમના મનમાં અણગમો કરાવવો, ને દેશભકિત ને સ્વદેશ સેવાના મોટા ધાર્મિક પંથ ઉપર તેમને નાનપણથી જ વાળવાં, આ બધું સ્ત્રી જાતનું મોટું કર્તવ્ય છે. સ્ત્રી એ જગતની માતા છે; ને પરમાત્માએ સૃષ્ટિની પ્રથમ ઉત્પત્તિને સ્ત્રી પાસે જાળવવા ને ઉછેરવા સોંપી છે. આ વાત પ્રત્યેક નાની કે મોટી સ્ત્રીએ અહર્નિશ સ્મરણમાં રાખવી. આપણે નાના બાળકને જેવા કરીશું તેવો સંસાર થશે; ને આપણા દેશની ભવિષ્યની ચડતી કે પડતી કરવી આપણા હાથમાં છે. એનું હરેક સ્ત્રીએ સાચું અભિમાન રાખવું.

હિંદની બધી સ્ત્રીઓ જો પરમાત્માની પ્રેરણાથી એકી વખતે એવું ધારે કે આપણા દેશને આપણે એક પેઢીમાં ઉત્કૃષ્ટ બનાવવો છે, તો તેઓ તેમ કરવાને શકિત ધરાવે છે. તેઓનામાં એટલું બળ છે, તે બળ વાપરવાનો માર્ગ તેઓ સમજે ને તેનો ઉપયોગ તેઓ કરે તો આખા મુલકમાં લીલાલહેર ને જયજયકાર થઇ જાય.

સ્ત્રીઓનું પ્રથમ કર્તવ્ય એ છે કે : પોતાનાં બાળક નીરોગી થાય તેવી રીતે ઉછેરવાં. આ વાત એક રીતે ઘણી સહેલી છે. ઘણીવાર માથી પથ્ય પળાતું નથી. ને ન ખાવાનું મા ખાય છે. તેથી બાળક માંદાં પડે છે. માએ છોકરું ધાવતું હોય ત્યાં લગી શું ખાવાથી ને કરવાથી છોકરું સારું ને નીરોગી થશે, તે ઉપર જ લક્ષ્ય રાખી પોતાનું ખાન–પાન તથા આચરણ કરવું

જોઇએ. સૂવા બેસવાનું તથા હરવા ફરવાનું પણ તે બચ્ચાંના કલ્યાણ ઉપર નજર રાખી કરવું જોઇએ. શરદી કે ભેજમાં સૂવા બેસવાથી બાળક માંદાં થાય છે. તે વાત ભૂલી ના જવી જોઇએ. વળી વસ્ર વગર રહ્યાથી બાળકને ગરમી કે ઠંડી લાગવાથી ઘણા વિકાર થાય છે. નાનાં છોકરાંની માવજત કે બરદાસ્ત કરવા સંબંધી જે નાનાં પુસ્તકો હાલ પ્રકટ થાય છે તે અવશ્ય કરીને બધી સમજુ સ્રીઓએ વાંચવાં જોઇએ. વાંચીને તે પ્રમાણે આચરીએ નહિ તો વાંચ્યું ને ન વાંચ્યું સરખું જ છે.

સ્રીઓએ પોતાનાં બાળકોને ઉછેરવાના જ્ઞાનની જોડે પોતાનું શરીર પણ સારું રાખવાની કળા શીખવી જોઇએ. હરકોઇ માણસ ધારે તો પોતાનું શરીર સારું રાખી શકે છે. એ વૈદક શાસ્રનો સિધ્ધાંત છે. અનુભવથી એ સિધ્ધાંત ખરો પડે છે. કોઇ પણ સ્રી કે પુરુષ ધારે તો તંદુરસ્તીમાં રહી શકે છે. જ્યાં માણસનું જ્ઞાન પહોંચી શકતું નથી એવા કેટલાક ઊડતા કે બીજા રોગોની વાત બાજુએ રાખીએ તો સ્રી કે પુરુષ દીર્ઘાયુષી થઇ શકે છે. શરીર જાળવવાના નિયમ થોડા ને ઘણા સહેલા છે. પ્રથમ તો શરીરને નાહી ધોઇને બહુ શુધ્ધ રાખવું જોઇએ. આપણા સુભાગ્યે હિંદુ ઋષિઓએ આ નિયમ શાસ્રમાં નાખવાથી એ વિષે હિંદુ સ્રીઓને બહુ કહેવાની જરૂર નથી.

શરીરને શુધ્ધ રાખવું, તેમ ગંદી મલીન જગાએ આપણે જવું ના જોઇએ ને બનતાં લગી રહેવાનુંઘર શુદ્ધ ને પોળ, કે મહોલ્લામાં કે ચાલીમાં ચોકખું રાખવું. ચોકખી હવામાં બને તેટલું ફરવું, ઉઠવું, તથા બેસવું. માણસના શ્વાસથી હવા આખો

દહાડો બગડે છે. માટે માણસની ઘણી ભીડ હોય ત્યાં બનતાં લગી રહેવું નહિ. ને ગમે તેમ હોય પણ પ્રયાસ કરી દરરોજ ખુલ્લી હવામાં બને તેટલો કાળ કાઢવો. ઘણાખરા હિંદુ લોકોનું ખાવાનું ઘણું શુધ્ધ હોય છે. માટે તે સંબંધી લંબાણથી બોલવાની જરૂર નથી. પણ ખાવાનું નિયમસર રાખવું જોઇએ. આપણને કેટલું પચે છે, તે અનુભવથી નક્કી કરી તેટલું જ ખાવું. એક ખાધેલું પચ્યા સિવાય બીજી વાર ખાવું નહિ. શરીરમાં બંધકોશ થવા દેવો નહિ. ને થવા માંડે એટલે સુખરેચ લઇ પેટમાંનો મળ કાઢી નાખવો. ઘણા લોકો મીઠું કે સ્વાદિષ્ટ ખાવાનું મળેથી આંખો મીંચીને પેટ દાબીને ખાય છે. આ મોટી ભૂલ કહેવાય. ગમે તેવું સ્વાદવાળું ભોજન હોય તો પણ આપણે ખાતાં હોઇએ તેટલું જ ખાવું જોઇએ. આ નિયમ ઘણો જ અગત્યનો છે. સ્વાદ ન લાગે તો એ શું થયું ? આપણે સ્વાદ વાસ્તે ખાતાં નથી પણ શરીરના પોષણ વાસ્તે ખાઇએ છીએ.

આ ઉપરાંત બીજી એક ઘણી મોટી જરૂરની વાત યાદ રાખવાની એ છે કે, શરીરને ઘટતી મહેનત મળે તો જ ખાવાનું પચે છે. નહીં તો પચતું નથી. ન પચવાથી બે પરિણામ થાય છે. એક તો ધીમે ધીમે ભૂખ ઓછી લાગે છે ને આહાર ઓછો ઓછો થાય છે. તેથી સ્રીઓ તથા તેમની પ્રજા ઘણી નિર્બળ થાય છે. મહેનત ન કરતાં છતાં વગર વિચારે ખાવાનું એનું એ જો કાયમ રાખવામાં આવે તો અન્ન બરોબર ન પચવાથી ઘણા રોગો થાય છે. ઘણા રોગોનું મૂળ ખોળવાને બેસીશું તો

અપચાને ઘેર તે નીકળશે. મહેનત કરવામાં કાંઈ પણગેર-આબરૂ કે લાંછન નથી. માણસના નસીબમાં જન્મથી મહેનત લખેલી છે. દુનિયામાં જેટલું બધું દ્રવ્ય છે તે મહેનતથી બનેલું છે. વ્યાવહારિક મહેનતથી શરીરમાં હોંશિયારી, ને જોશ રહે છે. ને ચાલાકી રહે છે. ને મિજાજ ખુશ રહે છે. અતિશય મહેનતની વાત જુદી છે. પણ તેમ કરવાની જરૂર નથી. શરીરના રક્ષણ ને પોષણ માટે મધ્યમસર મહેનત થાય તો બસ છે. માટે દરેક સ્ત્રીએ રોજ કાં તો ઘર ધંધાની કે તે ના હોય તો બીજી રીતની શરીર ખમી શકે તેટલી મહેનત કરવી જોઇએ. યાદ રાખવું કે મહેનત વગર રોટલો નથી. જે ગરીબ હોય છે, તેને શરીરના પોષણને મેળવવાની મહેનત કરવી પડે છે. તેથી ગરીબનું શરીર સારું રહે છે. સારી સ્થિતિવાળાએ ભૂખ લગાડવાને અને અન્ન પચાવવાને મહેનત કરવાની આવશકયતા છે....

સર્વ સન્નારીઓએ ઘરધંધાથી પરવાર્યા પછીનો નવરાશનો વખત સારી રીતે કાઢવાની કાળજી રાખવી જોઇએ. પારકાની નિંદા કરવાથી કે નકામી કુથલીથી બને તેટલાં અળગાં રહેવું જોઇએ. પરાઇ નિંદાથી આપણને કંઇ ફળ નથી. તેથી ઘણીવાર કલેશ ને ટંટા થાય છે. પારકાં છિદ્ર જોવાથી આપણી બુદ્ધિ ઘણે કાળે હલકી ને દુર્ગુણી થાય છે. માટે જે વાત કરવી હોય તે કોઇની સરસાઇની કે સદ્‌ગુણ વિષેની કે સુકૃત વિષેની વાત કરવી. બને ત્યાં સુધી આપણે પણ નિત્ય કાંઇનેકાંઇ સુકૃત કરવાનો લોભ રાખવો. એવું જે દહાડે ન બની શકે ત્યારે એમ સમજવું કે આપણો આજનો દિવસ અવર્થા ગયો. નવરાશમાં

સારાં પુસ્તકો વાંચવાં. સારાં ગીત ગાવાં. હરિભજન કે કીર્તન વગેરે પણ ગાવાં. વળી આપણા દેશના ઉદયના વિચાર કરવા. આપણા દેશના ઉદયમાં આપણો ઉદય સમાયેલો છે એ નિરંતર યાદ રાખવું જોઇએ. કોઇ કહેશે કે દેશનો ઉદય થાય કે ન થાય તેમાં મારે શું ? તો તેની એ મોટી ભૂલ છે. એની ભારે ગેર સમજ છે. ઘણું અજ્ઞાન છે. આપણા દેશભાઇઓ જોડે નિકટ સબંધથી જોડાયેલા છીએ, તે સબંધ કોઇ દહાડો છૂટવાનો નથી. માટે આપણી જાતનો નિર્વાહ પૂરતો કાળ જતાં બીજો કાળ જેટલો રહે તેટલો સ્વદેશી સ્ત્રીઓ કે પુરુષોનું ભલું કરવામાં કાઢવો જોઇએ. વળી તે સિવાય કાંઇપણ હસ્તક્રિયાના ઉદ્યોગમાં દિવસનો થોડો ભાગ જાય તો તે પણ સફળ થયો જાણવો. મુંબઇની હિંદુ ગુજરાતી સ્ત્રી મંડળનું ભરતકામ, ગુંથણકામ સિવણકામ, સોયનું કામ, વગેરે અમદાવાદના પ્રદર્શનમાં જોઈ દેશના હિતચિન્તકો ઘણા રાજી થયા હતા. તેવા કામનો કાંઇ પાર નથી. તેમાં જેટલી ચતુરાઇ મેળવાય તેટલી થોડી છે. પરદેશી સ્ત્રીઓ કરતાં આપણી સ્ત્રીઓએ જરા પણ આવા કામમાં પાછા હઠવું ના જોઇએ. આપણા કરતાં તે શું કામ આગળ જાય, એવી સત્ય સ્પર્ધાનો ચડસ રાખવો જોઇએ.

જે સ્ત્રીઓને પરમાત્માએ સંતાન આપ્યાં હોય તેમને તો કામ કરવાનું ખૂટે તેવું નથી. તેનાં બાળકોની ઉંમર ૬ કે ૭ વર્ષની થાય, ત્યાં લગી તેમની બુદ્ધિ, નીતિ ને શ્રદ્ધા ખીલવવાનું કામ જનનીનું છે. રમતગમતમાં તેને રાખી કીન્ડર-ગાર્ટન રીતે કાં તો બીજી રીતે તેનું શરીર, મન, નીતિ, દેશાભિમાન, જેમ પુષ્ટિ

પામે તેમ અહર્નિશ માએ તથા ઘરનાં સઘળાંએ પ્રયત્ન કરવો જોઇએ. જો દરેક માતા પોતાના બાળકને બોલતાં આવડે ત્યારથી તેને નિશાળે બેસાડે ત્યાં લગી આવી રીતે કરે તો દેશની ઉન્નતિ કેટલી જલદી આગળ વધે ?

સ્ત્રીના સર્વ કર્તવ્યમાં બાળકને ઉછેરી શરીરે નિરોગી, બુદ્ધિમાં તીવ્ર હિંમતવાળું, સ્વદેશાભિમાની, શૂરું ને શ્રદ્ધાવાળું બનાવવાનું કામ ઘણું મોટું છે. જે સ્ત્રીઓ કર્તવ્ય પૂરેપૂરું બજાવી શકે તે કેવી ભાગ્યશાળી છે ? પોતાના પુત્ર કે પુત્રીના ઉપર ઉપકાર કરી પોતાનું કુટુંબ તે સન્નારી તારે છે. એટલું જ નહિ પણ દેશનું ભલું તે કરે છે. છોકરાંને કેળવવામાં માત્ર માયા ને કળ વાપરવી જોઇએ.

બધાં બચ્ચાંને જન્મથી બીક હોય છે. માટે બીક ઘટે, ને હિંમતવાળાં થાય ને પરગજુ થાય, તેમ કેળવવાં. આપણા દેશી ભાઇઓનું કલ્યાણ કરવું એ:જ મોટી આબરૂ છે, એવું બાળકના મનમાં દરેક માતાએ ફરીફરીને ઠસાવવું જોઇએ. આપણા જે હિંદુ લોકોએ દેશનું કલ્યાણ કર્યું છે, તેમની વાતો તથા વૃત્તાંત બાળક આગળ માએ કહી બતાવવાં જોઇએ. બહુ ધાકમાં રાખવાથી છોકરાં જૂઠાં થાય છે. માટે અતિશય ધાક રાખવી ન જોઇએ. જેમ બને તેમ હેતથી ઉછરે તેમ કરવું. જૂઠું બોલવું નહિ, સાચું બોલતાં ડરવું નહિ, એમ હંમેશાં છોકરાંને શીખવવું. ને તેમ કરવાને તેમને ઉત્તેજન આપવું. સાચું બોલવાથી કોઇવાર જોખમ અથવા અન્યાય ને નુકસાન થાય છે. પણ તેવું થાય તો ખમી રહેવું. પણ જૂઠું બોલવાથી ઘણું પાપ લાગે છે.

અને માણસ અધમ થઇ જાય છે. એ વાત તેમની આંખ આગળ હંમેશાં રાખવી જોઇએ. દેશાભિમાનની વાતો માએ નાનાં બાળક આગળ હંમેશ કરવી જોઇએ. કેટલાંક બૈરાં છોકરાંને ઉન્માદ કે મસ્તી કરતાં અટકાવે છે તેમ થવું ના જોઇએ. બચ્ચાંના શરીરને ભારે નુકસાન ન થાય એટલી જ ફિકર કરવી જોઇએ. જરાતરા વાગે તો શું થયું ? જેમ ઘડાય ને રગડાય તેમ શરીર સારૂં ને ધીંગું બને છે. આપણા પુરુષ, સ્ત્રીઓ કાજગરાં થઈ માયકાંગલાં જેવાં રહે તેના કરતાં ધીંગા–મસ્તી કરી જબરાં બને તે વધારે સારું છે.

દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઇના નવા વર્ષના બે બોલમાંથી

ત્યારે અત્યારે તો આપણે સ્હેજ જરા વિચારી જોઇએ કે સ્ત્રી જાતિનાં કર્તવ્ય શાં છે, સંસારના કામની વહેંચણીને પરિણામે સ્ત્રીના વિશેષ ધર્મ પુરુષના વિશેષ ધર્મથી નિરાળા છે, એટલું તો હવે સ્પષ્ટ છે. ભણવું–ગણવું, ખાવું–પીવું, ધર્મ પાળવો, નીતિ પાળવી, સ્વચ્છતા, સુઘડતા, સંતોષ–વિવેક રાખવાં આવા આવા અનેક ધર્મ તો સ્ત્રી પુરુષ ઉભયને સમાન છે. સ્ત્રી એ મનુષ્ય છે. ને પુરૂષ એ પણ મનુષ્ય છે. એટલે દેહ આત્માના મનુષ્ય ધર્મ તો ઉભયને માટે એકસરખા છે. છતાં સ્ત્રી તે સ્ત્રી છે ને પુરુષ નથી. અને પુરુષ તે પુરુષ છે ને સ્ત્રી નથી. એ કારણથી ઉભયના વિશેષ ધર્મ નિરાળા જ છે. ત્યારે સ્ત્રી જાતિના વિશેષ ધર્મ શા છે ?

સ્ત્રીઓનો પહેલો વિશેષ ધર્મ પતી ધર્મ. કન્યકા મટી વધુ બને, કૌમાર્યને આરેથી ઉતરી લગ્નને તીરે જઇ બેસે, ત્યારથી સૌ સ્ત્રીઓને પત્નીધર્મ પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર બને છે તે પછી સદા તેને સૂરજમાલાની સાથે જ ઘૂમવાનું રહે છે. કોઇપણ વ્રતથી વ્રત લેનાર બંધાય છે. નિયમનમાં આવે છે. લગ્ન–વ્રતથી પણ પતિ પત્ની નિયમનમાં આવે છે ને પરસ્પરથી બંધાય છે બેનો લગ્ન–વ્રત લેતી વેળાએ તમે કયા નિયમનો સ્વીકાર્યાં છે એ યાદ છે? ગોરે તમારો હાથ તમારા પતિના હાથમાં મૂકયો તે વેળાએ તમારી સૌની પાસે પ્રતિજ્ઞાઓ કરાવી છે, એ પ્રતિજ્ઞાઓ તમને આજ સ્મરણે છે? સ્મરણે ન હોય, વિસર્યાં હો તો ગોરને પૂછી જોજો. શાસ્ત્રમાં વાંચી લેજો એ પ્રતિજ્ઞાઓ વીસરવી તે તો કયાં જવું છે તે નક્કી કર્યા વિના મુસાફરી આદરવા જેવું છે. સંસારની સફરમાં તમારું વહાણ તમે મેલ્યુ છે. તેને કયાં લઈ જશો? કેમ ચલાવશો? બેનો સંસારની સફર આદરતાં જ તમે એ નિયમન ઉચ્ચાર્યાં છે. તે વખતે માત્ર ઉચ્ચાર્યાં છે કે તમારે બદલે ગોરે ઉચ્ચાર્યાં હશે. સ્ત્રી જાતિની સ્વાભાવિક સરળતા, ઉચ્ચતા, સ્નેહાળતા, ધાર્મિકતા, શ્રદ્ધા વિગેરેથી આ સ્થાને લગ્ન વ્રતની કરેલી પ્રતિજ્ઞાઓને પૂછી અને પન્થે પળશો તો ભૂલાં નહિ પડો. સ્ત્રી જાતિનો બીજો વિશેષ ધર્મ કંઇ છે? હા. પતિ અને પત્ની સ્નેહ બાંધી કે ન બાંધી લગ્ન વ્રત લીધું કે તરત એક કુલ સ્થપાયું. દુનિયાનાં કુટુંબોમાં એક કુટુંબ વધ્યું. ઘણે ભાગે તો સહુ દંપતી ઉપર પ્રભુના આશીર્વાદ જ ઉતરે છે, ને પરિવાર વધે છે. પણ સંતાનની લીલાથી ઘર ભરાવ કે ન ભરાવ બાળકોના બોલ

ઘરમાં ગાજી રહે કે ન ગાજી રહે પણ કુટુંબ તો લગ્ન તિથિથી મંડાયું. ગૃહનો માંડવો તો તે ઘડીથી જ રોપાયો. તે ઘડીથી જ સ્ત્રીને ગૃહિણીધર્મ પ્રાપ્ત થાય છે. એ ગૃહિણીધર્મ તે સ્ત્રીનો બીજો વિશેષ ધર્મ. ગૃહની વ્યવસ્થા, ઘર સંસાર ચલાવવો એ પણ ધર્મથી નિરાળી વાત છે. છતાં બન્નેની અખંડ બેલડી છે. લગ્નવ્રતમાંથી એ બન્ને જોડકી બેનો જન્મે છે. ગૃહિણીધર્મ શા છે? તે મારા કરતાં તમારી પાસેથી સાંભળવા વધારે આતુર છું, માટે એટલું જ સૂચવું છું કે તમારા કુટુંબમાંથી કલેશ ઘટે ને સ્નેહ અને સંપ વધે, શરીરનું આરોગ્ય અને ચિત્તની પ્રસન્નતા, બહારનાં ને અંતરનાં બળ તથા વૈભવ, સુખ, સંતોષ ને શાંતિ સદા વિકાસ પામે એવું કરજો. તમારા મંડપ એવા રચજો કે તેમાં તાપ કે સંતાપ ન આવે, છતાં તે ઉષ્મા અને અજવાળાથી શોભી રહે. તમારી આંખડીમાં અમી રાખજો. તમારા હાથમાં કર્તવ્ય ચાતુરી રાખજો. તમારી જીભમાં મીઠાશ રાખજો. તમારા આચરણમાં હેત રાખજો. એ સહુ કંઇ નવાં લાવવાં પડે તેમ નથી. એ સૌ તમારી પાસે જ છે. માત્ર તમે એને ખોતાં નહિ. ઢાંકતાં નહિ. રજ ચડવા દેતાં નહિ. સુંદરી જો પોતાની સુંદરતા પ્રગટવા દે તો જગતમાં વડાં સૌભાગ્ય ઉઘડે. બેનો, પત્નીધર્મ અને ગૃહિણીધર્મની ઝાંખી જરા આપણે કરી. એક વધારે વિશેષ ધર્મનો આપણે વિચાર કરી લઇએ. પતિ પત્ની ઘર માંડે છે. તે વગડાને આરે નહિ. પણ સંસારની વચ્ચે ઘર બાંધતી વખતે જેમ આપણે આપણા પાડોશીઓના હક્ક સાચવવા પડે છે, તેમ સંસારમાં જીવન ગાળતી વેળાએ પણ

આપણે અન્ય સંસારવાસીઓના હક્ક જાળવવાના છે. આ ધર્મને આપણે સંસારિણી ધર્મ કહીશું.

જે સંસાર આપણું રક્ષણ કરે છે, જે સંસાર પોતાનો ભૂતકાળનો બધો સંચય આપણા ચરણમાં ખુલ્લો મૂકી દે છે. જે સંસારવાસીઓ આપણી સાથે ખભે ખભો મેળવી ઊભા રહે છે તે સંસાર અને સંસારીઓ તરફ આપણા પણ અનેક ધર્મ છે જ. જે કેળવણી આપણે લીધી તે કેળવણીની પદ્ધતિ વધારે લાભદાયક કરવી, જે ઔષધશાળાઓએ આપણને સાજાં કર્યાં તે ઔષધશાળાઓને સમરાવવી, જે બાગ, ચૌટાં, અને મંદિરોએ આપણને આનંદની જરૂરીઆતની અને ઉન્નતિની સામગ્રી પુરી પાડી, તેમને વધારે શોભાવન્તાં, ઉપયોગી અને પવિત્ર કરવાં. કોણ કહેશે કે એ આપણા ધર્મ નથી? સંસાર અનેક રીતે આપણી સુશ્રુષા કરે છે. આપણને ઘટે, કે આપણે એ સંસારની સુશ્રુષા કરવી.

સંસારસેવાના યથાશકિત યથામતિ સાવકાશ આચરવાના અનેક માર્ગ છે. સંસારમાંનાં વડિલો ભણી માતા ભાવ બેનો, પુત્રીઓ તથા નાંનાં ભણી ભગિનીભાવ તથા નાનેરાં ભણી સમાન ભાવ રાખવો એ સંસારણી ધર્મ છે. માબાપની કીર્તિ, અકીર્તિ સંતાનના હાથમાં હોય છે.

ગુર્જરીનો યશ અને મહિમા તમારા હાથમાં છે. તેની લાજ અને શોભા તમારે જ સાચવવાની અને વધારવાની છે.

નાનાલાલ દલપતરામ કવિના નવા વર્ષના બે બોલમાંથી રા. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાના નવા વર્ષના બે બોલમાંથી

બેનો તમે જાણો કે સીતા, દમયંતિ, અને દ્રૌપદિ જેવી સતીઓએ પોતાના સ્વામીઓના સંગમાં વનવાસ વેઠી અસહ્ય દુઃખ સહન કર્યાં હતાં. તમને ખબર છે કે પૂર્વે રાણીઓ પોતાના પતિઓ સાથે શિકાર કરવામાં નિડરપણે સામેલ થતી હતી. તમને માલુમ છે કે સ્ત્રીઓએ હથિયાર ધારણ કરી રણજંગમાં પુરુષને હેરત પમાડે એવાં પરાક્રમ કર્યાં છે, અને તમારા વાંચવા સાંભળવામાં એ પણ આવ્યું હશે કે, રાણીઓ તથા બેગમોએ રાજતંત્રનું વિષમ કામ હિમ્મત અને ખંતથી તેમ ચતુરાઇથી ફત્તેહમંદ રીતે પાર પાડયું હતું. પરંતુ તમે કહેશો કે એ સૌ કરનાર રાજ કરતી કોમની બૈરીઓ હતી. અને તેઓને હિંમત અને હોંશિયારી વારસામાં મળેલી હતી. પણ અમે ક્ષત્રિયવટ ન ધરાવનારી અબળા જાતિ શું કરી શકીએ? પુરુષો તો કહી કહે, પણ સ્ત્રીઓ પોતે જ પોતાને અબળા એટલે બળ વગરની કહે છે, ને માને છે. શું સ્ત્રીઓ ખરેખર અબળા છે? સ્ત્રીઓ કહે છે કે બાર બૈરીએ બગલાનું જોર થાય એ વાત શું સાચી છે? તમે જાણો છો કે એ વાત ખોટી છે. છતાં તમે તેનો સ્વીકાર કરો છો એ નવાઇની વાત છે. સહશીલપણું તો સ્ત્રીઓના બાપનું જ કહેવાય છે. એટલે ધીરજથી આપત્તિ પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે સારી રીતે સહન કરી શકે છે. એ સહનશીલપણું અથવા ધીરજને

થોડી આગળ વધારીએ તો તે હિંમતનું રૂપ ધારણ કરે છે.

વહેમી સ્ત્રીઓ

જેમ શરીર નબળું તેમ મન પોચું પડે, અને તેના પર ગમે તેવી અસર થઈ જાય છે. પોચા મન પર વહેમની ને અજ્ઞાનતાની અસર ઘણી થાય છે. માનસ ભૂત ને શંકા ડાકણ કહેવામાં આવે છે. તેમ જે બીએ તેને આવી લાગે, એવી કહાણીઓ ચાલે છે. છતાં ભૂતપ્રેતની અસર સ્ત્રીઓ ઉપર વિશેષ થાય છે. કેમકે માણસ મૂઆ પછી ભૂત થાય છે ને તે નજીકના સગાને તેમ જ બીજાને વળગે છે એવો વહેમ સ્ત્રીઓમાં રહે છે અને વહેમની મારી બીકને લઈને તેઓ છળી ઉઠે છે. આવી આપત્તિઓમાંથી દૂર થવા માટે, સંસાર સુખ ભોગવી શકાય તે માટે અને ભયને વખતે બચાવ કરી શકાય તે અર્થે સર્વે કોઈએ પ્રથમ શરીર સુદૃઢ રહે એમ કરવું જોઈએ.

દીકરીને માટીને શા ઝટકા પડનાર છે ?

પણ આપણા ઘર સંસારમાં આપણે શું જોઈએ છીએ ? પ્રથમ તો કોઈ સ્ત્રીને દીકરી અવતરે કે તેના ઘરનાં માણસ મોં મચકોડે છે, અને દીલગીર થાય છે. એટલું જ નહિ પણ જાણે તેમાં તે સ્ત્રીની જ કસુર હોય તેમ તેના પર અણગમો બતાવી તેની સુવાવડમાં માવજત પણ જોઈએ તેવી થતી નથી. સૌ કોઈ પુત્ર પ્રાપ્તિની હરવખત આશા રાખે છે, પણ તે જાણતા નથી કે એકલા પુત્રો જ જન્મે તો સંસાર નભી ન શકે. જેટલી જરૂર પુત્રની છે તેટલી જ જરૂર પુત્રીની છે. એ વાત લક્ષમાં ન રાખતાં પુત્રીની સંભાળ બેદરકારપણે લેવાય છે. "દીકરીની માટીને શા

ઝટકા પડનાર છે?" એમ ધારી તેને પાળવા પોષવામાં લક્ષ થોડાં જ માબાપ આપે છે. ખાવા-પીવાની બાબતમાં ને લૂગડાંલત્તાં પહેરવામાં તેના શરીરનું પોષણ અને રક્ષણ થાય એ ઉપર ધ્યાન અપાતું નથી. કાચું, કોરૂં, ટાઢું-શીળું, કોહ્યું, હવાયું હોય તે સ્ત્રી વર્ગને ભોગ પડે છે. મંદવાડ વખતે ચાંપતા ઉપાય વખતસર લેવાતા નથી. વ્રત ઉપવાસ વડે કાયા કષ્ટી હદ ઉપરાંત કરવામાં આવે છે. લૂગડાં ઘરેણાંમાં ઉપયોગ કરતાં શોભા ઉપર લક્ષ વધારે અપાય છે. ભલે જાડા લઠ્ઠ દાગીના વડે હાથ પગનાં કાંડાં કંતાઈ જાય અને નાક કાનના વહે વધીને તૂટી જવાનો પ્રસંગ આવે અથવા દાગીનાની લાલચે ચોર લુચ્ચાઓ, છોકરાંનો જીવ લે, તો પણ તે પહેરાવવાં ખરાં, છોકરાં ભલે લૂગડાં વિના નાગાં ફરે, પણ તેમના અંગ ઉપર દાગીના તો જોઈએ.

છોકરીઓને વિવાહમાં ગમે તેવે ટાણે ગમે તેવા ઘર સાથે પરણાવી કાચી વયે સાસરે મોકલવામાં આવે. સાસૂ વઢકારી હોય, નણદી છિદ્રો ખોળનારી હોય અને બીજાં ચાડીચુગલી કરનારા હોય તો નાનીશી વહુ પર પસ્તાળ પડવા માંડે, તેને માથે અનેક કામનો બોજો પડે. અને આરામ-વિશ્રામ લેવા જાય તો તેની ફજેતી કરવામાં આવે. માઠાં ભાગ્યે ઘણીવાર કજોડાં હોય છે. તો છોકરીની માઠી દશા થાય છે. કેટલીક વાર કુળવાન વર ખોળવાની લાલચમાં ઘરની કંગાળ સ્થિતિ જોવામાં આવતી નથી તેથી છોકરીને સાસરીમાં અન્ન પાણીના વેલા પડે છે. કદી તે સુખી ઘરમાં પડી હોય અને ત્યાં નોકર ચાકર કામ કરનાર હોય તો તે વિના કામ કાજે શરીર બગાડે છે. બાળ-લગ્નની રૂઢીથી

છોકરીઓને સારું શીખવવાનો પ્રસંગ આવતો નથી. આ બધી પીડાઓ ને અડચણો જાણવા છતાં માતાઓ પોતાની દીકરીઓના સુખનો વિચાર ન કરે, તો તે પોતાના બાળકો ઉપર એક જાતનું ઘાતકીપણું વાપરે છે. અને તે સંતાન પ્રત્યેની પોતાની ફરજ અદા કરતાં નથી તેથી પાપમાં પડે છે. એમ સમજવું. દીકરીઓનો સંસાર ઘણી માતાઓ બગાડે છે. બાળપણમાં પરણાવી દેવાની અને પોતાના હાથ કંકુનાં કરવાની તે હઠ લે છે. આજુબાજુનો વિચાર કર્યા વિના તે અમુક ઠેકાણે જ પરણાવવાની જીદ કરે છે. દીકરીને શિક્ષણ આપવાના કામમાં પણ તે આડી આવે છે. અને કેટલીક વાર તો તે દીકરીને સાસરે જતાં ઊંધી શિખામણ આપે છે.

દેશની સ્થિતિનો આધાર સ્ત્રી–કેળવણી

અંગબળની સાથે બુદ્ધિબળ વધારવાની જરૂર છે. જેમ શરીર બળવાન હોય છે, તેમ મગજ પણ બળવાન થાય છે. પરંતુ એ બંનેને કસવાની ને ઉપયોગમાં લેવાની જરૂર છે. બુદ્ધિબળ વધારવાને છોકરીઓને શિક્ષણ આપવું જ જોઇએ. સૌથી સારું શિક્ષણ માતા આપી શકે છે. કેમકે તેના સંગમાં છોકરાં રાત દહાડો રહે છે. પણ એ કામ માટે આપણા દેશની થોડીજ માતાઓ લાયકાત ધરાવે છે. પોતે જ ભણેલી ન હોય તો પોતાનાં છોકરાંને તે કેમ ભણાવી શકે ? પોતે જ બીકણ બિલાડી હોય તો પોતાનાં છોકરાંને તે હિંમતવાન શી રીતે કરી શકે ?

પોતે જ નીતિ–રીતિ, વિવેક વિચાર જાળવતી ન હોય, તો તે પોતાનાં છોકરાંને લક્ષણવંતાં કેમ કરી શકે ? જેટલું જ્ઞાન

આપણાં છોકરાં નિશાળમાંથી આઠ–દસ વરસની વયે મેળવે છે, તે કરતાં પણ વધારે જ્ઞાન પશ્ચિમમાં છોકરાં પાંચ–છ વર્ષની વયે ગૃહ–શિક્ષણથી પ્રાપ્ત કરી શકે છે. છોકરીઓ નિશાળમાં લાંબી મુદત રહી શકતી નથી, કેમકે તેમને પરણાવી હોય તો નાની વયે સાસરે વળાવી દે છે, અને સાસરે ગયા પછી નિશાળમાં મોકલાય નહિ. એમ લોકો સમજે છે, એનું પરિણામ એ થાય છે કે છોકરીઓ થોડું ને નજીવું જ્ઞાન માત્ર નિશાળમાંથી મેળવી શકે છે. અને તે થોડી મુદતે વિસરી જાય છે, કેમકે પાછળથી પુસ્તકો વાંચવાનો કે અભ્યાસ આગળ વધારવાનો તેને પ્રસંગ મળતો નથી. આવું ટૂંક–ભંડોળીઉં શિક્ષણ શા કામમાં આવે છે ? ઘરનો હિસાબ–કિતાબ રાખતાં પણ તેને આવડતો નથી. તેથી ઘરની વ્યવસ્થા ચલાવવામાં તે કાચી પડે છે. ઊંચી જાતના શિક્ષણ વગર સ્ત્રીજાતિ સુધરવાની નથી, અને જ્યાં સુધી સ્ત્રીઓ અજ્ઞાન રહેશે ત્યાં સુધી દેશની સ્થિતિ પણ સુધરવાની નથી.

આપણે અહીં જ્ઞાનનાં કજોડાં ઘેરઘેર જોવામાં આવે છે. છોકરો બી.એ. કે એમ.એ. થયો હોય ત્યારે તેને જે ઝાંખરું કોટે વળગ્યું હોય તે કાળા અક્ષરને કૂટી મારે એવું, કે બે–ચાર ચોપડીઓનું જ્ઞાન ધરાવતું હોય છે. બંને ભેગાં મળે ત્યારે વાતચીતમાં શો આનંદ મળે ? બૈરી નાતની, જાતની, લગ્નની, મરણની વાતો કાઢે કે પડોશણો ને સગાંવહાલાંની નિંદા કરે, તે ધણીને પસંદ ન પડે. ધણી કાંઇ જ્ઞાનની વાત કરે તેના પર સ્ત્રીને અભાવો થાય. સ્ત્રીઓ ગાવા–બજાવાની કળા શીખવાનું કરે તો લોકોમાં તેની ભારે વાતો થાય પણ ઘરની અંદર નિરપરાધ

આનંદ મેળવવામાં ગાનતાન કેટલી મદદ આપે છે, તે ઘણાંના સમજવામાં નથી. બીજી વિદ્યાઓ જે સ્ત્રી-પુરુષને અનેક રીતે ઉપયોગી થઇ પડે તે સ્ત્રીઓને શિખવવામાં આવતી નથી. છોકરીઓ થોડુંઘણું સીવણ ભરત શીખે છે. તો પણ એમને ઊંચી જાતનું વેતરતાં ને કપડાં બનાવતાં આવડતું નથી, અગર ભરતકામ માલ વગરનું કરે છે.

રસોઇનું શાસ્ત્ર શીખવું જોઇએ

સુધરેલા દેશમાં જો ઘરની સ્થિતિ ઉત્તમ જાતની ન હોય તો સ્ત્રીઓ ને છોકરીઓ કોઇ પણ જાતની કમાણી કરી પુરુષોને મદદ આપે છે; તથા ઘરનાં ખર્ચાળ કામો જાતે કરી, તે રીતે પણ મદદગાર થાય છે. સંચાની મદદથી ઘરનાં કપડાં ધોબીના જેવાં ધોવાનું અને તેને ઇસ્તરી દેવાનું કામ સ્ત્રીઓ કરે છે. કપડાંલત્તાં સીવવાનું કે ભરવાનું કામ જાતે કરવાથી તે પાછળ ખર્ચ થતું નથી. આપણે અહીં કમાઇનો સઘળો આધાર એકલા મરદ ઉપર રહે છે. તેથી જો તેની કમાઇ સારી ન હોય તો ઘરનાં સઘળાં માણસોને હેરાનગતી ભોગવવી પડે છે. બૈરાં બહુ તો ઘરનું હલકું કામ કરે, પણ જે પાછળ વિશેષ ખર્ચ થતું હોય તે કરી ન શકે. રસોઇની વાત લઇએ તો તેમાં પણ સારી કુશળતા ધરાવનાર કેટલાં થોડાં બૈરાં જોવામાં આવે છે! રસોઇનું શાસ્ત્ર કોઇ ભાગ્યે જ જાણે છે. પરંતુ તેની કળા પણ પૂરી આવડતી નથી. ઊંચી જાતની વાનીઓ માટે બજારમાં જવું પડે છે કે રસોઇઆ બોલાવવા પડે છે. ઘરમાં રસોઇઓ હોય તેના ઉપર દેખરેખ રાખવાનું કામ પણ જો સ્ત્રીઓ ન કરે તો તે જેવું બાફણું બાફે તેવું સર્વેને ખાવું પડે છે. તંદુરસ્તી કેમ જાળવવી, છોકરાંને કેમ ઉછેરવાં, અને માંદગીમાં તાત્કાલિક કેવા ઉપાય લેવા તે સ્ત્રીઓ જાણતી નથી. પહેલાં ઘરમાં ડોશીઓ અર્ધા વૈદ્યનું કામ કરતી, ત્યારે હાલની નારીઓ તેમાંનું કંઇ કવચિત જ જાણતી હોય છે. આ કારણથી સહેજ મંદવાડ માટે દાકતરને બોલાવવા પડે છે, ને ખર્ચમાં ઊતરવું પડે છે. ભણીને નોકરી કરવાનું કામ સ્ત્રીઓનું નથી, એવી લોકોની સમજ છે. તેથી આપણે અહીં ભણેલી દાયણો દાકતરણો સ્ત્રી-શિક્ષકો વગેરેની કેટલી ખોટ પડે છે! પંદર વીસના પગારવાળાની સ્ત્રીથી પણ કામ ન થાય. માટે કોઇ ચાકરડી રોકવી પડે છે. ચાકર-નોકરોના બગાડ ભારે થયા છે. સારા નોકરો મળતા પણ નથી. એમ છતાં મોટાઇના ગર્વમાં સાધારણ સ્થિતિની સ્ત્રીઓ પણ કામ ન કરે તો તેમને કેટલું સોસવું પડે?

"સ્ત્રીઓને સંદેશ"ની (પ્રસ્તાવમાંથી.)

*   *   *

કઇ સ્ત્રીને તમે શ્રેષ્ટ ગણો છો? એ પ્રશ્ન એક પ્રસિદ્ધ વિદુષીએ જ્યારે મહાન નેપોલિયનને કર્યો ત્યારે તે વીરે બેધડકપણે જવાબ આપ્યો કે, જે સ્ત્રી વધારેમાં વધારે પુત્ર જણે તે ઉપલકિયા અવલોકનથી જંગલી જણાતા આ જવાબમાં મર્મની મોંઘી ખાણનો સમાવેશ થયેલો છે. સ્ત્રીએ પોતાનું શરીર બળ ઉત્તમ રીતે કેળવી, અનેક સુપુત્રોને જન્મ આપી તેમને દેશસેવા માટે અર્પણ કરવા જોઇએ એ બૃહદ તાત્પર્ય નેપોલિયનના નાના-સરખા વાકયનું હતું. હર્બર્ટ સ્પેન્સર બીજી દૃષ્ટિથી કહે છે કે પુરુષ સામાન્ય રીતે સ્ત્રી તરફ આકર્ષાય છે,

તે તેના પંડિત્યના મોહથી નહિ પરંતુ તેના ગાલની લાલીના મોહથી, આપણા સમાજના હિતને માટે જરૂરનું છે કે શરીર સંવર્ધન તરફ. કન્યાના માતાપિતાએ પૂરતું લક્ષ આપવું જોઇએ, અને સમજણી ઉમ્મરે પોતાના શરીર; આરોગ્ય તથા સામર્થ્યની બાબત પોતાના કબજામાં લેવી જોઈએ. અકસ્માતના તાત્કાલિક ઉપાયોનું જ્ઞાન સ્ત્રીઓ માટે કોઇ રીતે બસ નથી. આપણા આયુર્વેદનાં અને પાશ્ચાત્ય શરીર વિજ્ઞાનનાં મૂળ તત્ત્વોનો સમાવેશ સ્ત્રીઓના અભ્યાસક્રમમાં યોગ્ય સ્થાને અવશ્ય કરવો જોઇએ. તેમ કરવાથી સ્ત્રીઓને પોતાનાં સંતાન તથા કુટુંબનાં શરીર સંબંધી જવાબદારીનો ખ્યાલ આવશે. તે સમજશે કે મંદવાડ આવ્યા પછી દાક્તરને માટે દોડધામ કરી મૂકવા કરતાં મંદવાડનાં પગલાં ઘરમાં થતાં અટકાવવામાં વિશેષ ચાતુરી રહેલી છે. તેને નિશ્ચિત થશે કે જૂની સારી બાબતોને નિઃસાર ગણી ફેંકી દેવી એ બુધ્ધિમત્તાની નહિ પણ બુદ્ધિ-હીનતાની નિશાની છે.

બાળકોની આંખ કાજળથી આંજવી, માથામાં તેલ નાખવું, ઠંડી મોસમમાં તેલ ચોળી નહાવું, ઋતુ પ્રમાણે ભોજનમાં ફેરફાર કરવો, ઇત્યાદિ અનેક શુભ આચારોનો લોપ કરવો, એ પોતાનાં સંતાનનો, અને સંતાન દ્વારા જનસમાજનો, અનેક રીતે અપકાર કરવા બરાબર છે. આવું વ્યવહારિક ડહાપણ જ્યારે આપણી અંગનાઓનાં અંતરમાં સુસ્થિર થશે ત્યારે જ આપણે છાતી ઠોકી કહી શકીશું કે આપણા સામાજિક આરોગ્યરૂપ નાવનું સુકાન સુદક્ષ હાથમાં છે.

સાહિત્ય પરત્વે આપણા રિવાજ પ્રમાણે અંગ્રેજી ભાષાના

ઊંચા અભ્યાસ સુધી પહોંચી શકે એવી કન્યાઓનો સમુદાય ઓછો જ હોય છે. ભાષા પરત્વે મારું નમ્ર મત એ છે કે પહેલે દરજ્જે ગુજરાતીનું સંગીન જ્ઞાન, બીજે દરજ્જે સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન, અને ત્રીજે દરજ્જે અંગ્રેજીનું જ્ઞાન અભ્યાસ ક્રમમાં અંકાવું જોઇએ. માતૃભાષાની મહત્તા સંબંધી વિવાદને અવકાશ જ નથી. પરંતુ સંસ્કૃત જે દૈવી–ભાષા છે તે પહેલું કે અંગ્રેજી એ બાબત મતભેદ થવાનો સંભવ રહે છે. સંસ્કૃત દૈવી ભાષા છે. તેમાં આપણાં પવિત્ર ધર્મ પુસ્તકો લખાયેલાં છે. તેના અભ્યાસથી બુદ્ધિનો ઉત્તમ વિકાસ થાય છે. એ કારણથી સંસ્કૃતને હું પ્રથમ પદ આપવા માંગું છું.

ધર્મની અધિષ્ટાત્રી સ્ત્રી હોવાથી તેની ધર્મપ્રધાન પ્રકૃતિ સંસ્કૃતના અભ્યાસથી જેટલી ઉત્તેજિત થવાનો સંભવ છે તેટલી અંગ્રેજીના અભ્યાસથી થવાનો સંભવ નથી. અંગ્રેજી પુસ્તકો તથા વર્તમાનપત્રો સ્વતંત્ર રીતે વાંચી શકવા જેટલું અંગ્રેજીનું જ્ઞાન સ્ત્રીઓને ન થાય તો એ ભાષા ઘણે અંશે ભારરૂપ થવાનો સંભવ છે.

વિજ્ઞાન સંબંધી આપણા દેશની, આપણા પુરુષ વર્ગની જ સ્થિતિ અતિ દરિદ્ર છે તો સ્ત્રી સંબંધમાં કહેવું જ શું ! પરંતુ વિજ્ઞાનની આવશ્યકતા સ્ત્રીને કોઇ રીતે ઓછી નથી. રાજ્ય-વ્યવસ્થામાં જો વિજ્ઞાનની જરૂર છે, અને ઘર ચલાવવું એ નાનું રાજ્ય ચલાવવા બરાબર છે, તો સ્ત્રીને વિજ્ઞાન વિના ચાલી શકે તેમ નથી. સામાન્ય રસોઇ અને વિજ્ઞાનના સંસ્કારવાળી રસોઇ, સામાન્ય ગૃહવ્યવસ્થા અને વિજ્ઞાનના સંસ્કારવાળી ગૃહ

વ્યવસ્થા. બાળકોનું સામાન્ય લાલનપાલન, 'અને વિજ્ઞાનના સંસ્કારવાળું લાલનપાલન, એમાં ઘણું અંતર છે. ઉષ્ણ અને શીત, પ્રકાશ, વિદ્યુત, અને ચુંબક શકિત, વનસ્પતિ વિજ્ઞાન, સામાન્ય યંત્રોની રચના, ગ્રહોની ગતિ, સમાજનો ઉદયાસ્ત એ વગેરેનાં મૂળ તત્ત્વો જ્યારે સ્ત્રીની બુદ્ધિમાં આરૂઢ થશે, ત્યારે આપણા દેશનો ભાગ્યોદય સમીપ છે, એમ માનવું સપ્રમાણ છે. પુરુષના ભણતર અને સ્ત્રીના ભણતરમાં આસમાન જમીનનો ફેર છે. પુરુષના અંતઃકરણને સંતપ્ત કરનાર આજીવિકાના વિચારથી સ્ત્રીનું અંતઃકરણ અલિપ્ત છે. સમાજની દુર્દશા થવાની હોય છે તે સમાજની સ્ત્રીઓને આજીવિકા માટે ભણવું પડે છે. તેમ જ ઇનામ, સ્કોલરશિપ વગેરેની હરીફાઇથી પણ સ્ત્રીઓનો અભ્યાસ કલુષિત થતો નથી. ગૃહિણી તરીકે નમુનેદાર ગૃહની વ્યવસ્થા કરવાનું, માતા તરીકે નમૂનેદાર સંતાન સમાજને અર્પણ કરવાનું અને સંસારિણી તરીકે યથાશક્તિ સમાજસેવિકા થવાનું તેનું કર્તવ્ય છે. જર્મન મહાકવિ કહે છે કે ગૃહિણી ધર્મમાં જે ઉત્તમ કર્તવ્યોનો સમાવેશ થાય છે તે જો સ્ત્રી બરોબર સમજે તો બીજા ક્ષેત્રની તે માગણી જ કરશે નહિ. આ કારણથી દેખાય છે કે ચડસ, યશલાલસા વગેરે અનિષ્ટ તત્વ સ્ત્રી કેળવણીમાં દાખલ થવાં જોઇએ નહિ. નિશાળમાં છોકરીની કેળવણી છોકરાની કેળવણી કરતાં વહેલી સમાપ્ત થાય તો તેથી વધારે પડતો હૈયા-શોચ કરવાનું પ્રયોજન નથી. કોલેજની ઊંચી કેળવણી કંઇ બધી સ્ત્રીઓ માટે નથી, અને તેવી કેળવણીને પોતાનું લક્ષ્યબિંદુ સ્થાપનાર સ્ત્રી જ ઉત્તમ થઇ શકે છે, એવો નિયમ નથી. પ્રાચીન

સમયમાં પુરુષના બ્રહ્મચર્યનો કાળ ૨૫ કે ૩૦ વર્ષની ઉંમર સુધી લંબાતો. આજનું વલણ સ્ત્રીના કન્યાકાળને લંબાવવા તરફ છે. વિશેષ કન્યાકાળ પણ જોઇએ તે કરતાં વધારે લંબાવવાથી અનેક અનર્થ થાય છે. સ્વતંત્ર વિદ્યામય જીવનની લગનીમાં કેટલીક સ્ત્રીઓ પત્નીધર્મ અને ગૃહિણી ધર્મને પણ બંધનરૂપ સમજે છે. કન્યાવિક્રય રૂપ બેં–બેં કરતું બકરૂં કાઢવા જતાં સમાજમંદિરમાં વરવિક્રય રૂપ વાંકાં અઢાર અંગવાળું ઊંટ ઘુસી જાય છે! પરિણામ પંડિત કાર્લપીર્શન "વિજ્ઞાન દૃષ્ટિથી પ્રજાજીવન" નામના પોતાના પુસ્તકમાં કહે છે તેવું આવવાનો સંભવ રહે છે. દેશનો બુદ્ધિશાળી વર્ગ વધારે ભણે અને તે જ વર્ગ વિવાહને નિયંત્રણ સમજી ઓછો પરણે તેનો અર્થ એ જ કે આગળ જતાં ઊતરતી બુદ્ધિવાળાઓનું સમાજમાં પ્રાધાન્ય, અણીને પ્રસંગે નેતાઓની ખોટ, આખર સરવાળો પ્રજાનો વિનિપાત અથવા વિનાશ.

આપણા સમાજને આજે એવી સ્ત્રીની જરૂર છે કે જેના નામ પાછળ ભલે શારદાપીઠની મુદ્રા ન લાગી હોય છતાં જેનું જીવન ભાવનામય હોય, જેની રગરગમાં ધર્મની તીવ્ર જ્યોત જાગતી હોય. પોતાના પાતિવ્રત્યના રક્ષણ માટે જે પોતાનાં પ્રાણને તણખલા કરતાં તુચ્છ માનવા તૈયાર હોય, જે રસોઇ કરતાં અને જરૂર હોય તો રસોઇનાં વાસણ માંજતાં શરમાય નહિ.

સંપત્તિને સમયે પણ દ્રોપદીની પેઠે ઘરની નાનીમોટી બાબતોની સુદક્ષ દેખરેખ રાખે, અતિથિને, સમાજ–દેવના પ્રતિનિધી રૂપે માનનિય ગણે, સંતાનને, દેશે પોતાના હાથમાં સોંપેલી થાપણ સમજે, જે પોતાના અવકાશના વખતમાં ઉત્તમ

પુસ્તકો તથા વર્તમાનપત્રો વાંચવાના, કરકૌશલ્ય કેળવવાના, નિર્વ્યસનવાળી હોય, દેશ સેવા માટે, પ્રસંગ પડે અનેક પ્રકાર કષ્ટ વેઠતાં પાછી પાની કરે નહિ. તીવ્ર લાગણીના આવેશથી જેનાં તન મન કોમળ છતાં દઢ હોય, અને જેના પાવન દર્શનથી પ્રેક્ષકના મલિન વિચારો પલાયન કરી જાય.

સ્ત્રી કરતાં પુરુષની જવાબદારી સવાગણી છે, એ સિદ્ધાંત સમજવા છતાં અને મારી પોતાની અનેક અપૂર્ણતાઓ મને પ્રત્યક્ષ છતાં આટલું લખવાની જે ધૃષ્ટતા મેં ધરી છે તેને સ્નેહી જનનો સ્નેહક્ષંતવ્ય ગણશે એવી આશા છે.

સ્ત્રી સંસાર

બાઈઓ અને બહેનો, વર્તમાન કાળમાં બે જાતના વિચારોનું યુદ્ધ પ્રવર્તી રહ્યું છે, એ કાંઈ તમારી જાણ બહાર નથી. એક જાતના વિચાર એવા છે કે, સ્ત્રીઓને હિંદુસ્તાનમાં પુરુષોના જેટલા હક નથી. સ્ત્રીઓની હિંદુઓએ દરકાર કરી નથી. સ્ત્રીઓ માટે હિંદુઓને માન નથી. સ્ત્રીઓની દશા દયાપાત્ર છે. એક પ્રસિદ્ધ લેખક એક બાઈના મુખે કહેવરાવે છે કે 'નર જાત સુખી હશે અહીં કદી મહાલતી સ્વચ્છંદથી, પણ નારીને રોવા વિના નહિ કર્મમાં બીજું કંઇ' આવા વિચાર એક વખત સર્વવ્યાપી હતા. હું આશા રાખું છું કે હાલમાં તે તેટલા બધા સ્વીકારાતા નથી. હિંદુસ્તાનના લોકોમાં શું પુરૂષ કે શું સ્ત્રી કોઇમાં હકનો તો વિચાર સરખો પણ ન હતો. હકને માટે શુદ્ધ ગુજરાતી કે સંસ્કૃત શબ્દ પણ નહિ મળે કારણ કે તે વિચાર જ આર્ય ધર્મમાં હયાતિ

ધરાવતો નથી. હિન્દુઓ તો પોતાનો ધર્મ જ ફરજ સમજતા. હકની વાત તેઓના લક્ષમાં આવેલી જ નહિ. જો હકના ખ્યાલની જ હયાતી નહોતી તો પછી સ્ત્રીઓને પુરૂષો જેટલા હક નહોતા, એ કહેવું વ્યર્થ છે. પુરૂષોને ધર્મ હતા. ફરજ હતી. સ્ત્રીઓને પણ ધર્મ હતા. ફરજ હતી. સ્ત્રીઓ પોતાના ધર્મ સારી રીતેપાળતી. પુરુષો પણ પોતાના ધર્મ સારી રીતે પાળતા. બંનેના ધર્મ સારી રીતે પળાતા હોવાથી આપણો હિંદુ સંસાર સારી રીતે ચાલતો. જ્યારે પુરુષો ધર્મ ભૂલ્યા, ત્યારે સ્ત્રીઓ પણ ધર્મ ભૂલી. સ્ત્રીઓ તથા પુરુષ ધર્મ ભૂલ્યા, એટલે સંસાર અવ્યવસ્થામાં ફસાયો. અને એક વખત અવ્યવસ્થા, અંધેર શરૂ થાય, પછી તેને ઠેકાણે લાવતાં કેટલી મુશ્કેલી પડે છે, એ તો ઇતિહાસના વાંચવાવાળા તો જાણે જ, પણ ઘર સંસારનો અનુભવ મેળવવાવાળાં પણ સારી રીતે જાણી શકે તેવું છે. અંધેરના વખતમાં અલબત્ત ઘણા અનાચાર અને અત્યાચાર હતા. પરંતુ શાન્તિનું રાજ્ય થતાં હવે એવો કોઇ હિંદુ ભાગ્યે જ હશે કે જે સ્ત્રી પુરૂષના ધર્મ સંબંધે યોગ્ય સ્વીકાર નહિ કરતો હોય.

હિંદુ સંસારમાં સ્ત્રીઓ ઘરની રાણી છે

હિંદુઓને સ્ત્રીઓની દરકાર નથી, એમ કહેનાર એક પણ એવો હિંદુ બતાવશે કે જે સ્ત્રી વિના રહેવાને તૈયાર હોય? સ્ત્રીઓની દરકાર હિંદુઓને તો જેટલી છે તેટલી ભાગ્યે જ બીજા કોઇ લોકોને હશે. ગૃહસ્થાશ્રમને-લગ્નને જે પવિત્રતા હિંદુઓએ અર્પી છે, તે કયા બીજા લોકોમાં માલમ પડે છે? અને લગ્ન સ્ત્રી–પુરુષ વગર થવાનાં હતાં? લગ્નની દરકાર કરનાર–લગ્નને પવિત્ર ગણનાર, સ્ત્રી કે પુરૂષ બેમાંથી એકે પણ બેદરકાર કેમ

રહી શકે? હિંદુઓને સ્ત્રીની દરકાર નથી, એ ઊક્તિ તદ્દન અર્થ-વગરની છે, એમ બતાવવા આ એક જ દલીલ બસ ગણું છું. હિંદુઓને સ્ત્રીઓ માટે માન નથી, એ પણ વિદેશીઓ અને વિદેશીઓના વિચારમાં તણાવાનો મોહ અને લોભ રાખનાર દેશીઓની બહારના દેખાવથી થતી ભૂલોમાંની એક છે. કઈ સ્ત્રી પોતાનું ધારેલું ધણી પાસેથી નથી કરાવી શકતી? કઇ સ્ત્રી હિંદુ સંસારમાં ઘરની રાણી તરીકે નથી સ્વીકારાતી! હિંદુ સંસારમાં કઈ સ્ત્રીની ઇચ્છાને તાબે ઘરના પુરુષોને નથી થવું પડતું! હિંદુના ઘરનો અંદરનો અનુભવ હશે તો તે કબૂલ કરશે જ કે સ્ત્રીઓ માટે માન નથી, એમ નથી! અલબત્ કેટલીક બાબતોમાં સ્ત્રીને પૂછાતું નથી. અગર પૂછાય છે તો તેના મત પ્રમાણે ચલાતું નથી, એવું બને છે પણ જો મોટાંમોટાં સામ્રાજ્યમાં પણ સમ્રાટના માનને એક બાજુ રાખી યોગ્ય લાગતા માર્ગનું ગ્રહણ કરવામાં સમ્રાટનું માન નથી, એમ ન કહેવાય, તો પછી હિંદુ સંસારમાં તેવું શા માટે કહેવું? જે બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની મતિ વધારે પહોંચતી હોય, જે બાબતનો વિચાર પુરુષો વધારે સારી રીતે કરી શકે છે, એમ મનાતું હોય, તેવી બાબતમાં પુરુષો પોતાના મત પ્રમાણે કરે તો તેથી સ્ત્રીઓ માટે માન નથી, એમ કહેવું એ કોઇ પણ રીતે વ્યાજબી નથી.

સ્ત્રીઓને સરખા હક નથી

સ્ત્રીઓની દશા દયાપાત્ર છે, અને 'નારીને રોવા વિના નહિ કર્મમાં બીજું કંઇ', એ એ વચનમાં કાંઇક સત્ય છે, એ તો આપણે સ્વીકારવું જોઇએ. તે સ્વીકારી તેનાં કારણો શોધી બને

તેટલી રીતે સુધારો કરવા આપણે બધા પુરુષો તેમજ સ્ત્રીઓ તૈયાર છીએ અને યથાશક્તિ પ્રયાસો ચાલુ છે. પ્રભુ તેવા દરેક પ્રયાસને યોગ્ય વિજય આપશે જ, એવી ખાતરી છે. આરોપાતા યોગ્ય અયોગ્ય દોષોનો આટલો જવાબ આપી જ્યાં સ્ત્રીઓનું સન્માન બહુ છે એવું કહેવામાં આવે છે ત્યાંના બે જ દાખલા આપીશ. બાઇઓ અને બહેનો હું એમ નથી કહેતો કે આપણે ત્યાં સ્ત્રીઓ બહુ જ ઊંચી સ્થિતિ ભોગવે છે કે હું એમ પણ કહેતો નથી કે સુધરેલા દેશમાં સ્ત્રીઓને અન્યાય મળે છે. હું એટલું જ કહું છું કે વાતાવરણમાં પ્રચાર પામી જતા કેટલાક વિચારો આપણે એકદમ ગ્રહણ કરી લેવા જોઇએ નહિ. બે–ચાર અંગ્રેજો કે અંગ્રેજી ભણેલાઓ મારા જેવા એમ કહે કે સ્ત્રીને સરખા હક નથી, માટે આપણે એકદમ માની જવું જોઇએ નહિ કે સરખા હક નથી. તેમ એકાદ બે દાખલા વિરૂદ્ધના બતાવાય, તો એમ પણ ન માની જવું કે સુધરેલા દેશોમાં પણ સ્ત્રીની એવી દશા છે. માટે આપણે સુધારો કરવાનો નથી. આપણે બધી વાત સાંભળવી; બધી દલીલ વિચારવી, અને જેટલું વાંચવા સાંભળવામાં આવે તે ઉપરથી આપણી મતિ પહોંચે અને મહાત્માઓના વિચારોથી તેને ટેકો મળે, તેવી રીતે દેશકાળને વિચારીને વર્તન કરવાનું રાખવું. સ્ત્રીઓના હકની વાત કરનારાએ નીચેની વસ્તુસ્થિતિ ધ્યાનમાં લેવા જેવી છે. આપણાં ધર્મશાસ્ત્રમાં સ્ત્રીઓ માટે અનાદિકાળથી એટલી બધી ચિંતા કરવામાં આવતી હતી કે સ્ત્રીઓના નિર્વાહ માટે તેમને નામે થોડું ધન રાખવામાં આવતું અને તેને 'સ્ત્રીધન' એવું જ નામ અપાયું હતું. તે ધન એવું હતું

કે તેના પર પતિનો પણ કશો અધિકાર નહોતો. સ્ત્રીઓને સ્વાતંત્ર્ય મુદ્દલ મળતું નહિ, એમ કહેવાવાળાઓએ આ હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. આપણા તરફ સ્ત્રીઓને તેટલું સ્વાતંત્ર્ય અને સ્ત્રી ધન ઉપર સંપૂર્ણ સત્તા આપવામાં આવતી હતી અને હજુ પણ તે સત્તા તમને બધાને મળી રહી છે. હિંદુ તરીકે જન્મ લેનાર દરેક સ્ત્રીને તેવો હક જન્મથી જ મળે છે. પરંતુ વિલાયતમાં શું હતું તે જાણો છો? ઈ. સ. ૧૮૮૨ સુધી એટલે આજથી માત્ર થોડાં વર્ષો પહેલાં તો વિલાયતમાં પરણેલી સ્ત્રીઓને કોઈ પણ જાતના ધન પર અધિકાર જ હતો નહિ. તેમજ સ્ત્રીઓને ઘરના પાળેલા પશુઓની માફક પણ કશો અધિકાર હતો નહિ. તે વર્ષમાં પહેલી વાર સ્ત્રીઓ ધનની માલિક હોઇ શકે, તેવો વિચાર જન્મ પામ્યો હતો. હવે વિચારો !

સ્ત્રીઓ માટે દરકાર, અને સ્ત્રીનાં સ્વાતંત્ર્ય આપણે ત્યાં હતાં અને છે કે સુધરેલા દેશોમાં? બીજી તેવી જ હકીકત સફ્રેજીસ્ટની છે. વિલાયતમાં સ્ત્રીઓ હમણાં મોટું રમખાણ મચાવી રહી છે. ત્યાંની રાજકારભાર ચલાવનારી સભા પાર્લામેન્ટમાં સ્ત્રીઓને બેસવા દેતા નથી. તેમાં બેસવાનો હક સ્ત્રીઓ માગે છે. અને પુરૂષો તે હક આપવા ખુશી નથી. આ વસ્તુસ્થિતિ શું બતાવે છે? કે સ્ત્રીઓને તમામ હક આપવા વિલાયત પણ હજુ તૈયાર નથી. આપણે ત્યાં તેવું નથી. આપણે ત્યાં સ્ત્રીઓને સંપૂર્ણ હક બધી બાબતમાં છે. ભોપાળમાં ઘણા કાળથી અને હમણાં પણ બેગમ જ રાજ્ય ચલાવે છે. સ્ત્રીઓની સર્વ કામની લાયકાત આપણે ત્યાં સ્વીકારાય છે. વિલાયત હજુ તેટલે પણ પહોંચ્યું નથી.

બાઇઓ અને બહેનો, મારી આ ટીકાથી એક બાજુ દોરવાઇ ન જતાં. મેં તો તમને માત્ર દૃષ્ટાંતો જ આપ્યાં. હજી એક વધારે આપું. આપણે ત્યાં વિલાયતી કાયદો દાખલ થતાં ત્યાંના જેવું જ ધોરણ રખાયું છે. પણ આગળના વખતમાં તેમ નહોતું. આખા વિલાયતમાં વકિલાતનો ધંધો સ્ત્રી કરી શકતી નથી. શ્રીમદ્ શંકરાચાર્ય અને મંડનમિશ્રને વાદ થયો તેમાં ન્યાયાધિશ તરીકે શ્રીમતી સરસ્વતીને સ્વીકાર્યાં હતાં. આપણી તરફ સ્ત્રીઓની સમાનતા અસલથી સ્વીકારાઇ છે જ. પત્ની એ હિન્દુ શાસ્ત્રમાં સહધર્મચારિણી કહેવાય છે. દરેક ધર્મ કાર્યમાં પત્નીનો સહચાર જરૂરનો કહ્યો છે. વળી એકલા પુરૂષથી થઇ શકે તેવાં કાર્ય એકલી સ્ત્રીથી પણ થઇ શકે છે. આવી રીતે જોતાં તમો જોઇ શકશો કે અસમાનતાની ફરિયાદમાં સંપૂર્ણ સત્ય નથી. સમાનતા અસમાનતાનો વિચારજ પશ્ચિમ તરફનો વા વાયો તેની સાથે આવ્યો છે. તે પહેલાં તે વિચાર ફરિયાદ રૂપે ભાગ્યે જ જોવામાં આવશે. કારણ આગળ કહ્યું તે જ. આપણે ધર્મની દરકાર કરતા-હકની નહિ.

" કર્તવ્ય પ્રમાણે ધર્મ "

ધર્મ માટે વિચાર કરીએ તો સ્ત્રી–પુરુષના શરીરમાં ભિન્નતા છે, તેમની પ્રભુદત્ત શક્તિઓમાં ભિન્નતા છે, તે અનુસાર ધર્મમાં પણ ભિન્નતા હોવી જ જોઇએ. સ્ત્રીના શરીરની કોમળતા અને પુરુષના શરીરની કઠોરતા એ પ્રભુની આપેલી ભિન્નતા છે. અસમાનતા છે. પશુ–પક્ષીમાં પણ તેવો ભેદ છે. મનુષ્ય જાતિમાં પણ છે. તે અસમાનતા ધ્યાનમાં લઇ સ્ત્રી–પુરૂષનાં કર્તવ્ય નક્કી

થયાં છે અને કર્તવ્ય પ્રમાણે ધર્મ છે. સ્ત્રીઓ માટે ગૃહનું કર્તવ્ય ઠર્યું. તેમનાં શરીર તેમનાં બાળકોને ઉછેરવાં આદિની સ્વાભાવિક ફરજો બહારની જિંદગી માટે કુદરતી રીતે જ તેઓને ઓછાં લાયક બનાવે છે.

જો સ્ત્રીઓએ સ્ત્રી રૂપે, પત્ની રૂપે, માતા રૂપે રહેવું હોય, તો તે સૌએ વગર આનાકાનીએ સ્વીકારવું જ જોઇએ કે સ્ત્રીઓથી બહારના વ્યવહારમાં રહી શકાય તેવું નથી. તેમનાં શારિરીક લક્ષણો જ તેમને ઘરમાં રહેવા માટે વધારે આગ્રહ કરે તેવાં છે. હિંદુઓએ એ સ્થિતિ જોઇ અને તેથી સ્ત્રીઓને ગૃહિણી ધર્મ સોંપ્યો. ગૃહિણી ધર્મ એ કાંઇ પુરુષોના કમાણી ધર્મથી ઓછો જવાબદારીવાળો કે ઓછો મહત્વનો નથી. જેમ કમાણી કરવી એ પુરુષો માથે એક મોટી ફરજ છે, તેમ જ તે કમાણીને યોગ્યતાથી ખરચવી, એ સ્ત્રીઓને માથે એક મોટી ફરજ છે. જેમ પુરુષો હાડમારી ભોગવી ધન મેળવે, સ્ત્રીઓ ચાલાકી અને હોંશિયારીથી તેને ખરચે, પુરુષો સુખનાં સાધનો પૂરાં પાડે, સ્ત્રીઓ તે સાધનોને યોગ્ય રીતે કેળવી સુખની લ્હાણી કરે. પુરુષો, ન હોય ત્યાંથી ધન પેદા કરી ભેગુ કરે. સ્ત્રીઓ મેળવેલાંને બરાબર ગોઠવે, વ્યવસ્થા કરે. ઘરમાં બંને કામ સરખાં જ ઉપયોગનાં છે. કમાણી હોય પણ ખર્ચની વ્યવસ્થા ન હોય તો કમાણી દેખાતી નથી. તેનો પૂરો લાભ મળતો નથી. તમારી સ્ત્રીઓની ભાષામાં કહું તો હાટરસ અને હાથરસ બન્ને હોય તો રસોઇમાં સ્વાદ આવે. પુરુષો હાટરસ પૂરો પાડે, જોઇતું ધન લાવી આપે, પણ સ્ત્રીઓ હાથરસ ન આપે, લાવેલાંને કેળવી ન શકે તો,

તેની તે જ વાનીઓથી રસોઇ નીરસ, બેસ્વાદ બને. ઉત્તમ તો ન જ થાય. જેમ રસોઇમાં તેમ જ ઘરમાં. પુરુષો દુનિયાની રસાકસીમાં બાથોડિયાં ભરી કમાઇ લાવે અને સ્ત્રીઓ તેનો સરસ ઉપયોગ કરી એકનું અનેક ગણું કરી બતાવે. આવી વ્યવસ્થા ઘરને માટે જરૂરની તેમ જ ઉત્તમ હતી. તેથી હિંદુઓએ તે તરફ લક્ષ્ય રાખ્યું; પરંતુ તેમ કરવાથી સ્ત્રીઓને હલકી ગણી તેમ માનવું એ તો કારણોનું અજ્ઞાન જ બતાવે છે? પ્રભુએ હાથને અમુક ફરજો સોંપી અને પગને બીજી સોંપી, તેથી હાથ કાંઇ ઊંચા થતા નથી, કે પગ કાંઇ નીચા ગણાતા નથી. હાથ દુઃખશે કે પગ સૂજશે તો પીડા તો શરીરને જ થવાની છે. હાથ જાડો કરવો અને પગ પાતળા રાખવા એવું માણસ કરી શકતો નથી. અને કરે છે તો માત્ર કેટલાક હઠયોગી પેઠે અપવાદ રૂપ જ ગણાય. શરીરમાં બન્ને સરખા છે.

સ્ત્રીઓને શિખામણ

卐

[રાગ : ઢાળ]

એક અનુપમ શિખામણ, સમજી લેજો રે સઘળી સુંદરી.

ત્રૂટક

સુંદરી સહેજે હૃદયે રહેજે, પ્રસંગે નવ બેસીએ,
ચિત્ત થકી ચુકી લાજ મુકી, પરમંદિર નવ પેસીએ.
બહુ ઘેર હીંડે નારી નિર્લજ, શાસ્ત્રે પણ તજવી કહી
જેમ પ્રેત દષ્ટે પડયું ભોજન, જમવું પણ જૂગતું નહિ.

ઢાળ

નટવિટ નવું રે નયન ન જોડીએ, મારગ જાતાં રે આઘું ઓઢીએ,
આઘું ઓઢીએ ત્રુટક વાત કરતાં, ઘણું જ રૂડાં શોભીએ,
સાસુ અને માના જણ્યા વિણુ, પલક પાસ ન થોભીએ,
સુખદુઃખ સરજ્યું પામીએ, પણ કુળાચાર ન મૂકીએ,
પરદેશે વસતા પ્રાણુ તો પણ, શિયળથી નવ ચૂકીએ.

ઢાળ,

વ્યસનીની સાથે રે વાત ન કીજીએ, હાથો હાથેરે તાળી ન લીજીએ,

ત્રૂટક

તાળી ન લીજીએ નજર નહીં કીજીયે, ને ચંચળ ચાલે ન ચાલીએ,
વિષમ બુદ્ધિ વસ્તુ કેની, હાથે પણ નવ ઝાલીએ,
કોટિ કંદર્પ રૂપસુંદર, પુરુષ દેખી ન મોહીએ,
તણુખલાને ગણો તોલે, ફરી પાછો નહિ જોઇએ.

ઢાળ

પુરુષ પરાયોરે વળી ન વખાણીએ, વૃધ્ધ પિતા સરખો જાણીએ.

ત્રૂટક

જાણીએ પિયુ વિણુ પુરુષ સઘળાને, સહોદર સમોવડો,
પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઇ તમો સમે,
કુરુપ કુષ્ટી કૂબડાને, દુષ્ટ દુર્બળ નિર્ગુણો.
ભરથાર પામી ભામની તમે, ઇંદ્રથી અદકો ગણો.

ઢાળ

અમર કુમારે રે તજિ સુર સુંદરી, પવન કુમારે રે અંજન પર-
હરી.

ત્રૂટક

પરહરિ સિતા રામે વનમાં, નળે દમયંતિ વળી.
મહા સતિ નિર્મળ કષ્ટ પામે, શીળથી તે નહિ ચળી.
કસોટીયે જિમ સુવર્ણ કસતાં, કંચન શુદ્ધિ છોડે નહીં.
તન મન વચને સત્ય રાખે, સતી તે જાણો સહી.

ઢાળ

રૂપ દેખાડી રે પુરુષ ન પાડીએ, નિર્લજ્જ થઇને રે મન ન બગાડીએ.

ત્રૂટક

મન ન બગાડીએ પુરુષ પરનું, (પતિ) વીયોગ ભોગવતાં છતાં.
કલંક માથે ચડે કુડાં, સગાં સહુ દૂરે ટળે,
અણુસરજ્યો ઉચ્ચાર થાયે, પ્રાણ હાનિ લાગી રહે.
આ લોક પામે આપદા, પરલોકે બહુ પીડા સહે.

ઢાળ

રામને રૂપેરે સુર્પણખા મોહી. કામ ન સિધ્ધું અને ઇજ્જત ખોઇ,

ત્રૂટક

ઇજ્જત ખોઇ દેખી અભયા, શેઠ સુદર્શન નહિ ચળ્યો.
ભરથાર આગળ પડી ભુંડી, અપવાદ સઘળે ઊછળ્યો.
કામની બુધ્ધે કામનીએ, વંકચુલી વાહ્યો ઘણું.
પણ શિયળથી ચૂકયો નહિ. દષ્ટાંત એમ કહેતાં ભણું.

ઢાળ

શિયળ પ્રભાવે રે જુઓ સોળે સતી. ત્રિભુવન માંહીરે તે થઈ છતી,

ત્રૂટક

ઘરે નિર્મળ શિયળ ઉજ્વળ, તેની કીરતી જળ હળે,
મન કામની તે સિધ્ધિ પામે, અષ્ટ ભય દૂરે ટળે.

★

સાસરે સંપીને ચાલવા વિષે

卐

(રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં, સાથે સીતાને લક્ષ્મણ ભ્રાત,
કહે રઘુનાથ, પધારો પિયર ભણી એ રાગ)

સાસરે સારી રીતથી ચાલવું. એથી લાભ અધિક બેની થાય,
સંકટ સહુ જાય સંપી ચાલો સાસરે....(૧)
કજિયો કદી કરવો નહિ કોઇશું, ચાલો સંપી બેન સદાય,
જેથી સુખ થાય સંપી..............(૨)
સાસુ સાચી માતા જાણો સાસરે, લાવો નહિ તેના પર કદી રીસ.
રૂઠે જગદીશ સંપી...............(૩)
પ્રાતઃ કાળમાં પ્રીતથી ઊઠવું, બોલવું આ રીતે સાસુ સાથ,
જોડીને હાથ, સંપી.............(૪)
આજ્ઞા આપો જે આપ ઉમંગથી, ચોંટાડી સ્નેહ ચિતની.
સાથ, પાળું પ્રીતે માત સંપી...............(૫)
સસરાને તો બાપ સમો ગણો, ભૂડું ભણવું નહિં તેને વેણ,
દીઠે સુખ દેણ સંપી...............(૬)
શાણી આજ્ઞા પાળો સસરા તણી, ઉથાપો માં તેનું કહ્યું કેણ.
પાળો પ્રીતે વેંણ.... સંપી...............(૭)
નણદી ને બેનો જેવી જાણવી, આણવી એના પર અતિ પ્રીત.
રાખો રૂડી રીત.... સંપી..............(૮)

ભાઇ જેવા જાણો દિયર-જેઠને, રાજી રાખો તેને રૂડી રીત.
આજ્ઞા પાળી નિત્ય.... સંપી...............(૯)

પરણ્યા પતિ સાથે ટંટો ન કરીએ, ખીજીએ ન ધરી ઉરખાર,
રહીએ ધરી પ્યાર.... સંપી...............(૧૦)

આજ્ઞા એનીને નિત્ય અનુસરી, કરો જેમ કહે ભરથાર.
પૂરો થશે પ્યાર.... સંપી...............(૧૧)

સુખ આપો આજ્ઞા પાળી એહને, સાચું સ્વામીનું સગપણ.
સાર છે મોક્ષનું દ્વાર.... સંપી...............(૧૨)

જેથી જગદીશ રૂડી રીતે રીઝશે, ખીજશે ન ધરી કદી ખાર.
લેજો સતી છાપ .. સંપી...............(૧૩)

પર પુરુષની સામું નવ પેખવું, લેખો ભરથાર વિના ભાઇ બાપ.
લેજો સતી છાપ.... સંપી...............(૧૪)

પર પુરુષની સામું નવ પેખવું, લાગે પાપ જગતમાં અમાપ.
એવી શાસ્ત્રે છાપ.... સંપી...............(૧૫)

પાડોશી સાથે પ્રીતથી વર્તવું, તેની સાથે લડો ન લગાર,
મળે ફીટકાર.... સંપી...............(૧૬)

કોઇનું સારું દેખી શોક ના કરો, લોભ કરો ન જરી યે લગાર,
એમાં નહિ સાર.... સંપી...............(૧૭)

ગજા ઉપર ઘરેણાં ન ઘડાવવાં, ટટો કરવો નહિ કોઈ વાર.
ઘરમાંહી લગાર.... સંપી...........(૧૮)

દેવાની ખાડમાં ન ડુબાવવા, શણગાર સાટે ભરથાર.
એની કોઇ વાર.... સંપી...........(૧૯)

ઘરની વાત બીજે જઇ ના કરો, ઠરો એથી અણુસમજુ અપાર.
ધિક્કારે સંસાર.... સંપી...........(૨૦)

પેટ મોટું રાખો પ્યારી બેનીઓ, રૂડી કે ભૂંડી વાત લગાર.
કાઢો નહિ બહાર.... સંપી...........(૨૧)

સંતોષી બની સ્વામી સાથે વસો, ભોગવો જે આપ્યું ભગવાન.
કૃપાનાનિધાન.... સંપી...........(૨૨)

શીખ શાણી જો લલ્લુની માનશો, પામશો સુખ સ્વર્ગ સમાન,
રીઝે ભગવાન.... સંપી...........(૨૩)

જમનાજીની આરતિ

卐

જય જય મહારાણી જમુના, જય જય પટરાણી જમુના.
સુંદર સત્યવાદી નાર, તપ કરી પ્રભુને આરાધિયા.
પ્રીતે પરણ્યા મોરાર....જય જય૦

સૂરજદેવતાની દીકરી, જાણિયે વેદ પુરાણ.
ભાઇને વ્હાલીરે બેનડી, પસલી આપી છે સાર...જય૦

રૂપે રૂડાં જળ શામળાં, વેગે ચાલે ગંભીર,
તીરે તોરંગ ઓપતાં, વૃજમાં વધિયો વિસ્તાર...જય૦

ચરણા ચોળી ને ચુંદડી, ઉર પર લટકંતો હાર.
કંકણુ કુંડળ ને ટીલડી, સજ્યા માએ શોળે શણુગાર....જય૦

વૃંદાવન વીંટાઇ રહ્યું, મથુરાં જળ સ્થળ આધાર
ગોકુળ મહાવન પાસે વસ્યાં, વહાલો મારો નંદકુમાર....જય૦

જળ જમુનાનાં ઝીલતાં, તૂટયો નવસર હાર,
મોતી સર્વે વેરાઇ ગયાં, હીરલો લાગ્યો છે હાથ....જય૦

રામઘાટ, શ્યામઘાટ, ઠકરાણી ઘાટ, બીજા ઘાટ અપાર.
અજાણે અધર્મી નાહી ગયો, તેનો માએ કર્યો રે ઉધ્ધાર....જય૦

અઠ્ઠાવીસ કુંડ ઉજ્જડ થયા ભાઇનો ભાગ્યો ભણકાર.
પરાક્રમે ગેલ ચલાવિયાં વ્રજમાં કીધો વિસ્તાર....જય૦

નાહ્ય ગાય પયપાન જે કરે, તેને જમનો નહિ ભણકાર
કર જોડી કહે હરિદાસ નાહજો વારંવાર.....જયજય૦

નીતિ–પ્રેમ

卐

[છપ્પા]

નથી નીપજતો પ્રેમ, વાડીમાં પાણી પાતાં,
નથી નીપજતો પ્રેમ, તેલ ચોળ્યાથી તાતાં.
નથી મળતો કાંઇ પ્રેમ, ગાંધી ડોશીની હાટે.
નથી મળે તો કાંઈ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે.
નથી મળતો પ્રેમ તપાસતાં ગુજરી ગામોગામની.
કહે નરભો પ્રેમ પૂરો મળે, કૃપા હોય શ્રી રામની.

મળ્યો પ્રેમ વ્રજનાર મગન થઇ મનમાં ફૂલી.
કહાન કહાન કહી ફરી, ભાન ગઇ દેહનું ભૂલી.
પ્રેમ વિદુરની નાર નહતાં નાગી ધાઈ.
એ લક્ષણ છે પ્રેમનું, જઇ ભેટી જદુરાયને,
તે ગર્ભને કાઢી નાંખતી, છોડાં મુખે ધરાય છે.
કહે નરભો પ્રેમનું પારખું છબીલો છોડાં ખાય છે.

જ્યારે પ્રગટયો પ્રેમ તુલસીના દળથી રાજી
જ્યારે પ્રગટયો પ્રેમ ખાધી ખીચડી ને ભાજી.
જેને પ્રગટયો પ્રેમ, પ્રેમને તે નર જાણે.
જેને પ્રગટયો પ્રેમ તેહને વેદ વખાણે.
મનમાં જો પ્રેમ પ્રગટ થયો, એક રતિભર જેહને.
કહે નરભેરામ ગુરુ થકી નિત્ય બલિહારી તેહને.

કરીને યજ્ઞ અનેક, વ્રત વિધિ બહુ પાળે.
વળી આપે ગૌદાન, હાડ હિમાળે ગાળે.

ગીત વેદનાં ગાય, તીર્થ પણ બહુ ફરી આવે.
દધી દૂધ ઘૃત ખાંડ, વિપ્ર પોષે મન ભાવે.
એવાં સુકૃત કીધાં ઘણાં, શું આપું જીભે ગણી.
કહે નરભેરામ એ સર્વથી, જ્ઞાન દાન શિરોમણી.

ખારાં જળનો જીવ, મીઠાં જળમાંહી મરે છે.
મિસરી મીઠી ઘણી, ગદ્ધાના પ્રાણ હરે છે.
સિંહણ કેરું દૂધ, કનકને પાત્રે જામે.
બીજી ધાતુ બહુ, માંહી વિરામ ન પામે.
છે એમ હરિરસ આકરો, પ્રેમીને દિલ બહુ ઠરે;
કહે નરભેરામ ગુરુ થકી, દુરજનને વિસ્મય કરે.

નથી મૃત્તિકામાં પ્રભુ, નથી પિત્તળમાં પેઠો.
કનકની મૂર્તિ કરે, નથી ઇશ્વર માંહી બેઠો
નથી ઘોરોમાં પીર, નથી જૈનોને દેરે,
અસલ જુવે નહિ કોય, સહુ નકલોને હેરે.
છે રામનામ અક્ષર અસલ, બીજું નકલ કહેવાય છે.
કહે નરભેરામ ગુરૂ થકી, પ્રેમે પ્રગટ જ થાય છે.

શાસ્ત્ર પુરાણો વેદ, કમાવા કારણ શીખે,
આઠ પહોર દીન રાત જઇને ઝીકણું ઝીકે.
વાણી મધુરી વેદ, મોરના જેવી કહીએ.
સર્પ વીંછીને ખાય, ઝેર એવું છે હૈયે,
જે રામ રટણ કાંઇ નહિ કર્યું તે ગવાર છે તૈડિયા.
કહે નરભો ખરને લાભ શો, મિસરી ભરકે મૈડિયા.

જુવતી જળને કાજ, જૂવો પનઘટ પર જાએ.
જેને જેવો અર્થ, તેટલું તે જઇ લાવે.
ભાણે ભર્યાં પકવાન, ભૂખ સમ ભોગ કરે છે.
હદ આવી જે વાર, હાથ આડા જ ધરે છે.
ભાગવત પુરાણ પણ ભટ કહે, અક્ષર એક જેથી પળે;
કહે નરભેરામ ગુરુ થકી, સત્ય વસ્તુ તેને મળે.

પ્રજાપતિની ઘોડી, રાંડ શીદ દુરિજન જાયો;
પેટ ભરે કરી વિષય, એહમાં શું એ કમાયો,
નિંદ્રા મૈથુન આહાર; માંહી તું શું થયો રાજી,
એ પ્રાણી સર્વને વિચારી જોને પાજી,
જો રામરટણ કાંઇ નવ કર્યું અંતે કારજ શાં સર્યાં;
કહે નરભો પેટ સર્વે ભરે, ગધાં બિલાડાં કૂતરાં.

મેગળ નિસરી બહાર ચાલતો મહાસુખ માણે,
નહિ શત્રુ નહિ મિત્ર, વિશ્વને સરખું જાણે,
પૂઠે ભસે બહુ શ્વાન, કેટલાં બેસી રહે છે,
મેગળ ને મન નહીં, માન અપમાન જ દે છે,
એમ હરિજન મેગળ રૂપ છે, જેને હરિનું ધ્યાન છે,
કહે નરભેરામ ગુરુથકી, દુરિજન સઘળા શ્વાન છે.

ભઠ્ઠ પડયો અવતાર, જેની પરનારે પ્રીતી,
ભઠ્ઠ પડયો અવતાર, જેની ચાલ અનીતિ,
ભઠ્ઠ પડયો અવતાર, હરિગુણ ગાતાં લાજે,
ભઠ્ઠ પડયો અવતાર, પરાયાં સુખ જોઇ દાઝે.

વળી ભટ્ટ પડયો અવતાર જે, મોહ્યો મોટમ માનને,
કહે નરભેરામ રટયા નહિ, શીદ વણસાડયું ધાનને.

ધાન ખાધું તે ધૂળ, નહિ વહાલા રઘુરાયા,
ધાન ખાધું તે ધૂળ, વળી જે વિષયી થાયા,
ધાન ખાધું તે ધૂળ, પાપ કરી પેટ ભરે છે;
ધાન ખાધું તે ધૂળ, ઘાત વિશ્વાસ કરે છે;
સામાનું સુખ જોઈ દાઝતો, નરકે જશે નિદાન રે;
કહે નરભો ભટ ગધેડીના, શીદ વણસાડયું ધાન રે.

કર જોડી કહું કૃષ્ણ, સાંભળો અક્ષર મારો;
મનુષ્ય દેહ દઇ ભલે શીદ બ્રાહ્મણ અવતાર્યો,
અણસમજુને એમ, જન્મ બ્રાહ્મણનો મોટો;
મુજને ભાસે એમ જન્મ બ્રાહ્મણનો ખોટો,
જે જમે ઉધાર સાથે થયું, તેનો ધરૂં છું શોક રે,
કહે નરભો હાથ ધરી સહુ, સાધન સોંપ્યું લોકને.

કોઇ કહેશે રે એમ, હાથ તો શીદને ધરિયે,
ધરીયે નહીં જો હાથ, તો પેટ શી રીતે ભરિયે,
ધરિયે નહીં જો હાથ, નવરાં કેમ ફરાયે,
હાથ ધર્યા પરતાપ, ટાઢ તડકો તે જાયે,
જો હાથ ધર્યા વણ મહેનતે, જીવવું તે તો ઠીક છે,
જન નરભે તો નિશ્ચય કર્યું હાથ ધર્યામાં ધિક્ક છે.

વગર મહેનતે ખાય, પારકા માગી મેવા,
વગર મહેનતે ખાય, હરાયા સાંઢા જેવા,

જીવે પારકું ખાઈ અવતાર ન સારો,
જોતાં નથી વિચારી લાભ લુટાયે મારો,
જે માલ પારકો ખાઈને, મૂર્ખ હૈયે હરખાય છે,
કહે નરભો લાભ બધો, ખુવે, નાગો શું લુંટાય છે.

ખાર તણી ભૂમિમાં સહસ્ર મણ બાજરી વાવી,
ખાર બધુ ખાઇ ગયો, પાછી પાશેર ન આવી,
વિવેક સમજ્યો નહિં, પાત્ર કુપાત્ર ન જોયું,
ખાધું તેને ના પચ્યું, ખવરાવ્યું તેણે ના ખોયું,
સઘળી ભૂમિ સરખી નથી, કંઈ છાયા કંઇ તાપની;
કહે નરભો કુપાત્ર થાય તો દસુંદ આવે પાપની.

જાચક જીવન ધીક, વગર મહેનતે જે જીવે,
જાન જાચકે જાય, જુવો દેખાડું દીવે,
માગે સાકર ગોળ, તનુજને ટપલી મારે;
જાચકને નોંતરી, જમાડે ઘીની ધારે,
જાચક તો તે નથી જાણતો, જાન અતિશે થાય છે,
કહે છે નરભો મોટમ પણે, લાખો જર લુંટાય છે.

પરમહંસ શ્રી રામકૃષ્ણનાં વિસ્તૃત જીવન ચરિત્રમાંથી

ઈશ્વર ધ્યાન સિવાય જગતમાં બીજું કર્તવ્ય નથી

卐

અસંપ્રજ્ઞાત સમાધિ—એ પરમ પ્રદેશમાં ક્ષણેક્ષણે વેશ બદલતી માયારૂપી નિશાના નાચરંગ હોતા નથી. સર્જન, સંરક્ષણ અને સંહારની ઇંદ્રજાળ પહોંચી શકતી નથી. સુખ દુઃખ, હર્ષશોક, સારૂંનરસું ઉભાં રહી શકતાં નથી. અજ્ઞાન, જ્ઞાન અને જ્ઞેયના ભેદો નથી. પણ ફક્ત અભિન્ન સનાતન ચેતન હોય છે. સંશયો, કર્મો નાશ પામે છે. જીવાત્મા પરમાત્મામાં ભળી જઇ નામરૂપ નષ્ટ થાય છે. સ્થળ, કાળ, કારણ, ભાવો, વિચારો જગતનું ભાન, નષ્ટ પામે છે. કેવળ રહે છે એક માત્ર સચ્ચિદાનંદઘન બ્રહ્મ આત્મા ને પરમાત્માનું ઐકય. બધે જ શાંતિ, શાંતિ અને શાંતિ. અને જીવાત્મા અનંત બ્રહ્મની સ્વતંત્ર જ્યોતિમાં લય પામે છે !

આ સમાધિની ઉચ્ચ ભૂમિકામાંથી જ્યારે તે નીચે આવે છે ત્યારે પણ "હું" અને 'મારૂ' ના વિચારો રહેતા નથી. ભૂત ભવિષ્યકાળને ચિંતવતો નથી, વર્તમાનને ઉપેક્ષાની નજરે જુએ છે, સજ્જન પૂંજે કે દુર્જન પીડે, છતાં તેના મનની સ્થિતિ નિશ્ચલ રહે છે, કેમ કે તે જાણે છે કે, સમસ્ત પ્રકૃતિદ્વારા કેવળ એક બ્રહ્મ જ વિલસી રહ્યો છે. મનુષ્યની આધ્યાત્મિકતાનો જો કોઈ મોટામાં મોટો વિજય હોય તો તે આજ છે. ત્યાં જન્મ નથી, તેમ મરણ પણ નથી. તે માયા જાળથી પર બનીને તે ઊતરેલા વસ્ત્રની પેઠે જીવન ગાળે છે.

અસંપ્રજ્ઞાત સમાધિના ચાર લક્ષણો

卐

આ સાધનામાં મુખ્ય ચાર લક્ષણો સાધકો માટે અનિવાર્ય જણાય છે. નિત્ય અને અનિત્ય વચ્ચેનો ફરક જોતી વિવેકબુધ્ધિ એટલે કે કેવળ બ્રહ્મ જ નિત્ય છે અને બાકી બધું અનિત્ય છે એવી દઢ માન્યતા એ પ્રથમ લક્ષણ છે. બીજું લક્ષણ વિરાગ. વિરાગ એટલે ત્યાગ ભાવ પ્રકટવો. ત્રીજું સાધન 'ષટ્ સંપત્તિ'—શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા શ્રદ્ધા અને સમાધાન છે.

શમ એટલે મનનો નિગ્રહ. તિતિક્ષા એટલે સહનશીલતા, દમ એટલે ઇંદ્રિયોનો નિગ્રહ. શ્રદ્ધા એટલે ગુરુ ને શાસ્ત્રોમાં વિશ્વાસ. ઉપરતિ એટલે ઉપરામતા. સમાધાન એટલે ચિત્તની એકાગ્રતા.

એ ત્રણ સાધનો હોય તોજ પછી ચોથું સાધન જે મુમુક્ષતા, તે આવે છે અર્થાત્ મોક્ષ માટેની તીવ્ર ઉત્કંઠા. આથી તેને ગુરુને ચરણે બેસવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. એ ગુરુ નિસ્વાર્થ, વાસનામુક્ત, કૃપાળુ અને બ્રહ્મનો સાક્ષાત્કાર પામેલા હોય તો જ તે પરમ સાક્ષાત્કારને પંથે દોરવવાને યોગ્ય ગણી શકાય. મનુષ્ય પોતાના અંતઃકરણને દરરોજ ધ્યાન તથા ભજનથી ન અજવાળે તેના તો પર પણ વાસણની માફક કાટ ચઢે.

'કર્તા, ભર્તા કે સંહર્તારૂપે નહિ પણ નિષ્ક્રિય તત્વરૂપે જ્યારે પરમાત્માનો વિચાર આવે છે, ત્યારે તે બ્રહ્મ પુરૂષ કે નિરાકાર ઇશ્વરરૂપે ઓળખાય છે. કર્તા, ભર્તા કે સંહર્તારૂપે–અર્થાત્ સક્રિય

તત્વરૂપે જ્યારે તેનો વિચાર આવે છે ત્યારે શકિત, માયા, પ્રકૃતિ કે સાકાર ઇશ્વરરૂપે ઓળખાય છે. પણ ખરું જોતાં બ્રહ્મ અને શકિત વચ્ચે અને સાકાર અને નિરાકાર ઇશ્વર વચ્ચે ભેદ નથી. દૂધ અને તેના શ્વેત રંગની પેઠે નિરાકાર ને સાકાર એક જ છે.”

“પોતાની પત્ની સાથે રહેવા છતાં, જેનો ત્યાગ અને વિવેક કાયમ રહે, તેને જ બ્રહ્મજ્ઞાનમાં સ્થિર થયેલો જાણવો!” સાચો પ્રેમ તો ઉલટો પ્રેમપાત્રનાં બંધનો અને અંતરાયોમાં થઇ પરમપદને પ્રાપ્ત કરે, એવું જ ઇચ્છે અને આચરે છે.

આત્મદર્શન

卐

“આત્મદર્શનમાં અદ્વૈત એ આખરનો શબ્દ છે અને સમાધિમાં જ તેનો કંઇક અનુભવ કરી શકાય તેમ છે; કેમકે અદ્વૈતાવસ્થા મન અને વાણીથી પર છે.”

“વિચારક્ષેત્રમાં મન અને બુદ્ધિ ચંચુપ્રવેશ કરી શકે અને તેને વાણીના વાઘા સજાવી શકે, એ માત્ર વિશિષ્ટાદ્વૈત સુધી જ,– એથી આગળ નહિ. ‘ सर्वं खल्विदं ब्रह्म ’ એવી પૂર્ણતાની દૃષ્ટિએ ઇશ્વર અને જગત બંને મૂળ સ્વરૂપે એક જ જણાય છે. પ્રભુનું નામ, પ્રભુનું સ્થાન અને પ્રભુ પોતે, એ ત્રણે એક જ તત્વનાં છે. શુધ્ધ ચૈતન્ય વિનાની કોઈપણ ચીજ નથી. માત્ર નામ અને આકારમાં ભેદ છે.”

‘સામાન્ય મુમુક્ષુએ તો પ્રભુને હાથ લગામ સોંપી દઇને તથા તેના તરફ ચિત્ત રાખીને નિષ્કામભાવે પોતાનાં કર્તવ્ય કર્મ બજાવવાં જ જોઇએ. દાખલા તરીકે, કોઇ દાસી પોતાના શેઠ માટે બધું કામ કરતી હોય, પણ અંતરમાં તો એમ જ રહે છે કે ‘તેનું પોતાનું ઘર આનાથી પણ કોઇ બીજી જ જગ્યાએ છે.’ આ પ્રમાણે નિઃસ્વાર્થ વૃત્તિથી, પૂર્ણ શકિત વાપરીને અને જગદીશ્વરની પ્રસન્નતા પામવા માટે કર્મ કરવાં એનું નામ ‘કર્મયોગ’ કહેવાય છે. અર્થાત્ દરેકે પોતપોતાનાં કર્તવ્ય નિષ્કામભાવે કરતા રહી, બને તેટલું પ્રભુનું પણ સ્મરણ અને ધ્યાન કરવું જોઇએ.

જે કોઇ સર્વભાવથી, સર્વશકિતપૂર્વક અને બીજી બધી કામનાઓ ત્યજી દઇને સાધના કરે છે, તેઓ જ ઇષ્ટકૃપા પામી શકે છે; અને એ દયાસિંધુ ઇશ્વરની કૃપાથી જ તેનું દર્શન કરી શકાય છે.

મનુષ્યની અજ્ઞાન અને દેહાભિમાનની પૂંછડી જ્યાં સુધી ખરતી નથી, ત્યાં સુધી તો તે જગતના કીચડમાં જ મહાસુખ માનીને તે ફળી રહે છે. એ પૂંછડી ખરી ગયા પછી તે ઇશ્વરમાં અને જગતમાં ઈચ્છા પ્રમાણે રહી શકે છે.

પ્રભુ પોતે, પ્રભુ ભક્તો અને શાસ્ત્રોમાં ગુંથાયલા પ્રભુના શબ્દો એ પણ એકની એક વસ્તુ છે. “ભકિત, ભકત, ભગવાન અને ગુરૂ એ સર્વ પણ એક વસ્તુ છે.”

સાચો ભક્ત તો ઇશ્વર પ્રત્યે પોતાના સમીપમાં સમીપ અને વહાલામાં વહાલા આત્મજનની નજરે જુએ છે અને મક્કમપણે કહે છે કે ‘તારે મારી ઈચ્છા તૃપ્ત કરવી જ જોઇએ. મને પરમાત્મદર્શન થવું જ જોઇએ.’ માત્ર એકલા ઇશ્વરનાં મહિમાગાન જ તમે આટલાં બધા લલકારશો તો તેને તમારા આત્મજન તરીકે નહિ ચિંતવી શકો અને તેની સાથે તાદાત્મ્યભાવ પણ નહિ સાધી શકો. તેને તમારી સમીપમાં ન જોઇ શકો તો પણ તમારે એનો સમીપમાં સમીપ અને વહાલામાં વહાલા સ્વજન તરીકે ચિંતવવો જોઇએ; તેમ કરશો તો જ તેનાં દર્શન થશે, અને ભક્તની ભકિતને વશ થઇ નિરાકાર બ્રહ્મ સાકાર રૂપ પણ ધારણ કરે છે. અને જ્યારે મૂર્તિઓ અને પ્રતીકો તો ફક્ત પરમાત્માનો સાક્ષાત્કાર કરાવવામાં મદદગાર થઇ શકે છે.

★

બ્રહ્મ અને જગત્

卐

“ બ્રહ્મ અને તેમાં આવિષ્કરરૂપ જગત્ બંને વાસ્તવમાં એક છે. બ્રહ્મભાવ અને જગતભાવ બંને ઓતપ્રોત સંકળાયેલા હોવાથી એકબીજાને સીધ્ધ કરે છે. ઈશ્વર કેવળ નિરાકાર છે, એમ કહેવામાં મનુષ્ય જેવી ભૂલ કરે છે, તેવી ભૂલ તેને અમુક મૂર્તિ કે પ્રતિકમાં જ સમાઇ ગયેલો માનનાર પણ કરે છે. વસ્તુતઃ સચરાચર વિશ્વમાં વ્યાપક વિભુ એ જ પોતે પોતાનું સાકાર સ્વરૂપ છે; નિરાકારરૂપે છતાં એજ કર્તા-ભર્તાનું સગુણ સ્વરૂપ છે. એ ઈશ્વરના નામે એટલે કે વિશ્વના કર્તા, ભર્તા, અને સંહર્તાના નામે ઓળખાય છે. બાકી પરમ સ્વરૂપે તો તે નિરાકાર બ્રહ્મ જ છે.

ઈશ્વરી આનંદ એ જ પરમ આનંદ છે.

卐

“ ઇંદ્રિય સુખો તે ઇશ્વરી આનંદનો કદી પણ મુકાબલો કરી શકે નહિ.” “માણસે જો સહેજ પણ ઇશ્વરી આનંદ ચાખ્યો તો તો બીજો કોઇપણ આનંદ તેને આકર્ષી શકશે નહિ. પછી લૌકિક મોજમજા અને માલમત્તાની વાતોથી તેને ઓકારી જ આવશે. જે માણસ પ્રભુપ્રેમમાં પાગલ બને તેને પછી ધાનધામ અને માનબડાઇ માટે કશી જ સ્પૃહા રહેતી નથી. ઇશ્વર એ જ સત્ય અને બાકી બધું ભ્રમ છે, એવી જેને પાકી પ્રતીતિ થઇ છે તેને પછી મોજમજા કે ધનદોલતથી બીવાપણું નથી.”

આત્મસમર્પણ એ જ સાચી ચાવી છે.

卐

માત્ર શ્રદ્ધા અને ધગશ જ સફળતાની ચાવી છે. કુટુંબ-જીવન એક કિલ્લારૂપ છે. કિલ્લાની બહાર જઇને દુશ્મન સાથે લડવા કરતાં કિલ્લાની અંદર રહીને લડવું વધારે સહેલું છે. પોણા ભાગનું જીવન જ્યારે ઈશ્વરને સમર્પિત હોય ત્યારે જ જગતને તજવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

"તમો રાત દિવસ હરિનું નામ લીધા કરો; પણ જ્યાં સુધી તેની મહત્તાનું અને આદેશનું જ્ઞાન થઇ તમારું મન લોક પરલોકનાં પદાર્થોથી વિરક્ત બન્યું નથી, ત્યાં સુધી બધું જ ધૂળધાણી છે." કેવળ ઇશ્વર જ જગતને સંભાળવાવાળા છે; માટે સમજુ મનુષ્યે તો સર્વ પ્રથમ તેને જ ઓળખવો જોઇએ, તેનો પરવાનો મેળવવો જોઇએ અને તેની શકિતનો સંચાર પોતામાં થવા દેવો જોઇએ. આટલું કર્યા પછી જ તે બીજાઓનું ભલું કરવાના વિચાર કરી શકે."

"કર્તવ્ય બુદ્ધિથી અને કશી કામના કે અહંતા મમતા વિના બીજાઓ માટે કામ કરવું, એનું નામ સેવા છે. સાક્ષાત્કાર પામેલો મનુષ્ય જ એવી યોગ્યતા ધરાવે છે, કેમ કે તે જાણે છે કે, પોતે તો ઇશ્વરના હાથમાં કેવળ રમકડું જ છે.

"પ્રાર્થના કોઈપણ જાતના લૌકિક સ્વાર્થ રહિત હોવી જોઇએ."

"પવિત્રતા ખપપૂરતી જ સારી; તેનું લાંબુ પિંજણ ન

હોય. માટે અડવા-આભડવામાં ઝાઝો ચટ ના રાખવો."

"ઇશ્વરની કૃપા તેના નામ પર આક્રંદ કરનાર પર તો અવશ્ય ઊતરે છે."

"હૃદયના સાચા ભાવથી તેના નામ પર આંસુ પાડે, તેને તે જરૂર દેખાય છે. સ્ત્રી, બાળક કે ધન માટે લોકો પોશપોશ આંસુ ખેરવે છે એટલી જ આતુર ઇચ્છા ઇશ્વર માટે હોવી જોઇએ. તડપતા હૃદયથી તેની પ્રાર્થના કરવી જોઈએ. પ્રથમ પ્રભુ અને પછી જગત. પ્રભુદર્શન કર્યા પછી આ જગત્ સહેલાઇથી જાણી શકાય છે."

"કનક અને કાન્તાના ત્યાગથી ઇશ્વરદર્શનનો માર્ગ ખૂલે છે.

'અહંતા જ બધી ઉપાધિનું મૂળ છે!'

'પ્રેમાશ્રુથી મનનો મેલ ધોવાઇ જાય છે, ત્યારે તે ઇશ્વર તરફ તરત જ ખેંચાવા લાગે છે.

"પોતે ધર્મ રળે કે કીર્તિ મળે એવી મતલબથી જે કામ કરે છે તેવાં કાર્યો સ્વાર્થ રહિત ન કહેવાય, ને તે કાર્યો ઇશ્વર દર્શનમાં અંતરાયરૂપ છે.

"વિદ્યા અને અવિદ્યાથી બ્રહ્મ પર છે. માયાથી તે અતીત છે.

જ્યારે કોઇને અસંપ્રજ્ઞાત સમાધિ થાય છે ત્યારે જ તેને બ્રહ્મ સાક્ષાત્કાર અથવા અપરોક્ષ જ્ઞાન થાય છે. જ્યારે કોઈ બ્રહ્મને જાણે છે ત્યારે તે શાંત-મૌન રહે છે.

"જ્યાં સુધી પોતાનું સર્વસ્વ તેને શરણે ધર્યું હોય નહિ ત્યાં સુધી માત્ર એકલી વિદ્યા કે બુદ્ધિ વડે ઈશ્વરને કોઇ પણ

યથાવત્ જાણી શકે નહિ; પરમાત્મદર્શન પામી શકે નહિ. જ્ઞાન ઉપરાંત શ્રદ્ધા અને ભક્તિ સાધ્ય કરવી જોઇએ. અને તેમાં પણ ઉત્કટ ભક્તિ, પ્રેમ અને શ્રદ્ધાની જ જરૂર છે. ઇશ્વરનો પ્રેમ કર્મ-કાંડથી મળતો નથી, પણ નિષ્કામ કર્મ કરવાથી ઇશ્વર પ્રત્યે શ્રધ્ધા અને પ્રેમ મળે છે, અને તેથી ઈશ્વરની કૃપા પ્રાપ્ત થઇ ધીમે ધીમે તેને પોતાને પણ પામી શકાય છે.

"ભક્તનું હૃદય એ પ્રભુનું મંદિર છે. પ્રભુ દરેકમાં સમાનરૂપે તો છે જ; પણ ભક્તના હૃદયમાં વિશેષરૂપે રહે છે. ભકતનું હૃદય તો પ્રભુનો મહેલ છે. જેને જ્ઞાનીઓ બ્રહ્મ કહે છે તેને યોગીઓ પરમાત્મા તથા ભક્તો ભગવાન અને પરમેશ્વર કહે છે. બ્રહ્મ અને શકિત જુદાં જુદાં ભાસવા છતાં વાસ્તવમાં એક છે ફરક માત્ર નામનો છે."

સાધુનાં લક્ષણ

卐

જેનાં મન અને આત્મા ઇશ્વરપરાયણ હોય તે સત્પુરુષ છે. કનક અને કાન્તાનો જેણે ત્યાગ કર્યો છે તે સત્પુરુષ છે. વિકારભરી દૃષ્ટિથી સાચો સાધુ સ્ત્રી સામે જોતો નથી; પણ તેને પોતાની બહેન કે માતાની પેઠે ગણીને વંદે છે. સાધુ તો સદા ઇશ્વરની જ વાત અને વિચાર કરે.

ઇશ્વરની નજીક તમે વધારે આવશો તેમ તેમ તમને વધારે શાંતિ થતી ચાલશે. પણ જો જગત્ પર સહેજ પણ રાગ તમારામાં રહ્યો હશે તો તમે ઇશ્વરને ઓળખી શકશો નહિ.

જીવનની નશ્વરતા અને મૃત્યુને સુખપૂર્વક ભેટવામાં ભક્તિની આવશ્યકતા છે. કુદરતનું દેવું પતાવ્યા વિના કોઇનો છૂટકો નથી. આ જગતમાં આવવું એ અમુક કાર્ય પૂરતું અને અમૂક સમય પૂરતું જ હોય છે. સંયમ જેવું જરૂરી કાર્ય પણ કરવું જોઇએ, પણ તે સત્વર પૂરું કરી દેવું જોઇએ.

"ઇશ્વરના નામની શક્તિ અજબ હોય છે, તે અજ્ઞાનને અને પ્રતિકૂળતાઓને હઠાવે છે. પહેલાં પહેલાં થોડી માથાકૂટ પડશે; પણ છેવટે તને છુટ્ટીનો—મોક્ષનો આનંદ આવશે.

ઇશ્વર જ એક સત્ય છે; બીજું બધું અસત્ય છે. મનની બધી પ્રવૃત્તિ પ્રભુ પ્રત્યે અવાજ પહોંચાડવા માટે જ થવી જોઇએ માટે ભોગની ઇચ્છાને બહેકાવવાં કરતાં કાબુમાં રાખવી એ જ સારું છે.

વડીલ તે પ્રભુ

પ્રભુને માટે મુરબ્બીઓની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકાય. રામ પ્રત્યેની ભકિતને લીધે ભરતે કૈકેયીનું કહેવું કાન પર લીધું નહિ. મીરાંબાઇએ પતિદેવનું માન્યું નહિ. પ્રહલાદે પિતાની આજ્ઞાનો અનાદર કર્યો. ઇશ્વરથી વિમુખ થવાના પ્રસંગ સિવાય, બધી રીતે વડીલોની આજ્ઞા શિરસાવંદ્ય ગણવી જોઇએ."

"જંગલનો સાપ એટલો ડસતો નથી કે જેટલો વાસનાનો સાપ સદા અંતરમાં વસે છે તે ડસે છે."

"પાર્થિવ પ્રેમ ક્ષણિક છે. સમભાવથી ચાહના કરે તેનું જ

જીવતર ધન્ય છે.

ગુરુ

●

ગુરુ કોણ છે ? તે તો દલાલ છે. તે ભકતનો ઈશ્વરથી સબંધ જોડી આપે છે. મંત્ર એ ઇશ્વરનું નામ છે.

" ચાહે તો એકાંતમાં કે પર્વતની ગુફામાં રહે, પણ શ્રદ્ધા વિનાના માણસને કશું જ મળતું નથી. પણ જ્યારે ઇશ્વર દર્શન માટે મનુષ્ય પાગલ બને છે, ત્યારે તેનાં બધાં કર્તવ્ય બંધ પડે છે. ઇશ્વરનું નામ માત્ર સાંભળતાં જ આંખોમાં આંસુ ઊભરાઇ આવે અને રોમાંચ થાય તો જાણવું કે, કનક અને કાન્તા પરથી તમારો રાગ ટળી ગયો છે અને તમને ઇશ્વરના દર્શન થયાં છે અથવા થવાનાં છે. માટે તમારી વૃત્તિઓનો પ્રવાહ ઈશ્વર તરફ વાળો. જે મનુષ્ય સાચે જ એમ માને છે કે પોતે નહિ, પણ ઇશ્વર જ સર્વત્ર કર્તાહર્તા છે; તે મનુષ્ય પાપ જ કરી શકતો નથી. હરિનો દાસ કોઇ પણ ઠેકાણે દુઃખી હોઇ શકે નહિ. સાધનસંપન્ન સાચો સાધક બીજાઓ પ્રત્યે નિર્દય થાય નહિ. એવા મનુષ્યથી ખોટું પગલું ભરી શકાય જ નહિ.

ભકિત

●

કલિયુગમાં ભકિત જ સર્વશ્રેષ્ઠ છે. આત્મદર્શન થવા પહેલાં શાસ્ત્રોકત ક્રિયાઓ તજવી યોગ્ય નથી. ફળ આવવા લાગે એટલે ફળ આપોઆપ જ ખરવા માંડે છે. ભકિત એ ફળ છે. શાસ્ત્રોક્ત

ક્રિયા ફૂલ છે. જ્ઞાન ભકિત કે કર્મ, એમાંથી ગમે તે માર્ગ પકડ, એટલે જો દિલ સાફ હશે તો તને ઇશ્વર દર્શન અવશ્ય થશે, ઇશ્વરદર્શનની કકડતી ભૂખ યોગ્ય અવસરે જાગે છે. પ્રભુ આપણો બહુ જ નિકટનો સંબંધી છે, પરાયો નથી. વાચન કરતાં શ્રવણ શ્રેષ્ટ છે. શ્રવણ પણ જો ગુરૂ, આચાર્ય કે, સાચા સાધુ પાસેથી કર્યું હોય તો તે વધારે સારી રીતે સમજાય છે. વળી શ્રવણ કરવા મનન કરવું (વિચાર કરવો) એ શ્રેષ્ઠ છે. મનનમાંથી આગળ વધીને નિશ્ચય પર આવવું શ્રેષ્ટ છે. નિશ્ચય કર્યા પછી તેને અનુસરીને આચરણ કરવું એ શ્રેષ્ટ છે.

ભકિતના પ્રકાર

卐

ભકિત ત્રણ પ્રકારે થાય છે. સાત્વિક, રાજસિક અને તામસિક. સાત્વિક ભકતને પોતાનો ભાવ અને ભકિત કોઇ જુએ નહિ તે માટે એકાંત બહુ ગમે છે.

રાજસિક ભકતને આડંબર ગમે છે. પોતાની ભકિત લોકો જાણે, વખાણે એ તેની કલા છે. તેની સેવાપૂજાનો ઠાઠ દબદબા ભર્યો હોય છે.

તામસિક ભકત ધરફાડુ લુટારા જેવો હોય છે. લુટારુ જો મારો, લુંટોના મંત્રની માફક તમસ પ્રધાન ભકત પણ ' હર, હર, હર, ઓમ્ ઓમ્ ' એવી બૂમો પાડે છે. તેનું મનોબળ અજબ હોય છે. નીતિ–અનીતિનું ભાન થોડું હોય છે.

આ બધા પ્રકારમાંથી પ્રભુકૃપા માટે સાચી તીવ્ર તાલાવેલી

પ્રકટે એ જ ખરો મુખ્ય મુદ્દો છે.

જગતનું મંડાણ કામિની અને કાંચન પર રચાયું છે. અને તે ઇશ્વરદર્શન માટે મોટો અંતરાય છે. માટે એક–બે છોકરાં થયા પછી તો મનુષ્યે પોતાની સ્ત્રીને બહેન જેવી માનીને રહેવું જોઇએ. અને કેવળ ઇશ્વર વિષેની જ વાતો કરવી જોઇએ. પાશવ વૃત્તિને છોડયા સિવાય દિવ્ય આનંદનો સ્વાદ કોઇ પણ આપી શકે તેમ નથી. જેણે ઇશ્વરને પ્રત્યક્ષ કર્યા છે, તેને કશાની આશા કે યાચના કરવાની રહેતી નથી.

ઇશ્વર જ કેવળ સત્ય છે અને બીજું બધું આળપંપાળ છે. –જગત અનિત્ય છે; અને તેનો નિયંતા ઇશ્વરજ સત્ય અને શાશ્વત છે, એવી પ્રતીતિ થયા વિના સાચી ભકિત પણ જાગવી અસંભવિત છે.

પ્રભુ પ્રથમ અને પછી તેની સૃષ્ટિ. માટે પ્રથમ પ્રભુને ઓળખો. એ પછી જ સૃષ્ટિ, જગત, કે એવી બીજી બાબતોનો વિચાર કરવો.

ગુરુનું સાચું કર્તવ્ય

卐

ગુરુના શબ્દોમાં મનુષ્યને વિશ્વાસ હોવો જોઇએ. ગુરુ ગોવિંદ છે, અને ગોવિંદ ગુરુ છે. ગુરુના શબ્દોમાં બાળકવત્ વિશ્વાસ રાખીને મનુષ્ય ઇશ્વર દર્શન કરી શકે છે. ખરી જરૂર શ્રદ્ધા અને સરળતાની છે, –દંભની નહિ. પ્રભુ સરળ મનુષ્યની વધારે સમીપ છે; અને દંભીથી બહુ દૂર છે.

આપણને બાળક જેવી ઉત્કંઠાની જરૂર છે. તમારો ભાવ સરળ અને શ્રીકૃષ્ણ ભકિતસંપન્ન હોવો જોઇએ. એથી તમે ભૂલ્યા હશો તો પણ તે પોતે તમને ખરે રસ્તે દોરી જશે. ઉત્કટ શુભેચ્છા જાગવાથી મનુષ્ય સાધુ સંગત સેવતો થાય છે.

જેઓ પ્રભુ પ્રત્યે શ્રદ્ધા ભકિત રાખે છે, તેમને કષ્ટો વટાવી જતાં વાર લાગતી નથી. મનુષ્યોનો કેવળ એક જ સાચો અને અનેરો આધાર શ્રીહરિનું શરણ છે. જેનું કોઇ નથી તેનો સહાયક શ્રીહરિ પોતે જ છે.

કવિ રત્નેશ્વર વિરચિત

આત્મવિચાર ચંદ્રોદય

☆

૧. પ્રબોધ પંચાશિકા—ભુજંગ પ્રયાત છંદ

તમો કૃષ્ણ કૃષ્ણ શ્રીકૃષ્ણેતિ ભાખો, કુસંસારના ભારને દૂર નાખો,
સહુ દેવ મધ્યે સમો ભાવ રાખો, અસત્ય તજીને સદા સત્ય ભાખો,
થયો મોહમાં મગ્ન સંસાર આખો, વિનાશી રતિના રસો શીદ ચાખો
તમો માનજો મન સંસાર ખોટો, સદા શે ન સેવો યદુનાથ મોટો.
યથા તોયમાં સદ્ય ઉઠે તરંગ, થશે તેહનો દેખતાં માહે ભંગ,
તથા જીવવું જીવને જો વિમાસી, પછે ટાળ સંસારની ફોક ફાંસી.
યથા પદ્મના પત્ર ઉપેર પાણી, ઢળે મેલતાં માંય છે એમ પ્રાણી,
યથા પૂર્ણ પાણીભર્યો કુંભ કાચો, તથા સદ્ય ભાંજે નથી પિંડ સાચો
યતિ શુદ્ધ શ્રીપાત વૈરાગિ યોગી, કવિ શૂર દાતા વિચારી વિભોગી
અરે સર્વનો નેટ છે નાશ જાણો, નથી મૃત્યુને મન કો રાંક રાણો.
અરે ચાલવું કાલ તું શીદ સૂતો, અલ્યા માંડ માયા વિશે કાં
વગૂત્યો,
સદા મસ્તકે મૃત્યુ નિશાન વાગે, અહો તોય નિદ્રા થકો શે ન જાગે.
યથા દેડકેઃ અર્ધ સાહ્યો ભુજંગે, પછે મક્ષિકાને ગ્રહે તેજ રંગે,
તથા કાળની દાઢમાં સર્વ લોક, રહી દુઃખ દે અન્યને વ્યર્થ શોક.

તમો સાર પામ્યા મનુષ્યાવતાર, તરો દુષ્ટ સંસાર કાં લાવો વાર,
હવે જાનકીનાથને કાં ન સેવો, જડયું રત્ન તે કાં ખુવો હાથ મેવો?
કયમે કાગ ને કીર તે હોય તુલ્ય, કયમે કામ ને રત્નનું એક મૂલ્ય,
તમો ગર્દભોને જવો કાં ચરાવો, કપુરી વિષે કોદરા શીદ વાવો ?
તમો કાં કરો મ્લેચ્છને ભાલ અર્ચા, કરો વિપ્રને વેદની શીદ ચર્ચા,
ગજો ઉપરે કાં ભરો કાષ્ટભાર, ખરો ઉપરે શીદ થાઓ સવાર ?
તમે ભોગવ્યું આજ તે કાલ કયાંથી, જુવો સર્વ નાસી જશે
હાથમાંથી.
મળ્યો નાવ ને જે નદીનો તરંગ, ફરીને નહિ હોય તેનો જ સંગ.
અરે સંપદા સર્વથા નાશ પામે, કહો દ્રવ્ય સાંચો તમે કોણ કામે,
દશગ્રીવને રાજ્ય હતું અનંત, નહિ ભોગવ્યું તે થયા સદ્ય અંત.
યથા મર્કટે કંઠમાં પુષ્પમાલા, વળી કયાં ગળે અંધને સોહ્ય બાલા
યથા છે તૃણે અગ્ર તુષાર બિંદુ, તથા દ્રવ્ય વાધે ઘટે જેમ ઈંદુ.

શાર્દૂલવિક્રીડિત છંદ

મિથ્યા કામ ને મોહ મત્સર ધરો, નિંદા કરો લોકની,
જુવો ફોક કુટુંબ શોક સઘળો, મૂકી મળો કૃષ્ણને,
નિત્યે ચિત્ત વિચાર માર મનને, સંભાર શ્રીકૃષ્ણને,
તૃષ્ણા ટાળી નિહાળ નેટ નરમાં, શ્રી વિષ્ણુને સર્વદા.

ભુજંગ પ્રયાત છંદ

ફરી જ્ઞાન પંચાશિકા સાર ભાતે, જ્યાં વૃત બાંધ્યું ભુજંગ પ્રયાતે,
જને જેહ મધ્યે મળે વિષ્ણુ વેલો, કહ્યો તેહ રત્નેશ્વરે સર્ગ પહેલો

ઇતિ શ્રી પ્રબોધ પંચાશિકાયાં પ્રથમ સર્ગ ૧

દ્રુતવિલંબિત છંદ

વિષય ભોગવતાં સુખ જેટલું, ફરી થશે તમને દુઃખ તેટલું
પ્રથમ કંડુ ધશે સુખ ત્યાં હશે, પળ પછે પરિતાપ ઘણો થશે....૧

હજી લગી શઠ કાં સમજ્યો નહીં, સકલ કાલ ગયો તુજનો વહી
અનુભવ્યું સુખ શું હ્યાં રહી, સુણુ તદા દુઃખ માંહી પચ્યો સહી.
....૨

પ્રથમ માસ તુને દશ જે ગયા, મુજ થકી કયમ જાએ તુને કહ્યા,
ઉદર દુઃખ તુને યદિ સાંભરે, નવ તદા મન જન્મ થવા ધરે....૩
ઉદર મધ્ય અધોવદને રહ્યો, નરક મુત્ર નિપાત મુખે થયો;
મૃદુલ અંગ કૃમી કરડે ઘણું, ઉદર સૂક્ષ્મ છે જનની તણું ..૪
તવ સહ્યો જનની ચિત્ત વાસના, ઉદર ભાર ઘણો કહુ ગ્રાસના
સબળ તાપ સહ્યો અગની તણો, ગરભ જાલ વડે જકડયો ઘણો.
....૫

નવ ખસી શકતો ક્ષણુ ઠામથી, ઘણું થયો દુઃખિયો દુઃખધામથી
તવ કહ્યું હવે છોડવ શામજી, નહિ હું મેલું હવે તુજ નામજી....૬
પ્રભુજી મેં અપરાધ કર્યા ઘણા, ચરણુ ચિત્ત ધર્યા નહિ તું તણા
પ્રથમ એમજ જો હરિ જાણુતો, ધન સહુ તવ સેવને આણુતો....૭
સકળ ભોગ કરી જમતો સુખે, પણ ન હોમ કર્યો પરને મુખે
શયન ત્યાં કોઇ દુર્બળ આવતો, અનુગ પાસ હું મારી કઢાવતો....૮
જહિ તહિ રથ અશ્વ ચડી જતો, ધરણીમાં પદ સ્પર્શ ન દાખતો
ક્ષણે ક્ષણે મુખ દર્શન આરસી, મંદ ભર્યો બકતો બહુ પારસી....૯
ગૃહ વિષે પરિતાપ ઘણો થતો, હરિ તદા હુ સરોવર ઝીલતો;
ઉદર તાપ ઘણા કયમ ચોગવું, હરિ ભજ્યા નહીં તે ફળ ભોગવું
....૧૦

હરિ અહો હવે કષ્ટથી કાઢ રે, પતિતને પ્રભુ પાર પમાડ રે,
હરિ ક્ષમા કરજો મુજ વાંકને, સહી શકાય નહિ દુઃખ પાકને....૧૧
ટળવળ્યો બહુ ભાત્ય તદા યદા, જનન કાલ તનુનો થયો તદા,
જનન કાલનું દુઃખ કહું કથી, મુજને તે સહુ સાંભરતું નથી....૧૨

ભુજંગ પ્રયાત, છંદ

યથા તાર તાણે બળે સ્વર્ણકાર
તથા ગર્ભમાંથી તુને કાઢયો બહાર.
પછે વીસરી વેદના ગર્ભમાંની
હરિભક્તિ ભૂલી થયો દેહમાની. ૧૩

દ્રુતવિલંબિત, છંદ

લઘુવયે કરિ બાલક તું થયો, અવશ ઇંદ્રિયમહાદુઃખમાં રહ્યો
ચરણુ પંગુ તથા મુખ મુકતા, નરક મૂત્ર પચ્યો દિવસો જતાં...૧૪
તદુપરાંત તું યૌવનમાં રમ્યો, યુવતિને વચને જનની દમ્યો,
અધમ કામ કર્યાં તનુ પોષવા, ગૃહ અધીન રહ્યો મન શોષવા...૧૫
વિષયના સુખ ઘણું ઇચ્છતો, ધન નિમિત્ત વિદેશ ઘણું જતો;
મદભર્યો પરનારી નિહાળતો, નિજ શરીર સ્વરૂપ સમાલતો....૧૬
નવ ભજ્યા હરિ યૌવનને મદે, બલ પરાક્રમ ગર્વ ધર્યો હૃદે....૧૭
ત્રિશત ખંડિત હાડ વડે ઘડયું, અમિત છિદ્રિત ચર્મ વડે મઢયું;
રૂધિર માસ મલાદિ કફે ભર્યું, (એ) તનું તણું અભિમાન ઘણું ધર્યું
....૧૮

વળી થકો શઠ વૃદ્ધ થયો યદા, વિકલ જર્જર દેહ થયું તદા,
ચરણુ પાણી તણી ગતિ ત્યાં ગઈ, નયન કર્ણ વિશે જડતા થઇ....૧૯
સુત સુતા વધૂ બંધુ કુટુંબમાં, નવ હતું તુજ કોઇ વિટંબમાં
સહુ તણો મન તું અળખામણો, પડી રહ્યો ત્યાં બ્હાર સુગામણો,
....૨૦

તદપિ મોહ કુટુંબ વિષે ધર્યો, વૃજવિભૂષણ શે નવ ત્યાં સ્મર્યો,
સકલ એહ મળ્યું નિજ કામનું, નરકવારણુ નામ શ્રીરામનું....૨૧

દિવસ જેહ ગયો હરિ સેવતાં, સફળ તેહ મનુષ્ય શરીર ત્યાં,
અવર ભક્ષ ને મૈથુન સેવવા, પશુ તણા અવતાર તે જાણવા....૨૨
જનમ કોટિ ભમ્યો ભવસિંધુમાં, તદુપરાંત મનુષ્ય સંબંધમાં
અવતરી ન કરી ગતિ દેહમાં, કરથી જાય સુધારસ તેહમાં....૨૩
સકલ શાસ્ત્ર તણી ગતિ જે લહે, નિગમ ચારનો નિર્ણય જે કહે
હરિની ભક્તિ વિના નથી અર્થનું, કૃપણને છે શું કારજ ગર્થનું.
....૨૪

વંસતતિલકા છંદ

લક્ષ્મીપતિ પદસરોજ ભજોરે લોક, મિથ્યા તજો સ્વવનિતા ધનસુતું ફોક.
એ આપ કાજ તવ દાઝ કરે કુટુંબ, કોથી ટળે ન યમદૂત તણી વિટંબ....૨૫

પુષ્પિતાગ્રા છંદ

ભજ ભજ હરિને અરે અભિમાની, તજ નજરે તરૂણી વિલાસ કામી.
હરિ રતિ થકી દુઃખ દૂર જાશે, નિજ મન મધ્યે અપાર મોદ થાશે.
....૨૬

વસંતતિલકા છંદ

જો તું જનાર્દન તણે ચરણે જ લાગે, સંસાર દારૂણ દાવાનલ દુઃખ ભાગે.
જે હીન દીન જન શર્ણ ગયે જ રાખે, ત્રૈલોકયનાથ કયમ તો તુજને ન સાંખે....૨૭

શાર્દુલવિક્રીડિત છંદ

જોની રે તુજ કાજ કોણ રચના, કીધી કૃપા સાગરે.
ધુમ જ્યોતિ સમીર વારિ સઘળાં, ટોળે કર્યાં શ્રીવરે,
સિંધુથી ગગને ચડાવી ધનને વર્ષેંબુ મધ્યે ભરી.
તે પીતાં જ થયો કૃતઘ્ન કયમ તું, તેને ગયો વિસરી....૨૮

દ્રુતવિલંબિત છંદ

નર પ્રબોધન પંચશત્તી ધરી;
દ્રુતવિલંબિત વૃત્ત વડે કરી;
દ્વિતિય સર્ગ કહ્યો રતનેશ્વરે,
સબળ સ્હાય કરી પરમેશ્વરે, ...૨૯

ઇતિશ્રી પ્રબોધ પંચાશિકામાં દ્વિતિય સર્ગ ૨.

માલિની છંદ

નિશ દિન મન મધ્યે રાખજો રામ નામ.
અભય પદ વિધાતા છે સદા શ્યામ ધામ,
યદુપતિપદ સેવી કાપજો કામ દામ.
પ્રભુ પદ રતિ મૂકી શાં કરો વ્યર્થ કામ.... ૧
નિજ કરમ વિષે છે લખેલ લેખ જેવો;
કનકગિરી ગુહામાં પામશો લાભ તેવો.
મૃગ પશુ વન જીવે આપણે કોણ કેવો,
અશન વસનનો આયુષ્યથી લાભ લેવો.... ૨
અજગર વનવાસી ઇશ વિશ્વાસ રાખે;
ઉદર ભરણ સાથે તે ન આયાસ રાખે.
ત્યમ મન વશ રાખો સર્વ સંકલ્પ નાખોઃ
અનુપમ રસ આખો કૃષ્ણ કૃષ્ણેતિ ભાખો.... ૩
નિખિલ નિગમ બોલે કો નથી કૃષ્ણ તોલે;
સહ કૃતિ ફલ ભેળે આંકના સીદ તોળે.
મદન મદથી માતો અંગનાં રંગ રાખો,
જનમ જનમ ધાતો કાં ફરે ધૂળ ખાતો.... ૪

જપ તપ વ્રત કીધે ને મહા દાન દીધે.
સુર નદી જળ પીધે જેટલું પુન્ય સીધે,
અધિક સુકૃત તેથી છે હરિનામ લીધે.
શ્રમ વિણ સુખ આપે કર્મના બંધ કાપે.... ૫

હરિ ભજન કરો રે સર્વ કો એમ કે છે.
હરિ ભજન કરતાં મુક્તિ નિશ્ચે મળે છે,
શ્રવણ યુગલ ફુટે કે પડ્યા છો વછુટે:
પરહરિ પ્રભુ શાને વેદ કર્ણિ ન માને.... ૬

ઉપનિષદ પ્રમાણે નેતિ નેતિ વખાણે.
નવ વચન સુયોગી કોય જાણે ન યોગી.
સહજ સ્મરિત નામે સદ્ય ભાસે મુરારી,
કલિયુગ જન કેરૂં ભાગ્ય જોજો વિચારી.... ૭

યમ તરજન મોટો સર્વ સંસાર ખોટો.
દિન દિન વધુ ખુટે કાલના દુત લુંટે,
સુણ શઠ કહું સાચું તાહરી પાસ માગું:
ભવ દવ ભય ભાગે રામસું રંગ લાગે... ૮

જનમ જનમ ભુંડાં ભોગવ્યાં દુઃખ મોટાં,
ધન તનય સન્નારી નીવડ્યાં સર્વ ખોટાં.
ક્ષણ પણ નવ તેથી ત્રાસ પામ્યો વિશેષી,
ભુજંગ ભરિત કુપે કાં પડે દૃષ્ટિ દેખી.... ૯

ન પડ ન પડ પાપી શું થયો છું સુરાપી.
વિષય લગન વ્યાપી કોણે એ બુદ્ધિ આપી.

હરિ ભજન વિના એ સર્વ ભામા ભમાવ્યા.
હરિ પદ ભજ આવા જન્મનું દુઃખ જાવા....૧૦

મન સદન હરિનું શું જડે આર જોતે.
પરગટ થઈ ધોતે મેં કર્યું હું જ પોતે,
ઘટપટ મઠ જોતે એકનો એક પોતે.
નિજ મન મલ ધોતે બ્રહ્મનું રૂપ ધોતે....૧૧

ઉપજાતિ છંદ

ઉપાધિના ભેદ સમસ્ત જાશે. તો જીવ એ બ્રહ્મ વિષે સમાશે.
ફુટે ઘટે મારૂત મધ્ય જેવો, ઉપાધિમાં ઇશ્વર એક તેવો....૧૨

પ્રબોધ પંચાશતિકા પ્રમાણી, રતનેશ્વરે સાર કરી વખાણી.
ત્રીજો કહ્યો સર્ગ સમગ્ર થાવા, અલ્પજ્ઞને અચ્યુત નામ ગાવા.

ઇતિશ્રી પ્રબોધ પંચાશિકાયાં તૃતીય સર્ગ ૩.

વૈરાગ્ય લતા માલીની છંદ

મકર નર પરાઈ મુઢ ઇર્ષા અજાણે.
પરહર પરનિંદા આપ કેરૂં વખાણે,
સ્મરણ કર સદા તું સચ્ચિદાનંદ રૂપ.
તરતર હરિ સેવી દુષ્ટ સંસાર કુપ....૧

નરસમ વપુ તારે રત્ન માથે ચઢયું છે.
જનમ જનમ સાથે મૃત્યુ માથે મઢયું છે.
હરિ ભજન જ કીજે પારકું શું પડયું છે.
સમજ સમજ આવું અંત આવી અડયું છે....૨

ધન તનય સજાવા માંડ માયા ભરાયો.
નર પરસુખ પેખી શીદ હિંડે હરાયો,

નિજ મન ધન માને માલ પામી પરાયો.
ધન તન સુખ સીમા ભોગવી કોણ ધાયો....૩

સુખ દુઃખ સમ મૂળી દેહ સાથે પડ્યો છે,
ભવ ગહન અરણ્યે ભ્રષ્ટ ભૂલો પડ્યો છે.
ઈમ કરી મતિબંધે જીવ સાથે જડયો છે,
સબળ પ્રબળ માયા મોહ તેને ચડયો છે....૪

સમ વિષમ મન સારા જાય દહાડા તમારા,
સકળ દિવસ તેવા કોયને હોય સારા.
જન કનક સમૃદ્ધિ તે તુને મૂકી જાશે,
વિષય સુખ જ રેશે તાહરો નાશ થાશે....૫

કઠણ દિવસ એવો આવશે એક વાર,
સકળ જગત મધ્યે દેખશો અંધકાર.
યમ અનુચર આવી ઘેરશે ગામ ભાઈ,
ઘણી મુદગર મારી કાઢશે કંઠસાઈ....૬

અતિશય દુઃખ કેરો આવશે એક દહાડો,
સુત યુવતિ કુટુંબી કોય થાશે ન આડો.
યમપુર જઈ દેશો તે સમે શો જવાબ,
ધરમ નૃપતિ જ્યારે પુછશે પુન્ય પાપ....૭

અતિ સુખમય હુતા સ્વર્ણની સેજ સુતા,
સ્મરણ સુકૃત પાખે તેજ વાટે લગૂતા.
સુખ દુઃખ સહિ રેશો મુળગો મર્મ લેશો,
હરિહરિ મુખ કહેશો સ્વર્ગમાં પાગ દેશો....૮

સુસમૃધ્ધિ અધિકારી તે ભણી શીદ જોય,
પૃથવી પવન કેરાં પુન્ય ત્યાં સર્વ કોય.
અવનિ શું અટવાસે આવર્યા કાલ પાસે,
કૃષ્ણ કવણ તારું તે થકી કામ થાશે....૯

તનશું જકડી બાંધ્યો જીવ આયુષ્ય દોરો;
મલિન મુષક મોટો કાલ તેને જ કોરે.
ક્ષણ ક્ષણ ગતિ તૂટે ત્યાં થકી જીવ છુટે,
મલમય ઘટ ફુટે શ્વાન શિયાળ લુટે....૧૦

રતન જડિત પેર્યાં શુદ્ધ સુવર્ણ ઘાટ,
શયન સમય સેજે પાથર્યાં ચીર પાટ.
તદપી ઉપર અંગે મૃત્તિકાનો વિકાર,
કનક ભરિત કાયા કાલ કેરો શિકાર....૧૧

મન મણિ નિત્ય મોટો ચોર ચોપાસ તાણે,
વિષય લગન નિદ્રા મગ્ન તે તું ન જાણે.
તુંજ અવસર આ છે જાગ રે જાગ ભાઈ,
રિપુ જય કર ભાઈ ખડ્ગ વૈરાગ્ય સાઈ....૧૨

ભવકટક ફરે છે દ્રવ્ય સંતાન જાયા,
સુર અસુર અજાણ્યા સર્વ તેમાં સમાયા.
સકળ પ્રબળ સેના નાયકા એક માયા,
કવણ તરી શકે જ્યાં વેદવાદિ વ્હવાયા....૧૩

વશકર મનમાં તું વાર સંસાર જાતું,
વિષય વિકલ થાતું છોકરૂં છાર ખાતું.

વિષય વળગી જાયે ચિત્તનો એ સ્વભાવ,
તદપિ વદન માંહે રાખવો એ જ દાવ....૧૪

યદપિ સકળ લોકો દુષ્ટ અન્યાય પાપી,
નૃપતિ થકી સું લહો છુટશો દંડ આપી.
અધમ કરમ સાધો જેહ એકાંત બેસી,
અઘટિત અપરાધે તેની ત્યાં તો વલેશી....૧૫

ધમધમ યમદૂતો આવશે અદ્ભૂત વેશે,
રૂદન વદન મોટાં ભીછરાં ભુરી વેશે.
નયન અગ્નિજ્વાલા ક્રુર કાળા કરાલા,
તમ શિર પર તોલંતા ભયંકર ભાલા....૧૬

મરણ સમય જ્યારે તાણશે કેશ સાહી,
સહુ સગપણ કેરી છુટશે ત્યાં સગાઇ.
સહુ સુહૃદ કુટુંબ કોય દેખે ન તેને,
અનુભવી જન જાણે ઉપજે કષ્ટ જેને...૧૭

ગહન તિમિર પીડાકાર આકાર માંહે,
નિજજન દુઃખ કે'વા કોય દિસે ન ત્યાંહે.
કમલ નયન સેવા જો કરી હોય અંધ,
શબદ સુણત આવી છોડવે કૃષ્ણ સઘ....૧૮

શાર્દુલ વિક્રીડિત

વંધ્યાપુત્ર નભ પ્રસુન સરખી સંસારની સત્યતા,
મિથ્યા દશ્ય પદાર્થ પુરણ હરિ વ્યાપી રહ્યો નિત્યતા,

જાઠે જોખમ ઉપજે નવ કશી ત્યાં નીપજે કામના,
માથે મર્ણ અડયું સદા ચરણ એ સેવો તમે શ્યામના. ૧૯

ઇન્દ્રવજ્રા છંદ

યત્નેજ વૈરાગ્યલતા વખાણી,
રત્નેશ્વરે અંતરયામી વાણી.
પહેલો થયો ગુચ્છ કવિત્ત વિષે,
તેમાં કહી ઓળખાવ્યા જ ઈશે,
ઇતિ શ્રી વૈરાગ્ય લતાયાં પ્રથમઃ સ્તબકઃ ૨૦

ઉપજાતિ છંદ

જીવે કરી હાર કમાણિ સાહી. ઠાલો ગયો મુરખ ખર્ચ ખાઇ,
વહાટિ વેપાર વિષે ન લાધી કાં મુળગી મુરખ ખોટ ખાધી. ૧
તુને મલ્યો કામ સમો દલાલ, હલાલ હીણો અતિશે બલાલ,
તેણે કર્યું મુરખ કુડું સાટું, ઘણું ખરૂં દ્રવ્ય ત્યાંહાં જ નાઠું. ૨

ઇન્દ્રવજ્રા છંદ

લુચ્ચા સહુ જે છે દલાલ ડોસી પાસે રહ્યા દ્રવ્ય હરે પડોસી,
તોયે ન જાયે મળિ મોહ નિંદ્રા, વ્યાપાર ખોટા વિષે નાખી મુદ્રા. ૩
વાણોતરે વાત ઘણી બગાડી, તુંને રહ્યા જોખમ તે લગાડી,
તે વાંક વણોતર અક્ષિફુટા, શા માટ મુકયા શઠ તેં જ છુટા. ૪
વખારમાં ખાતર જો પડે છે, છાના સહુ ચોર તને નડે છે,
તારે શિરે શેઠ સમર્થ રે છે, તું તો અલ્યા ફોકટ ભાર વ્હે છે. ૫
હીરો હરિ એક અમુલ્ય કો જે, તે વ્હોરતાં વાદ વિવાદ સ્હેજે,
જો તેજ હીરો ગ્રહી લેજ સાથે, તો પાગ દે શેઠ સમસ્ત માથે. ૬

જ્યોતિ નભો નીર મહી સમીર, તેણે રચ્યું માણુસનું શરીર,
તે મધ્ય ત્યાં કોટી વિકાર કીધા, માયાતણા ત્યાં પટ મધ્ય દીધા. ૭

તેમાં રહ્યો રામ રમે અસંગ, નાના વિધે ભોગવતો જ રંગ,
બેઠો નીચે આસન પદ્મ યોગા, મુકયા ઘણા માંહ્ય વિજેય રોગા. ૮

નાસાપતિ પ્રીમલને પમાડે, ચક્ષુ પતિ રૂપ ગ્રહી રમાડે,
જીંહ્વેશ તેને રસના સમર્પે, ત્વચાપતિ સ્પર્શ ઘણાજ અર્પે. ૯

કર્ણેશ ત્યાં શબ્દ સુખે અનુપ, એવો રમે આતમરૂપ ભુપ,
તે મધ્ય તું કોણુ અલ્યા પરેત, હૂં હૂં કરે તું બહુ જીવડેત. ૧૦

હું કામ ટાળી હરિ થા હરામી, જો કોણ છે સેવક કોણ સ્વામી,
વ્યાપિ રહ્યો અંતર્યામિ એક, જો ચક્ષુને ચિત્ત વડે વિવેકે. ૧૧

ચોવીસ તત્વે કરિ કોટ કિધો, પચીસમો પુરણ ત્યાં પ્રસીધો,
છવિસમાને સઘળા જ ભાગે, તેણે કર્યો વસ્તુ સમસ્ત યોગ. ૧૨

આકાશથી શબ્દ તણો પ્રકાશ, પૃથ્વી થકી ગંધ ગ્રહેજ નાશ,
સમીરથી સ્પર્શ રસૌક તોય, સ્વરૂપને તેજ થકો જ જોય. ૧૩

ચતુર્વિધા પ્રસ્ફુરણ પ્રવૃત્તિ, દશેંદ્રિયોને દશ વાયુ વૃત્તિ,
ત્રિનાડી ત્રણે ગુણ સપ્ત ધાતુ, તેથી થયું એહ શરીર માતું. ૧૪

તેમાં રહે દેહ વળી અનેક, વિચારતા વ્યાપક કર્મ એક,
વ્યાપી રહ્યો અંતર રામ રૂપ, બ્રહ્માંડ કોટી વિચ એક રૂપ. ૧૫

તું કોણ ઉભો અહીં માર ખાવા, જો શર્ણે આવે યમદૂત સાવા,
આપઆપણે સ્થાનક સર્વે જાશે, તુંથી ધણીનો મનમેળ થાશે. ૧૬

પાસે રહ્યા રામને શોધે બીજે, પોતાપણું ભેદી કરી મલી જા,
જાણ્યા પછી જીવ દશા જ ખોતે, તું છે ચિદાનંદ સ્વરૂપ પોતે. ૧૭

કેડે પડયો કાલ અહેડી તારે, તુંને સદા નીરણ કામ મારે,
તેણે ઘણાં સ્થુલ શરીર ખાધાં, પાછા ફરી કર્મ નિષિધ્ધ બાંધ્યાં. ૧૮

ભાળ્યું નહિ સુક્ષ્મ સ્વરૂપ તારૂં, માયા તણે પાશ પડ્યું બચારૂં,
તે શું કરે કારણને આધીન, તેનો મહાકારણ દેખી દીન. ૧૯

જંજાળ જોતાં અતિશે અપાર, ના પુરવે તે કરતાં વિચાર.
એ વાત છે ઇશ તણાં જ હાથ, તે પાખ દેવી ગગને જ બાથ. ૨૦

શાર્દુલવિક્રીડિત છંદ

દીસે જે ગુણ રૂપ ચાતુરતણું તે ચિન્હ માયાતણું,
બ્રહ્માંડ વ્યાપી ભર્યો તરંગ ત્યાંથી, માયાતણો વિસ્તારયો;
તેનું પુર પ્રવાહ શુર સબલું ત્રૈલોકય તાણી ગયો;
ઉભો કોણ રહ્યો મુરારિ ચરણે તે આસરી ઊગર્યો. ૨૧

વસંત તિલકા છંદ

રત્નેશ્વરે સરસ અંતર્યામિ વાણી,
વૈરાગ્ય વલ્લરિ હરિ ભજવા વખાણી.
બીજો થયો સ્તબક ત્યાં હરિનો સંબંધ,
બાવીસ સુંદર કવિત્ત તણો પ્રબંધ,
ઇતિ શ્રી વૈરાગ્ય લતામાં દ્વિતીય સ્તબક. ૨૨

વસંતતિલકા છંદ

કોપે ભર્યો ભુજંગ કાલ કરાલ આવે.
ધાયો નિશા દિવસ એ રસના હલાવે,
ફુત્કારથી પ્રબલ પર્વત કોટી ફાટે,
વીંટી વળ્યો નિરખ પાછળ અંગ ચાટે....૧

મનુષ્યનો મલિન જર્જર દેહ જૂઠો,
તોએ ફરે કૃષ્ણ કેશવ સાથ રૂઠયો.
સંસાર સિંધુ નવ છિદ્રિત નાવ બેઠો,
શાને ન ફરે ધરમ ધીવર હાથ હેઠો.....૨

કાચો કુરંગ નયના સરખો સનેહ
રાચ્યો નિહાળી નયને દુરગંધ દેહ,
મિથ્યા મનોરથ કરે મન માંહે લાવે.
લાગ્યો ફરે નિપટ લંપટ નામ કહાવે,....૩

સાચો વિચાર કર શીદ થયો સકામી,
નારી થઇ નરકનો અધિકાર પામી.
અંગે અશુદ્ધ અબલા અતિ ભક્ષવંતી,
નિત્યે રજો રગતપિત કફે વહંતિ....૪

મોટો વિકાર હિદિ કામ તણો જ ઘેલો,
તેણે કર્યા ચતુર પંડિત ભુપ ચેલા.
તો ત્યાં વિલંબ નરને શિ વૈકુંઠ જાવા,
જો વશ્ય હોય મન એ અણુ માત્ર બાવા....૫

ઊંચા અવાસ અડકયાં જઇ દેખ વ્યોમ,
નિચે વિલોચન જતાં નહીં છેજ ભોમ.
તું ટાળ અંતર પડી વિષયા અભિલાસ,
કાલાગ્નીએ સકલ વસ્તુ થશે જ રાખ....૬

નાઠો ફરે વિટલ વૈષ્ણવ વેશધારી.
સાચે મને નવ સમર્યો નિમિષે મુરારી,

ચાવ્યા જઇ ટળવળી નર તુંજ દાતા,
પામ્યો નહીં અટળ એક ભાવિ વિધાતા....૭

આશા સુગંધી નીકળે વિષ પાર વિંદે,
રે તું સદા મર શીદ ફરે સુમંદે.
જો તું રહીશ શઠ તું જગત પ્રમાથી,
તાણી જશે તરત દુર્મંદ કાલ હાથી....૮

શાને ફરે ભ્રમર પંકજ વાસ લેવા,
પેસીસ મા કમલ મધ્ય પરાગ ગ્રેવા.
સંકોચશે સહજમાં તવ શું કરીશ,
એને વિષે અધમ આકુલ થઇ મરીશ....૯

મોટા મનુષ્ય મનની ગતિ કોણ જાણે,
વીંટી વળ્યો ચઉદ લોક સમસ્ત તાણે.
જેણે કર્યો વશ મહા મન હસ્તિ તેહ,
બીજા વળી સરવ શુકર તૂલ્ય દેહ....૧૦

સંસાર માંસ મન મીન ચતાક ખાવા,
ઉભા રહ્યા અધમ ઉપર વ્યાધિ સાવા,
સ્હાશે યદા વદન આંકડીયે ભરાશે,
તારો પછી તરફડી રડી જીવ જાશે....૧૧

સંસાર પારધી તણી ગૃહ ગંધ વાગે,
રે રે કુરંગ મન મોહિત શીદ લાગે.
કાલે તુંને કપટ ફંદ રચ્યો ન જાણે,
સંભાળ રે તુજને તે યમ બાણ તાણે....૧૨

શાને પડે મદ ભર્યા મન મત્ત હાથી.
જોરે રચ્યો વિષય ગર્તજ કાલ ભાથી,
એમાં પડયો ખડભડીશ મરીશ બાવા.
ઉભા રહ્યા અધમ ઉપર બાંધી સાવા...૧૩

શોભાયમાન નિજ નારી તણે જ રંગ,
રાચ્યો સ્વરૂપ વીસરેથી પડીશ સંગ,
સ્નેહે ફરી યુગલ પક્ષ થશે જ બંધ.
મોટી મમત્વ જંજાળ બળીશ અંધ....૧૪

તારે શિરે રીપુ ઘણા યમદ્રુત જેવા,
નાની નિમિત કરી છે પટુ જીવ લેવા.
સુતો નિશ્ચિંત થઇ શીઘ્ર સંભાળ કાજ,
જો રાખશે શરણુ વત્સલ રામ રાજ....૧૫

જાતાં જણાય નહિ સાંજ સવાર વાળી,
તેના જ તે દિવસ રાત્રી રહ્યો નિહાળી.
ધંધે ગયો દિવસ રાત્રી વિષે જ સુતો,
પાછો ફરી કરમ કર્દમમાં જ ખુત્યો....૧૬

નાના વિલાસ કરી નિર્ગમીયો જ કાલ,
સંભારિયો ન સ્વપ્ને પણ નંદલાલ.
કષ્ટે કરી કપટિ કુત્સિત કાં છલાવો,
મનુષ્ય જન્મ મણી હાથ થકી ગુમાવો....૧૭

શાર્દુલવિક્રીડિત છંદ

રે રે પક્ષિ શરીર પંજર પડયો ઉચ્છિષ્ટ ખાતો ફરે
કર્માધીન કઠોર કૃપણુ જપજે શો સ્હોર બીજો કરે,

ઓ દિસે યમદુત દુર્ભર મહા માર્જાર મારી જશે.
અજ્ઞાને કરી ઓળખ્યા નવ હરિ શી પેર તારી થશે.....૧૮

ઉપજાતિ છંદ

વિવેક વૈરાગ્ય રસે ભરી છે, યત્નેથિ વૈરાગ્ય લતા કરી છે.
રત્નેશ્વરે ઇશ્વરને જ ગાવા. ત્રીજો કહ્યો ગુચ્છ સમગ્ર થાવા.....૧૯

ઇતિ શ્રી વૈરાગ્ય લતાયાં તૃતિયઃ સ્તબકઃ

અથ વૈરાગ્ય દીપકઃ પ્રારભ્યતે.

માલિની છંદ

નરતરૂ હરિ કીધી વિશ્વવાડી વિલાશી,
ફલ સુકુસુમ ચુંટે ચાલવે કાલ માલી.
તરૂવર હરિકેરાં કો ફલે કોય ફુલે,
નિરમિત વશ કરે ત્યાં ઓગળે કોય હુલે....૧

વિષમ તિમીર મોટું સર્વ કોને ભમાવે,
ભરમિત નર ભુલા તત્વ દ્દષ્ટે ન આવે.
મલિન મનુષ મૂકી ચીરને ચર્મ ચુંથે,
મનુષ્ય જનમ પામી કાં પડયા કર્મ કુથે.....૨

અધરમ કરી કોને લેખવે કાં ન લેખે,
ગુપત ગણી કરે છે, દેખાતા રોજ દેખે.
તરૂણી ભણી જે વાહ્યા નેટ તે માંસ પોઠયો,
ભવ તરી નથી જાવું દીસતો સંગ ખોટો.....૩

મનમથ શઠ મોટો સર્વદા ચોર જાઠો,
ધરમ પંથ પળંતાં લોકની વાટ લુંટે,
ભવકૃત ભય જાવા એક મોટો ઉપાય.
સકલકૃત સમર્પી સેવ વૈકુંઠરાય..... ૪

સ્મર નર લપટાશે આજ કે કાલ કાયા,
જલ બુદ બુદ જાયા માંડ માયા ભરાયા.
જનમ મરણ મોટી તાહરે પાગ બેડી,
યતન સહીત ઝાલે કાલ રૂપો અહેડી..... ૫

મનુષ્ય જનમ પામી કે' કશું કામ કીધું.
સકલ સુકૃત હારે બુડતો કર્મ ભારે.
પ્રથમ જનક તારા પારણે બાળ ઝૂલ્યા,
તનુ ધનમન ભુલા યૌવને ફોક ફુલ્યા..... ૬

અનુક્રમે અટવાયા તે જરા મર્ણ પામી,
સમજ ત્યમ તું પડયો છે હાથ મારે હરામી.
કરમ ભુવન ઓથે ઓ રહ્યો કાળ પાપી,
નિરખ નિકટ આવે નાખશે કંઠ કાપી..... ૭

વિષમ વિષય ભક્ષી ઉડશે જીવ પક્ષી,
ભજન તરૂ ફળ્યો છે સત્ય વાડી વળ્યો છે.... ૮

× × × ×

મુરખ મુખ નિહાળો શું સમારે સ્વરૂપ,
ગરવ મકર યંત્રી યંત્ર દેખી અનુપ.

શઠ તું શિથીલ થાશે રોગમાં ગોઠવાશે,
શુભ સ્વર પલટાશે તાહરૂં માન જાશે.... ૯

તનું ધન મદ માતા અંગના રંગ રાતા,
વિષય પથ પલાતા પામરા પાન ખાતા.
વિપત્ત વશ પડાશે કોય આવે ન પાસે,
ક્ષયવત તનુ જાશે જો પડયા પુંઠ ખાશે....૧૦

ગરવિત ચડી ઘોડે કાં રહ્યો મુછ મોડે,
કપટિ દિવસ થોડે ઓ પડયો કાલ ઓઠે.
કટિની ગતિ ભંગ રૂંધશે રોગ અંગ,
પલિત ગલિત રંગ ભાગિ જાશે ભુજંગ....૧૧

ભવસર અતિ મોટું તોય કો દિન ખુટે,
જલ બુદ બુદ ઝાઝા ઉપજે સધ ફૂટે.
ઝળકીત મલકંતા માંહે માંહે મલંતા,
જનમ મરણ મોટા વાયુ વાટે ટલંતા....૧૨

નિશદીન ભવ મધ્યે શ્યામને શ્વેત ચોર,
અનુચર અતિ તેના સાતશે વીશ ઘોર,
સપત ગઢ વિદારી રત્ન આયુષ્ય ચોરે.
અધિપતિ અતિ માયા મુઢ આધિન ઘોરે,....૧૩

વસંતતિલિકા છંદ

કામાદિ શકિત નિતરાં મન નાશકારી;
જેમાં ચતુર્દશ કવિત કર્યાં વિચારી,

વૈરાગ્ય દિપક વિષે મનનો વિલાસ,
રત્નેશ્વરે રચીત એ પ્રથમ પ્રકાશ....૧૪

ઇતિશ્રી વૈરાગ્ય દીપકે પ્રથમઃ પ્રકાશ.

રથો હૂતા છંદ

કર્મ મુલ નરનો (અ) વતારતા, કલ્પવૃક્ષ પ્રગટયો વિચારતાં.
મધ્ય જેહ સત શાખ શોભતી, બાર બાર લઘુ શાખ લોભતી....૧

પત્ર ઉત્તમ અનુપ જેહને, ભકિત મુકિત ફલ બેહુ તેહને.
એક પત્ર સિત સૌમ્ય વ્યકત છે. મધ્ય નીલ સપવિત્ર રકત છે....૨

નીલ પત્ર એક કાલ ભાંજતો, કો સમે કલ્પવૃક્ષ ગાંજતો,
પુષ્પ સર્વથી પરાગ ચાખરે, જીવ પક્ષી ફલ ભક્ષ રાખરે....૩

કો નથી શઠ કુટુંબ અર્થનું, સર્વ કો સુખ સગું છે ગર્થનું,
પૂર્વ જન્મથી કૃત ભોગ દોષતા, પ્રીતી વૈર સહુ કોઇ પોષતા....૪

ઉંચ નીચ નહીં ઇશ્વરે કર્યાં, સર્વ આપ અભિમાનનું ભર્યાં.
જો ન હોત અભિમાન બેડતા. કોણ નીચ અવતાર વેઠતા....૫

દુષ્ટ ગોષ્ઠી ગમતી વિષે રહ્યો, સ્ત્રી સમાગમ સુખે કરી ગ્રહ્યો,
સુંદરી વચન વારિમાં વહ્યો, માટે નાથજી ન તેં કદા લહ્યો....૬

મુંઢ ગુઢ વિષયો વિષે ગયો, શાસ્ત્રથી અધમ અર્થ શોધવો,
એક આતમ પણું વિચારજે, વાધતી તું મદવૃત્તિ વારજે....૭

કાલ બાજ શિર ઉપરે ફરે, જાણતો થઇ અધર્મ કાંકરે,
હાથ દીપ ધરી કુપ કાં પડે, રત્નવિક્રય વરાટિકા વડે....૮

મુકી મોટમ મનુષ્ય ચાતુરી, આણ અંત હરિ ભકિત આવરી,
શું થયું સકળ લોક માણતા, માઘ સુકૃત સમુહ જાણતા....૯

કાચ કંકણ સમાન એહનું, કાં કરે તું અભિમાન તેહનું,
આજકાલ અધુનાજ ભાગશે, જીવ જોત નિજ ઠામ લાગશે....૧૦

તેડશે ધરમરાજ તેહને, કોણ રક્ષણ કરે છે દેહને,
એક મધ્ય પદ એક ઉંમરે, એમ જો જગત ઝાંખતાં મરે....૧૧

ઘેર વાજી કાજરાજ ગાજતા, સંપદા સકલરૂપ રાજતા,
જે જહાં વિષય તે તહાં રાહ્યા, તેહ દેહ તજી દેખતાં ગયા....૧૨

જેહનું યતન કૃષ્ણજી કરે, તેહને કવણ હેરતો હરે,
તું થકી અધમ અર્થ શો સરે, ધૂમ બાચકા અવિચારી કાં ભરે....૧૩

જેટલું નિમિત તાહરૂં હશે, તે કદાપિ નવ કોયનું થશે,
અન્યનું અલપ તાહરૂં નથી, ખેદ ટાળી ખળ જો વેદ કહે કથી....૧૪

શાર્દૂલ વિક્રીડીત છંદ

શાને તું અદભુત ભીતી મનમાં આણે રીપુ રાયની,
ચિંતા શી શઠ કાળની અધમ જો આશા નથી આજની.
તું કે તે મરશે કે બુદ્ધિ ફરશે, સંયોગ ભાંગી જશે,
ચિંતા પર્ણકુટી તે પાધરિ પડી વંટોળ ઉડી જશે....૧૫

વસંતતિલકા છંદ

દુર્ભાગ્ય ભાજન સનાતન સ્નેહ સાધ્યો,
વૈરાગ્ય દિપક સુસંગતિ વૃત બાંધ્યો.
સંસાર મંદિર વિમોહ થશે વિનાશ,
રત્નેશ્વરે રચિત એ દ્વિતીય પ્રકાશ....૧૬

ઇતિ શ્રી વૈરાગ્ય દીપકે દ્વિતીય પ્રકાશ.

પ્રમિતાક્ષરા છંદ

યુગ કોટિ જીવ તુજને થયા, મદ મોહ મત્સર ભર્યા ગયા,
સાર શો વળ્યો સકલ લોક વિષે, નવ તૃપ્તચિત્ત થયું તો નિમિષે....૧

અવતાર લીધા બહુ આ સંસારમાં, પશુ પક્ષિ કીટ નરકી નરમાં
બહુ વાર સ્વર્ગ સુખમાં વિલસ્યો, તદપી ન અર્થ શાધ્યો તેં કશો....૨

કંઈ કાલ રંક નર છત્રપતિ, ગજરાજ વાજિ સુખ નારિ રતી,
સુખ ભોગવ્યું સુકૃત શીશ સાટે, દુઃખ ભોગવ્યું દુકૃત દેહ વાટે....૩

જઠરાગ્નિ યે જઠર જોર દમ્યો, બહુ મેરૂ તુલ્ય અતિ ભક્ષ જમ્યો,
જલ સપ્ત સાગર સમાન ચક્યો, નહિ તોયે ભડ જઠરાગ્નિ શમ્યો....૪

અભિમાન સુક ધન મંદિરનું, ત્યજી માન ધ્યાન ધરતું હરિનું,
વિલપે જશે સુખ સમુદ્ર સહી, નૃપ સંપદા નવ કદાપી રહી....૫

કંઇ કાલ તું સુત થયો ને પીતા, ફરિ તેહનું જનક એમ થતા,
કંઈ કાલ સેજ સુખ સંગમતા કંઇ કાલ દેહ દુઃખ રૂપ ચિતા....૬

કંઇ કાલ અમૃત અહાર ગળ્યા, કંઈ કાલ રૂક્ષ રસહીન મલ્યા,
સુકુમાર યંત્ર નવ હાર સહ્યો, કંઇ કાલ તેહ શીર ભાર વહ્યો....૭

કંઈ કાલ અંબર અનુપ ધર્યો, કંઇ કાલ જીર્ણ બહુ ખંડ ભર્યો,
કંઇ કાલ તિક્ષણ તુરંગ પળ્યો, કંઇ કાલ પાદતલથી તું ચળ્યો....૮

બહુ વાર દુઃખ સુખ ત્યાં પ્રગટી, અવતાર કુપ ન રહંત ઘટી,
અધ ઉર્ધ્વ લોક ભવમાં ભટક્યોં કહી કાલમાલ બળથી ન ટક્યો....૯

શઠ શું કરે તું તરૂણ તરૂણી, ધરૂણી વિકાર મલની ઝરણી,
મનુજા અવતાર કરવી કરણી, હરિ ભકિત મુકિત પદવી શરણી....૧૦

કંઇ કાળ ભુષણ સુવસ્ત્ર ધરી, સુતનો વિવાહ મન હર્ષ ભરી,
કંઇ કાળ નેત્ર જલની વહી, તુજને રડે તનય તાત કહી...૧૧

સુખ ભોગવે રહસિ રત્ન વસી, કંઇ કાળ નારી નરસુ વિલસી,
કંઇ કાળ ભગ્નરથ ભૂમિ પડી, કહે દૈવ દૈવ દુઃખમાંહી રડી....૧૨

કંઇં કાળ શાંતિક પ્રિયા પરણી, કંઇ કાળ સુતક ક્રિયા કરણી,
ઇમ હર્ષ શોક નરને નિરમ્યા, પણ કોણ દુસ્તર ભવે વિરમ્યા....૧૩

વસંતતિલકા છંદ

અજ્ઞાન આચરિત વસ્તુ વિલાસકારી,
જેમાં ગયો દશ કવિત કર્યાં વિચારી.
વૈરાગ્ય દીપક વિષે મનનો વિલાસી,
રત્નેશ્વરે રચિત એ તૃતીય પ્રકાશ...........૧૪

વસંતિલકા છંદ

સંસાર માંહ્ય દરિયે કરી મૃત્યુ ઘાણી,
પીલાય તે વિચ પડયા લઘુ દીર્ઘ પ્રાણી.
જે રૂડ નિમિત્ત ધરિ અંતક આપ હાકે,
તે તાણુતે વૃષભ કાલ કૂપમે ન થાકે.... ૧

સંહારકારિ હરિ વિશ્વ સમસ્ત નાંખે,
જે વાતમાં અધમ ઉત્તમને ન સાંખે.
પીલાય કોઇ કોઇ ને સ્થિત હાથ ઝાલી,
ઊભા અજાણ જન કોપર દૃષ્ટિ ઘાલી.... ૨

સંસાર રૂપ તરુ જીવ ફલે ભર્યો છે.
કૃષ્ણે જ કાલ રખવાળ કરી ધર્યો છે.

કોયેક મોર ફળ ફુલ રસે જડંતાં,
કો ત્યાં અપકવ વળી પકવ થઇ પડંતાં.... ૩

જે બાલને મલિન કાલ હરે સ્વજોતાં,
દેખી વિટંબ રહે સર્વ કુટુંબ રોતાં.
મોટી કુટુંબમય શંખલ કંઠ બાંધી,
મર્યાદરૂપ બહુ સ્થંભ સમી જ સાંધી... ૪

જો આ રહ્યો જગતને દુઃખ દેવ દે છે,
પાસે પડયા જન ઘણા ઘણુ માર સ્હે છે.
સુપ્રેમિ વિશ્વજન પુત્ર કલત્ર કહાવે,
જેના વિયોગથી જનને નહીં અન્ન ભાવે... ૫

તેનો યદા મરણકાલ વિયોગ હોય,
તે ટાળવા જગતમાં ન સમર્થ કોય.
જે સાથ હાથ કરી લોચન લોલ જોડે.
દેહાભિમાની વશ આળસ અંગ મોડે.... ૬

એ સર્વ તો દિવસ ચાર તણું જ જોણું,
દેખી શકાય દિન રાતતણું વગોણું.... ૭

આશ્ચર્ય ચક્ર અહીં કાલ તણું ફરે છે,
સંસારી સર્વ જન નાશ સદા કરે છે.
તેણે અપાર સુખ દુઃખ સમારી ધાર,
વીરા ફરી ફરી કરે નહિ તું વિચાર.... ૮

કાયા કુટુંબ ધન અંબર સાર જાયા,
પુત્રો તુરંગ ગજ મંદિર સર્વ માયા.

એ સર્વ શલગિ જયાં લગિ તું જીવે;
જો અંધને કવણુ કાજ પ્રકાશ દીવે.... ૯

સિંધુ નદી નગર મંદિર મેરુદ્યાન.
એ સર્વ તારાં નથી અણું માત્ર માન.
પોતાતણું જહીં લગી વચને જ આંકે,
જો નેત્રની પલક પર્વત પ્રૌઢ ઢાંકે....૧૦

કાયા સ્વરૂપ મહા કુંજર સત્ય ભાખે,
તે હસ્તિને કરમ માવત હાથ રાખે.
અંબાડિયે અખિલ ઇશ્વર આપ બેઠો,
ક્રીડા કરે નર વપુ ઘટ મધ્ય પેઠો....૧૧

માયા તે જાણુ મન કૂટીલ કુરંગ કાયા,
જાપાદિ દાવ મદ લોભ સવાન લાયા.
સંસાર રૂપ મહા પારધિ પુંઠ ધાયા,
ફાલે ફલાંલ કર જઇશ કો સમા એક....૧૨

શાર્દૂલવિક્રીડિત છંદ

નાના બાળક અન્ન અન્ન કરતાં ખાતા ન ધાતી કયમે,
ભુખ્યા ભોગ તણા રમત રસમાં કાલે ગ્રસાતા ગયા.
કાલે ભક્ષ કર્યા મહામદ ભર્યો હું હું કરંતાં હર્યા.
જેવા મુષક યુદ્ધ મધ્ય રમતા માર્જર મારે યથા....૧૩

વસંતતિલકા છંદ

સંસાર પર્વત પરાભવ ભુરિ ભંગ,
કીધાં કવિત્ત દશ ચાર સુ ભકિત રંગ....૧૪

રત્નેશ્વરે અખિલ અંતર્યામી અંગ,
વૈરાગ્ય સાગર વિષે પ્રથમ સ્તરંગ.
ઇતિ શ્રી વૈરાગ્ય સાગરે પ્રથમ સ્તરંગ,
(આત્મવિચાર ચંદ્રોદય સંપૂર્ણ.)

ભજન સંગ્રહ

નરસિંહ મહેતા

●

રાગ ખમાજ—ધુમાળી

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સૌને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન ઝાલે નવ હાથ રે.
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે.

રાગ ખમાજ—ધુમાળી

ભૂતળ ભકિત પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે.
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અને ચોર્યાસી માંહીં રે,

હરિના જન તે મુકિત ન માગે, માગે જનમોજનમ અવતાર રે,
નિજ સેવા નિત કીર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.

ભરતખંડ ભૂતળમાં જન્મી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે,
ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે.

ધન વૃન્દાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે,
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુકિત છે એમની દાસી રે.

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકજોગી રે,
કાંઇ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈયો ભોગી રે.

રાગ આસા માંડ—ઝપતાલ

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું;
શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે....૧

પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે....૨

વેદ તો એમ વદે શ્રુતિસ્મૃતિ સાખ દે.
કનક કુંડલ વિષે ભેદ ન્હોયે,
ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જૂજવાં.
અંતે તો હેમનું હેમ હોયે....૩

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરે એ જ પાસે.
ભણે નરસૈયો એ મન તણી શોધના,
પ્રીત કરૂં પ્રેમથી પ્રકટ થાશે....૪

રાગ આશા–માંડ ઝપતાલ

જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહિ.
ત્યાં લગી સાધના સર્વ જૂઠી,
મનુષ્ય દેહ તાહરો એમ એળે ગયો.
માવઠાની જેમ વૃષ્ટિ જૂઠી....૧

શું થયું સ્નાન પૂજા ને સેવા થકી,
શું થયું દીનને દાન દીધે,
શું થયું ધરી જટા ભસ્મલેપન કર્યે,
શું થયું વાળ લોચન કીધે....૨

શું થયું તપ ને તીરથ કીધા થકી.
શું થયું માળ ગ્રહી નામ લીધે,
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી.
શું થયું ગંગજલ પાન કીધે....૩

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે,
શું થયું રાગ ને રંગ જાણ્યે.
શું થયું ખટ દરશન દેખ્યા થકી,
શું થયું વરણના ભેદ જાણ્યે....૪

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા.
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈંયો કે તત્વદર્શન વિના.
રત્ન ચિંતામણિ જન્મ ખોયો....૫

રાગ આસા માંડ–ઝપતાલ

જે ગમે જગતગુરુ દેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો,
આપણો ચિંતવ્યો અર્થ કાંઇ નવ સરે
ઉગરે એક ઉદ્વેગ ધરવો....૧

હું કરું હું કરું એજ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે
જોગી જોગેશ્વરા કોક જાણે....૨

નીપજે નરથી તો કોઇ ન રહે દુઃખી
શત્રુ મારી સૌ મિત્ર રાખે
રાય ને રંક કોઇ દ્રષ્ટે આવે નહિ
ભવન પર ભવન પર છત્ર દાખે....૩

ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે
જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું
તેહને તે સમે તે જ પ્હોંચે....૪

ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી
જેહને જે ગમે તેને પૂજે
મન કર્મ વચનથી આપ માની લહે
સત્ય છે એ જ મન એમ સૂઝે....૫

સુખ સંસારી મિથ્યા કરી માનજો
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે
જન્મ પ્રતિજન્મ હરિ ને જ જાચું ..૬

રાગ આસા માંડ–ઝપતાલ

જાગીને જોઉં તો જગત દીસે નહિ
ઊંઘમાં અટપટા ભોગ ભાસે
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે....૧

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઉપજ્યાં
અણુ અણુ માંહી રહ્યાં રે વળગી
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં
થડથકી ડાળ તે નહિ રે અળગી....૨

વેદ તો એમ વદે શ્રૂતિ સ્મૃતિ સાખ દે
કનક કુંડળ વિષે ભેદ ન્હોયે
ઘાટ ઘડયા પછી નામ રૂપ જૂજવાં
અંતે તો હેમનું હેમ હોયે....૩

જીવ ને શિવ તો આપ ઇચ્છાએ થયા
રચી પરપંચ ચૌદ લોક કીધા
ભણે નરસૈંયો એ, તે જ તું તે જ તું
એને સમર્યાથી કંઇ સંત સીધ્યા....૪

રાગ આસા માંડ–તાલ ઝપતાલ

પ્રેમ રસ પા ને તું મોરના પિચ્છધર
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે
દૂબળા ઢોરનું કુશકે મન ચળે
ચતુરધા મુકિત તે તો ન માગે...૧

પ્રેમની વાત પરિક્ષિત પ્રીછયો નહીં
શુકજીએ સમજીને રસ સંતાડયો
જ્ઞાન વૈરાગ્ય કરી ગ્રન્થ પૂરો કર્યો
મુકિતનો માર્ગ સુધો દેખાડયો....૨

મારીને મુકિત આપી ઘણા દૈત્યને
જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જોગી
પ્રેમ ને જોગ તો વ્રજ તણી ગોપિકા
અવર વિરલા કોઇ ભકત ભોગી....૩

પ્રેમને મુકિત તો પરમ વલ્લભ સદા
હેતુના જીવ તે હેતુ મુઠે
જન્મોજન્મ લીલારસ ગાવતાં
લ્હાણનાં લ્હાણ જેમ દ્વાર છૂટે...૪

મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવા તણો
અવર બીજું કાંઈએ ન ભાવે
નરસૈંયો મહામતિ ગાય છે ગુણ કથી
જતિ સતીને તો સ્વપ્ને ન આવે....૫

રાગ : આસા માંડ–તાલ : ઝપતાલ

નિરખ ને ગગનમાં, કોણ ઘૂમી રહ્યો
તે જ હું તે જ હું શબ્દ બોલે
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે
અહિંયાં કોઇ નથી કૃષ્ણ તોલે.....૧.

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી
અનંત ઓચ્છવમાં પંથ ભૂલી
જડ ને ચેતન રસ કરી જાણવો
પકડી પ્રેમે સંજીવન મૂળી....૨.

જળહળ જ્યોત ઉદ્યાન રવિ કોટમાં
હેમની કોર જ્યાં નીસરે તોલે
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે
સોનાનાં પારણાં માંહે ઝૂલે...૩.

બત્તિ વિણુ તેલ વિણુ સૂત્ત વિણુ જો વળી
અચળ ઝળકે સદા અનળ દીવો
નેત્ર વિણુ નિરખવો રૂપ વિણુ પરખવો
વણ જીભ્હાએ રસ સરસ પીવો.....૪.

અકળ અવિનાશી એ નવ જાએ કળ્યો
અરધ ઉરધની માંહે મહાલે
નરસંયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો
પ્રેમનાં તંતમાં સંત ઝાલે....૫.

રાગ આસા માંડ–તાલ ઝપતાલ

બાપજી પાપ મેં કવણુ કીધાં હશે,
નામ લેતાં તારૂં નિદ્રા આવે.
ઉંઘ આલસ્ય આહાર મેં આદર્યાં
લાભ વિના લવ કરવી ન ભાવે. ....૧.

દિન પુઠે દિન તો વહી જાય છે,
દુર્મતિનાં મેં ભર્યાં રે ડાલાં.
ભકિત ભૂતળ વિષે નવ કરી તાહરી,
ખાંડયાં સંસારનાં થોથાં ઠાલાં. ... ૨.

દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં,
ભીડભંજન તારું નામ સાચું.
ફરી ફરી વરણવું શ્રી હરિ તુજને,
પતિતપાવન તારું નામ જાચું. ....૩.

તારી કરૂણા વિના કૃષ્ણ કોડામણા,
કળ અને અકળનું બળ ન ફાવે.
નરસૈંયા રંકને, જંખના તાહરી,
હેડ બેડી ભાગો શરણ આવે. ....૪.

રાગ આસા માંડ–તાલ ઝપતાલ

રાત રહે જાહરે, પાછલી ખટ ઘડી,
સાધુ પુરુષને સૂઇ ન રહેવું.
નિદ્રાને પરહરિ સમરવા શ્રીહરિ,
એક તું એક તું એમ કહેવું.....૧

જોગિયા હોય તેણે જોગ સંભારવા,
ભોગીઆ હોય તેણે ભોગ ત્યજવા.
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા....૨

સુકવિ હોય તેણે સદ્‌ગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું.
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તેહ તો ચિત્ત ધરવું.....૩

આપણે આપણો ધર્મ સંભાળવો,
કર્મનો મર્મ લેવો વિચારી.
નરસૈંયાના સ્વામીને સ્નેહથી સમરતાં
ફરી નવ અવતરે નર ને નારી.....૪

આસા–માંડ, ઝપતાલ

ધ્યાન ધર હરિતણું અલ્પમતિ આળસુ,
જે થકી જન્મનાં દુઃખ જાયે.
અવર ધંધો કર્યે અરથ કંઇ નવ સરે,
માયા દેખાડીને મૃત્યુ વ્હાયે....ધ્યાન૦

સકળ કલ્યાણ શ્રીકૃષ્ણનાં ચરણમાં,
શરણ આવે સુખ પાર ન્હોયે.
અવર વેપાર તું મેલ્ય મિથ્યા કરી,
કૃષ્ણનું નામ તું રાખ મ્હોંએ.....ધ્યાન૦

પટક માયા પરી અટક ચરણે હરિ,
વટકમાં વાત સૂણતાં જ સાચી.
આશનું ભવન આકાશ સુધી રચ્યું,
મૂઢ એ મૂળથી ભીંત કાચી.....ધ્યાન૦

સરસ ગુણ હરિતણા જે જનો અનુસર્યા.
તે તણા સુજશ તો જગત બોલે.
નરસૈંયા રંકને પ્રીત પ્રભુ શું ઘણી,
અવર વેપાર નહિ ભજન તોલે.....ધ્યાન૦

રાગ ખમાજ કાફી–તાલ ધુમાળી

તું તારા બીરદ સામું જોજે શામળા,
ન જોઈશ કરણી અમારી રે. ટેક૦

હિરણ્યકશિપુને હાથે રે હણીયો,
માસી પુતના મારી રે.
પ્રહ્‌લાદ કારણ સ્તંભમાં વસીઆ,
પ્રગટયા દેવ મુરારિ રે.....૧

લાક્ષાગૃહમાં જેમ પાંડવ ઉગાર્યા,
બ્રહ્માંડ જ્વાલા વ્યાપી રે.

અધ' વચને ગજ ગણિકા તારી,
જયદેવને પદ્મિની આપી રે....૨
દુષ્ટ સભામાં જેમ ચીર જ પૂર્યાં,
લાજ પાંચાલીની પાળી રે.
તેલકઢા જેમ શીતળ કીધી,
વેળા સુધન્વાની વાળી રે.....૩
ઋષિશ્વર જેમ અહલ્યા શાપી,
બ્રહ્મશલ્યા થઇ ભારી રે.
તે પણ તારે ચરણે રઘુવર,
થઇ અનુપમ નારી રે.....૪
મીરાંબાઈનાં વિખ અમૃત કીધાં,
વિદુરની આરોગ્યા ભાજી રે.
શબરીનાં તમે બોર જ પ્રાશ્યાં,
તેની પ્રીતે થયા રાજી રે.....૫
અનેક ભક્ત આગે ઉગાર્યા,
સહાય થયા મુરારિ રે.
નરસૈંયાના સ્વામી લક્ષ્મીવર,
મોટી ઓથ તમારી રે.....૬

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનમાં કોણ જાશે;
ત્રણસેંને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડેરે ગોવાળિયો કોણ થાશે.
દહિતણાં દૈથરાં ઘીતણાં ઘેબરાં, કઢિયલાં દૂધ તે કોણ પીશે;
હરિ તાર્યો હાથિયો કાલીનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કુણ લેશે.

જમનાને તીરે ગૌધેન ચરાવતાં, મધુરીશી મોરલી કુણ વાશે;
ભણે નરસૈંયો તારા ગુણ ગાઇ રીઝિયો, બુડતી બાંહોડી કુણ સહાસે.

સમર ને શ્રીહરિ મેલ્ય મમતા પરી, જોને વિચારીને મૂળ તારૂં;
તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો, વગર સમજે કહે મહારૂ મહારૂં.
દેહ તારી નથી જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધી તજી નવ નવી બહુ થાશે, પુત્ર કલત્ર પરીવાર વ્હાએ.
ધનતણું ધ્યાન તું અહોનીશ આદરે, એ જ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા તેને નવ પરખીયો, હાથથી બાજી ગઇ થયો રે ખોટી.
ભરનિદ્રા ભર્યો રોંધી ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં ન જાગે;
ન જાગતાં નરસૈંયો લાજ છે અતિઘણી, જન્મોજન્મ તારી ખાંત ભાગે.

કૃષ્ણ કીરતન વિના નર સદા સુતકી, વિમળ કીધે વપુ શુધ ન થાયે;
સકળ તિરથ શ્રીકૃષ્ણ કીરતન કથા, હરિતણા દાસ જ્યાં હેતે ગાયે.
પુર્ણ પુરૂષોત્તમ નવલ રંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે;
કોટી ચિંતામણી કામ ધેનુ તજી, મહીશીના પુત્રનું દૂધ દોહે.
ગર્ગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે,
તે બ્રહ્મ દ્વાર આવીને ઊભા રહ્યા, ગોપિકા મુખ જોવાને ઢુકે.
અજ ભવસુર પતિ સ્વપ્ન પેખે નહીં, નેતી નેતી કહી નિગમ વામે;
નરસૈંયો રંક જશ ગાઇને રીઝવે, સહસ્ર મુખે શેષ પાર ન પામે.

હરિ હરિ રટણ કર કઠણ કળિ કાળમાં, દામ બેસે નહીં કાળ સરશે;
ભકત આધીન છે. શામ સુંદર સદા, તે તારાં કારજ સિધ્ધ કરશે.
અલ્પ સુખ સારૂ શું મુઢ ફુલ્યો ફરે, શીશપર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની ખબર તુજને નહી, મુઢ શું જોઇને મૂછ મરડે.
પ્રૌઢ પાપે કરી બુધ્ધિ પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
ઇશને ઇરશા છે નહિ જીવ પર, આપણે અવગુણે રહ્યો રે અળગો.
પરપંચ પરહરો સાર રૂદીએ ધરો, ઉચ્ચરો હરિ મુખે અચળ વાણી.
નરસૈંયા હરિ તણી ભકિત ભુલીશ માં, ભકિત વિના બીજું ધૂળધાણી;

પઢોરે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસેરે બંધાવી પોપટ પાંજરું, મુખે રામ જપાવે.
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું,
તેનુંરે ઘડાવું પોપટ પાંજરું, હીરા રતને જડાવું.
પોપટ તારે કારણે, શી શી રસોઇઓ બનાવું;
સાકરનાં કરિ ચુરમાં, ઉપર ઘી પીરસાવું.
પાંખ પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો;
નરસઇના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો.

કોણ એ સમાનાં કામની, દત્ત ફળિયેલ રામા;
દ્રોપદિની લજ્જા રાખવા, હરી ઉભા છે સામા.
વાલોજી ગયાતા રે વાડીયે, સરવે સુંદરિ સાથે
શેલડીનો સાંઠો છોલતાં, છરિ બેઠી છે હાથે.

માનીતી મંદીર પધારિયા ચીંથરડીરે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરીયું, હરિને પાટો બંધેવા.
ત્રીકમે તેના તાંતણા, લખી રાખ્યા છે લેખે;
નવશે નવાણું ચીર પુરીયાં, સઘળી સભા તે દેખે.
ગરૂડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભકત ઉદ્ધારણ ભુધરો મહેતા નરસઇનો સ્વામી.

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. ૧
નળરાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી,
અડધે વસ્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. ૨
પાંચ પાંડવ સરખા બાંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નઇણે નિદ્રા ન આણી. ૩
સીતાજી સરખી સતી નહીં, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. ૪
રાવણ સરખો રાજીયો મંદોદરી રાણી,
દશ મસ્તક છેંદાઈ ગયાં, બધી લંકા લુંટાણી. ૫
હરિશ્ચંદ્રરાય સત્યવાદીયો, તારાલોચની રાણી,
તેને વિપત પડી ઘણી, ભરીયાં નીચ ઘેર પાણી. ...૬
સગાળશા શેઠ વહેવારીયો, ચંપાવતી રાણી;
કુંવર કેલઇયો વધેરીયો, નઇણે નાણ્યાં પાણી. ૭
શિવજી સરખા સતા નહીં, જેને પારવતી રાણી,
ભોળવાયા ભીલડી થકી, તપમાં ખામી ગણાણી. ૮

હનુમાન સરખો મહાજતી, જેને વજ્જર કછોટો;
જાણ્યું 'તું રાજ આપશે, આપ્યો તેલ કચોલો. ૯
દુઃખ પડયું સર્વ દેવને, સમર્યા અંતરજામી,
ભાવટ ભાંગી ભુધરે, મહેતા નરસૈંના સ્વામી. ...૧૦

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળ હત્યા લાગશે.
કહે રે બાળક તું મારગ ભુલ્યો, કે તારા વેરીએ વળાવીયો;
નિશ્ચે તારો કાળ જ ખુટયો, અહીંયાં તે શીદ આવીયો.
નથી નાગણ હું મારગ ભુલ્યો, નથી મારા વેરીએ વળાવીયો;
મથુરાં નગરીમાં જુગટું રમતાં, નાગનું શિષ હું હારિયો.
રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલાક જન્મ્યા, તેમાં તું અળખામણો ?
મારી માતાએ બેહુ જનમ્યા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.
લાખ સવાનો મારો હાર આપુ, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો.
શું કરૂં નાગણ હાર તારો, શું કરું તારો દોરિયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીયો.
ચરણ ચાંપી મુછ મરડી, નાગણે નાગ જગાડીયો;
ઊઠોને બળવંત કોઈ, બારણે બાળક આવીયો.
બેઉ બળીયા બાથે વળીયા, કૃષ્ણે કાળિનાગ નાથીયો.
સહસ્ર ફેણે પુંકવે જેમ, ગગન ગાજે હાથિયો.

નાગણ શા વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાં નગરીમાં લઇ જશે પછી નાગનું શિષ કાપશે.
બેઉ કર જોડીને વીનવે સ્વામી, મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને,
થાળ ભરી શગ મોતીયે, શ્રીકૃષ્ણને રે વધાવિયો;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવીયો.

નારાયણનું નામ જ લેતાં વારે તેને તજિયે રે;
મનસા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજિયે રે.
કુળને તજીયે કુટુંબને તજીયે, તજીયે મા ને બાપરે;
ભગિની સુત દારાને તજીયે, જેમ તજે કંચુકી સાપ રે.
પ્રથમ પિતા પ્રલ્હાદે તજીયો, નવ તજીયું હરીનું નામ રે,
ભરત શતરૂઘને તજી જનેતા, નવ તજીયા શ્રીરામ રે.
ઋષી પત્ની શ્રીહરિને કાજે, તજીયા નિજ ભરથાર રે;
તેમાં તેનું કાંઇએ ન ગયું, પણ પામી પદારથ ચાર રે.
વ્રજ વનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજી વન ચાલી રે;
ભણે નરસઇયો વંદ્રાવનમાં તે સૌ મહાલી રે.

વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો, ત્યાં નવ વસીયે વાસડીયાં;
શ્વાસોશ્વાસે હરિ સ્મરણ ન કરે તો, શ્વાસ ધમણ કેરી શ્વાસડીયાં
જીભલડી જપ માળા ન જપે તો, જીભલડી નહીં ખાસડીયાં;
જનમ તેનો નહિ લેખામાં જે, ન કહેવાય હરિ દાસડીયાં,
મોહનજીની માયા પાખી, અવર માયા જેમ ફાંસડીયાં;
ભણે નરસઇયો ભારે મારિ, માવલડી દસ માસડીયાં.

મીરાં

રાગ આસા માંડ–તીન તાલ

જુનું તો થયું રે દેવળ જુનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જુનું થયું....ધ્રુવ.
તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે
પડી ગયા દાંત માંહલી રેખું તો રહી....મારો. ૧
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે
ઉડી ગયો હંસ પાંજર પડી તો રહ્યું....મારો. ૨
બાઇ મીરાં કહે છે પ્રભુ, ગિરધરના ગુણ વહાલા
પ્રેમનો પ્યાલો તમને પાઇને પીઉં....મારો. ૩

રાગ કાલિંગડા–દીપચંદી

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી, નહિ રે વિસારૂં હરિ....ધ્રુવ૦
જળ જમનાનાં પાણી રે ગ્યાંતાં
શિર પર મટકી ધરી....અંતરમાંથી. ૧
આવતાં ને જાતાં મારગ વચ્ચે
અમુલખ વસ્તુ જડી....અંતરમાંથી. ૨
આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં
ચરણ તમારે પડી....અંતરમાંથી. ૩
પીળાં પીતાંબર જરકસી જામા
કેસર આડ કરી....અંતરમાંથી. ૪

મોર મુગટ ને કાને રે કુંડળ
મુખ પર મોરલી ધરી...અંતરમાંથી. ૫
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ વહાલા
વિઠ્ઠલ વરને વરી...અંતરમાંથી. ૬

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે,
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.
મીરાંબાઇના મહેલમાં રે, હરિસંતનનો વાસ,
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ....ગોવિંદો.
રાણાજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ,
સાધુની સંગત છોડી દો, તમે વસોને અમારે સાથ....ગોવિંદો.
મીરાંબાઇ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ,
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ....ગોવિંદો.
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ,
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ....
ગોવિંદો.
સાંઢવાળા સાંઢ શણગારજે, જાવું સો સો કોસ દૂર,
રાણાજીના દેશમાં મારે જળ રે, પીવાનો દોષ....ગોવિંદો.
ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઇ પશ્ચિમ માંય,
સર્વ છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન ક્યાંય....ગોવિંદો.
મીરાં હરિની લાડકી રે, રહેતી સંત હજૂર,
સાધુ સંગાથે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર....ગોવિંદો.

રાગ કાફી–કૃત દીપચંદ

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા....ધ્રુવ
મુખડું મેં જોયું તારૂં, સર્વ જગ થયું ખારૂં
મન મારૂં રહ્યું ન્યારૂં રે....મોહન૦
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું
તેને તુચ્છ કરી ફરિયે રે...મોહન૦
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું
તેને ઘેર શીદ જઇએ રે....મોહન૦
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો
રાંડવાનો ભય ટાળ્યો રે....મોહન૦
મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી
હવે હું તો બડભાગી રે....મોહન

રાગ ઝંજોટી–તીન તાલ

બોલ માં બોલ માં બોલ માં રે
રાધાકૃષ્ણ વિના બીજું બોલ માં....ધ્રુવ.
સાકર શેરડીનો સ્વાદ તજીને
કડવો લિંબડો ઘોળ માં રે....૧
ચાંદા સૂરજનું તેજ તજીને
આગિયા સંગાથે પ્રીત જોડ માં રે....૨
હીરા માણેક ને ઝવેર તજીને
કથીર સંગાથે મણિ તોળ માં રે...૩
બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર
શરીર આપ્યું છે સમતોલમાં રે....૪

રાગ તોડી–તાલ તેવરા.

મન રે પરૌસ હરિ કે ચરન ॥
સુભગ સીતલ કમલ કોમલ ત્રિવિધ જ્વાલાહરન ।
જે ચરન પ્રહ્લાદ પરસે ઇન્દ્ર પદવી–ધરન ॥ ૧ ॥
જીન ચરન ધ્રુવ અટલ કીનો રાખી અપને સરન ।
જીન ચરન બ્રહ્માંડ ભેટ્યો નખશિખૌ શ્રીભરન ॥ ૨ ॥
જીન ચરન પ્રભુ પરસિ લીનો તરી ગૌતમ ઘરન ।
જીન ચરન કાલીહિ નાથ્યો ગોપલીલા કરન ॥ ૩ ॥
જીન ચરન ધરિયો ગોવર્ધન ગરવ મઘવા હરન ।
દાસ મીરાં લાલ ગિરધર અગમ તારનતરન ॥ ૪ ॥

રાગ માંડ–દાદરા

માઇ મૈંને ગોવિંદ લીનો મોલ, ગોવિંદ લીનો મોલ ॥ ધ્રુ. ॥
કોઇ કહે સસ્તા, કોઇ કહે મહંગા, લીનો તરાજૂ તોલ ॥ ૧ ॥
કોઇ કહે ઘરમેં, કોઇ કહે બનમેં, રાધા કે સંગ કિલોલ ॥ ૨ ॥
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, આવત પ્રેમ કે ડોલ ॥ ૩ ॥

ઘટઘટમાં વસે ઘનશ્યામ

શીદ જાવું રે ગોકુળગામ ! મારો ઘટઘટમાં વસે ઘનશ્યામ
મોર પીછધર મોહન પ્યારો શીદ ઢુંઢુ વનવાટે
વહાલાનું એ જ અહર્નિશ ધામ....મારો ઘટઘટમાં.

શીદ રે મારે તીરથ ફરવાં, મુજ સુના આવાસમાં
મોહન નેન શું નેન મીલાવું
મેં તો પીધો રી અમરત જામ.... મારો ઘટઘટમાં.

મોરી લાગી લટક ગુરૂ ચરનન કી
ચરન બિના મુઝે કછુ નહીં ભાવે
ઝુઠ માયા સબ સપનન કી....મોરી.
ભવસાગર સબ સૂખ ગયા હૈ
ફિકર નહીં મુઝ તરનન કી....મોરી.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર
ઉલટ ભઇ મોરે નયનન કી....મોરી.

સજન સુધિ જ્યૌં જાનૈ ત્યૌં લીજૈ....હો સજન.
તુમ બીન મેરે ઓર ન કોઇ ક્રિપા રાવરી કીજૈ....હો સજન.
દિન નહીં ભૂખ રેન નહીં નિદ્રા યહતન પલપલ છીજ
....હો સજન.
'મીરાં' કે પ્રભુ ગિરિધર નાગર! અબ મિલિ બિછુરતી નહીં કીજૈ
....હો સજન.

રાગ ખમાચ–દાદરા

મેરે તો ગિરિધર ગોપાલ દુસરા ન કોઇ ॥ ધ્રુ. ॥
જાકે શિર મોર–મુકુટ મેરો પતિ સોઇ ।
શંખ ચક્ર ગદા પદ્મ કંઠમાલ સોઇ ॥ ૧ ॥

તાત માત સુત ને ભ્રાત, આપનો ન કોઇ ।
છાંડ દઇ કુલ કી લાજ કયા કરેગા કોઇ ॥ ૨ ॥
સંતન સંગ બૈઠ બૈઠ લોક–લાજ ખોઇ ।
અબ તો બાત ફૈલ ગઇ જાને સબ કોઇ ॥ ૩ ॥
અંસુઅન જલ સીંચ સીંચ પ્રેમ–બેલ બોઈ ।
'મીરાં' પ્રભુ લગન લગી હોની હો સો હોઇ ॥ ૪ ॥

રાગ પહાડી ખમાચ–ધુમાળી

મેરે રાણાજી, મૈં ગોવિંદ–ગુણ ગાના ॥ ધ્રુ. ॥
રાજા રૂઠે નગરી રખ્ખે અપની, મૈં હર રૂઠયા કહાં જાના ॥ ૧ ॥
રાણે ભેજા જહર પ્યાલા, મૈં અમૃત કહ પી જાના ॥ ૨ ॥
ડબિયા મેં કાલા નાગ ભેજા, મૈં શાલિગ્રામ કર જાના ॥ ૩ ॥
મીરાંબાઈ પ્રેમ–દિવાની, મૈં સાંવલિયા વર પાના ॥ ૪ ॥

મુજ અબળાને મોટી રે મીરાંત બાઈ શામળો ઘરેણું મારે સાચું રે;
વાળી ઘડાવું વિઠ્ઠલ વરકેરી, હાર હરીનો મારે હઇયે રે;
ચિતમાળા ચતુરભુજ ચુડલો, શિદ સોની ઘેર જઇયે રે.
ઝાંઝરીયાં જુગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વીછુવા ઘુઘરા રામ નારાયણના, અણુવટ અંતરજામી રે.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રીકમ નામનું તાળું રે;
કુંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મહારૂં રે.
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઇ કાચું રે;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, હરિને ચરણે જાચું રે.

કયાં ગયો પેલો મોરલીવાળો, અમારા ઘુંઘટ ખોલી રે,
કયાં ગયો પેલો વાંસળીવાળો, અમને રંગમાં રોળી રે.
હમણાં વેણી ગુંથી હતી, પહેરી કસુંબલ ચોળી રે;
માત જસોદા સાખ પૂરે છે, કેસર છાંટયાં ઘોળી રે.
જળ જમુનામાં ભરવા ગયાંતાં, બેઢું નાંખ્યું ઢોળી રે;
પાતળીયો પરપંચે ભરીયો, અમે તે અબળા ભોળી રે !
પ્રેમતણી પ્રેમદાને અંતર, ગેબની મારી ગોળી રે;
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણ; ચરણ કમળ ચિત ચોળી રે.

લેહ લાગી મને તારી મોહનજી, લેહ લાગી મને તારી.
કામકાજ મુકયું ને ધાંમજ મુકયું, મનમાં ચાહું છું મોરારી.
ખભે છે કાંબળી ને હાથમાં છે વાંસળી, ગોકુળમાં ગાયો ચારી.
સોળ સહસ્ર ગોપીયોને તમે વરીયા, તોય તમે બાળબ્રહ્મચારી રે.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમળ બલિહારી.

આવત મોરી ગલીયનમેં ગીરધારી, મેં તો છુપ ગઈ લાજકી મારી.
....આવત.
કસુંબલ પાઘ કેસરિયારે જામા, ઉપર ફૂલ હજારી,
મુગટ ઉપર છત્ર બિરાજે, કુંડલ કી છબી ન્યારી,
કેસરી ચિર દરિયાઇકો લેંગો, ઉપર અંગીયાં હે ભારી;
આવત દેખી કૃષ્ણ મોરારી, છુપ ગઇ રાધે પ્યારી.
મોર મુગટ મનોહર સોહીએ, નથનીકી છબિ ન્યારી,
ગલે મોતનકી માલા બીરાજે, ચરણ કમળ બલહારી.

ઉભી રાધે પ્યારી અરજ કરત હે, સુનજો કૃષ્ણ મોરારી;
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમળ પર વારી.

મોહન લાગત પ્યારા રાણાજી, મોહન લાગત પ્યારા.
જીનકી કલાસે હાલત ચાલત, બોલત પ્રાણ આધારા;
નેનકી કરામેં સબ જુગ ભૂલ્યો એહી પુરૂષ હે ન્યારા.
તુમહી જુઠે ને અમહી જુઠે, જુઠે જુઠે સબ સંસારા;
સ્ત્રીપુરુષકે સંબંધ જુઠે, તો ફુટયા હઇયા તુમારા.
તુમહી કહો અરધાંગ હમારી, હમકુ લગાયો કારા;
કોટી બ્રહ્માંડમાં વ્યાપી રહ્યો હે, સો નિજ વર હમારા.
સાળુ પીતાંબર મોતનકી માળા લેઇ અગનમે જલાયા;
છાપ તિલક તુળસીની માળા, સાધુ સંગ નીસ્તારા.
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધર નાગર, શરણકો બિરદ સંભારો.
હરિકે ભજન વિના જે દિન ખોયે, ધિક મુનસા જનમારો.

નાથ તુમ જાનત હો સબ ઘટકી, મીરાં ભકિત કરત પરગટકી;
નાહી ધોઇ મીરાં લે સમરણી, તો પુજા કરત સિતાપતકી;
સાલિંગરામકુ તુળસી ચઢાવે, તો ભાલતિલક બીચ ટિપકી.
રામ મંદિરમાં મીરાંબાઇ નાચત, તાલ બજાવત ચુટકી;
રૂમઝુમ રૂમઝુમ બાજત ઘુઘરા, લાજ તજી ઘુંઘટકી,
વિષના પ્યાલા રાણાજીએ ભેજ્યા, સાધુ સંગત મીરાં અટકી,
કરી ચરણામૃત પી ગઇ મીરાં, અમૃતકી જેસી ઘટકી.

સુરત દોરા પગ ચાલીયે ધારો, તો શિર ગાગર પર મટકી;
મીરાં કહે હરિ ગીરધરના ગુણ, સુરતા ચલી જેસી નટકી.

કરના ફકિરી તેરી કયા દિલગીરી, સદા મગનમાં રહેનાજી.
કોઇ દિન ગાડી ને કોઇ દિન બંગલા કોઇ દીન જંગલ વસનાજી.
કોઇ દિન હસ્તિ ને કોઇ દિન ઘોડા, કોઇ દિન પાંઉસે ચલનાજી.
કોઇ દિન ખાજા ને કોઇ દિન લાડુ, કોઇ દિન ફક્કમ ફક્કાજી.
કોઇ દિન ઢોલિયા કોઇ દિન તળાઇ, કોઇ દિન ભોંયપેં લોટનાજી.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, કછુ આય પડે સો સહેનાજી.

હાંરે ચાલો ડાકોરમાં જઇ વસિયે, હાંરે મને લેહે લગાડી રંગ રસિયે.
હાંરે પ્રભાતના પહોરમાં નોબત વાજે, હાંરે અમે દરશન કરવા જઇયેરે.
હાંરે અટપટીમાં પાઘ કેસરિયો વાગો, હાંરે કાને કુંડળ સોઇયેરે.
હાંરે પીળાં પીતાંબર જરકશી જામો હાંરે મોતન માળા સોઇયેરે,
હાંરે ચંદ્ર બદન અણિયાળી આંખો, હાંરે મુખડું સુંદર સોઇયેરે.
હાંરે રૂમઝુમ નેપુર વાજે; હાંરે મન મોહ્યું મોરલી પેરે રે.
હાંરે મીરાંબાઇ કહે પ્રભુ ગિરધર નાગર, હાંરે અંગોઅંગ જઇ મળીયેરે.

મેરો મન હરિ લીઓ રાજા રણછોડ, રાજા રણછોડ
ત્રીકમ માધવ ઓર પુરુષોતમ, કુબેર કલ્યાણકી જોડ.

રાધા રૂક્ષ્મણી ઓર સતભામા, જાંબુવંતી કી જોડ.
ચાર પાસ રત્નાગર ગાજે, ગોમતી કરત કલોલ.
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધર નાગર, હરિ મારા દિલડાના ચોર.

માગત માંખણ રોટી ગોપાળ, પ્યારો માગત માંખણ રોટી;
મેરે ગોપાળકુ રોટી બના દઉં, એક છોટીને બીજી મોટી.
મેરે ગોપાળજી કો બીહા કરૂંગી, બ્રખુભાનકી બેટી.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, ચરણ કમળ હુંતો જોતી.

દયારામ

卐

પ્રેમ પરીક્ષા

ઓધવજી છે અળગીરે વાત એક પ્રેમતણી,
કોઈ અનુભવી જાણે રે કહેતાં તો નાવે બણી.
પ્રસુતાની પીડારે વંધ્યા તે શું જાણે,
જાણ્યું કેમ આવે રે માણ્યાને શેં પ્રમાણે.
મૂંગે સકકર ખાધીરે ગુંગાને સ્વપ્ન થયું,
સરવે મન જાણે રે બીજાને ન જાય કહ્યું.
ઘાએલના દુ:ખને રે કાયર તે શું પ્રીછે,
અજ્ઞાની લહે નહિ રે રતીની ગતિ શી છે.
નીમ સરવે નાસે રે જયારે પ્રેમ તે વ્યાપે,
નીદ્રા જેને આવે રે તે ઉત્તર કેમ આપે.

આશુક માશુકમાં રે રૂપ ગુણ શા દેખે,
જેવું જેહને ભાસે રે અવર તેવું ન પેખે.
જેનું ચિત્ત જ્યાંહ ચોટયું રે તેને તેથી સુખ થાયે,
શો છે સ્વાદ અગ્નિમાં રે ચકોર ભાવે ખાયે.
રીત પ્રીતની એવી રે તેનું સુખ તે જાણે,
અનુભવથી અજાણ્યું રે એ ના અવગુણ આણે.
નેહ સુખથી ન વાધે રે દેખી દુઃખ નવ ઘટે,
જેમ વૃક્ષને વળગી રે વેલી તે તો ફરી ન લટે.
શીખે સાંભળે ગાયે રે ઓધવ ગત પ્રીત તણી,
કરવી નથી પડતી રે એની મેળે આવી બણી.
પ્રીત બાઝે તો સહેજે રે છૂટે ન પછી છોડી,
મચ્છને દુઃખ દે છે રે ગળ્યા પછે અંકોડી.
સાચી પ્રીત તે પ્રાણ લેરે સાધારણ થાય પરી,
દાદુર જળવિણ જીવેરે માછલડાં તો જાય મરી.
મોટી મનની મોહનની રે બીજી પ્રીતથી ન મળે,
પણ જડ જુઓ લોઢું રે ચમકને દેખી ચળે.
છીપ રહે સાગરમાં રે ઈચ્છા સ્વાતિ બુંદ તણી,
જુઓ દૃષ્ટિ ચકોરનીરે અચળ રહે છે ઇંદુ ભણી.
લજ્જા સુધ બુધ સામ્રથરે પ્રેમી જનમાં ન ટકે,
મધુકર વાંસ કોરે રે કમળ ભેદી નવ શકી.
મૃગ સ્હેજે મરે છે રે પલાયણ અભ્યાસી,
રાગ અનુરાગ પાસે રે બાંધ્યું ન શકે નાસી.
દૃષ્ટિ પ્રીતની માટે રે પતંગ દીપકમાં બળે,
જાય પ્રાણ પોતાનો રે તોયે સ્નેહીને ય મળે.

રહે ચાત્રક તરસ્યું રે સદા બાર માસ લગી,
પીએ સ્વાતીનું વારીરે અવર પડશે ન ડગી.
વીખના વ્યસનીને રે સાકર પણ સુખ ન કરે,
પય પાણીથી ઉત્તમ રે મીન તેમાં નાખે મરે.
જેનું મન જેશું માન્યું રે તેને સુખ તેથી મળે,
તે વિના તેથી સારું રે ના આવે તેની આંખ તળે.
એ વૈરાટનાં લોચન રે ઇદુ ભોનું ભેદ કશો.
કંજ કરમાય ચંદ્ર રે ફુલે રવિ મેહ વસ્યો.
કંઠે વળગી ના છુટે રે એ પ્રેમ તણી ફાંસી,
કાચો માટે ફૂટે રે સુણી જગની હાંસી.
છે અગમ પંથ સ્નેહનો રે ઓધવજી તેં નથી દીઠો,
ત્યાં લગી જ્ઞાન ગોઠે રે જોગ છે પણ મીઠો.
જોગ તો તેને જોઈએ રે જેનું મન જગમાં જાયે,
તે તો અચળ હમારું રે ચિત્ત રસિયામાં રમે.
જેનું મન માને રે જોગ સુખેથી ગૃહો,
અમો તો એહ માગું રે પ્રીતમજી શું પ્રીત રહો.
તમારા તો હરિ સઘળે રે અમારા તો એક સ્થળે,
તમો રીઝો ચાંદરણે રે અમો રીઝું ચંદ્ર મળે.
ઇન્દુને અવલોકી રે ચકોરનું ચિત્ત ચળે,
તે પ્રકાશને પેખી રે તેને સંતોષ વળે.
એવાં વચન સુણીને રે ઓધવજીની ભ્રાંતિ ટળી,
જોગ જંજાળ છુટી રે ગયું મન સ્નેહમાં મળી.
અભિમાન મુકીને રે ઓધવ ગોપી પાય પડયા,
કહું દયાનો પ્રીતમજી રે નિશ્ચે એક તમને જડયા.

રાગ જોગી-ધુમાળી

જે કોઇ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે........ધ્રુવ૦
સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસુતને ઝરે.
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે.......૧

સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષાર સિંધુનું માછલડું જ્યમ મીઠા જળમાં મરે........૨

સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે,
વગર વંશીને વમન કરાવે વેદવાણી ઉચ્ચરે........૩

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુકતાફળ દેખી ચંચુ ના ભરે........૪

એમ કોટિ સાધને પ્રેમ વિના પુરુષોત્તમ પૂંઠ ન ફરે.
દયા પ્રીતમ શ્રી ગોવરધનધર પ્રેમભકિતએ વરે........૫

રાગ છાયા ખમાચ-ધુમાળી

ચિત્ત તું શીદને ચિંતા ધરે કૃષ્ણને કરવું હોય તે કરે...ધ્રુવ૦
સ્થાવર જંગમ જડ ચેતનમાં માયાનું બળ ઠરે,
સમરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું જન્મ-મરણ ભય હરે....૧

નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું ધ્યાન ગર્ભમાં ધરે,
માયાનું આવરણ કર્યું ત્યારે લક્ષ ચોરાશી ફરે....૨

તું અંતર ઉદ્વેગ ધરે તેથી કારજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસુબો હર બ્રહ્માથી નવ ફરે....૩

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે,
જેવો જંત્ર વગાડે જંત્રી તેવો સ્વર નીસરે....૪

થનાર વસ્તુ થયાં કરે જ્યમ શ્રીફળ પાણી ભરે,
જનાર વસ્તુ એણી પેરે જાશે, જયમ ગજ કોઠું ગરે....૫

જેને જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે.
એમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કુટાઇ તું મરે ?....૬

તારું ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે,
આપ તણું અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખરે....૭

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ્ દ ઓચરે,
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને તે ડરે....૮

રાગ બિલાવ-તાલ ઝપતાલ

મહા કષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા,
ચારે જુગના જુઓ સાધુ શોધી..
વહાલ વૈષ્ણવ વિષે વિરલાને હોય બહુ,
પીડનારા જ ભક્તિ વિરોધી ધ્રુ૦

ધ્રુવજી, પ્રહલાદજી, ભીષ્મ, બલી, વિભીષણ,
વિદુર, કુન્તી કુંવર સહિત દુઃખિયાં.
વસુદેવ દેવકી, નંદજી, જશુપતિ,
સકળ વ્રજભકત દુઃખી ભકિત મુખિયા....૧

નળ દમયંતી, હરિશ્ચંદ્ર તારાનયની,
રૂકમાંગદ અંબરિષાદિ કષ્ટી.
નરસિંહ મ્હેતો ને જયદેવ, મીરાં, જની,
પ્રથમ પીડા પછી સુખની વૃષ્ટિ ...૨

વ્યાસ આધિ વ્યાધિ તુલસી માધવાદિક.
શિવ કપિલા વિદ્યા વિશ્વ નિન્દે,
જગજનની જાનકી દુઃખ દુસ્તર સહ્યું,
પાપ વણ તાપ જેને જગત વંદે. ૩

સંચિત ક્રિયમાણ પ્રારબ્ધ જેને નથી.
તેને ભય તાપ આવી નડે છે,
અકલ ગત ઇશ હેતુ ન સમજ્યું પડે.
પ્રબલ ઇચ્છા સરવ તે પડે છે ૪

છે કથન માત્ર એ પાપ ને પુણ્ય એ.
નચવ્યું નંદકુંવરનું જગત નાચે,
દયા પ્રીતમ રૂચિ વિના પત્ર હાલે નહિ.
પણ ન ભાગે ભ્રમણ મન કાચે. ૫

શ્યામ રંગ સમીપે ન જાવું.
મારે આજ થકી, શ્યામ રંગ–સમીપે ન જાવું,

જેમાં કાળાશ તે સહુ એક સરખું.
સર્વમાં કપટ હશે આવું............મારે

કસ્તુરીથી બીંદી તે કરું નહિ,
કાજળ ન આંખમાં અંજાવું............મારે

કોકીલાનો શબ્દ સૂણું નહિ કાને,
કાગવાણી શકુનમાં ન લાવું..........મારે

નીલાંબર કાળી કચુંકી ના પહેરું,
જમનાનાં નીરમાં ન ન્હાવું...........મારે

મરકત મણિ ને મેઘ દ્રષ્ટે ન જોવાં,
જાંબુ વંત્યાક ન ખાવું........... મારે

દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
પણ કહે મન પલક ના નિભાવું.........મારે

શીખ સાસુજી દે છે રે, વહુજી રોહો ઢંગે,
આવડો શો આસંગોરે, શામળિયાજી સંગે.

વાટે ને ઘાટે રે; વળગો છો વાટે,
કહ્યું કોઇનું ન માન્યું રે દીઠું મારી જાતે.

વહુવારૂં માણસ રે ડાહ્યાં બહુ થાંશો ના,
જળ ભરવા એકલડાં રે, હવે પછી જાશો માં.

અલબેલો આ શેરીએ રે, આવે વહુ તમ માટે,
તમો તેને કાજે રે, જાઓ જમના ઘાટે.

ચતુરાઇઓ તમારી રે, સરવે હું જાણું,
કો દહાડો નથી કહેતી રે, આજ મુખે આણું.

સાસરિયામાં રહેવું રે ત્યારે એમ નવ કરીયે,
તમો થયાં નિરલજરે, હમો લાજી મરીયે.

હું તો મુખો મુખે કહું છું રે, લોકો પૂંઠળ કહે છે,
આડોશી પાડોશી રે, મને મહેણાં દે છે.

વિવેક વાત કરતાં રે, વહુજી દુઃખ નવ ધરશો.
દયાના પ્રભુ કેરી રે, સંગત નવ કરશો,

મોટાનું વચન સુખ ધામ, કૃતિ રીતે કરીએ,
તે કરે ચહાય તે કામ, આપણુ તો મરીએ....મોટા.

પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે તો આપણે થાય રે,
ઉર્ધ્વ રેત અગની પીવો, ગોવરધન કેમ ધરાય....કૃતી રીતે.

શિવ અર્ધાંગે ઉમીયા રાખે, પણ આપણને બીવું રે,
ત્યમ કરીએ જો કામ બાળીયે, બણે હળાહળ પીવું....કૃતી રીતે.

રૂધિર માંસને ભોગે ભવાની, આપણે હઠીયે ત્યાંથી રે,
સિંહ ચઢી દાનવ દળવા એ, કાઢીએ તે બળ કયાંથી....કૃતી રીતે.

ખરૂં ખોટું પણ પુત્રી લાંછન, બ્રહ્માને કહેવાયરે,
તે જોઈ ત્યમ કરીએ પણ આ સૃષ્ટિ કેમ રચાય....કૃતી રીતે.

ચંદ્ર ઇન્દ્ર ગુરૂપત્ની રમીયા, ત્યમ કરવું તો સુલંભ રે,
અંડ પ્રકાશ અમી વૃષ્ટિ, નગ પાંખો છેદન દુર્લભ....કૃતી રીતે.

અગ્ની ભક્ષણુ સર્વ કરે પણ, કોઇ કહે નહિ મેલો રે,
તે જોઇને તું તેમ કરીશ, તો સર્વે કહેશે ઘેલો....કૃતી રીતે.

કલેશ પ્રિય નારદને જોઈ, રખે તું ઘેલાં કહાડે રે,
તેહનો સંગ ભવભવ ભંજનને, તારો સંગ ભવ પાડે....કૃતી રીતે.

અસુર પ્રતીગ્રહ સુરાપાન, શુક્રાચાર્ય નવ જોશે રે,
દિવ્ય દુતી મૃત સંજીવન વિદ્યા વેળા પછી રોશો....કૃતી રીતે.

ગંગા મધ્યે મુની પારાશર, ઢીમર કન્યા ભોગવી રે,
વ્યાસ પ્રગટ મછગંધા, મૃગગદ ગંધા કરી એ યોગી.....કૃતી રીતે

કુંતા કૃષ્ણા પંચપતિ, સતી શીરોમણી કહાવે રે,
તેહનું જોઇ સ્ત્રી અન્ય કરે, તો નિશ્ચે નર્કા જાવે....કૃતી રીતે.

શંકર સ્વામીનું જોઈ શિષ્યે, સ્વપચના ટુકડા ખાધા રે,
સીસું નવ પીવાયું સંગે, થયા બહિર્મૂખ બાધા....કૃતી રીતે.

પુત્રી તણી બે પુત્રી કશ્યપ, થઈને પિતામહ વરીયા રે,
તેનો દોષ આપણે ના જોવો, તે ઘર હરિ અવતરીયા.....કૃતી રીતે.

જવની રાખી જગન્નાથ પંડિત તેતો, સહજ બની આવે રે,
બાવન સીઢી ગંગા ચઢાવી, તે તો વેવલાં વિણાવે.....કૃતી રીતે.

મેહેતે અનામિકને ઘેર ઓચ્છવ, કીધો તે નવ જોઇયે રે,
હરિએ હાર મહેતાને આપ્યો, તે વેળા પત ખોઇએ....કૃતી રીતે.

માટે પ્રમાણે વાટે ચાલવું ભજવા ગિરિવરધારી રે.
મોટાની ગતિ મોટા જાણે દયા દીનતા સારી....કૃતી રીતે.

સાચું તે સગપણ રે, સમજ મન શ્યામ તણું,
બાકી સહુ જૂઠું રે, કશું નથી કામતણું.

માત તાત સુત ભ્રાતને ભગિની, સગાં સહોદર સોય,
કુળ કુટુંબ સખા ગોત્ર ને જ્ઞાતિ, એહમાં તારું છે નહી કોય.
સગું તે તો સર્વ રે, સુખ તો દામ તણું........સાચું તે.

જનુની જનક એવાં કર્યાં કેટલાં, તે જેટલી ધરી દેહ,
લેણા દેણીનો સંબંધ તૂટયો, ત્યારે મૂકી ગયાં તેહ,
કોઇએ ના બતાવ્યું રે, ઠેકાણું વિશ્રામ તણું.......સાચું તે.

જોની આ હરિ વણ હેત ધરીને, કોણ આપે મનુષ્ય અવતાર,
પશુ પક્ષી ફેડીને આપ્યો, તને ભજન તણો અધિકાર.
ભજે તેને આપે રે, પદ નિજ ધામ તણું.......સાચું તે.

આણું આસકિત કયહું મા રાખીશ, માયા મનથી છોડ,
નિશ્ચિંત થઇ સહુ શોક તજીને પ્રીત પ્રભુજી શું જોડ.
દયા હીન રજની રે, રટણ કર રામતણું......સાચું તે.

મનજી મુસાફર રે, ચાલો તે નિજ દેશ ભણી,
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઇ છે ગણી.

સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઇ,
ફરી આ મારગ મળશે નહિ, એવી છે અવળાઇ.
સમજીને ચાલો સીધા રે, ના જોશો ડાબા કે જમણી....મનજી

વચ્ચે ફાંશીઆ વાટે મારવાને, બેઠા છે બે ચાર,
માટે વળાવા રાખો બે ત્રણેક, ત્યારે તેનો નહિ ભાર.
મળ્યો છે એક ભેદી રે, કહેલી ગતિ સહુ તે તણી...મનજી.

હાવાં માલ વહોરો તો વોહરો શેઠના માલનો, થાય ના કયહું અટકાવ,
આપણો કરતાં જોખમ આવે, ફાવે ધણીનો દાવ.
એટલા માટે રે ના થવું, વોહરતના ધણી....મનજી.

જોજો જુગતીથી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે, હવે જઇએ પોતાને ગામ,
સૂઝે છે હાવાં એવું રે, અવધ થઈ છે આપણી....મનજી.

પ્રભુજી પ્રસન્ન કેમ થતો નથી તે વિષે

●

પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાયે, તારા દિલનું કપટ નવ જાયે.

પ્રભુ કિરતન પ્રભુ નામ સ્મરણમાં અતિશે આળસ તારે,
ડાચાકુટ લવ પર નિંદામાં આખો દિવસ નવ હારે....પ્રભુ.

પ્રભુનું પૂજન કરતી વેળા કાયા તારી કંપે,
ગંજીફા સોગટાં કૂટતાં, આઠ પહોર નવ જંપે....પ્રભુ.

હરિનું ચંદન ઘસતાં તારૂં, શ્રમથી શરીર બગડે,
કુંડી કૂદકું લઈ મરી મસાલો, ભાવે ભાંગ જ રગડે....પ્રભુ.

એકાદશી ઓચ્છવનાં જાગરણ અતિ કઠણ તને લાગે,
ભાંડ ભવૈયા જોવા સારુ, સારી રાત જ જાગે....પ્રભુ.

હરિના ભકતને લૂખું સૂકું વેઠ જ વળગી જાણે.
સગાં સંબંધી પરૂણા આવે તેને, પીરસે મિષ્ટ પરાણે....પ્રભુ.

બે પૈસાની ગુરુ સેવા બતાવે, ત્યાં ગણગણતું બોલે,
ઘરની સ્રી જ્યારે માગે ઘરેણું, ત્યાં હસીત મગન થઈ ડોલે....પ્રભુ.

ખોટાં મોતી કાચ કીડિયાં, ભગવત ભૂષણ ઘાલે,
સોનું રૂપુ મણિ મુકતા વીણુ, સુત સ્રીને નવ ચાલે....પ્રભુ.

જગ દેખતાં જપવા બેસે, બાકી નાહ્ય ન ખાવા.
ગળાં કાપે ત્યાં થાય ગળગળો, એ વૈષ્ણવના ભાવા....પ્રભુ.

આ કરવું આ ના કરવું એમ, અન્યને શિક્ષા દે છે,
તે પ્રમાણે તું નથી કરતો, અનુચિત કર્મ કરે છે....પ્રભુ.

અંતરના છળ અન્ય ન લહે, પણ જાણે અંતરજામી,
એ તો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી....પ્રભુ.

સર્વ તજીને ભજીયે શ્રીં ગોવિંદને, જે નારાય નોંધારાના આધારજો
ભાગે સંકટ કુડાં રે સંસારનાં જેના નામ થકી તો ઉતરીયે ભવ
પારજો...સર્વ તજીને.

અપરમાને વચને ધૃવજી વન સંચર્યાં નારદજીએ દીધો છે ઉપદેશજો,
જ્ઞાન દષ્ટિ વૈરાગ્ય ને મનમાં આણિયાં હરી ભજ્યા તેણે બાળે
વેશજો....સર્વ તજીને.

દૈત્ય પૂજા પ્રહલાદજીને આગે કર્યાં લાગ્યો છે કાંઇ પિતા પુત્રનો
વાદજો.
સ્તંભથી પ્રગટયા રે નૃસિંહ રૂપથી શ્રી મહા પ્રભુજીએ દીધો
તેને સાદજો....સર્વ તજીને.

લાક્ષાગૃહમાં પાંડવને વળી આણીમાં ભકત ભજને દીધી છે ઘણી
ધીરજો,
સ્મરણ પહેલાં આવ્યા છો તમે સદા ભકત જન ઉગાર્યા પાંચે
વીરજો....સર્વ તજીને.

સુદામાનું દારિદ્ર જાણું ઘણ્યું મુષ્ટિ એક તાંદુલ આરોગ્યા
મહારાજ જો,
એમ દાસ દયા નો પ્રભુજી કરૂણા કીજીયે ભકત જનનાં કીધાં કોટી
ધા કાજજો....સર્વ તજીને.

સૌથી સમરથ રાધા વરનો આશરો જેના જનને દુભવી ન શકે
કોય જો.
જમતું જોર ન ચાલે દોષ કરે કદા ક્ષમા કરે હરી મહાયે તો
જોય જો....સૌથી સમરથ.

જુઠો હરીનો ભકત જગતમાં થઇ ફરે એવાનું પણ માધવ રાખે
માનજો.
બહાનું પોતાનું જોઇ પાળે બીરદ તે જયમ જઇ પ્રોહિતને પોસે છે
જજમાનજો....સૌથી સમરથ.

બીજા સૌ મ્હોટા પણ હરીના હુકમમાં સૂર બ્રહ્મા ગણપતિ શકિત
શીવ શેષ જો,
કેશવ કોપે કોઇનું બળ ચાલે નહીં એ સૌ રુઠે હરીજન ઠરે ન
લેશ જો...સૌથી સમરથ.

રાવણ હીરણાકશ્યપુ બ્રહ્મ હીમયતી દુરજોધનને પક્ષ હતો બળ
રામનો,
કોપ્યા કૃષ્ણ તદા સર્વે જોતા રહ્યા, હરીજનનું કોઇ લઈ સકયું
નહીં નામજો....સૌથી સમરથ.

કર્ણ કુંવર સૂર્યનો અર્જુન મારિયો સબળ દુર્યોધન ભીમે મરણ
પમાડીયો જો,

હરિ રાખ્યા સૂર ગણેશ વિઘ્ન થયું નહીં, ચિત્રકેતુ સઘ પડયો ન
અંબા પાડિયો....સૌથી સમરથ.

માયા કાળ તણો ભય કોઇથી ટળે અભય અચળ કરવા સમર્થ
નહી કોઇજો,

વિના એક શ્રી ગિરિવરધારીલાલજી કોણ શરણ જાતામાં સન્મુખ
જોય જો....સૌથી સમરથ.

વાત કરતાં અવળું પડે અન્ય દેવને કાંત્યું પીંજ્યું પળમાં થાયે
કપાસજો,

કોટિ કષ્ટ પમાડે તે વળી લાભમાં બહુ શ્રમથી કાંઈ ફળ આપે
હોય નાશજો....સૌથી સમરથ.

શ્રીજી જનના અવગુણ તે પણ ગુણગણે સહજ કરે શરણાગત
આપ સમાનજો,

સમોવડ કીધો શરણ જતાં મળ માસને આપી દીધું પુરુષોત્તમ
અભિધાનજો....સૌથી સમરથ.

એવા કરૂણનિધિ સમર્થ શ્રી નાથજી દાસ દયાના પ્રીતમ પ્રાણા-
ધારજો.

એને મૂકી અન્ય તણો આશ્રય કરે તે નિર્ભાગી મૂર્ખનો સરદારજો
....સૌથી સમરથ.

તિલક કરતાં ત્રેપન વહ્યાં જપ માળાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ તો યે ના પહોંચ્યા હરિને શર્ણ.

કૃષ્ણ કહેતાં શું બેસે નાણું મુર્ખ તને શ્રીકૃષ્ણ કહેતા શું બેસે
નાણું,

મિથ્યા લવરી મન ગમતી કરે છે તેમાં નહીં ઠામ ઠેકાણું.
કૃષ્ણ કહેતાં. ૧

દામનું કામ નહીં, નહીં પરિશ્રમ ગાતાં ગોવિંદ ગુણ ગાણું.
કૃષ્ણ કહેતાં. ૨

કિંચિત શ્રમને લાભ ઘણેરો નહીં કોઇ એહ સમાણું ,, ૩

ખાતો ન હોય તો નબળો કહું તુને જોઇએ છે બશેરનું ભાણું,
કૃષ્ણ કહેતાં. ૪

હરી ભજતાં તુને આળસ આવે ભવ ભટકણ નિશ વહાણું.
કૃષ્ણ કહેતાં. ૫

કો દહાડો તુંને કેમ ન થયું જે કૃષ્ણ કીર્તન મન આણું,
કૃષ્ણ કહેતાં. ૬

પ્રભુ સ્મરણ વિના ભવ ન તરાયે હું નિશ્ચે કહીને જાણું
કૃષ્ણ કહેતાં. ૭

જન દયો કહે હરિ ભજન મન મારા ફરી નહીં મળે આ ટાણું,
કૃષ્ણ કહેતાં. ૮

હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું,
વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું....હું શું!

જળ ભરવા જાઉં ત્યારે પૂંઠળ પૂંઠળ આવે,
વગર બોલાવે વહાલો બેઠલું ચડાવે....હું શું.

વઢું ને તરછોડું તો યે રીસ ના લાવે,
કાંઇ મીશે મારે ઘેર આવીને બોલાવે....હું શું.

એકલી જાણીને વહાલો પાવલે લાગે,
રંક થઇ વહાલો મારી પાસે કાંઈ માગે....હું શું.

મને જાતાં જાણી વહાલો દોડયો આવે દોટે,
પોતાની માળા લઇ પહેરાવે મારી કોટે....હું શું.

મને જાતાં જાણી આગળ આવી રોકે,
દયાનો પ્રીતમ બહેની કેડલો ના મૂકે....હું શું.

અખો

કથા સૂણી સૂણી ફુટયા કાન અખા તોયે નાવ્યું બ્રહ્મ જ્ઞાન,
એક મૂરખને એવી ટેવ પથ્થર એટલા પૂજે દેવ.

પાણી દેખી કરે સ્નાન, તુળશી દેખી તોડે પાન,
એતો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત.

હરિ પામવા સૌ તપ કરે, અખો હરિમાં મેળે ફરે,
માટે રામ રસ સેજ સંજોગ, સાવ સ્વતંત્ર પામ્યો ભોગ.

જેમ ભર સાગરે તિમિંગલ રમે, હું હરિમાં તો દેહ કોણ દમે,
પેરે પેરે મેં જોયું મથી, જે હરિ વિના પદારથ નથી.

તો આઠ વેંતનો હું જે ઘડયો, તે તું કયાં અળગો થઇ પડયો,
એમ જોતાં હરિ લાગ્યો હાથ ટળ્યો અખો ને એ રહ્યો હાથ.



કબીર

રાગ આસાવરી–દીપચંદી

મન તોહે કિસ બિધ સે સમજાઉં ।
સોના હોય તો સુહાગ મંગાવું બંકનાલ રસ લાઉં ।
ગ્યાન શબ્દ કી ફુંક ચલાઉં, પાની કર પિઘલાઉં ॥ ૧ ॥
ઘોડા હોય તો લગામ લગાવું, ઉપર જીન કસાઉં ।
હોય સવાર તેરે પર બૈઠું, ચાબૂક દેકે ચલાઉં ॥ ૨ ॥
હાથી હોય તો જંજીર ઘડાઉં, ચારો પૈર બંધાઉં ।
હોય મહાવત તેરે પર બૈઠું, અંકુશ લેકે ચલાઉં ॥ ૩ ॥
લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુવન ધુવાઉં ।
ધુવન કી ઘનઘોર મચાઉં, જંતર તાર ખિંચાઉં ॥ ૪ ॥
ગ્યાની ન હો તો ગ્યાન શિખાઉં, સત્ય કી રાહ ચલાઉં ।
કહત કબીર સુનો ભાઇ સાધુ અમરાપુર પહુંચાઉં ॥ ૫ ॥

સુહાગ=ટંકણખાર. બંકનાલ=લગડી ઓતવાની મૂસ. ધુવન=હથોડો.

રાગ કાનડા-દીપચંદી

ઘૂંઘટકા પટ ખોલરે,
તોહે રામ મિલેગે ॥ ધ્રુવ ॥
ઘટ ઘટ રમતા રામ રમૈયા,
કટુક વચન મત બોલરે ॥....તોહે. ॥ ૧ ॥
રંગ મહલમેં દીપ બરત હૈ,
આસનસે મત ડોલરે ॥....તોહે. ॥ ૨ ॥
કહત કબીર સુનો ભઇ સાધુ,
અનહત બાજત ઢોલરે ॥....તોહે ॥ ૩ ॥

રાગ ભૈરવી-તાલ કેરવા

બીત ગયે દીના ભજન બીના રે,
ભજન બીના રે, ભજન બીના રે, ભજન બીના રે ॥ ધ્રુવ ॥
બાલ અવસ્થા ખેલ ગંવાયો,
જબ જવાની તબ માન કીયારે-બીત. ॥ ૧ ॥
લાહે કારણ મૂલ ગંવાયો,
અજહુ ન મિટિ તેરી મનકી તૃષ્ણા રે-બીત. ॥ ૨ ॥
કહત કબીર સુનો ભઇ સાધુ,
પાર ઉતર ગયે સંત જના રે.-બીત. ॥ ૩ ॥

રાગ કેદાર-તીન તાલ

તું તો રામ સુમર જગ લડવા દે ॥ ધ્રુ. ॥

કોરા કાગજ કાલી શાઇ, લિખત પઢત વાકો પઢવા દે ॥ ૧ ॥
હાથિ ચલત હૈ અપને ગત મેં, કુતર ભુકત વાકો ભુકવા દે ॥૨॥
કહત કબીર સુનો ભાઇ સાધુ, નરક પચન વાકો પચવા દે ॥ ૩ ॥

રાગ ભૈરવી-તાલ તેવરા

મત કર મોહ તૂં, હરિ ભજન કો માન રે,
નયન દિયે દરસન કરનેકો, શ્રવણ દિયે સુન જ્ઞાન રે ।
વદન દિયા હરિગુણ ગાનેકો, હાથ દિયે કર દાન રે ।
કહત કબીર સુનો ભાઈ સાધો, કંચન નીપજત ખાન રે ॥

રાગ ધનાશ્રી-તીન તાલ

અબ તુમ કબ સમરોગે રામ,
જીવડા દો દિન કા મિજમાન ॥
ગરભાપન મેં હાથ જુડાયા,
નિકલ હુઆ બેઈમાન ॥
બાલાપન મેં ખેલ ગુમાયા,
તારૂન પન મેં કામ ॥
બુઢેપન મેં કાંપન લાગા,
નિકલ ગયા અવસાન ॥
જૂઠી કાયા જૂઠી માયા,
આખર મોત નિદાન ॥

કહત કબીર સુનો ભાઈ સાધુ,
યહી ઘોડા મૈદાન ॥

રાગ હમીર–તીન તાલ

ગુરુબિન કોન બતાવે બાટ, બડા બિકટ યમઘાટ ॥ ધ્રુ ॥
ભ્રાંતિ કી પહાડી નદિયા બિચમેં, અહંકાર કી લાટ ॥ ૧ ॥
મદમત્સર કા મેહ મરસત, માયા પવન બહે દાટ ॥ ૨ ॥
કહત કબીરા સુનો ભઈ સાધો, કયોં તરના યહ ઘાટ ॥ ૩ ॥

નગુની કાયા તેરે કયા ગુન ગાઉં, મહેલ રચ્યો તિમેં રહેત ન પાઉં
દહીં દુધસુ પિંડ જે પાલે, સોતન જાય જંગલ જાલે,
એસીરે સુંદર કાયા તેરી, જલતીલ હોયગી ભસ્મકી ઢેરી.
બાંધત પાગ, સમારત વાગા, તા શીર માર ચંચેઇ કાગા,
તેલ ફુલેલ લગાવત અંગા, સો તન જલ ગયા કાષ્ટ કે સંગા.
જા મુખ ચાવત પાનકી બીડી, તા મુખમેં તેરે સંગ કાષ્ટી,
કહત કબીરા સમજ મન મેરા, એહિ હવાલ હોયગા તેરા.

રાગ બરવા કાફી–તીન તાલ

જન્મ તેરો બાતો મેં બીત ગયે ।
તુંને કબહું ન કૃષ્ણ કહ્યો ॥ ધ્રુ. ॥

પાંચ બરસ કા આલા ભોલા, અબ તો બીસ ભયો ।
મકરપચીસી માયા કારન, દેશ વિદેશ ગયો ॥ ૧ ॥
તીસ બરસકી અબ મતિ ઊપજી, લોભ બઢે નિત નયો,
માયા જોરી લાખ કરોરી, અજહું ન તૃપ્ત ભયો ॥ ૨ ॥
વૃદ્ધ ભયો તબ આલસ ઉપજી, કફ નિત કંઠ રહ્યો,
સાધુ કી સંગતિ કબહું ન કીની, વિરથા જન્મ ગયો ॥ ૩ ॥
યહ સંસાર મતલબકા લોભી, જૂઠા ઠાઠ રચ્યો,
કહત કબીર સમજ મન મૂરખ, તૂં કયોં ભૂલ ગયો. ॥ ૪ ॥

રાગ પિલૂ–દીપચંદી

ઇસ તન ધન કી કૌન બડાઇ ।
દેખત નૈનોં મેં મિટ્ટી મિલાઇ ॥ ધ્રુવ ॥
અપને ખાતર મેહેલ બનાયા ।
આપહિ જા કર જંગલ સોયા ॥ ૧ ॥
હાડ જલે જૈસે લકરિ કી મોલી ।
બાલ જલે જૈસી ઘાસ કી પોલી ॥ ૨ ॥
કહત કબીરા સુન મેરે ગુનિયા
આપ મુવે પિછે ડુબ ગઇ દુનિયા ॥ ૩

રાગ ખમાજ–ઘુમાલી

ભજો રે ભૈયા રામ ગોવિંદ હરિ ॥ ધ્રુવ ॥

જપ તપ સાધન કછુ નહિ લાગત,
ખરચત નહિ ગઠરી ॥ ૧ ॥
સંતત સંપત સુખ કે કારણ,
જાશે ભૂલ પરી ॥ ૨ ॥
કહત કબીરા જ્યા મુખ રામ નહિં,
વો મુખ ધૂલ ભરી. ॥ ૩ ॥

બંગલા ખુબ બન્યા મહારાજ, જ્યામેં નારાયણ બોલે.
ઇસ બંગલેમેં દસ દરવાજા, બીચ પવનકા થંભા;
આવન જાવન કોઇ નવ દેખે, એહી બડા અચંબા.
ઇસ બંગલેમેં બાજા બાજે, બાજે સાંજ સવેરા;
તાલ પખાજ ઓર મરદંગ બાજે, રાગ છત્રીસે ગાવે.
હાડ ચામકી દેહી બનાઇ, નવે નાડીકા કોટ;
બાજીગરને ખેલ મચાયા, રંગ ખૂબ ચડાયા.
પાંચ પચીસકે પાતર નાચે, મનુવા તાલ બજાવે;
સુરત નુરતકી મરદંગ બાજે, રાગે છત્રીસ ગાવે.
રોમ રોમકી છાંઇ બનાઇ, ત્રણ ગુણકા ગાલા;
કહે કબીર સુનો ભાઇ સાધુ, ચેતન ચુનવા વાલા.



તુલસીદાસ

શ્રી રામચંદ્રજીની ધ્યાન સહ સ્તુતી

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવભય દારૂણં,
નવ કંજ લોચન કંજ મુખ કરકંજ પદ કંજારૂણં ?
કંદર્પ અગણિત અમિત છબી નવનીલ નીરદ સુંદરં;
પટ પીત માનહુ, તડિત રૂચિ શુચી નૌમી જનક સુતાવરં.
શિર કિરિટ કુણ્ડલ તિલક ચારુ ઉદાર અંગવિભૂષણં,
આજાનુભુજ શરચાપધર સંગ્રામજિત ખર દુષણં,
ભજ દીનબંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં.
રઘુનંદ આનંદકંદ કોસલચંદ દશરથ નંદનં,
ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનં,
મમ હૃદય કંજ નિવાસ કુરૂ કામાદિ ખલદલ ગંજનં.

તું દયાલુ દીન હૌં, તું દાની હૌં ભીખારી,
હૌં પ્રસિદ્ધ પાતકી, તું પાપ પુંજહારી.
નાથ તું અનાથ કો અનાથ કૌન મોંસો,
મૌં સમાન આરત નહિ, આરત હર તોંસોં.
બ્રહ્મ તું હૌં જીવ તું હોં, તું ઠાકુર હૌં મેરો,
તાત માત ગુરુ સખા, તું સબવિધિ હિત મેરો.
તોંહિ મોહિં નાતે અનેક, માનિયે જો ભાવે,
જ્યોં ત્યોં તુલસી કૃપાળ ચરન-સરન પાવે.

રાગ ભૂપાળી-તીન તાલ

ગાઈએ ગણુપતિ જગવંદન,
શંકર-સુઅન ભવાની-નંદન. ધ્રુ૦
સિદ્ધિસદન ગજવદન વિનાયક,
કૃપાસિંધુ સુંદર સબલાયક. ....૧.
મોદકપ્રિય મુદમંગલદાતા,
વિદ્યાવારિધિ બુદ્ધિ-વિધાતા. ....૨.
માંગત તુલસીદાસ કર જોરે,
બસહિં રામસિય માનસ મોરે. ....૩.

રાગ તોડી દ્રુત-ચાર તાલ

દીન કો દયાળુ દાનિ દૂસરો ન કોઉ,
નાસોં દીનના કહૌં હૌં દેખૌં દીન સોઉ.....(૧)

સુર નર મુનિ અસુર નાગ સાહિબ તો ઘનેરે,
તોલૌં જોલૌં રાવરે ન નેકુ નયન ફેરે.....(૨)
ત્રિભુવન તિહુંકાલવિદિત વદત વેદ ચારી,
આદિ અંત મધ્ય રામ સાહિબી તિહારી.....(૩)
તોહિ માંગિ માંગનો ન માંગનો કહાયો,
સુનિ સુભાઉ સીલ સુજસ જાચન જન જાયો.....(૪)
પાહન પસુ વિટપ વિહગ અપને કર લીન્હેં,
મહારાજ દશરથ કે રંક રાય કીન્હેં.....(૫)
તું ગરીબકો નિવાજ હૌં ગરીબ તેરો,
વારક કહિયે કૃપાલુ તુલસિદાસ મેરો.....(૬)

રાગ ખમાજ-તીન તાલ

જાઉં કહાં તજિ ચરન તિહારે,
જાકો નામ પતિત-પાવન જગ કેહિ અતિ દિન પિયારે.
કૌને દેવ બરિઆઈ બિરદહિત હઠિ હઠિ અધમ ઉધારે,
ખગ મૃગ વ્યાધ પષાણ વિટપ જડ જવન કવન સુર તારે.
દેવ દનુજ મુનિ નાગ મનુજ સબ માયા-વિવસ બિચારે,
તિન કે હાથ દાસ તુલસી પ્રભુ કહા અપનયૌ હારે.

રાગ આસાવરી યા તોડી-તીન તાલ

ઐસો કો ઉદાર જગમાંહી,
બિનુ સેવા જો દ્રવૈ દીન પર રામસરિસ કોઉ નાહીં.
જો ગતિ યોગ વિરાગ જતન કરી નાહિં પાવત મુનિ જ્ઞાની,
સો ગતિ દઈ ગીધ સબરી કહઁ પ્રભુ ન બહુત જિય જાની.

જો સંપતિ દસસીસ અરપિ રાવન સિવ પંહ લીન્હી,
સો સંપદા વિભિષન કહેં અતિ સંકુચ સહિત હરિ દીન્હી.
તુલસીદાસ સબ ભાંતિ સકલ સુખ જો ચાહીસ મન મેરો,
તૌ ભજુ રામ, કામ સબ પૂરન કરૈં કૃપાનિધિ તેરો.

રાગ આસાવરી–તીન તાલ

કૌન જતન વિનતી કરીએ,
નિજ આચરન વિચારી હારી હિય માની જાની ડરીએ. (૧)
જેહી સાધન હરિ દ્રવહુ જાની જન, સો હઠી પરિહરીએ,
જાતે વિપતિ–જાલ નિસિદિન દુઃખ તેહી પથ અનુસરીએ. (૨)
જાનતહૂં મન વચન કરમ પરહિત કીન્હેં તરીએ,
સો વિપરીત દેખી પરસુખ બિનુ કારન હી જરીએ. (૩)
શ્રુતિ પુરાન સબકો મત યહ સતસંગ સુદૃઢ ધરીએ,
નિજ અભિમાન મોહ ઈર્ષા વસ તિન્હહીં ન આદરીએ. (૪)
સંતત સોહી પ્રિય મોહિં સદા જાતે ભવનિધિ પરીએ,
કહો અબ નાથ કૌન બલ તે સંસાર–સોગ હરીએ. (૫)
જબ કબ નિજુ કરુના સુભાઉ તે દ્રવહુ તો નિસ્તરીએ,
તુલસીદાસ વિશ્વાસ આન નહિં કત પચી પચી મરીએ. (૬)

રાગ પિલૂ–તીન તાલ

રઘુવર તુમકો મેરી લાજ,
સદા સદા મૈં સરન તિહારી, તુમ બડે ગરીબ નિવાજ. (૧)

પતિત ઉધારન બિરૂદ તિહારો, સ્રવનન સુની અવાજ. (૨)
હૌં તો પતિત પુરાતન કહીએ, પાર ઉતારો જહાજ. (૩)
અઘ–ખંડન દુઃખ–ભંજન જન કે યહી તિહારો કાજ. (૪)
તુલસીદાસ પર કિરપા કરીએ, ભક્તિ–દાન દેહુ આજ. (૫)

રાગ ખમાજ–તીન તાલ

જાનત પ્રીત–રીત રઘુરાઇ,
નાતે સબ હાતે કર રાખે રામ સનેહ સગાઇ. ધ્રુવ૦
તિય–વિરહી સુગ્રીવ સખા લખિ પ્રાનપિયા બિસરાઈ,
રન પર્યો બંધુ વિભીષણુહી કો સોચ હૃદે અધિકાઇ. (૧)
ઘર ગુરુગૃહ પ્રિય સદન સાસુરે ભઇ જબ જહૈં પહુનાઇ,
તબ તહૈં કહી સબરી કે ફલન કી રૂચિ મધુરી ન પાઇ. (૨)
તુલસી રામ સનેહ સીલ લખી જો ન ભક્તિ ઉર આઇ,
તો તોહિં જનમી જાય જનની જડ તનુ તરૂનતા ગવાંઈ. (૩)

રાગ બિભાસ દ્રુત–ચૌતાલ

જાગીએ રઘુનાથ કુંવર પંછી બન બોલે. ધ્રુવ૦
ચંદ્ર–કિરણુ શીતલ ભઇ, ચકઇ પિય મિલન ગઇ,
ત્રિવિધ મંદ ચલત પવન પલ્લવ–દ્રુમ ડોલે. (૧)
પ્રાત ભાનુ પ્રકટ ભયો, રજની કૌ તિમિર ગયો,
ભૃંગ કરત ગુંજ–ગાન કમલન દલ ખોલે. (૨)

બ્રહ્માદિક ધરત ધ્યાન, સુરનરમુનિ કરત ગાન,
જાગન કી બેર ભઈ નયન-પલક ખોલે. (૩)
તુલસીદાસ અતિ આનંદ નીરખી કે મુખારવિંદ,
દીનન કો દેત દાન ભૂષણુ બહુમોલે. (૪)

રાગ કૌશિયા–તીન તાલ

જાનકીનાથ સહાય કરે જબ, કોન બિગાર કરે નર તેરો. ધ્રુવ૦
સૂરજ મંગલ સોમ ભૃગુસુત, બુધ અરૂ ગુરૂ વરદાયક તેરો,
રાહુ કેતુ કી નાહિં ગમ્યતા, સંગ શનિચર હોત ઉંચેરો. (૧)
દુષ્ટ દુઃશાસન નિર્બલ દ્રૌપદી, ચીર ઉતાર કુમન્તર પ્રેરો,
જાકી સહાય કરી કરૂણાનિધિ, બઢ ગયે ચીર કે ભાર ઘનેરો. (૨)
ગરભ મેં રાખ્યો પરીક્ષિત રાજા, અશ્વત્થામા જબ અસ્ત્ર પ્રેરો,
ભારત મેં ભરૂહી કે અંડા, તા પર ગજ કો ઘંટા ગેરો. (૩)
જાકી સહાય કરો કરૂણાનિધિ, તાકો જગતમેં ભાગ બડેરો,
રઘુવંશી સંતન સુખદાયી, તુલસીદાસ ચરણુન કો સાડી. (૪)

રાગ ભૈરવી–તીન તાલ

ભજ મન રામચરણુ સુખદાયી. ધ્રુવ૦
જિહિ ચરણુન સે નિકસી સુરસરી શંકર જટા સમાઇ,
જટાશંકરી નામ પર્યો હૈ, ત્રિભુવન તારન આઇ. (૧)
જિહિં ચરણુન કી ચરણુપાદુકા ભરત રહ્યો લવલાઇ,
સોઇ ચરણુ કેવટ ધોય લીને તબ હરિ નાવ ચલાઈ. (૨)

સોઇ ચરણુ સંતન જન સેવત સદા રહત સુખદાઈ,
સોઈ ચરણુ ગૌતમ ઋષિનારી પરશ પરમપદ પાઈ. (૩)
દંડકવન પ્રભુ પાવન કીન્હો ઋષિયન ત્રાસ મિટાઇ,
સોઇ પ્રભુ ત્રિલોક કે સ્વામી કનકમૃગા સંગ ધાઇ. (૪)
કપિ સુગ્રીવ બંધુભય વ્યાકુલ તિન જય-છત્ર ફિરાઇ,
રિપુ કો અનુજ વિભીષણુ નિશિચર પરશત લંકા પાઇ. (૫)
શિવસનકાદિક અરૂ બ્રહ્માદિક શેષ સહસ્રમુખ ગાઇ,
તુલસીદાસ મારૂત-સુત કી પ્રભુ નિજ મુખ કરત બડાઇ. (૬)

સુરદાસ

રાગ સિંધ–કાફી

પ્રભુ મેરે અવગુણ ચિત ન ધરો,
સમદરશી હૈ નામ તિહારો, ચાહે તો પાર કરો. ધ્રુવ૦
ઇક નદિયા ઇક નાલ કહાવત મૈલો હિ નીર ભરો,
જબ મિલ કર કે એક વર્ણ ભયો સુરસરિ નામ પરયો. (૧)
ઇક લોહા પૂજા મેં રાખ્યો, એક ઘર બધિક પચ્યો,
પારસ ગુણુ અવગુણુ નહિ ચિતવે, કંચન કરત ખરો. (૨)
યહ માયા ભ્રમજાલ કહાવે સૂરદાસ ગયો સગરો,
અબકી બેર મોહે પાર ઉતારો નહિ પ્રાણુ જાત ટરો. (૩)

રાગ આસા–તાલ દાદરા

દીનન દુઃખ-હરન દેવ સન્તનહિતકારી, ધ્રુવ.

અજામીલ ગીધ વ્યાધ, ઇનમેં કહો કૌન સાધં,
પંછી હૂં પદ પઢાત, ગણીકા સી તારી. (૧)
ધ્રુવ કે સિર છત્ર દેત, પ્રહલાદ કો ઉબાર લેત,
ભક્ત હેત બાંધ્યો સેત લંક-પુરી જારી. (૨)
તંદુલ દેત રીઝ જાત, સાગ-પાત સોં અઘાત,
ગિનત નહીં જુઠે ફલ, ખાટે મીઠે ખારી. (૩)
ગજ કો જબ ગ્રાહ ગ્રસ્યો, દુઃશાસન ચીર ખસ્યો,
સભા બીચ કૃષ્ણ કૃષ્ણ, દ્રૌપદી પુકારી. (૪)
ઇતને હરિ આય ગયે, બચનન આરૂઢ ભયે,
સૂરદાસ દ્વારે ઠાઢો અંધરો ભિખારી. (૫)

રાગ ભૈરવી–તીન તાલ

સુનેરી મૈંને નિર્બલ કે બલરામ,
પિછલી સાખ ભરૂં સંતન કી આડે સંભારે કામ. ધ્રુવ.
જબ લગ ગજ બલ અપનો વરત્યો નેક સરો નહીં કામ,
નિર્બલ હોય બલરામ પુકારો આયે આધે નામ. ૧
દ્રુપદસુતાં નિર્બલ ભઈ તા દિન ગહ લાયે નિજ ધામ.
દુઃશાસન કી ભૂજા થકિત ભઈ વસનરૂપ ભયે શ્યામ. ૨
અપબલ તપબલ ઔર બાહુબલ ચૌથા હૈં બલ દામ,
સૂર કિશોર કૃપા સે સબ બલ હારે કો હરનામ. ૩

બડી હે રામનામ કી ઓટ.
શરણ ગયે પ્રભુ કાઢિદેત હે કરત કૃપા કે કોટ....બડી હે૦
પક્ષપાત તહાં તનકુહુ નાંહીં કોન બડો કોન છોટ....બડી હે૦
સુરદાસ પારસ કે પરસે મીટત લોહ કે ખોટ.....બડી હે૦

રાગ બાગેશ્રી–તીન તાલ

સબ દિન હોત ન એક સમાન,
એક દિન રાજા હરિશ્ચંદ્ર ગૃહ સંપતિ મેરૂ સમાન,
એક દિન જાય શ્વપચ ગૃહ સેવન અંબન હરત મસાન. (૧)
એક દિન દૂલહ બનત બરાતી ચહુંદિશિ ગડત નિશાન,
એક દિન ડેરા હોત જંગલ મેં કર સૂધે પગ તાન. (૨)
એક દિન સીતા રૂદન કરત હૈં મહાન વિપિન ઉદ્યાન,
એક દિન રામચંદ્ર મિલ દોઉ વિચરત પુષ્પવિમાન. (૩)
એક દિન રાજા રાજ યુધિષ્ઠિર અનુચર શ્રીભગવાન,
એક દિન દ્રૌપદી નગ્ન હોત હૈ ચીર દુઃશાસન તાન. (૪)
પ્રગટત હૈ પુરબ કી કરની તજ મન સોચ અજાન,
સૂરદાસ ગુણ કહઁ લગ વરણોં વિધિ કે અંક પ્રમાન. (૫)

રાગ કાફી–દીપચંદી

અબ કી ટેક હમારી, લાજ રાખો ગિરિધારી. ધ્રુવ.

જેસી લાજ રાખી અર્જુન કી ભારત યુદ્ધ મંઝારી,
સારથી હોકર રથ કો હાંકો ચક્રસુદર્શનધારી.
ભક્તન કી ટેક ન ટારી.....૧

જૈસી લાજ રાખી દ્રૌપદી કી હોને ન દીનિ ઉઘારી,
ખેંચત ખેંચત દો ભુજ થાકી દુઃશાસન પચહારી,
ચિર બઢાયો મુરારી.....૨

સૂરદાસ કી લાજ રાખો સબ કો હૈ રખવારી,
રાધે રાધે શ્રીવર પ્યારો શ્રીવૃષભાનદુલારી,
શરણ તક આયો તુમ્હારી....૩

રાગ કલ્યાણ-તીન તીલ

ચરણ કમલ વચૌં હરિ રાઈ,
જાકી કૃપા પંગુ ગિરિ લંઘૈં અંધો કો સબ કછુ દરસાઈ ।
બહિરો સુનૈ મૂક પુનિ બોલે રંક ચલે સિર છત્ર ધરાઈ ।
સુરદાસ સ્વામી કરૂનામય બાર બાર વન્દૌ તિહિ પાઇ ॥

રાગ ગારા-તીન તાલ

અખિયાં હરિદર્શન કી પ્યાસી ।
દેખ્યો ચાહત કમલનૈન કો, નિસિદિન રહત ઉદાસી....૧
આયે ઉધો ફિર ગયે આંગન ડારિ ગયે ગર ફાંસી....૨
કેસરી તિલક મોતિન કી માલા વૃન્દાવન કો વાસી....૩

કાહૂ કે મન કી કો અન જાનત લોગન કે મન હાંસી....૪
સૂરદાસ પ્રભુ તુમરે દરસ બિન લેહૌં કરબટ કાઁસી....૫

રાગ કાફી

ઉધો કર્મન કી ગતિ ન્યારી,
સબ નદિયાં જલ ભરભર રહિયાં
સાગર કિસ વિધિ ખારી....ધ્રુ.

ઉજ્જવલ પંખ દિયે બકુલા કો
કોયલ કિત ગુણ કારી,
સુંદર નૈન મૃગા કો દીને
બન બન ફિરત ઉજારી ॥ ૧ ॥

મુરખ મુરખ રાજે કીને
પંડિત ફિરત ભિખારી,
સુરશામ મિલબે કી આશા
છિન છિન બીતત ભારી ॥ ૨ ॥

રાગ ભિમપલાસી-તીન તાલ

સબસે ઊંચી પ્રેમ સગાઇ,
દુર્યોધન કો મેવા ત્યાગો સાગ વિદુર ઘર પાઈ....ધૃ.
જુઠે ફલ શબરી કે ખાયે બહુવિધિ પ્રેમ લગાઈ,
પ્રેમ કે વશ નૃપ સેવા કીન્હી આપ બને હરિ નાઈ....૧

રાજસુયજ્ઞ યુધિષ્ઠિર કિનો તામે જુઠ ઉઠાઇ,
પ્રેમ કે વશ અર્જુન-રથ હાંકયો ભૂલ ગયે ઠકુરાઇ....૨
એસી પ્રીત બઢી વૃન્દાવન ગોપીન નાચ નચાઇ,
સુર કૂર ઇસ લાયક નાહીં કહઁલગ કરૌં બડાઈ....૩

રાગ જોગી તીન તાલ

અબ મૈં નાચ્યો બહુત ગોપાલ ।
કામ ક્રોધ કો પહિરિ ચોલના કંઠ વિષય કી માલ ॥
મહા મોહ કે નુપુર વાજત નિન્દા સબ્દ રસાલ ।
ભરમ ભર્યો મન ભયો પખાવજ ચલત કુસંગતિ ચાલ ॥
તૃષ્ણા નાદ કરત ઘટ ભીતર નાના વિધિ દૈ તાલ ।
માયા કો કટિ ફેંટા બાંધ્યો લોભ તિલક દૈ ભાલ ॥
કોટિક કલા કાછિ દિખરાઇ જલથલ સુધિ નહિં કાલ ।
સુરદાસ કી સબૈ અવિદ્યા દૂર કરો નંદલાલ ॥

રાગ ભૈરવી-તીન તાલ

છાંડિ મન હરિ વિમુખન કો સંગ,
જિનકે સંગ કુબુદ્ધિ ઉપજત હૈ, પરત ભજન મેં ભંગ....ધ્રુ.
કહા હોત પય પાન કરાયે વિષ નહિં તજત ભુજંગ,
કાગહિં કહા કપૂર ચુગાયો સ્વાન ન્હવાયે ગંગ....૧
ખરકો કહા અરગજા લેપન મરકટ ભુષન અંગ,
ગજ કો કહાં ન્હવાયે સરિતા બહુરિ ધરહિ ખહિ છંગ....૨

પાહન પતિત બાન નહિ બેધત રીતો કરજ નિખંગ,
સૂરદાસ ખલ કારી કામરિ ચઢત ન દૂજો રંગ...૩

રાગ સિંધ કાફી-તીન તાલ

સંકટ કાટ મુરારી, હમરે સંકટ કાટ મુરારી,
સંકટ મેં ઇક સંકટ ઉપજ્યો, અરજ કરૈં મૃગનારી...ધ્રુ૦
ઇક ઢિગ બાવર જાય ગઢરિયા ઇક ઢિગ શ્વાન વિહારી,
ઇક ઢિગ જા અગ સાડી ઈકિ ઢિગ બા બૈઠય ફુંદકારી...૧
ઉલટી પવન બાવર કો લાગી શ્વાન ગયો સસકારી,
બરની સે ભુજંગ જા નિકસ્યો તિન ડસ્યો ફુંદકારી....૨
નાચત કૂદત હરની નિકસી ભલી કરી ગિરધારી,
સૂરદાસ પ્રભુ તુમ્હરે દરશ કો ચરન-કમલ બલિહારી....૩

રાગ ખમાજ ત્રિલંબિત-તીન તાલ

અબ તો પ્રગટ ભઈ બગ બાની,
વા મોહન સોં પ્રીતિ નિરન્તર
કયોં રહેગી છાની....ધ્રુ૦
કહા કરૈં સુંદર મૂરત ઇન
નયનનમાં સમાની,
નિકસત નહીં બહુત પચહારી
રોમ રોમ ઉરઝાની....૧

અબ કૈસે નિવાર જાત હૈ
મિલે દૂધ જ્યોં પાની
સૂરદાસ પ્રભુ અન્તર્યામિ
ગ્વાલિન મન કી જાની....૨

રાગ તિલક કામોદ–દીપચંદી

નાથ કૈસે ગજ કો બંધ છુડાયો,
યહી અચરજ મોહિં આયો. ....ટેક

ગજ ઔર ગ્રાહ લડત જલ ભીતર
લડત લડત ગજ હાર્યો,
જવ-ભર સૂંડ રહી જલ ઉપર
તબ હરિનામ પુકાર્યો. ...નાથ. ૧

શબરી કે બેર સુદામા કે તંદુલ
રૂચિ રૂચિ ભોગ લગાયો,
દુર્યોધન કા મેવા ત્યાગો
સાગ વિદુર ઘર ખાયો. ....નાથ. ૨

પૈઠ પાતાલ કાલીનાગ નાથ્યો
ફણ પર નૃત્ય કરાયો,
ગિરિ ગોવરધન કર પર ધાર્યો
નંદઘર લાલ કહાયો. ....નાથ. ૩

અઘાસુર માર્યો બકાસુર માર્યો
દાવાનલ પાન કરાયો,

ખંભ ફોડ હિરણ્યકશ્યપ માર્યો
નરસિંગ નામ ધરાયો. ....નાથ. ૪

અજામીલ ગજ ગણિકા તારી
દ્રૌપદીકો ચીર પુરાયો,
પયપાન કરત પૂતના મારી
કુબ્જા કો રૂપ બનાયો. ....નાથ. ૫

કૌરવ પાંડવ કો યુદ્ધ રચાયો
કૌરવ કો માર હટાયો,
દુર્યોધન કો માન ઘટાયો
મોહે ભરોંસો આયો. ....નાથ. ૬

સબ સખિયન મિલિ કંગન બાંધ્યો
રેશમ ગાંઠ બંધાયો,
છૂટે નહિ રાધાજી કો કંગન
કૈસે ગોવરધન ઉઠાયો. ....નાથ. ૭

જોગી જાકો ધ્યાન ધરત હૈ
ધ્યાન ધરત નહિં આયો,
સૂરદાસ પ્રભુ તિહારે મિલન કો,
જશોદા કી ધેનુ ચરાયો. ....નાથ. ૮

શ્રી પુનિત મહારાજનાં ભજનો

કરો કર્તવ્યનું પાલન

સૂણો સંસારના માનવ, કરો કર્તવ્યનું પાલન.
પુકારે ગીતામાં ભગવાન કરો કર્તવ્યનું પાલન.
ઉભા જે સ્થાનની ઉપર તપાસો દૃષ્ટિને ફેંકી.
અંતરની આંખથી દેખી કરો કર્તવ્યનું પાલન,
ધર્યું જે કાર્યને હાથે વિચારો કાર્યની રેખા,
ગણીને લાખનાં લેખાં કરો કર્તવ્યનું પાલન.
"પુનિત" આ દેહ માનવનો નકામો વેડફી બેઠા,
નથી જ્યાં કાષ્ટમાં પેઠા કરો કર્તવ્યનું પાલન,

ક્યારે ?

અમારી આ જીવન નૌકા કિનારે લાવશો ક્યારે !
ભવાબ્ધિના તરંગોથી પ્રભો ! ઉગારશો ક્યારે....૧
મહામદ મોહ કામાદિ મગર મ્હોં ખોલી બેઠા છે,
દયાકર ! કામપંજાથી ત્વરિત છોડાવશો ત્યારે...૨
વિરહ સંયોગ ગિરિમાળા વડે ભેટાઇ ગઇ નૌકા,
ભરાયું વારિ તૃષ્ણાનું હવે તો તારશો ક્યારે....૩
ચડી અવિવેકની આંધી ન સૂઝે દેશ કે દિશા,
તિમિરમાં નાથ ! ભટકું છું પ્રકાશે લાવશો ક્યારે....૪

નથી કોઇ સાચું સહાયક જ્યાં પુકારું હું પ્રભુ ! કોને,
કહું છું અર્તનાદોથી પ્રભુ ઉદ્ધારશો ક્યારે....૫
પ્રભુજી ! દિવ્ય ઔષધીયો ગયે જીવ કામ ના આવે,
મહૌષધ આવીને વહાલા દરદ સૌ કાપશો ક્યારે ?....૬
પ્રભુજી ! કર્મના યોગે બન્યું છે સર્વ ભયકારી,
અરે ઓ નાથ ! ભયહારી મને ઉગારશો ક્યારે....૭
દયા લાવો દયા લાવો મને શા કાજ તલસાવો ?
દયાઘાન ! દિલ દયા લાવી વિપદ્ સૌ ટાળશો ક્યારે ?....

પ્રભુની પાસે કોણ પહોંચે

જે જન સુખ દુઃખમાં સમાન પ્રભુ પાસે પહોંચે છે.
કરતો દુઃખમાં મીઠાં ગાન પ્રભુ પાસે પહોંચે છે....૧
સુખમાં કદી ન છલકાતો દુઃખ રડવાની નહીં વાતો,
રહેતું મનનું એક જ સ્થાન પ્રભુ પાસે પહોંચે છે....૨
ફરતો કોટ સદા ધીરજનો પ્રશ્ન એને એક ફરજનો,
થાતું એ રીતે પ્રસ્થાન પ્રભુ પાસે પહોંચે છે....૩
વહેતો કામ તણાં એ વહેણે ચૂંકારો ના નીકળે વેણે,
દિલમાં માન નહીં અપમાન પ્રભુ પાસે પહોંચે છે....૪
મનમાં ડગુમગુ નહીં રહેતો લમણે હાથ કદી ના દેતો,
'પુનિત' ચરણો કેરું ધ્યાન પ્રભુ પાસે પહોંચે છે....૫

મને ઉતારો ભવપાર

મને ઉતારો ભવપાર પ્રભુ ઉતારો ભવપાર.
હું તો ડૂબી રહ્યો મઝધાર....પ્રભુ ઉતારો.
આયખું મેં એળે ખોયું પ્રભુ ભજનમાં દિલ ના પરોવ્યું.
ભવ સાગરમાં ભટકી ભટકી ભૂલ્યો હું કીરતાર ....પ્રભુ.
દીન બાળકની અરજી સૂણો પાડી રહ્યો પોકાર,
એક જ મારો તું સંગાથી ભવભવનો ભરથાર ....પ્રભુ.
તહારા વિણ હવે કોણ સહારો દીનબંધુ હવે મારો કે તારો,
એક વખત પ્રભુ ! દરશન દે ને આવી ઉભો તુજ દ્વાર....પ્રભુ.

સત્સંગ

જેણે સતસંગ કીધો નહીં, એની વેળા વણસી ગઇ.
સતસંગ જગમાં સૌથી મોટો, જોટો જડશે નહીં.
એ વિણ વળશે ગોટો સોટો કાળનો પડતાં ભાઇ........જેણે.
જળમાં સ્થળમાં જડચૈતનમાં પ્રભુ વસે છે જઇ.
પણ એ મેળવવાની ચાવી સતસંગ સાથે રહી........જેણે.
શાસ્ત્ર પુરાણને સર્વે કહે છે, એક જ વાત જ ડાહી,
સતસંગ પૂણ્ય પ્રતાપે મળતાં ચાર પદારથ સહી........જેણે.
ધન ધરા ને જોબન માયા, નાંખે નરકની માંહીં,
સત્સંગ સાથે વૈકુંઠ લાધે સારી વાત જ કહી.......જેણે.
સત્સંગ શરણું અમીનું ઝરણું મરણું તરણું થઈ,
દળણું દળશે ભરણું ભરશે વેળા સુધરી ગઇ.......જેણે.
સત્સંગ કરશે ભવજળ તરશે પુનિત વાણી થઈ,
એ વિણ લખ ચોરાસીના ફેરા 'નિર્ભય' ટળશે નહીં.......જેણે.

ધીરા ભગતનાં ભજનો

તરણા ઓથે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહીં;
અજાજુથ માંહેરે, સમરથ ગાજે સહી.
સિંહ અજામાં કરે ગર્જના, કેસરી મૃગ રાજન;
તલને ઓથે તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશનઃ
દધિ ઓથે ધૃતજરે, વસ્તુ એમ છુપી રહી.
કોને કહ્યુંને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહી રે વાણીનો ન પેહોંચે વિસ્તારઃ
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે નહીં,
મન પવનની ગતિ ન પેહોંચે, અવિનાશી રે અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રમપુરણ જેણે રચ્યો બ્રહ્માંડ;
ઠામ નહી ઠાલો રે, એક અણુ માત્ર કહીં.
સદગુરૂજીએ કૃપા કરી ત્યારે, આપે જ્યારે પ્રકાશ;
શાશા દોડી સાધન સાધો પોત પોતાની પાશ;
દાસ ધીરો કહે છે રે, જ્યાં જોઉં ત્યાં તુંહિ તુંહિ.

તન તુંહિ તુંહિ બોલે રે, આ સુપના જેવું તન સારૂં,
અચાનક ઉડી જાશે રે. જેમ દેવતામાં દારૂ.
ઝાકળ જળ પળમાં વળી જાશે જેમ કાગળ ને પાણી,
કાચા વાડી તારી એમ કરમાશે, થઇ જાશે ધૂળધાણીઃ
પાછળ પસ્તાશો રે, મિથ્યા કરી મારું મારૂં,
કાચનો કુપો કાયા તમારી, વણસતાં નહીં વાર;

જીવ કાયાને સગાઇ કેટલી, મુકી ચાલે વન મોઝાર;
ફોગટ પુલ્યાં ફરવું રે, ઓચિંતુ થાશે અંધારું,
જોયું તે તો સરવે જાવાનું ઉગરવાનો ઉધારો.
દેવ ગાંધર્વ રાક્ષસને માણુસ, સઉ ને મરણનો મારો;
આશાના મહેલ ઊંચા રે, નીચું આ કાચું કારભારૂં.
ચંચળ ચીતમાં ચેતીને ચાલો ઝાલો હરીનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહ્યાનો વિશ્રામ,
ધીરો ઘર ઘરથી રે, નથી કોઇ રહેનારૂં.

અંતે સંતને તેડાવો રે, હરિનું ભજન કરવા:
કરમાં માળા ઝાલી રે, મુરખ બેઠો જ્યારે મરવા.
નાનપણે ઘર–ધંધામાં થયો, વરૂદ્ધ ધાયે હરિ ગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યો રે, પથ્થરને નાવે બેઠો તરવા.
અંત સમે છાપાં તિલક બનાવે, ભુલી ગયો રે જ્યારે ભાન,
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વિમાન;
ગુરૂ જ્ઞાન નાવ્યું રે, બુધ્ધિ ગઇ તારી ચરવા.
જુવતી નારીને જેવિ પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય,
વદ્ધનારીને નહિ પુત્રની આશા એનો એળે જન્મ વહી જાય,
હરિને બેઠો ઠગવા રે, એંશી વર્ષે વર વરવા.
વીશ વર્ષે વિશ્વંભર મળે, ભકિત કરે ભય જાય,
હરિ શું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા, નિરંજન રાય;
દાસ ધીરો કહે છે રે; મચ્યા ચોરાસી ફરવા.

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે,
અવર નહિ દેખું રે, બીજો કોઇ પ્રભુ પાખે....ધ્રુવ.

ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રાય,
થળને થાનકે જળ ચલાવે, જળ થાનક થળ થાય.

તરણાંનો તો મેરૂ રે, મેરૂનું તરણું કરી દાખવે....૧.
નીંભાડાથી બળતાં રાખ્યાં, માંજારીનાં બાળ,
ટીટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ.
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે....૨.

બાણ તાણીને ઊભો પારધી, સિંચાણો કરે રે તકાવ,
પારધીને પગે ડસિયો, સિંચાણી શિર નહિ ઘાવ.
બાજ પડયો હેઠો રે, પંખી ઊડી ગયાં સુખે....૩.

ગજ કાતરણી લઈને બેઠો, દરજી તો દીનદયાળ,
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ.
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હકકે....૪.

કેશવ ભગતનાં ભજનો

●

રાગ કાલિંગડા તીન તાલ

ભકિત વડે વશ થાય, રમાપતિ ભકિત વડે વશ થાય. ધ્રુવ.
જો ઇશ્વર વશ થાય નહિ તો, જન્મમરણ નહિ જાય.

ભક્તિ પરમ સુખનું શુભ સાધન, સફળ કરે છે કાય,
ભક્તિ વડે ભગવાન સદા વશ, નિગમાગમ પણ ગાય.
બળિયાના બળરૂપ દયાઘન, નિર્બળ થઈ બંધાય,
સંકટ સેવક પર આવે તો, ત્યાં ધરણીધર ધાય.
ભકતાધીન દયાનિધિ ભૂધર, ભકિત વિના ન પમાય,
ભકિત વિના વ્રત જપ તપ આદિક, અફળ અનેક ઉપાય.
ધન યૌવન બળ બુદ્ધિ ચતુરતા, નિર્બળ તે સમુદાય,
રંગ રૂપ કુલ જાતિ વિશેષે, ન કરે કોઇ સહાય.
અજામિલ નારદમુનિ શબરી, કયાં ગણિકા ગજરાય,
કેશવ હરિની ભકિત તણા ગુણ, એક મુખે ન ગવાય.

રાગ છાયા ખમાચ–તીન તાલ

મારી નાડ તમારે હાથ પ્રભુ સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને પ્રભુપદ આપજો રે.........ધ્રુવ.
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે ૧
અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે ૨
વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો ?
મહા મુંઝારો મારો નટવર ટાળજો રે ૩
કેશવ હરિ [illegible] શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે ?
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે ૪

રાગ વાગેશ્રી–તાલ ધમાર અગર તેવરા

દીનાનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશો માં.
હાથ મારો મૂકશો માં, હાથ મારો મૂકશો માં....ધ્રુવ.
આ મહા ભવસાગરે, ભગવાન હું ભૂલો પડયો છું.
ચૌદ લોક નિવાસ ચપલાકાન્ત આ તક ચૂકશો માં ૧
ઓથ ઇશ્વર આપની, સાધન વિષે સમજું નહિ હું,
પ્રાણપાલક પોત જોઈ, શંખ આખર ફૂંકશો માં ૨
માત તાત સગાં સહોદર, જે કહું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર, દાસ સારૂ સૂકશો માં ૩
શરણ કેશવલાલ સુતનું છે, ચરણ હે હરિ રામ તારું,
અખિલનાયક આ સમય, ખોટે મસે પણ ખૂટશો માં ૪

રાગ છાયા ખમાજ–તીન તાલ

સદ્‌ગુરુ શરણ વિના અજ્ઞાન–તિમિર ટળશે નહિ રે,
જન્મ મરણ દેનારું બીજ ખરું બળશે નહિ રે ધ્રુવ.
પ્રેમામૃતવચપાન વિના સાચા ખોટાનાં ભાન વિના,
ગાંઠ હૃદયની જ્ઞાન વિના ગળશે નહિં રે ૧
શાસ્ત્ર પુરાણ સદા સંભારે તન મન ઇંદ્રિય તત્પર વારે,
વગર વિચારે વળમાં સુખ રળશે નહિ રે ૨
તત્ત્વ નથી મારા તારામાં સુજ્ઞ સમજ નરસાસારામાં,
સેવકસુતદારામાં દિન વળશે નહિ રે ૩
કેશવ હરિની કરતાં સેવા પરમાનંદ બતાવે તેવા,
શોધ વિના સજ્જન એવા મળશે નહિ રે ૪

કવિ છોટમનાં ભજનો

સમજ મન મારા રે, કહુ એક વાત ખરી;
નર દેહ જેવો રે, નહીં મળે ફરી ફરી. ટેક.

કર્તા રે સઘળી, સૃષ્ટિ કરી છે તેમાં જીવની જાતિ અનેક;
દેહ મધ્યેથી, આત્મ ઓળખવો, એ માણસમાં છે વિવેક,
આત્મા જેને દરશેરે, તેને દ્રશાય હરિ. સમજ મન....૧

પશુ પંખી કે બીજા, જે જે પ્રાણી તેમાં, નથી એવું જ્ઞાન;
ઇંદ્રીયના સુખ માંહે, ભટકે અહોનિશ, પેટ ભરાયાનું ભાન;
અજાણ જડ જંતુ રે, જાયા તેવા જાય મરી. સમજ મન....૨

દીન દયાળે, દયા કરીને, દીધો જો નરનો દેહ;
પાપ કરમ વડે, પેટ ભરીને, તુચ્છ ગુમાવે તેહ.
રજ નથી રહેતો રે, હરિ સાથે હેત કરી. સમજ મન....૩

ક્ષણભંગુર છે ખેલ ખલકનો તું, જો ને કરીને વિચાર;
મિથ્યા ભટકવું, મૂકીને મનમાં, સમરી લે સરજનહારઃ
છોટમ એ સમજી રે, ઘણા ગયા તરી, સમજ મન....૪

તું તો ન્યારો રહીને ખેલે છે નારાયણા રે તું તો ટેક.
તારી ઈચ્છા તેહ જ માયા, તેમાં સઘળા ભેદ સમાયા,
તું નિર્ગુણ પણ ગુણમાં તુજમાં દીસે ઘણા રે, તું ન્યારો....૧
પાણી પવનનો પિંડ બનાવે તેમાં ચૈતન્ય તારૂં આવે,
તુજ ડહાપણ જોતાં તુજમાં દિસે નહીં મણા રે, તું તો ન્યારો....૨

નટ જ્યમ પટને ઓથે રહે છે સકળ પૂતળાં નાચ કરે છેઃ
ત્યમ તારા કરમાં સરવેના તાંતણાં રે તું તો ન્યારો....૩
એક કળે સહુ જગત હલાવે ચમક દ્રષ્ટિ જ્યમ લોહ ચલાવે;
ઇચ્છા જ્ઞાન ક્રિયાદિક ગુણ તારા સોહામણા રે, તું તો ન્યારો....૪
તું ખેલે છે બાજી તારી જાણી ન શકે બુદ્ધિ મારી;
છોટમ દુજને જોતાં ભાગે ભરમણા રે, તું તો ન્યારો....૫

તારૂં ખેતર હરણાં ખાય રે, જંજાળી જનુવાઃ
તે તો ફળવંત કયાંથી થાય રે, જંજાળી રે જનુવા. ટેક.

પાંચ હરણ પરિબળ ઘણાં રે, બીજાં વળી દસ બાર;
ચોવીસ હરણીના સંગમાં રહ્યા, ત્રણ મોટા કાળિયાર રે.
....જંજાળી. ૧

પહેલી તો ખાધી શેલડી રે, વળતી તે દાઢમ દ્રાક્ષ.
કેળ્ય તણા કડકા કર્યા, પછી રળવાની રહી રાખ રે....જંજાળી. ૨

જો જાણે તો જાગજે રે, ધરમ ધનુષ કર ધાર્ય;
ગોફણ લેજે જ્ઞાનની, ગુરુ બાંધ બંધુકે માર્ય રે...જંજાળી. ૩

ધીરજ રાખીને ઘર થકી રે, ખેપથી ક્ષેત્ર સંભાળ્ય;
આપ ઉગારી આપણું છોટમ કહે પ્રભુ ભણી વાળ્ય રે....
જંજાળી. ૪

કાયા છે તો નિશદિન કરક સમરણ કિરતારનું રે. ટેક.
જતન કરયું જઠરામાં જેણે તારો દેહ રચ્યો છે તેણે,

એણે કામ કર્યું છે અતિ ઉપકારનું રે; કાયા છે તો....૧
પ્રસવ થતા પહેલું પય કીધું માતાના સ્તનમાં રચી દીધું;
તેણે કારજ સીધ્યું તારા આહારનું રે. કાયા છે તો....૨
દાંત દીધા છે ચાવણુ ચરવા, અન્ય સરજ્યું છે. ઉદર ભરવા;
કર દીધા કારજ કરવા વ્યવહારનું રે. કાયા છે તો....૩
કાન નેત્ર કીધાં છે કેવાં અંગ અમૂલ્ય સરવે એવાં,
વળી મોટું મન કીધું વિવિધ વિચારનું રે, કાયા છે તો....૪
એ ઉપકાર અપાર વિસારી, તું અવળો અવિચારી;
મત્સરમાં કર દુઃખ છે જમના મારનું રે. કાયા છે તો....૫
સુર દુર્લભ માનુષ તનુ પામી, લંપટ ન થવું લુણ હરામી;
છોટમ શરણુ ગ્રહી લે સરજનહારનું રે, કાયા છે તો....૬

નિષ્કુળાનંદ

રાગ સારંગ–દીપચંદ તાલ

જંગલ વસાવ્યું રે જોગીએ, ત્યજી તનડાની આશ જી
વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસ જી....ધ્રુવ.
સેજ પલંગ પર પોઢતા, મંદિર ઝરૂખા માંય જી
તેને નહિ તૃણુ પાથરો, રહેતા તરુતળ છાંય જી....૧
શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકસી જામ જી
તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ઘામ જી....૨

ભાવતાં ભોજન જમતા, અનેક વિધિનાં અન્ન જી
તે રે માગણુ લાગ્યા ટુકડા, ભિક્ષા ભવન ભવન જી....૩
હાજી કહેતાં હજારો ઉઠતા, ચાલતાં લશ્કર લાવ જી
તે નર ચાલ્યા રે એકલા, નહિં પેંજાર પાવ જી....૪
રહો તો રાજા રસોઇ કરું, જમતા જાઓ જોગી રાજ જી
ખીર નીપજાવું ક્ષણુ એકમાં, તે તો ભિક્ષાને કાજ જી....૫
આહાર કારણુ ઊભો રહે, એકની કરી આશ જી
તે જોગી નહિ ભોગી જાણુવો, અંતે થાય વિનાશ જી...૬
રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે જોગ જી
તે ધન દારામાં નહિ ધસે, રોગ સમ જાણે ભોગ જી....૭
ધન્ય તે ત્યાગ વૈરાગ્ય ને, ત્યજી તનડાની આશ જી
કુળ રે ત્યજીને નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશ જી....૮

રાગ સારંગ–દીપચંદી તાલ

જડભરતની જાતના, જોગી જે જગમાંય જી
ઇંદ્રિય મનની ઉપરે, રહે શત્રુ સદાય જી...ધ્રુવ.
વિકળ ન થાયે વિષયમાં, રહે પર્વત પ્રાય જી
ધરમ ધીરજ મૂકે નહિ, જરી જો મસ્તક જાય જી....૧
આઠે પહોરમાં એક ઘડી, નવ માને નિજ દેહ જી
તેના સુખ સારું શું કરે, ઉપાય નર એહ જી....૨
હરિઇચ્છાએ હરે ફરે, કરે જીવનો ઉદ્ધાર જી
જેને મળે એવા જોગીઆ, પામે તે ભવ પાર જી....૩

એવા જોગીને આવી મળે, જાણ્યે અજાણ્યે જન જી
નિષ્કુળાનંદ કહે એ નરને, પળમાં કરે પાવન્ન જી....૪

રાગ સારંગ–દીપચંદી તાલ

જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ જી
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગ જી....ધ્રુવ

ધન્ય ધન્ય માતા પુત્ર તણી, કહ્યાં કઠણ વચન જી
રાજા રાજસુખ પરહરી, વેગે ચાલીઆ વન જી...૧

ઊડી ન શકે રે ઉંટીયો, બહુ બોલાવ્યો બાજંદ જી
તેને રે દેખી ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડયો ફંદ જી....૨

ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસેં નાર જી
મંદિર જરૂખા મેલી કરી, આસન કીધલાં બહાર જી....૩

એ વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા રે અનેક જી
ભલા રે ભુંડા અવની ઉપરે, ગણતાં નાવે છેક જી....૪

ક્યાં ગયું કુળ રાવણ તણું, સગરસુત સાઠ હજાર જી
ન રહ્યું તે નાણું રાજા નંદનું, સર્વ સુપન વેવાર જી....૫

છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજન જી
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપંન જી....૬

સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મૂકાવશે જમ જી
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઇ સમજી....૭

રાગ સારંગ–દીપચંદી તાલ

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિણુ, કરીયે કોટી ઉપાય જી
અંતર ઊંડી ઇચ્છા રહે, તે તો કેમ ત્યજી જાય જી...ધ્રુવ.

વેષ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી
ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી....૧

કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાય જી
સંગ પ્રસંગ પાંગ રે, જોગ ભોગનો થાય જી... ૨

ઉષ્ણ રતે અવનિ વિષે, બીજે નવ દિસે બહાર જી
ઘન વરસે વન પાંગરે, ઇંદ્રિય વિષય આકાર જી...૩

કનક દેખી લોહ ચળે, ઇંદ્રિય વિષય સંજોગ જી
અણભેટયે રે અભાવ છે, ભેટયે ભોગવશે ભોગ જી....૪

ઉપર ત્યજે ને અંતર ભજે, એમ ન સરે અરથ જી
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનરથ જી....૫

ભ્રષ્ટ થયો જોગભોગથી, જેમ બગડયું દૂધ જી
ગયું ઘૃત દહીં માખણ થકી, આપે થયું રે અશુદ્ધ જી....૬

પળમાં જોગી રે ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગ જી
નિષ્કુળાનંદ એ નરનો, વણ સમજ્યો વૈરાગ જી....૭

પ્રકીર્ણ ભજન સંગ્રહ

શ્રી હરિની આરતી



જય દેવ જય દેવ જય રાધા રમણા, પ્રભુ જય રાધા રમણા,
જય ગોપીજન વલ્લભ (૨) દુઃખ સકલ શમના....જય. ૧

જય જય કુંજવિહારી (૨) જય ગોકુલરાયા પ્રભુ. (૨)
વ્રજવિધુ રાસવિહારી (૨) નિજ જન સુખદાયા....જય. ૨

જય વૃંદાવનવાસી જય જય ગિરિધારી પ્રભુ જય. (૨)
ગોપીજન મનરંજન (૨) જય મુરલીધારી....જય. ૩

જયજય દેવકીનંદન જય મથુરાધીશા પ્રભુ જય (૨)
નંદ યશોદા નંદન (૨) જય જય જગદીશા....જય. ૪

જય જય કંસનિકંદન દાનવ કુલ દલના....પ્રભુ.
ભકતજન પ્રતિપાલક (૨) જય દુર્જન છલના ...જય. ૫

જય સુંદર શામળિયા પીતાંબર ધારી, પ્રભુ.
મોર મુકુટ શિર શોભે (૨) અતિ મંગલ કારી....જય. ૬

કર્ણ વિષે શુભ કુંડલ મકરાકૃતિ શોભે પ્રભુ,
નાસાગ્રે મુકતાફળ (૨) જોતાં મન લોભે....જય. ૭

હૃદયે કૌસ્તુભ ઝળકે મણિ મુકતા માળા પ્રભુ,
બાંહે બાજુ બિરાજે (૨) અતિશય તેજાળા....જય. ૮

કટિયે કિંકિણિ રણુકે નૂપુર ચરણ વિષે પ્રભુ.
મણિ બંધે મણિ ભૂષણ (૨) અતિ સુંદર દીસે....જય. ૯

ભાલે તિલક વિશાળ શોભે મૃગમદનું પ્રભુ.
વનમાળા પર ગુંજે (૨) ટોળું ષટપદનું....જય. ૧૦

હસિત વદન કરી ઉભા મુજ સામું જોઇ પ્રભુ.
કૃપાકટાક્ષે દુઃખડાં (૨) સૌ નાખ્યાં ખોઇ....જય. ૧૧

એવા હરિ નિરખી મેં લ્હાવો સર્વ લીધો પ્રભુ,
પ્રપંચ આશા છૂટી (૨) ભવભય ભસ્મ થયો....જય. ૧૨

હવે વિનંતિ એટલી શ્રી હરિ તવ ચરણે પ્રભુ.
મુને નિરંતર રાખો (૨) દાસ કરી શરણે....જય. ૧૩

બાંહે ગૃહી તરછોડો તો નિજ બિરૂદ હારો, પ્રભુ,
જેવો ગણશો તેવો (૨) છું પણ ઉદ્ધારો....જય. ૧૪

એવી હરિની આરતિ જે હેતે ગાશે....પ્રભુ,
હરિદાસ પ્રભુ તેને (૨) પ્રેમામૃત પાશે....જય. ૧૫

જય દેવ જય દેવ જય રાધારમણા, પ્રભુ.
જય ગોપીજન વલ્લભ (૨) દુઃખ સકલ શમના....જય. ૧૬



ગીતા માતાની આરતિ

ૐ જય ગીતા માતા મૈયા જય ગીતા માતા.
અખિલ વિશ્વકી ત્રાતા (૨) સુખ સંપત્તિ દાતા........

ૐ જય ગીતા માતા....૧

વેદ બ્રહ્મ કી વાણી જ્ઞાનામૃત ધારા મૈયા જ્ઞાનામૃત ધારા,
પ્રથમ સૂર્યને તૂજકો (૨) હૃદય કમળ ધારા.

ૐ જય ગીતા માતા....૨

ફીર ક્રમસે મનુ ઇક્ષ્વાકુ રૃષિયોને જાના, મૈયા રૃષિયોને જાના,
જનકાદિક રાજો ને (૨) તુજનો સન્માના.

ૐ જય ગીતા માતા....૩

તું અવ્યય અવિનાશી સત્ ચિત્ આનંદા મૈયા સત્ ચિત આનંદા.
તેરા રૂપ અલૌકીક (૨) સુંદીર સાનંદા,

ૐ જય ગીતા માતા....૪

તું દુર્ગા તું લક્ષ્મી તું હી સરસ્વતી મૈયા તું હી સરસ્વતી,
તેરી શરણ જો આતે (૨) વે પાતે સુમતિ.

ૐ જય ગીતા માતા....૫

તું નદીયો મેં ગંગા સતીયો મેં સીતા મૈયા સતીયો મેં સીતા,
મંત્રો મેં ગાયત્રી (૨) ગ્રંથોમેં ગીતા.

ૐ જય ગીતા માતા....૬

હો જગદંબે તુંને અગણીત વીર જને મૈયા અગણીત વીર જને,
તું ને બનકર કાલી (૨) અગણીત અસુર હણે.

ૐ જય ગીતા માતા....૭

જોગ યજ્ઞ જપ તપકા તુજ મેં જ્ઞાન ભરા મૈયા તુજ મેં જ્ઞાન ભરા
ધર્મ કર્મ વિદ્યા કા (૨) હૈ વિજ્ઞાન ભરા.

ૐ જય ગીતા માતા...૮

શૌર્ય ધૈર્ય દમ તપ તું સીખા રહી ગીતે મૈયા સીખા રહી ગીતે.
તેરા હી અમૃત પી (૨) અર્જુન રણજીતે.

ૐ જય ગીતા માતા....૯

બ્રહ્માનંદ વિનય વહુ મા તું કૃપા કીજે મૈયા મા તું કૃપા કીજે,
પ્રભુ પ્રિય દેશ ધર્મ કી (૨) ભકિત હમે દીજે.

ૐ જય ગીતા માતાં....૧૦

ઇતના તું કરના સ્વામીન્

ઇતના તું કરના સ્વામીન્ જબ પ્રાન તનસે નીકલે.
ગોવિંદ નામ લેકર ફીર પ્રાન તનસે નીકલે...૧
શ્રી ગંગાજી કો તટહો યા યુમનાજીકો બટ હો,
મેરે સાંવરા નિકટ હો, જબ પ્રાન તનસે નીકલે....૨

શ્રી વૃંદાવન કા સ્થલ હો મેરે મુખમેં તુલસીદલ હો,
વિષ્ણુચરનકા જલ હો જબ પ્રાન તનસે નીકલે....૩
સન્મુખ સાંવરા ખડા હો, બંસીકા સ્વર ભરા હો,
તીરછા ચરન ધરા હો, જબ પ્રાન તનસે નીકલે....૪
શીર સોહના મુકુટ હો મુખડે પે કાલી લટ હો,
એહિ ધ્યાન મેરે ઘટ હો, જબ પ્રાન તનસે નીકલે....૫
જબ કંઠ પ્રાણ આવે કોઈ રોગ ના સતાવે,
યમ દર્શ ના દીખાવે, જબ પ્રાન તનસે નીકલે....૬
મેરા પ્રાન નીકલે સુખસે તેરા નામ નીકલે મુખસે,
બચ જાઉં ઘોર દુ:ખસે, જબ પ્રાન તનસે નીકલે....૭
ઉસ વખ્ત જલદી આના નહીં શ્યામ ભૂલ જાના,
બંસી કા ધૂન સૂનાના, જબ પ્રાન તનસે નીકલે....૮
યહ નેકસી અરજ હે માનો તો કયા હરઝ હે,
કુછ આપકા ફરઝ હે, જબ પ્રાન તનસે નીકલે....૯
વિદ્યાનંદકી એ અરજી ખુદ ગરજી કી હે ગરજી,
આગે તુમારી મરજી, જબ પ્રાન તનસે નીકલે....૧૦

યે પ્રેમ સદા ભરપૂર રહે ભગવાન તુમારે ચરણો મેં,
એ અરજ મોરી મંજુર રહે ભગવાન તુંમારે ચરણો મેં.
સંસાર અસાર હે સાર નહીં બાકી ન રહી ભૂખ કહીં,
મેં સંસાર કે બધનમેં સંસાર આપ કે હાથોમેં.
જીવન કી મેંને છોડ દીયા યે દોર તુમારે હાથોમેં,
ઉદ્ધાર પતન અબ મેરા હે ભગવાન તુમારે હાથોમેં.

આંખો મેં સદાય એ ધ્યાન રહે ઓર મન ચરણોમેં લગા રહે,
એ અંત સમય કી અરજી હે ભગવાન તુમારે ચરણોમેં,
બાર બાર મેં કહેતા હું આગે પ્રભુ આપકી મરજી હે.
યે ભાવ રવિન્દ્રાનંદકા હે ભગવાન તુમારે ચરણોમેં,

નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયા

રાગ ભૈરવી-તીન તાલ

મંગલ મંદિર ખોલો

દયામય મંગલ મંદિર ખોલો—ધ્રુવ.
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો....દયામય ૧
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો....દયામય ૨
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો....દયામય ૩
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો....દયામય ૪

ભજો રે મના નટવર નંદ કિશોર ભજો રે મના નટવર નંદ કિશોર.
જયા હી ભજનસે ભવભય ભાંગે આનંદ આઠે પહોર....ભજો રે મના નટવર.
વ્રજવનિતા ગણગોપ અરૂ ગ્વાલિની ચિત્તવિકલ નહીં ઠોર,

મોહન રટરટ પાર ભયે વો જન્મ મરણુ ઉદધિ ઘોર....ભજો રે મના નટવર.

હિય નિર્મળ આશા સબ નાસે સુખ ભાસે ચહુ કોર.
તનમેં મનમેં ઓર નયનમેં ખેલહી મુકુટ મોર....ભજો રે મના નટવર.

જીવન કે જીયકે સુતવિત્ત કે છૂટે બંધન દોર.
જ્યોં સરિતા સાગર દિશિ ધાવે વેસે દીલ કે વોર....ભજો રે મના નટવર.

પાપ ઘટે હીયમેં રવિ પ્રગટે આનંદ વાધે ઓર.
'કાગ' કીસન કે નામ અસીવો કાટે બંધ કઠોર...ભજો રે મના નટવર.

ચેતે તો ચેતાવું તુંને રે પામર પ્રાણી.
સજી ઘર બાર સારૂં મિથ્યા કહે છે મારું મારું,
તેમાં નથી કશું તારું રે પામર પ્રાણી. ચેતે તો....૧.
તારે હાથે વવરાશે તેટલું જ તારું થાશે,
બાકીનું બીજાને જાશે રે પામર પ્રાણી. ચેતે તો....૨.
માખીઓએ મધ કીધું ન ખાધું ન દાન દીધું,
લૂંટનારે લૂંટી લીધું રે પામર પ્રાણી. ચેતે તો....૩.
ખંખેરીને હાથ ખાલી ઓચિંતા જવાનું ચાલી,
કરે માથાકૂટ ખાલી રે, પામર પ્રાણી. ચેતે તો....૪.
શાહુકારીમાં સવાયો લાખોપતિ તું લખાયો,
કહે સાચો માલ શું કમાયો રે, પામર પ્રાણી. ચેતે તો....૫.

આવે તારી સાથે એવો માલ તું કમાયો કેવો,
અવેજ તપાસ તેવો રે પામર પ્રાણી. ચેતે તો....૬.
દેવે નર તનુ દીધી, તેં તો ન કિંમત કીધી,
મણી સાટે મેશ લીધી રે, પામર પ્રાણી. ચેતે તો....૭.
ખોળામાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું,
જાણપણું તારું જોયું રે પામર પ્રાણી. ચેતે તો....૮.
હજી હાથમાં છે બાજી, કર પ્રભુને તું રાજી,
તારી મુડી કર તાજી રે, પામર પ્રાણી. ચેતે તો....૯.
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે,
કશું ન કરી શકાશે રે, પામર પ્રાણી. ચેતે તો....૧૦.
મનમાં વિચાર તારો, મનમાં રહી જનારો,
વળતી ન આવે વારો રે, પામર પ્રાણી. ચેતે તો....૧૧.
નીસર્યો જ્યાં શરીરથી પછી તું માલિક નથી,
દલપતે કહ્યું કથી રે, પામર પ્રાણી. ચેતે તો....૧૨.

એક જ દે ચીનગારી, મહાનલ એક જ દે ચીનગારી—
પ્રભુજી એક જ દે ચીનગારી....ધ્રુ૦

ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી મારી,
જીંદગાનીમાં તણખો ન પડિયો ન ફળી મહેનત મારી....
મહાનલ એક જ
પ્રભુજી એક જ....૧

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ન સળગી એક સઘડી મારી, વાત વિપરીતની ભારી...
મહાનલ એક જ
પ્રભુજી એક જ....૨

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ હું અધિક ન માગું, માગુ એક ચીનગારી....
મહાનલ એકજ દે....
પ્રભુજી એકજ દે....૩

શ્રી નાથજીના ચરણુ કમળ ચીત્ત રાખો, ભકિત સુધારસ ચાખો.
શ્રી નાથજીના ચરણુ....૧
અહોનિશ મુખે કૃષ્ણુ કૃષ્ણુ ભાખો, તેથી જન્મ સફળ થશે આખો.
શ્રી નાથજીના ચરણુ....૨
ઘરબાર ધન માલ ને ખજાનો તેમાં તારું નથી હો દિવાના.
શ્રી નાથજીના ચરણુ....૩
માત તાત સુત ભ્રાત ભગિની દારા તેમાં કોઇ નહીં છોડાવે
જમના માર. શ્રી નાથજીના ચરણુ....૪
સગાં સંબંધી સૌ સુખનાં છે બેલી આખર સમય પર મૂકશે
ધકેલી. શ્રી નાથજીના ચરણુ....૫
દયા કરી તને મનુષ્ય દેહ દીધો તો યે તેં હરિનો આશરો નવ
લીધો. શ્રી નાથજીના ચરણુ...૬
ચેતી લે ચેતાય તોયે, છે હજી સારું હજુ ઘટી ગયું નથી આયુષ્ય
તારું. શ્રી નાથજીનાં ચરણુ....૭
તારા હાથમાં આવ્યો છે પારસમણિ તારે માથે બિરાજે શ્રી
નાથજી ધણી. શ્રી નાથજીનાં ચરણુ...૮
વારે વારે લખ ચોરાસી ભટકશે ફરી આવો જનમ કયાંથી મળશે.
શ્રી નાથજીનાં ચરણુ...૯
હરીના દાસનો તે દાસ થઇ રહેજે મુખે નામ નિરંતર લેજે.

શ્રી નાથજીના ચરણુ....૧૦
એમની સેવા કર્યેથી સુખ થાશે તારાં પાપને સંતાપ દૂર થાશે.
શ્રી નાથજીનાં ચરણુ....૧૧
લાલા લહેરીના વચન સુખકારી સાચાં માની સેવો ને ગિરધારી.
શ્રી નાથજીનાં ચરણુ....૧૨

અંગરખું એક તારૂં રે, બનાવ્યું બહુ યુકિત કરી.
શિવનારો દરજી ડાહ્યો રે, કીધી છે મહા કારીગરી.
કારિગરી માંહિ કેવી રે કીધી, તેનો કહેતાં નાવે પાર;
બારીક કામ બહુ કીધું ઝીણું, તેના ઉપર તાણ્યો છે તાર;
ટાંકો તો નજરે નવ આવે રે, દેખેને સરવે સુરત ધરી.
ભાત બનાવી દોરીવાળી રે નાંખી રે નાંખી, તેમાં બખીયા છે બહુ,
વાળ્યું વળે છે અકડ નથી તેમાં, તાણ્યા નથી એકે તાર;
સારૂં શીવ્યું સંગેરે, આવ્યું છે અંગે ભરા ભરી.
કમર પટો કોઠાને રુણી, પુઠેથી પાની પ્રમાણુ;
તેમાં કલોચડી કાંઇ નથી વળી, શીવનારો ચતુર સુજાણુ,
પ્રમાણુ કેવું કીધું રે, બેસતું છે બરાબરી.
અંગરખું બહુરંગી બનાવ્યું, પુરણુ પ્રેમ પ્રકાશ;
ચોંપ દેખોને દરજીની કેવી, શિવતાં કર્યા નવ માસ;
દાસ રણુછોડને રે, પેહેરાવ્યું પ્રભુ ખરાખરી.

પ્રભાતના પહોરમાં, દીઠા ડાકોરમાં, ઠીક ઠાકોર શું મન મોહ્યું;
રણુછોડરાય છે, ભકત નાવા જાય છે, ગોમતિ ગંગમાં અંગ
ધોયું.

ગોમતીઘાટમાં મળ્યા પ્રભુ વાટમાં, સેજમાં શામળે સામું જોયું;
નરહરિ નિરખિયા, પ્રેમથી પરખિયા, પલક એકમાં પાપ ખોયું.
દઇવત દેખાડિયાં ચૌદ રત્ન કહાડીયાં, કામધેનું કેરૂં દુધ દોયું;
વેદની વાતમાં સમુદર સાથમાં, નાગને નેતરે નીર વલોવ્યું.
ઓડાણોજી લાવિયા, ડંકપુર ભાવિયા, સર્વના મનમાં શુભ શોયું;
સ્વામી આશારામના નવે ખંડ નામના, શામળે ચિત્તમાં
ચિત્ત પ્રોયું.

ઊઠ પ્રભાત સમર લે તું શ્રી ગણેશ દેવા,
પ્રાતઃ સમય સમર લે તું શ્રી ગણેશ દેવા.
માતા જાકી પારવતી, પિતા શંકર દેવા;
નામ લેતાં વિઘ્ન હરે, સફલ વાકી સેવા.

એક દંત દયાવંત, ચાર ભુજધારિ;
મસ્તકે સિંદુર સોહિયે, મુષકકી સવારી,
ચડનેકુ પાન ફૂલ, જીમનેકુ મેવા;
સકલ સૃષ્ટિ તુમકુ રટે, શ્રી શંકર મહાદેવા !

સંગ શુદ્ધ–બુધ બે નાર, ચમર નિત્ય કરે;
નામ તાકો નિત્ય લિજે, સર્વ વિઘ્ન હરે.

કનક થાલ, મુક્ત માલ, જાય સહુ વારિ;
તાનસેન ગજાનન, ગાવત સુખકારી.

રાગ ભૈરવ – દ્રુત ચૌલાત

સીતાપત રામરાય, રઘુપત રઘુરાઈ. ધ્રુવ૦
વિપત સુનો પ્રભુ હમારી, જાનત હો જગકી સારી,
સરન આયો પાર કીજે ભવસાગર માંહી. સીતા....(૧)
રસના રસ નામ લેત સંતન કો દરસ દેત,
વિહસત મુખ મંદ મંદ સંતન–સુખદાઇ. સીતા....(૨)

રામ કહો રહમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રી.
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી....રામ.
ભાજન ભેદ કહાવત નાના એક મૃત્તિકા રૂપી,
તૈસે ખંડ કલ્પનારોપિત આપ ખંડ સરૂપ રી....રામ.
નીજી પદ રમે રામ સો કહીયે રહીમ કરે રહિમાન રી.
કરશે કરમ કાન સો કહિયે મહાદેવ નિર્બાણુરી,....રામ.
પરસે રૂપ પાર સો કહીયે બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મ રી,
ઇહ વિધિ સાધો આપ આનન્દઘન ચેતનમય નિકર્મરી....રામ.

રાગ બિહાગ–તીન તાલ

સંત સમાગમ કીજે હો હો, નિશદિન. ધ્રુ.
માન તજી સંતને મુખસે, પ્રેમ–સુધારસ પીજે હો. (૧)
અંતર કપટ ઝેર કો અપના, લે ઉનકું મન દીજે હો. (૨)
ભવદુઃખ હરે :ઓર હરે સબ દુષ્કુત, સબ વિધિ કારજ છીજે હો. (૩)
બ્રહ્માનંદ સંત કી સોબત, જન્મ સફલ કરી લીજે હો. (૪)

રાગ કાફી–તીન તાલ

સંત પરમ હિતકારી, જગત માંહી. ધ્રુ૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી. (૧)
પરમ કૃપાલ સકલ જીવન પર, હરિ સમ સબદુઃખહારી. (૨)
ત્રિગુણાતીત ફિરત તન, ત્યાગી રીત જગત સે ન્યારી. (૩)
બ્રહ્માનંદ સંતન કી સોબત, મિલત હૈ પ્રકટ મુરારી. (૪)

રાગ મલ્હાર–તીન તીલ

સાધો મન કા માન ત્યાગો ।
કામ ક્રોધ સંગત દુર્જન કી તાતે અહનિંસ ભાગો. ॥ ધ્રુવ. ॥
સુખ દુઃખ દોનોં સમ કર જાના ઔર માન અપમાના ।
હર્ષ–શોક તે રહે અતીતા તિન જગ તત્ત્વ પિછાના ॥ ૧ ॥
અસ્તુતિ નિંદા દોઉ ત્યાગે ખોજે પદ નિરબાના ।
જન નાનક યહ ખેલ કઠીન હૈ કિનહૂં ગુરૂમુખ જાના ॥ ૨ ॥

રાગ દુર્ગા–તીન તાલ

રે મન રામ સોં કર પ્રીત ॥ ધ્રુવ. ॥
શ્રવણ ગોવિંદગુણ સુનો અરૂ ગાઉ રસના ગીત ॥ ૧ ॥
કર સાધુસંગત સુમિર માધો હોય પતિત પુનિત ॥ ૨ ॥
કાલવ્યાલ જ્યો ગ્રસ્યો ડોલે મુખ પસારે મીન ॥ ૩ ॥
કહે નાનક રામ ભજ લે જાત અબસર બીત ॥ ૪ ॥

નામ કો આધાર તેરે નામકો આધાર.
મેરીમેરી કરત પ્રીરત દિન હિ રૈન સારા.
નજરભરકે દેખ પ્રાણિ ધુંદ (માયા) કા પસારા. નામ૦
જમુના મેં ગેંદ ગીરી ગ્વાલ બાલ હારા.
કાલિનાગ નાગ નાથ લીનો કૃષ્ણ ભયો કારા. નામ૦
રાજા બલિ કે દ્વારે ઠાડે વામનરૂપ ધારા.
વીસ ભુજ રાવણ કો છીન મેં કાટ ડારા. નામ૦
મથુરામેં જન્મ લીનો ગોકુલ સિધારા.
કંસ કો નિરવંશ કિનો મોરમુગુટધારા. નામ૦

કક્કો રજો

(રાગ ધોળ)

કરીએ શ્રી કૃષ્ણ ઉપાસના ધરિયે રૂદયામાં ધ્યાન
ફરીએ નહિ ગર્ભવાસમાં કરીએ ઠીક નીદાન. ....કરીએ.
ખોટો ખેલ સંસારનો આતસબાજીનો રંગ,
કરતાં વર્ષ વીત્યાં ઘણાં ક્ષણમાં થાશે તે ભંગ. ....કરીએ.
ગુરૂગમ ગાઇએ ગોવિંદના જીવનું જોખમ જાય,
દયા દાન ને દીનતા તે તરવાનો ઉપાય. ....કરીએ.
ઘટઘટ પ્રત્યે રચના ઘણી ભરીઆ રત્ન ભંડાર,
હીરા–મોતીની હાટડી સદ્દગુરૂ ખોળણહાર. ....કરીએ.
નિર્મળ નામ નારાયણનું જુગતે જપશે જે કોય,
અવિચળ પદવી તે પામશે આવાગમન ન હોય. ....કરીએ.

ચિંતનવન કરિયે ચિદ્રૂપનું ઇશ્વર બોલે છે આપ,
એને સમર્યે સુખ ઊપજે, ટળશે ત્રિવીધના તાપ. ...કરીએ.
છે છતી વસ્તુ દેખે નહિ, જીવનું જોને અજ્ઞાન,
માયા પડદા મધ્યે પડ્યો ભૂલવણીનું એ ભાન.... કરીએ.
જન્મ મરણ તણી આપદા નથી કોઇ સંકટ સેલ,
ધંધો કરતાં ઢળી પડયો, જેમ કોઈ ઘાણીનો બેલ. ....કરીએ.
ઝાઝે લોભે લાગી રહ્યો માયાની મધલાળ,
તેમતેમ તૃષ્ણા વધે ઘણી કુટાયો કંઈક કાળ. ....કરીએ.
નૌતમ દેહ દુર્લભ દેવને પ્રાણી પામ્યો છું તેહ,
હીરો નીછારે નાંખીયો, એમાં ન રહે સંદેહ. ....કરીએ.
ટેક ધરીએ નિજ નામની સેવા સ્મરણ ધ્યાન,
તે હરિ રસ પીજીએ રાખીને રે ગુમાન. ....કરીએ.
ઠીક ઠરીને રે બેસીએ રાખીને રે વિશ્વાસ,
જઠરામાં જેણે જાળવ્યો, પરહર પારકી આશ. ....કરીએ.
ડગમગ ઠાલી શાને કરે તારું ધાર્યું નહિ થાય,
ગમતું થાશે ગોવિંદનું કોઇનું જાણ્યું નહીં જાય. ....કરીએ.
ઢાંકયો પાવક ધૂમે રે ઢાંકયો વાદળે સુર,
માયાયે ઢાંકયો આત્મા, સમજણ રહી ગઈ છે દૂર. ....કરીએ.
રણ સંબંધે આવી મળ્યાં સુત વિત દારા ને દેહ,
લેવાં દેવાં જ્યારે મટે, મારગ લાગશે તેહ. ....કરીએ.
તોળ્યું તત્વ ત્રિલોકમાં નહિ હરિ નામ સમાન,
બીજું સરવે એ બાદલું, અંતે આવે નહિ કામ. ....કરીએ.
ધીરતા કરીને તું ન્યાળજે, હૃદે કમળમાં રૂપ,
બાહ્યાભ્યંતર ભાળજે, હરિનું અકળ સ્વરૂપ. ....કરીએ.

દેહ તણું ફળ એહ છે, ભાવે ભજીએ ભગવાન,
બીજાં સાધન સંસારનાં, નહિ હરી નામ સમાન. ...કરીએ.
ધ્યાન ધરજે પરિબ્રહ્મનું, જેમ કોઈ લોભીને ધન,
કામીને જેમ કામિની, એવું કરીએ ચિંતવન. ....કરીએ.
નીશ્ચે જાણો રહેવું નથી, જૂઠો જગતવિલાસ,
એથી રહેજે તું અળગો, આઠે પહોર ઉદાસ. ....કરીએ.
પ્રીત નિરંતર કીજીએ, સદ્‌ગુરૂ સંતની સાથ,
રખે ઢોળી તું નાંખતો, અમૃત આવ્યું છે હાથ. ....કરીએ.
ફોગટ ફંદ સંસારનો, સ્વાર્થનો છે તે સ્નેહ,
અંતે કોઇ કોઈનું નથી, તું તો તેનો રે તેહ. ....કરીએ.
બાવન ઉપનિષદ વેદનાં, તેનું તત્વ વિચાર,
તત્‌પદ ત્વંપદ ત્યાગીને, અસિપદમાં ચિત્ત ધાર. ....કરીએ.
ભારે ભેદ ગુરુદેવનો, કોઈ નવ પામે રે પાર,
શિવ વિરંચિ ને શારદા, સેવે પદરજ સાર. ...કરીએ.
માયા મૂળવની વરખડી, મોરી ત્રિભોવન મ્હાંય,
નિત્યં નૌતમ ફૂલે ફળે, ત્યાંની શીતળ છાંય. ....કરીએ.
જીવ અનેક નીપજાવતી, સેવે સુરનર વૃંદ,
અણુની આધે અજા ઇશ, સૌને સરખો આનંદ. ....કરીએ.
રહીએ ઇશ્વિરને આશરે, ધારણ ધારીને ધીર,
સુખદુઃખ એણી પેરે આવશે, જેમ કાંઇ નાળિયેરમાં નીર....કરીએ.
લીલા કોઇએ લ્હેતું નથી, એની ભૂલવણી સોય.
નટ જેમ નજરબંધી કરે, કળી શકે ન કોય. ....કરીએ.
વિશ્વ રહ્યું સઉ મોહીને, જૂઠી બાજીને જોય,
તે તો કરતાં કોરે રહ્યો, જાણે તે જન કોય. ....કરીએ.

શા શા શોધ સ્વરૂપને, તેને સમજે સુખ થાય,
નિદ્રા મહીં દુઃખ ભોગવે, તેતો જાગેથી જાય. ....કરીએ.
ખોળે ખોટું સરવે પડે, ના જડે નામ ને રૂપ,
બાંધી રૂંધી ઉભું કર્યું, જેવું કાષ્ટ સ્વરૂપ. ....કરીએ.
સંશય તેને શાનો રહ્યો જેને બ્રહ્મ વિચાર,
અગ્નિ ને ઉધેઇ અડે નહિ, રવિને નહિ અંધકાર. ....કરીએ.
હરિનો મહીમા અપાર છે, નિગમ નિરંતર ગાય,
અજ ઉમાપતિ અહિપતિ, નિશદીન ધ્યાનમાં ધ્યાય. ....કરીએ.
પ્રેમ થકી ધર્મ ઝીલીએ, સદ્ગુરૂ સંતોની સંગ,
પ્રીતમ તમને તે થકી, પ્રગટે પૂરણ રંગ. ....કરીએ.

રાગ ખમાજ–તાલ ધુમાળી

જીભલડી રે તને હરિગુણ ગાતાં, આવડું આળસ ક્યાંથી રે
લવરી કરતાં નવરાઇ ન મળે, બોલી ઊઠે મુખમાંથી રે.
પરનિંદા કરવાને પૂરી, શૂરી ખટરસ ખાવા રે
ઝગડો કરવા ઝૂઝે વહેલી, કાયર હરિગુણ ગાવા રે.
અંતકાળ કોઇ કામ ન આવે, વહાલા વેરીની ટોળી રે
વજન ધારીને સર્વસ્વ લેશે, રહેશો આંખો ચોળી રે.
તલ મંગાવો ને તુળસી મંગાવો, રામનામ સંભળાવો રે
પ્રથમ તો મસ્તક નહિ નમતું, પછી શું નામ સુણાવો રે.
ઘર લાગ્યા પછી કૂપ ખોદાવે, આગ એ કેમ હોલવાશે રે,
ચોરો તો ધન હરી ગયા પછી, દીપકથી શું થાશે રે.

માયાઘેનમાં ઊંઘી રહે છે, જાગીને જો તું તપાસી રે
અંત સમે રોવાને બેઠો, પડી કાળની ફાંસી રે.
હરિગુણ ગાતાં દામ ન બેસે, એકે વાળ ન ખરશે રે
રહેજે પંથનો પાર ન આવે, ભજન થકી ભવ તરશે રે.

અમર આશા

ગઝલ–ભૈરવી

કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે,
ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઇ છે....કંઇ.
જુદાઇ જિંદગીભરની કરી રો રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા, અમર ગરદન કપાઇ છે....કંઇ.
ઘડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી,
હજારો રાત વાતોમાં, ગુમાવી એ કમાઇ છે....કંઇ.
ઝખમ દુનિયા ઝબાનોના, મુસીબત ખોફના ખંજર
કતલમાં યે કદમબોસી, ઉપર કયામત ખુદાઇ છે....કંઇ.
શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ
અગમગમની ખરાબીમાં, મઝેદારી લુંટાઇ છે....કંઇ.
ફના કરવું ફના થાવું, ફનામાં રાહ સમાઇ છે
મરીને જીવવાનો મંત્ર, દિલબરની દુહાઇ છે....કંઇ.
ઝહરનું નામ લે શોધી, તુરત પી લે ખુશીથી તું,
સનમના હાથની છેલ્લી, હકીકતની રફાઇ છે....કંઈ.
સદા દિલના તડપવામાં સનમની રાહ રોશન છે,
તડપતે તૂટતાં અંદર ખડી માશુક સાંઇ છે... કંઇ.

ચમનમાં આવીને ઊભો ગુલો પર આફરીં થઇ તું
ગુલોના ખારથી બચતાં, બદન ગુલને નવાઇ છે....કંઇ.
હજારો ઓલિયા મુરશિદ ગયા માશુકમાં ડુબી
ન ડૂબ્યા તે મુવા એવી કલામો સખ્ત ગાઇ છે....કંઇ.

ઇશ્વરસ્તુતિ

નિદ્રા મહીં નહિ હતું તન ભાન જ્યારે,
જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે;
તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરું રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરું રે.
જીવોનું પાલન કરે પ્રીતથી સદાએ;
રે જીવ કાજ રચના જગની જણાયે;
તેજસ્વી સૂર્ય શશિ નિત્ય પ્રકાશતા રે,
દે જીવને જીવનશક્તિ વધારતા રે.
ટાળે તિમિર ગગને ભમી દીન-રાત,
આરામની નથી તહીં પળ એક વાત.
થાકયો બધા દિવસના શ્રમથી જ પ્રાણી,
રાત્રિ ભલી સુખ દીએ ભર નિંદ આણી.
જો મેઘમંડળ કરે નિયમિત વૃષ્ટિ,
સંતોષ ને હરખ માંહી ફુલાઇ સૃષ્ટિ.
પૃથ્વી વનસ્પતિ વડે ધન-ધાન્ય આપે,
પ્રાણી તણું જીવન એ ત્રણ નિત્ય આપે.
જો ચાકરી મનુષ્યની ત્રણને દીધી છે,
શું સુખ-સાધન તણી રચના કીધી છે.

આહા પ્રભુ ! મનુષ્યને મન-બુદ્ધિ આપી,
સત્તા વડી સહુ જનો પર તેની સ્થાપી,
એવું રૂડું સદૈવ પાલન જે કરે છે,
તેને ભૂલી નહિ ભજે—જન પાપી તે છે.
માગુ સુબુધ્ધિ પ્રભુજી નીતિપંથવાળો,
ભુલાવતા સરવ સંશય મુજ ટાળો.
છે મુજ ધર્મ ગણી કામ બધાં કરું રે,
સદ્ભક્તિથી પ્રભુ તણાં ચરણે ઠરું રે.

રાગ ઝિંઝોટી-ગઝલ

અયિ માતૃભૂમિ તેરે ચરણોમેં શિર નમાઉં
મૈં ભકિત ભેટ અપની તેરે શરણમેં લાઉં....૧
માથે પે તું હો ચંદન, છાતી પે તું હો માલા
જીહ્વા પે ગીત તું હો, મેં તેરા નામ ગાઉં....૨
જીસસે સુપુત ઊપજે શ્રીરામ કૃષ્ણ જૈસે
ઉસ તેરી ધૂલિ કો મૈં નિજ શિષ પે ચઢાઉં...૩
માજા સમુદ્ર જીસકી ધૂલિકા પાન કરકે
કરતા હૈ માન તેરે ઉસ પૈર કો મનાઉં....૪
વૈદેશ માન વાલે, ચડ કર ઉતર ગયે સબ
ગોરે રહે ન કાલે તુઝ કો હી એક પાઉં....૫
સેવામેં તેરી સારે ભેદોંકો ભૂલ જાઉં,
વહ પુણ્યનામ તેરા પ્રતિદિન સુનું સુનાઉં....૬
તેરે હી કામ આઉં, તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તુઝ પર બલિદાન મૈં ચઢાઉં....૭

રાગ છાયા કાલિંગડા—તીન તાલ

બંધન કાટ મુરારિ હમરે બંધન કાટ મુરારિ ।
ગ્રાહ ગજરાજ લડે જલ ભીતર લે ગયો અંબુ મંઝારી ॥ ધ્રુ. ॥
ગજ કી ટેર સુની યુદુનંદન સજી ગરૂડ અસવારી ॥ ૧ ॥
પાંચાલી પ્રભુ કારણ મોરે પગ ધાર્યો ગિરિધારી ।
પટ શઠ ખેંચત નિકસત નાહિં સકલ સભા પચહારી ॥ ૨ ॥
ચરણસ્પર્શ પરમ પદ પાયો ગૌતમ ઋષિ કી નારી ।
ગણિકા શબરી ઈન ગતિ પાઇ બૈઠ વિમાન સિધારી ॥ ૩ ॥
સુન સુન સુયશ સદા ભકતન કો મુખ સો ભજો ઇક બારી ।
બિધિચંદ દરશન કો પ્યાસો લિજીએ સુરત હમારી ॥ ૪ ॥

———

રાગ ભૈરવી – દાદરા

રચા પ્રભુ તૂને યહ બ્રહ્માંડ સારા ।
પ્રાણોસે પ્યારા તૂંહી સબસે ન્યારા ॥ધ્રુ.॥
તૂં હિ ભાઈ બંધુ તૂં હિ જગનજનની ।
સકલ જગતમેં એક તેરા પસારા ॥ ૧ ॥
ધર્મ દૂધ સે માના તૂમ હમકો પાલો ।
દેઓ ખોલ વિદ્યા કા અપને ભંડારા ॥૨॥
નમા કર શીસ પ્રભુ વિનતી હમારી ।
દેઓ દાન ભકિત કા હોવે વિસ્તારા ॥૩॥

———

રાગ કાલિંગડા—તીનતાલ

પ્રાણી તૂં હર સો ડર રે ।
તૂં ક્યા રહા નિડર રે ॥ ધ્રુ. ॥

ગાફિલ મન રહે ચેત સવેરા, મન મેં રાખ ફિકર રે ।
જો કુછ કરે વેગ સૂ કર લે, શિર પર કાલ જબર રે ॥ ૧ ॥
કાલે ગોરે તન પર ભૂલા, તન જાયેગા જર રે ।
યમ કે દૂત પકર કર ઘીસે, કાઢે બહુત કસર રે ॥ ૨ ॥
વ્રજકિશોર પ્રભુપદ–નૌકા ચઢ ભવ સાગર કો તર રે ।
હરિ ભજ હરિ ભજ હરિ ભજ પ્રાણી હરિ ભજન તૂં કર રે ॥૩॥

———

ગઝલ

હૈ બહારે બાગ દુનિયા ચંદરોજ ।
દેખ લો ઇસકા તમાશા ચંદરોજ ॥
એ મુસાફિર કુચ કા સામાન કર ।
ઈસ જહાં મેં હૈ બસેરા ચંદરોજ ॥
પૂછા લુકમાં સે જીયા તૂ કિતને રોજ ।
દસ્તે હજરત મલકે બોલા ચંદરોજ ॥
બાદ મદફૂંન કબ્રમેં બોલ કજા ।
અબ યહાં પે સોતે રહેના ચંદરોજ ॥
ફિર તુમ કહાં ઔર મૈં કહાં અય દોસ્તો ।
સાથ હૈ મેરા તુમ્હારા ચંદરોજ ॥
ક્યોં સતાતે હો દિલે બેજુમ કો ।
જાલિમો, હૈ યે જમાના ચંદરોજ ॥
યાદ કર તૂ એ નજીર કબરોં કે રોજ ।
જિંદગી કા હૈ ભરોસા ચંદરોજ ॥

———

ગઝલ

અગર હૈ શૌક મિલને કા તો હરદમ લો લગાતા જા ।
જલા કર ખુદનુમાઈ કો ભસમ તન પર લગાતા જા ॥
પકડકર ઇશ્કકી ઝાડૂ સફા કર હુજ્રે દિલ કો ।
દુઇ કી ધૂલ કો લેકર મુસલ્લે પર ઉડાતા જા ॥
મુસલ્લા છોડ તસબી તોડ કિતાબેં ડાલ પાની મેં ।
પકત દસ્ત તૂ ફિરસ્તોં કા ગુલામ ઉનકા કહાતા જા ॥
ન મર ભૂખા, ન રખ રોજા, ન જા મસ્જીદ ન કર સિજદા ।
વજૂ કા તોડ દે કૂજા શરાબે શૌક પીતા જા ॥
હમેશા ખા, હમેશા પી, ન ગફલત સે રહો ઇકદમ ।
નશે મેં સૈર કર અપની, ખુદી કો તૂ જલાતા જા ॥
ન હો મુલ્લાં ન હો બમ્મન્, દુઇ કો છોડ કર પૂજા ।
હુકમ હૈ શાહ કલંદર કા અનલહક તૂ કહાતા જા ॥
કહે મનસૂર મસ્તાના હક મૈંને દિલ મેં પહચાના ।
વહી મસ્તોં કા મયખાના ઉસી કે બીચ આતા જા ॥

રાગ...બિહારી તીન-તાલ

જય જગદીશ હરે ।
ભક્તજનોં કા સંકટ છિન મેં દૂર કરે । ॥ ધ્રુ. ॥
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વીસરે મન કા ।
સુખ સંપતિ ગૃહ આવે કષ્ટ મિટે તન કા ।
માત પિતા તુમ મેરે શરણુ ગહૂં કીસકી ।
તુમ બિન ઔર ન દૂજા આસ કરૂં જીસકી ॥ ૧ ॥

તુમ પૂરણ પરમાત્મા તુમ અંતરયામિ ।
પારબ્રહ્મ પરમેશ્વર તુમ સબકે સ્વામી ।
તુમ કરુણા કે સાગર, તુમ પાલનકરતા ।
મૈં મૂરખ ખલ કામી, કૃપા કરો ભરતા ॥ ૨ ॥
તુમ હો એક અગોચર સબકે પ્રાણપતિ ।
કિસવિધ મિલૂં ગુસાંઇ તુમકો મૈં કુમતિ ।
દીનબંધુ દુઃખહરતા ઠાકુર તુમ મેરો ।
અપન હાથ ઉઠાવો દ્વાર પર્યો તેરો ॥
વિષય વિકાર મિટાવો પાપ હરો દેવા ।
શ્રદ્ધા ભકિત બઢાવો સંતન કી સેવા ॥ ૩ ॥

રાગ...બહાર તાલ વિલંબિત તીન તાલ

અબ હોં કાસો વૈર કરોં ।
કહત પુકારત પ્રભુ નિજ મુખ તે ।
ઘટ ઘટ હો વિહરોં ॥
આપુ સમાન સબૈ જગ લેખો ।
ભકતન અધિક ડરોં ।
શ્રીહરિદાસ કૃપા તે હરિકી,
નિત નિર્ભય વિચરોં ॥ ૧ ॥

રાગ...સારંગ તીન તાલ

દરશન દેના આન પિયારે ।
નંદલાલા મેરે નૈનોં કે તારે ॥ ધ્રુ. ॥

દીનાનાથ દયાલ સકલગુણ,
નવકિશોર સુંદર સુખવારે ॥ ૧ ॥
મનમોહન મન રૂકત ન રોકયો,
દરશન કી ચિત ચાહ હમારે ॥ ૨ ॥
રસિક ખુશાલ મિલન કી આશા ।
નિશિદિન સુમરન ધ્યાન લગા રે ॥ ૩ ॥

રાગ બીભાસ—તીન તાલ

જાગ જીવ સુમરણ કર હરિ કો
ભોર ભયો હૈ ભાઇ રે ।
સતગુરુ જ્ઞાન વિચાર કહત હૈં
ચેતો રામ દુહાઇ રે ॥૧॥
સોવત સોવત જનમ વ્યતીતો
આપ શરણે આઇ રે ।
ચેત ન મોરે જાગ ન જોયો
લાદે સૂઝ ગંવાઈ રે ॥૨॥
સોતા સો નર ખોતા વિભૂતી
બિસત ચોર લે જાઇ રે ।
જિન જાગ્યા હરિ સુમરણ લાગ્યા
પ્રાણ પરમ ચિત પાઈ રે ॥૩॥
ના કોઈ તેરો સજન સનેહી
ના કોઈ બેન ન ભાઈ રે ।
જમ કી માર પડે જબ રોવે
તબ તો કૌન સહાઇ રે ॥૪॥

માત પિતા કુલ લોગ લુગાઈ
સ્વારથ મિલે સગાઈ રે ।
સુમરણ બિના સંગ નહીં કોઇ
જીવ અકેલો જાઇ રે ॥૫॥
અઘમોચન ભવહરણ મુરારી
બડે ચરણ—શરણ આઇ રે ।
જિન સહજરામ ભજ રામસનેહી
દુઃખમેટન સુખદાયી રે ॥૬॥

રાગ ધનાશ્રી—તીન તાલ

અબ હમ અમર ભયે ન મરેંગે ।
યા કારન મિથ્યાત દિયો તજ, કયોં કર દેહ ધરેંગે ॥ અબ. ॥૧॥
રાગ દોષ જગ બંધ કરત હૈ ઇનકો નાશ કરેંગે
માર્યો અનંત કાલને પ્રાની સો હમ કાલ હરેંગે ॥ અબ. ॥૨॥
દેહ વિનાશી હું અવિનાશી અપની ગતિ પકરેંગે ।
નાશી નાશી હમ થીરવાસી, ચોખે વ્હૈ નિખરેંગે ॥ અબ. ॥૩॥
મર્યો અનંતવાર બિન સમજ્યો અબ સુખદુઃખ બિસરેંગે
આનંદઘન નિનદ નિકટ અક્ષર દો નહીં સમરે સો મરેંગે ॥૪॥

રાગ પિલુ—કેરવા

જીન મુખસે સિયારામ ન સમર્યો,
તિન મુખમેં તો ધૂર પરી ॥ ધ્રુ૦ ॥

ધિક તેરો જન્મ એ જીવન તેરો
ધિક યે મનુખા દેહ ધરી ।
જીવન તાત મુએ નહીં તેરા
કયૂં જન્મ્યો તૂ ગુમાની ભરી રે ॥જીન. ॥
રામનામ બિનુ રસના જૈસી,
કરો ઉસકા ટુકરા ટુકરી ।
જીન નયનન પ્રભુ રૂપ ન નિરખ્યો,
સો નયનન મેં લૂણ ભરી રે ॥ જીન. ॥
રત્ન પદારથ જન્મ માનુખો,
આવત નહિ સો ફેર ફરી ।
અબ તેરો દાવ બન્યો હૈ મૂરખ,
કરના હો સો લે ને કરી ॥ જીન. ॥
પાન પસાર કિયો નહિ સુકૃત,
દેત દુવારે દગન ભરી ।
ખીમ કહે તૂ ભૂલો આયો
ખાલી તેરી ખેપ પરી રે ॥ જીન. ॥

રાગ...બિહાગ તીન તાલ
(ઢાળ–ભોજા ભગતનો ચાબખો)

પ્રાણીયા ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર....ધ્રુવ.

ઊંચી મેડી ને અજબ ઝરુખા, ગોખ તણો નહિ પાર,
છત્રપતિ તો ચાલ્યા ગયા, તેનાં બાંધ્યાં રહ્યાં છે બાર....૧

ઉપર ફૂલડાં ફરફરે, ને હેઠે શ્રીફળ ચાર,
ઠીક કરી એને ઠાઠડીમાં બાંધ્યો, પછી પૂંઠે પડે પોકાર....૨

રોજ તળાઇ વિના સૂતો નહિ, ને કરતો હુન્નર હજાર,
ખોરી ખોરીને બાળશે એને, જેમ લોઢું ગાળે લુહાર રે...૩

સ્મશાન જઇને ચેહ ખડકી, ને ઉપર કાષ્ટનો ભાર,
અગ્નિ મૂકીને અળગા રહે, પછે અંગે ઝરે અંગાર રે....૪

સ્નાન કરવા સૌ ચાલિયાં મળી નર સઘળા ને નાર
ભોજો ભગત કહે દસ દહાડા રોઈને વળતી મૂકયો વિસાર....૫

કાચબો અને કાચબી

રાગ...કાલિંગડા, તીન તાલ

કાચબો અને કાચબી જળમાં રહેતાં, હતાં હરિનાં દાસ,
દર્શન કારણ બારણે નિસર્યાં, રાખીને વિશ્વાસ,
આવતાં નજરે ભાળ્યાં, ઝાલીને બાંધી માર્યાં....૧

કાચબી કહે કાચબાને તેં કહેણુ ન માની કંથ,
આપણ બેઉને ઝાલીને ચાલ્યો એ તો લાંબે પંથ,
હતાં બેઉ જીવ સંગાથે, પડયાં પાપીને હાથે...૨

પાપીએ પાપ પ્રગટ કીધાં, ઓર્યાં આંધરણ માંય,
ચોદશથી સળગાવિયાં, દુઃખી થયાં બહુ ત્યાંય
કયાં છે તારો સારંગપાણી, માથે આવી મોત નિશાની....૩

કાચબો કહે છે કાચબીને, તું રાખની ધારણ ધીર,
આપણને ઉગારશે વ્હાલી, જુગતેશું જદુવીર;
ચિંતા મેલી શરણે આવો, મરવા તુંને નહિ દે માવો....૪

વારતી'તી ત્યારે શીદને મારું કંથ ન માન્યું કહેણ,
કાળ આવ્યો કોણ રાખશે, તમે નીચાં ઢાળો નેણ;
પ્રભુ તારો નાવ્યો પ્રાણી માથે આવી મોત નિશાની....૫

અબળાને ઇતબાર ન આવે, કોટિ કરો ને ઉપાય,
કહ્યું ન માને કંથનું, એ તો ગાયું પોતાનું ગાય;
એવી વિશ્વાસની વિહોણી પ્રથમ પહેલી મતની પ્રાણી....૬

કાચબી કહે છે ક્યાં છે તારો રાખણહારો રામ,
હરિ નથી કોઇના હાથમાં, તમે શું બોલો છો શ્યામ;
મરવા ટાણે મતિ મુંઝાણી, તૂટ્યા પછી ઝાલવું તાણી....૭

ત્રીકમજી ત્રણ લોકમાં મારે તમારો છે ઇતબાર,
અટક પડે હરિ આવજો મારા આત્માના આધાર,
છોગાળા વાત છે છેલી થજો બળતાંના બેલી....૮

કાચબી કહે છે કોણ ઉગારે, જાતો રહ્યો જગદીશ,
ચારે દિશાએ સળગી ગયું તેમાં રહ્યાં વીચોવીચ;
જેનો વિશ્વાસ છે તારે, તેનો ઇતબાર નહિ મારે....૯

બળતી હોય તો બેસ ને મારી પીઠ પર રાખું પ્રાણ,
નિંદા કરે મારા નાથની, એ તો વાગે છે મુજને બાણ;
વ્હાલો મારો આવશે વારુ આપણને ઉગારવા સારુ....૧૦

કાચબી કહે કિરતાર ન આવ્યો, આવ્યો આપણો અંત,
પ્રાણ ગયા પછી પહોંચશે, તમે તે શું બાંધ્યો તંત;
આમાંથી જો આજ ઉગરીયે,તો તો બહાર પગ નં ભરીએ.૧૧

વિઠ્ઠલજી મારી વિનતિ સૂણી શામળા લેજો સાર,
લાજ લોપાશે લોકમાં બીજી વાંસે કેની વ્હાર;
હરિ મારી હાંસી થાશે, પ્રભુ તારી પરતીજ જાશે....૧૨

કૃષ્ણજીએ તો કિરપા કીધી ને મોકલ્યા મેઘ મલ્હાર,
આંધણમાંથી ઉગારિયાં આવી કાચબીને કિરતાર;
ભોજો કહે ભરૂંસો જેને, પ્રભુ મારો રાખશે તેને....૧૩

રાગ તીલંગ–તીન તાલ

મૈં તો બિરદ ભરોસે બહુનામી ।
સેવા સુમિરન કછુયે ન જાનું, સુનિયો પરમ ગુરુ સ્વામી ।।ધ્રુ.।।
ગજ અરૂ ગીધ તારી હૈ ગણિકા, કુટિલ અજામિલ કામી ।।૧।।
એહિ સાખ શ્રવણે સુનિ આયો, ચરણ શરણ સુખધામી ।।૨।।
પ્રેમાનંદ તારો કે મારો, સમરથ અંતરયામિ ।।૩।।

રાગ તોડી–તીન તાલ

અવગુણ મેરો કીજે હરિ માફ ।
અબ કીજે માફ । અબ કીજે માફ ।। ધ્ર. ।।
તિહારે ચરણ શરણ આયો હું
અવિનાશી જાની પ્રબલ અપ્રતાપ ।।૧।।

જૈસે હિ તૈસો તિહારો હિ કિંકર,
મન વચ કર્મ કરી જપું નિત આપ ॥૨॥
પ્રેમાનંદ કહે નાથ, મેરો કહી ગ્રહો હાથ,
ઉર શીસ પર ધરો ચરનછાપ ॥૩॥

ધનો ભગત

રાગ ધનાશ્રી–તીન તાલ

રામબાણ વાગ્યાં હોય તે જાણે (૨) ધ્રુવ.
ધ્રુવને વાગ્યાં, પ્રહ્‌લાદને વાગ્યાં, ઠરી બેઠા ઠેકાણે,
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં, વેદ વચન પરમાણે...૧
મોરધ્વજ રાજાનાં મન હરી લેવા વ્હાલો પધાર્યા તે ઠામે,
કાશીએ જઈને કરવત મેલાવ્યાં, પુત્ર પત્ની બેઉ તાણે....૨
બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડગ લેઈ તાણે,
ઝેરના પ્યાલા ગિરધરલાલે, અમૃત કર્યાં એવે ટાણે....૩
નરસિંહ મહેતાની હુંડી સીકારી, ખેપ કરી ખરે ટાણે,
અનેક ભક્તોને એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણે....૪

કવિ નરભેરામ

નાણું આપે નરભો રે, વાવરજો છોગાળા,
ગાંઠ બાંધજો તાણી રે, ધોળી ધજાવાળા,
કપટી કેશવ જાણતો હોત તો, શાને આવત પચાસ જોજન,

સાંભળ્યું શ્રવણે સઉને છાપે છે, માટે મળવા ધર્યું મન;
દરશન દીયોની રે, દૂર કરી પાળા.
ભેખ દેખીને અરજ નથી કરતા, છાપ આપો છો હરી;
પાઘડી ભાળી છાપ ખાળી, છબીલા પરીક્ષા તો એવી કરી;
સમસ્યા લેજો સમજીરે; જે કહિ કાનડા કાળા.
હારો છો જનથી, નથી હરવતા, માટે હરિ હઠ મેલ,
કહે નરભો છોટાલાલ પ્રતાપે, નથી એ તલમાં તેલ;
લેવાનું મુજ પાસે રે, હરિ હરિ જપ માળ.

રામ રટણમાં સાર છે રે, સીતા–રામ રટણમાં સાર છે;
મનુસાદેહ પામીને રામ વિસાર્યા, ધિક તેનો અવતાર છે રે.
મુનસાદેહ પામીને સમરણ ભૂલ્યો, તેને કલ્યાણની વાર છે રે;
કુસંગ કુનારનો અંગ કર્યાથી, જમનો મોટો માર છે રે.
લખ ચોરાશીના ફેરા રે ફરતાં મુનસાદેહ છેલ્લી જ વાર છે રે.
કહે નરભેરામ ગુરુપ્રતાપે, રામ રટયાથી પાર છે રે.

કવિ મુકુંદ

કપોતની કહે છે રે, કંથ મારું કહ્યું કરો;
સીંચાણાનો ભય છે રે, પારધીએ બાણ ધર્યાં.
અહીંથી ઊડી જઈ અળગાં રહીએ, આ દેશ તજી પરદેશ.
મરમ વચન પીયુ મારાં રે માનો, લાજ નહિ આવે લવ લેશ;
પ્રમાદને મેલો રે રાંક વેણ દીલે ધરો.... કપોતની. ૧

કપોત કંથ કહે કાયર કામની, હોનાર હશે તે હોશે;
શતરૂનું સાલ તે સેજમાં ટળશે, કર્યું કિરતારનું થશે,
હરદે હરિ રાખો રે, મુખે કૃષ્ણ કૃષ્ણ ઉચરો.... કપોતની. ૨
અહિ ડસ્યો પારધીને પાયે, ડગ્યો બાણ તે વાર;
સીંચાણાનું છેદિયું શિર, કૃષ્ણ કરણી કરતાર;
ભાવે ગુણ ભાખો રે, ભવજળ તારો તારો... કપોતની. ૩
તન તરુવર પ્રાણ પંખીડાં, પ્રવૃત્તિ નિવૃતિ બે નાર,
અહંકાર અહિને જરા પારધી, ક્રોધ સીંચાણો નિરધાર;
મુકુંદ મનમાંથી રે પ્રભુ નવ રાખો પરો.... કપોતની. ૪

બાનાની પત રાખ, પ્રભુ તારા બાનાની પત રાખ,
બાનારે માટે જો દુઃખ દેશો તો, કોણ પુરે તારી સાખ.
રોહીદાસની તમે પાતરી લીધીને, નવ જોઈ જાત ને ભાત;
સેના રે માટે સનમુખ રહીને નાઇ કહેવાયા હો નાથ.
પ્રલ્હાદની પ્રતિ પાલન કરવા, સ્થંભે પૂર્યો વાસ,
તાતી કઢા તમે શીતળ કીધી, સુધનવાને કાજ.
સાયરમાંથી બુડતો તાર્યો, રામ કહેતાં ગજરાજ.
પાંચાળીનાં પટકુળ પૂર્યાં ને, રાખી સભામાં લાજ;
ઝેર હતાં તેનાં અમૃત કીધાંને, આપ્યાં મીરાંને હાથ;
મેહેતાને મંડળીક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા મધરાત.
ભકતોનાં તમે સંકટ ભાગ્યાં, ત્યારે દૃઢ આવ્યો વિશ્વાસ;
તુલસીના સ્વામીને કહુ કરજોડી કે પૂરો અંતરની આશ.

કવિ લજ્જારામ

જીવલડા આજ કે કાલે જાઉં, ઉડી જાશે રાખ થઇ તન અહાવું
પડયાં દુજાળે પંખી તે તો પકડાશે, કમળ ખીલ્યાં તે તો
ખચિત કરમાશે.
જનમિયા તે તો જરૂર મરી જાશે. જીવલડા....૧
ગયાં જોને ગાદીપતિ ખાઇ ગોથાં, પડયાં મૂકી ચાલ્યાં
પંડિત પોથાં;
થયાં પછે થોરે સડી થોથાં. જીવલડા....૨
ખંમા ખંમા કહેવાતાં પડતાં આખડતાં, ચતુરંગી જેની
પુંઠે દળ ચઢતાં;
જુઓ એનાં નામ હવે નથી જડતાં. જીવલડા....૩
ગુણીજન જેની આગળ નિત ગાતા, વળી દેશમાં વખણાતાં;
તે તો ગયા કાળના પૂરે તણાઇ. જીવલડા....૪
નવાનવા પોશાક પહેરી નીકળતા, મોટા મહિપતિને
જઇ મળતા;
બહુ એહેવા મળ્યા મશાણમાં બળતા, જીવલડા....૫
ફુલાં કાને લટકાવી ફાંકડા ફરતા, ધમકધમ ધરતી ઉપર
પગ ધરતા.
દીઠા એ તો ઠાઠડીઓમાં ઠરતા. જીવલડા....૬
જેને ઘેર ગડગડ ત્રંબાળું ગાજે, વળી વાજાં છત્રીસ
વેગમાં વાજે,
રાજા એવા જળતા જોયા રુષિરાજે. જીવલડાં....૭

કવિ બાપુ

પાણીનો ખેલ બનાવ્યો રે, એની તો કહીએ અકલ ઘણી;
સહુથી રમનારો રે, શોભા તો એના નામ તણી, ટેક.
ખરું એ પાણીને ખોટું એ પાણી, પાણી અફીણને ખાંડ;
એ પાણીથી થયાં નરનારીને, એ પાણીથી બ્રહ્માંડ;
પાણીનું બન્યું મોતી રે. પાણીની બની હીરાકણી....પાણીનો. ૧

પાણીની અમૂલ્ય કાય બનાવી, હાડ ચામ લોહી માંસ;
પાણીનાં રે પશુપંખી બનાવ્યાં, પહાડ પથ્થર ને ઘાસ;
પાણીનાં હાથી ઘોડા રે, પાણીની શાલ પામરી બની....
પાણીનો. ૨

પાણીનાં રે પચરંગ બનાવ્યા; અઢાર ભાતનાં રે અન્ન,
હુંથી ન્યારો મારો શાંઇ બિરાજે, તેને દેખીને થયો છું દંગ;
સંગ કીધો તેનો રે, સત્તા તો આ માની ગણી....પાણીનો. ૩

અક્ષરાતિત અક્ષર બહુ નીપજાવ્યા, ને અક્ષરથી નરનાર;
ઓંકારથી ત્રણ ગુણ નીપજાવ્યા, એ અઠ્ઠાવીસ નિરધાર;
ઓગણત્રીશમા વિષ્ણુ રે, ત્રીશમાં બાપુ ગાય ભણી....પાણીનો. ૪

પ્રીતમ

રાગ છાયા ખમાજ-તીન તાલ

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને. ધ્રુવ૦

સુત વિત દારા શિષ સમરપે, તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા માંહે પડયા મરજીવા જોને....૧
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને,
તીરે ઊભા તે જુએ તમાસા, તે કોડી નવ પામે જોને....૨
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને,
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને....૩
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને....૪
રામ અમલમાં રાતામાતા પૂરા પ્રેમી પરખે જોને,
પ્રીતમના સ્વામીની લીલા તે રજનીદન નિરખે જોને....૫

હરિ ભજન વિના, દુખ દરિયા સંસારનો પાર ન આવે,
જડ બુદ્ધિ જીવ સંત વિના સુધ મારગ કોણ બતાવે.....ટેક.
તેં અનેક વાર અવતાર ધર્યા, બહુ કર્મ તણા કોઠાર ભર્યા
અઘ ઓઘ તણા અંબાર કર્યા.... હરિ ભજન વિના. ૧
ફર્યો ચાર ખાણ લખચોરાશી, થયો જળચર સ્થળચર ગર્ભવાસી;
માયા બંધનથી ન શકયો નાસી.... ૨
તું ઝાડ પાડ જડરૂપ થયો, તેં શીત વરસા બહુ તાપ સહ્યા;
તારાં કષ્ટ કેમે નવ જાય કહ્યાં.... ૩
કહે પ્રીતમ ચેતી લ્યો પ્રાણી, દુઃખ જન્મ મરણ એવું જાણી;
તે શું બેઠો આળસ આણી.... ૪

કવિ કૃષ્ણરામ

દીવેલ તો ખુટયું રે કુશકા ખાંડતાં રે,
પ્રાણીયા તેં કીધું એવું રે કામ,
આદર કરતાં રે આયુષ્ય વહી ગયું રે,
સુખમાં તો સમર્યા નહિ શ્રીરામ.

મનુષ્ય જનમ રે મહા મણિ જડયો,
ભજવાને સત્ય શ્રી સારંગ પ્રાણ,
વહોરતને વહોરી રે કાચ કથીરની રે,
કહાવે વળી સઉમાં ચતુર સુજાણ.

જ્યાં લગી વહેતો રે ગાતર ગાંઠડી રે,
ત્યાં લગી સઉકો કરતું હેત;
દોહલી વેળાનો રે સંગી એક રામ છે રે,
ચીતડામાં ચેતી શકાય તો ચેત.

ઊંચી ડોકે તે ભાઈ શું દોડતો રે,
આગળ તો આવે છે મહા હાણ,
રામકૃષ્ણ પ્રભુ રે, સાચા સેવજો રે,
તે પ્રભુ રાખશે તુજને શર્ણ.

કવિ પ્રેમલદાસ

હરિને ભજતાં હજુ કોઇની લાજ જતાં નથી જાણી રે;
જેની સુરતા સામળીયા સાથ, વેદ વદે વાણી રે.

વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યકશ્યપને માર્યો રે.
વિભીષણને આપ્યું રાજ, રાવણને સંહાર્યો રે.
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે.
વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;
પંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કાજ કીધાં રે.
વહાલે અમરીષને ઓળખાણે, અવતાર દશ લીધા રે:
વહાલે ગજની કીધી સહાય, ગરૂડ પરહરિયા રે.
આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઇ કરશે રે;
કર જોડી કહે પ્રેમલદાસ, ભગતોનાં દુઃખ હરશે રે.

ભોવન કવિ

ગોવિંદ ગુણ ગાઇ લ્યો મન ઘેલા, તમે થાઓને વહેલા વહેલા;
હરિગુણ ગાઓને પ્રથમ પહેલા. ગોવિંદ ગુણ....૧
કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરુંસો ખોટો;
જુગમાં હરિ જશ છે મોટો રે, ગોવિંદ ગુણ....૨
મન તું મારું મારું કરતો સગા સંબંધી સાથે લડતો;
હીંડે છે રંગ રેડવતો રે. ગોવિંદ ગુણ....૩
જીવ તારા માત–પિતાને ભ્રાત, તારી કોઇ નહીં આવે સાથ;
તારે જાવું એકલડાં વાટ રે. ગોવિંદ ગુણ....૪
જીવ તારે અવર તણી છે આશ, વેશ ઘણા ને થોડી રાત;
ક્ષણમાં થઇ જાશે પરભાત રે. ગોવિંદ ગુણ...૫

એવી વૈષ્ણુવ જનની રીત, કરી લે શામળીયા શું પ્રીત;
ભકત ભોવન કહે હરિ ભજીને જીત જીત ને જીત રે. ,, ...૬

કવિ ભૂષણુ

કશી વાતનો ખરખરો મન ન આણો, સુખદુઃખ તો દેહના ધર્મ જાણો
કરોને તમે કોટિ લક્ષ પ્રકાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.

હરિશ્ચંદ્ર રાજા મહા પુણ્યવાન, નહીં કોઇ સંસારમાં એ સમાન;
તેણે નીચ ઘેર વહ્યો નિરભાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.

સતી મુખ્ય કહાવે ગૌત્તમ પત્નિ અહલ્યા દેહે હતી સંપૂર્ણ નિષ્પાપી
તેણે ઇંદ્ર સાથે કર્યો વ્યભિચાર, લખી વાત ન થાયે લગાર.

જુવો જાનકીજી પડયાં દુષ્ટ હાથ, જેના સ્વામી છે કોટિ બ્રહ્માંડ નાથ;
આપોઆપ લક્ષ્મી તણો અવતાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.

વળી પાંડવોની કહું એક વાત, જેના સારથી શ્રી વઇકુંઠનાથ;
હાર્યા રાજરિદ્ધિ ને નામ, ચાલી નીસર્યાં નારી લેઈ વન સાથ;
બહુ કષ્ટ વેઠયું તેમણે વારંવાર લખી વાત મિથ્યા ન થાએ લગાર.

શા માટે તમે ભાર માથે ધરો છો, વળી હું કરું હું કરું, એ કહો છો;
કરોને તમે ચિત્ત સાથે કરાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.

કરી વીનતી સર્વને કહું વાત, રચ્યા ભૂખણે તે સુણો શ્લોક સાત;
ઘણું સાંભળ્યા જોગ સાધુ વિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.

કવિ દેવાનંદ

આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ;
મોંઘું મનુષ્ય તન રે, નાવે તારે ફરી ફરી.

ધન જોબન તન રંગ પતંગી, વણુસે વારંવારઃ
તે સારું શું જતન કરે છે, સ્વપ્નું આ સંસાર:
મેલી તેને મરવું રે ડરવું નહીં દીલ થકી.

વાસ કરો નિત્ય વૈષ્ણવ જનમાં, મનમાં માનો વાત;
દાસપણું દેવતાને દુર્લભ, જેથી જન્મ દુઃખ જાય:
ભક્તિ કરો ભાવે રે, ધરમની ટેક ધરી.

કવિ ઇચ્છારામ

ચાલો જઈયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.

પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું, શંખાસુરને મારીને;
શંખનારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને.

કચ્છરૂપે સાગર મથિયો, ચૌદ રત્ન બહાર કાઢીને;
અમૃત તો અમરોને, પાયું વિખ ધારીને;
વરાહ રૂપે પૃથ્વી લાવ્યા, આદ્ય નિરંજન આજે છે.

દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.
પ્રલ્હાદની પ્રતિપાળ પાળવા, નરસિંહ રૂપ ધર્યું:
હિરણ્યકશ્યપુ નખે વધેર્યો, વિધિનું વાચક સફળ કર્યું.

વામન રૂપે બળીને ચાંપ્યો, ઈંદ્રરાયનું કાજ કરયું.
છબીલો છડીદાર થઇ ઊભા બળીરાજાનું ભાગ્ય ફળ્યું.
ફરસી ગ્રહી નક્ષત્રી કીધી, જૈ કોંકણુ બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.
અનેક દુઃખ દેવતાના ભાગ્યાં, રાજા રાવણુ મારીને;
વિભીષણુને લંકા આપી, પથરા પાળ જ બાંધીને;
કૃષ્ણુ સ્વરુપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને,
મોરલીમાં મહા મોહ પમાડયાં, ત્રણુ લોક નર નારીને;
બુદ્ધિ રૂપે જગન્નાથજી, ઝગમગ જ્યોત બિરાજે છે.
દીનોનાથ દયાળ દામોદર દર્શનથી દુઃખ ભાગે છે.
અકળ કળા નવખંડમાં વ્યાપી, ઘટઘટમાં તમો રમી રહ્યા,
ડાકોરમાં ઠાકોર વિરાજ્યા, બોડાણુા પર કરી દયા.
ગંગાબાઇના ગુણુ વધાર્યા, સવા વાલથી ઓછા થયા;
ભકિત જાણી સારંગપાણી, ગુગળી પાછા ઘેર ગયા.
માખણિયો આરો છે સારો, લીંબડો મીઠો લાગે છે,
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.
ઊંચું દેવળ ઊંચું શિખર, ધોળી ધજા ફરફરે,
જે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યાં ગડગડે;
ગોમતી તીરે સંગમ તીરે, સંઘ આવી ત્યાં પડાવ પડે,
આઠે દહાડે શુકરવારે, વાલમનો વરઘોડો ચડે.
રણુછોડ રસિયો સૌમાં વસિયો, સૌને માથે ગાજે છે,
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.

ઉત્તર દક્ષિણુ પુરવ પશ્ચિમના, લોક દરશને આવે છે,
મોટા મોટા સંઘવી થઇને, સંઘ ડાકોરમાં લાવે છે.
જાણે નિરખું હઇડે હરખું, રૂપ ઉપર જાઉ બલિહારી;
શંખ ચક્ર ને પદ્મ બિરાજે, ગદા ધરી છે ગિરધારી,
સાકર માખણુ તુળસીની માળા, રાય રણુછોડને ચડાવે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.

હિતશિક્ષા

પતિ સાથે કેમ વર્તવું.

અબળા અરજ આજે એટલી ધણી ગુણુ કરનાર,
અંતર માંહી ઉતારજો એથી સુખ છે અપાર ..અબળા.
માતા પિતાએ પ્રેમથી જેને સોંપ્યો હાથ,
એ જ તમારો આધાર છે, એ જ જગતનો નાથ....અબળા.
એ જ તમારા ઈશ છે, વેદ વદે પુરાણુ,
એ સુખના કરનાર છે, એ જ તમારા પ્રાણુ....અબળા.
એ જ તમારા હાર છે, શોભા સઘળીનો સાર,
સર્વે એ જ સંસારમાં એ સરસ શણુગાર....અબળા.
મૃગજળ સમ સંસારમાં દુઃખ દેશો ના લેશ,
વિનય વિવેકથી નાથને, રાજી કરજો વિશેષ....અબળા.
છો તમે તેમને તો ખરાં, પ્રાણુ સમાં સહાય,
સમજી એવું નિજ અંતરે, કલેશ ન કરો જરાય....અબળા.

રીસ કરે જો પ્રાણનાથ તો ધીરજ ધરો અપાર,
શાન્ત કરો દીનનમ્રતાથી સાચો એક ઉપાય....અબળા.
તેના ચિર ભર્યો તણું તમે એક છો ઠામ,
આજે થાય જ્યારે ખોખરૂં ત્યારે શું સરે કામ....અબળા.
તેને તમે સુખ આપતાં લ્હાવો લેશો અનેક,
એમ નકકી મન જાણજો શાણાં સઘળો વિવેક....અબળા.
બળ કરવું અબળા થઇ એવું કેમ શોભશે,
અપરાધી ઇશ્વરના થશો એવું શોભશે કેમ....અબળા.
કેટલું દુઃખ છે નાથને તે વિચારો ન કેમ,
સેવા કરો શુભ રીતથી સુખ ઊપજે જેમ....અબળા.
એને જરા દુઃખ જો થશે તેનું લાગશે પાપ,
સંસારમાં દુઃખ પામશો તનમાં લાગશે લ્હાય...અબળા.
એને અનુકૂળ ચાલવું સુખ પામવા અપાર,
બંધાયા એ પ્રેમથી જોતાં સઘળો સાથ....અબળા.
અગ્નિ જમાન કરી તમે કીધો કોલ કરાર,
અંતર આંખ ઉઘાડીને કરી જો ને વિચાર....અબળા.
પ્રેમ વધારજો નાથનો રાખી સરસ સ્વભાવ,
મેળવી કંથની કૃપા વધુ સુખિયાં થાજો અપાર....અબળા.
કરવું ન એમની રજા વિના કોઇ જો હોયે કામ,
તેથી તમે જશ પામશો કદી સમજશો નહીં કાંઇ....અબળા.
હૃદયે વિચારી જોશો કદી તમે ભરથાર વિણ સંસાર,
શૂન્ય ખરેખર લાગશે આ સંસાર અસાર....અબળા.

નાથ વિના જ્યારે છે તમારો દયામણો અવતાર,
શાને વિવાદ કરો તમે, નિશદિન તેની સાથે વ્યર્થ....અબળા.
સ્વામીનો બોલ ન સાંભળે, ન કરે લેશ વિચાર,
પ્રીત પરમ તેની પામવા ન કરે પ્રયત્ન લગાર....અબળા.
શિખામણ નહિ સાંભળે, જાણે નહિ નિજ દોષ,
કંથની ઉપર જ કરે કરડી નજર વૃથા દોષને કાજ....અબળા.
નીતિરીતિ ન સમજે નાથની ન લે હૃદયે ગુણ લેશઃ
સમજે નહિ સમજાવતાં તો કહેતાં શું વિશેષ ?....અબળા.
તો તમને દુઃખ ઊપજે એવું જે કરે નારી,
લોક તજે–પતિ તજે દૂર એવી અભાગણી નાર....અબળા.
ધીક ધીક એનાં કુળ જાતને બોળ્યું બાપનું નામ,
બુદ્ધિ બળી એની તો બધી વિદ્યા આવે શું કામ....અબળા.
જન્મ ગયો એળે એહનો હાથે થઇને હેરાન,
પુણ્ય ઉપર પાણી ફેરવ્યું એથી અન્ય શી હાણ....અબળા.
પરભવના દુષ્કૃત્યથી આપે નહીં સુખ નિજ કંથને,
નારીના દુઃખથી નાવલો અતિ મનમાં ઉદાસ....અબળા.
ચિંતાના તાપ થકી વળી નાંખે ઊંડા નિશ્વાસ,
એવી વેળા અરે આવવા અબળા દેશો ન કોઇ....અબળા.
પૂર્વના પુણ્યથી જો કશું હૈડે ડહાપણ હોય,
સંતાપ ન આપતાં સ્વામીને સૌ કરતાં વિશેષ....અબળા.
એજ અચંબો અરે ખરો ફાટે હૃદય વિશેષ,
શાને માટે મૂર્ખ થાઓ છો ભૂંડાં ભૂલીને ભાન....અબળા.

બંધાયા છો સુખ આપવા રાખી દેવ જમાન,
માટે તમે ચેતી ચિતમાં કરો સઘળો વિચાર....અબળા.

તેને કહે ચતુરા સહુ જે સંસારના સાર;
તેને તમે જો વશ થશો તો તમને તે આધીન....અબળા.

જો તન મનથી પૂજશો તો તે તમને આધીન;
તન મનથી આપને આપે સુખનો ભંડાર;
એ પ્રાણનાથનો કોઇ દિન ભૂલો નહિ ઉપકાર....અબળા.

કેશવ ગરબી ગાયને કુહે, થજો સૌ ગુણવાન;
નિત્ય સદાચારમાં રહી ધરો પતિ પદે ધ્યાન....અબળા.

સ્ત્રી હિતશિક્ષાની ગરબી

શ્રી વિજય નાથ કહે સુણ હો નારી, શિખામણ દેઉં સારીજી;
વચન સર્વે વીણી લઇએ, કારજ તેહનાં થાય....શાણાં થઇએજી.
નિશા અંધારીને ને એકલડાં, કોને ઘેર ના જઇયેજી;
ગાન તાન વાજીંત્ર વાગે, જોવા ના જઇએ. શાણાં....
ગરબા ગાવા ને સાંભળવા, પર ફળિયે ના જઇએજી;
કોઇ એક માથે આળ ચડાવે, એવડુ શાને કરીએ. શાણાં....
જાત્રા જાગ્રણ ને વિવાહે, માતા પાસે રહીએજી;
સાસરિયામાં જળ ભરવાને, સાસુ સાથે જઇએ. શાણાં....
આઠ પહોર ઘરમાં રહીએ, બહાર પગલું ના દઇએજી;
કુળવંતને એ શિખામણ, વ્યસન કાંઇ ના કરીએ. શાણાં....
સહિયરોમાં ને સાસરિયામાં, કોઇને વાત ના કરીએજી;
પૂછે તેનો ઉત્તર દઇએ, નહીં તો બેસી રહીએ. શાણાં....

સાસુ કેરાં વચન સહીએ, તેને ભાર પણ આવેજી;
પર પુરુષ શું હાસ ન કીજે, ત્યારે કંથ તણે મન ભાવે. શાણાં....
ઓછું સગપણ ને એકલડાં, કોને ઘેર ના જઇએજી;
કોઇક માથે આળ ચડાવે, ઘરમાં બેસી રહીએ. શાણાં....
અબળા જોબને એકલડાં, કો'ને ઘેર ના જઇયે જી;
બુદ્ધિવંતનું મન બગાડે, ને કરે અવગણના સ્વામીજી. શાણાં....
નણંદ ને જેઠાણી આગળ, દુઃખની વાત ના કરીયેજી;
સસરા જેઠની લાજ કરીને, મોં આગળ ના ફરીયે. શાણાં....
એકલડાં એકાંતે રહીએ, કશી વાત કોને ના કરીએજી;
રસની વાત કોઇ એક કરે, ત્યારે ત્યાંથી અળગાં ખસીયે. શાણાં....
ચોકામાં ચતુરાઇએ રહીયે, રંધાતાં ના રમીયેજી;
સર્વ કોઇને પ્રસાદ કરાવી, પછવાડેથી જમીયે. શાણાં....
જોગી તપસી ને સન્યાસી, તે શું વાત ના કરીએજી;
કોનું મ્હોં ફરી નવ જોઇએ, કોઇને દોષ ના દઇએ. શાણાં....
સ્તન ઉઘાડે, છૂટે કેશે, આંગણીયે ના ફરીએજી;
ક્રોધ કરી બાળકને ના મારીએ, દુઃખ તેહને નવ દઇએ. શાણાં....
કંથ સાથે ક્રોધ કરીને, રીસાઇ નવ ફરીએજી;
વચન કાંઇ એક પાછું ન કહીએ, દુઃખ સુખ એમ સહીયે. શાણાં....
સહીયર કેરી ચોરી સમજી, કોનો સંગ ન કરીયેજી;
વિચારીને વાટે જઇએ, આઘો પગ ના દઇએજી. શાણાં....
સંપત હોય તો સ્વામી સંગે, બેસી પુણ્ય કરીએજી;
અજાણ્યા મંદિરમાં પેસી, કાંઈએ લેવા ના જઇએ. શાણાં....
આભ્રણ પહેરી અંગ સમારી, દર્પણ હાથમાં ન લઇએજી;
પિયુ પરદેશ ગયા હોય ત્યારે, કાજળ રેખ ના કરીએજી. શાણાં...

એકાંત રહી પછવાડેથી, કેને કાંઇ નવ દેઇયેજી;
જીવણજી મુક્તિ કરી કે છે, ભવસાગરથી તરીયેજી. શાણાં....
વેગમી ઉપકંઠે રહે છે, મચ્છ નગરમાં વાસજી;
શિખામણ સહુકોને દે છે, જીવણ હરિના દાસ. શાણાં....

વીર વિજય. હિત શિક્ષા

સાંભળજો સજજન નર નારી, હિત શિખામણ સારી જી રે;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી. સુણજો....
કામ વિના પર ઘર નવ જઇએ, આપે ગાળ ન દીજે જી રે;
બળિયા સાથે બાથ ન ભરિયે, કુટુંબ કલેશ નવ કીજે. સુણજો....
દુશ્મન શું પરનારી સાથે, તજીયે વાત એકાંતે જી રે;
માત બેન શું મારગ જતાં, વાત ન કરીએ રાતે. સુણજો....
રાજા રમણી ઘરનો સોની, વિશ્વાસે નવ રહીયે જી રે;
માત પિતા ગુરુ વિણ બીજાને, ગુંજની વાત ન કહીયે. સુણજો....
અજાણ્યાશું ગામ ન જઇએ, ઝાડ તળે નવ વસીએ જી રે;
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દૂર ખસીયે. સુણજો....
રમત રમતાં રીસ ન કરીયે, ભય મારગ નવ જઇયે જી રે;
બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઊભા ના રહીયે. સુણજો....
હુંકારા વિણ વાત ન કરીયે, ઇચ્છા વિણ ન જમીએ જી રે;
ધન વિદ્યાનો મદ નવ ધરીએ, નમતા સાથે નમીએ. સુણજો....
ગુરુ જોગી રાજા પંડિતને, હાંસી કરી નવ હસીએ જી રે;
હાથી વાઘ સરપ નર વઢતા, દેખીને દૂર જઇએ. સુણજો....
કૂવા કાંઠે હાંસી ન કરીએ, કેફ કરી નવ ભમીએ જી રે;
વરો ન કરીએ ઘર વેચીને, જુગટડે નવ રમીએ. સુણજો....

ભણતાં ગણતાં આળસ તજીએ, લખતાં વાત ન કરીએ જી રે;
પર હસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરીએ. સુણજો....
નામું માંડો આળસ છાંડો, દેવાદાર ન થઇએ જી રે;
કષ્ટ ભયાદિક સ્થાનક વરજી, દેશાવર જઇ રહીએ. સુણજો....
માતા ચરણે શિષ નમાવી, બાપને કરો સલામજી રે;
દેવ ગુરુનાં દર્શન કરીને, કરો સંસારનાં કામો. સુણજો....
બે હાથે માથું નવ ખણિયે, કાન નહિ ખોતરીયેજી રે;
ઊભા કેડે હાથ ન દઈએ, સામે પુર ન તરીએ. સુણજો....
તેલ તમાકુ દૂરે તજીએ, અણગળ જળ નવ પીજે જી રે;
કુલવંતી સતીને શિખામણ આના ભેગી દીજે. સુણજો....
સસરો સાસુ જેઠ જેઠાણી, નણદી વિનય ન મૂકો જી રે;
શાણપણે શેરી સંચરતાં ચતુરા ચાલ ન ચૂકો. સુણજો...
નીચ સાહેલી સંગ ન કીજે, પર મંદિર નવ ભમીએ જી રે,
રાત પડે ઘર બહાર ન જઇએ, સૌને જમાડી જમીએ. સુણજો....
ધોબણ માલણ ને કુંભારણ, જોગણ સંગ ન કરીએ જી રે;
સ્હેજે કોઈ આળ ચઢાવે, એવું શીદ આદરીયે. સુણજો....
નિજ ભરથાર ગયો દેશાવર, નવ શણગાર નવ ધરીએ જી રે;
જમવા નાતવરો નવ જઇએ, દુરિજન દેખી ડરીએ. સુણજો....
પર શેરી ગરબો ગાવાને, મેળે ખેળે નવ જઇએ જી રે;
નાવણ ધોવણ નદીકિનારે, જાતાં નિર્લજ ન થઇએ. સુણજો....
ઊપડતે પગ ચાલ ન ચાલીએ, હુન્નર સહુ શીખીએ જીરે,
સ્નાન સુવસ્ત્રે રસોઈ કરીને, દાન સુપાત્રે દીજે. સુણજો....
શોકયતણાં લઘુ બાળક દેખી, ખેદ ન ધરશો હૈયે જીરે,
તેની સુખ શીતળ આશિષે, પુત્રતણું ફળ લહીએ. સુણજો....

બાર વરસ બાળક સુરપીંડમાં, એ બે સરીખાં કહીજી રે.
ભકિત કરે સુખ લીલા પામે, ખેદ કરે દુઃખ લહીએ. સુણજો....
નરનારી બેઉને શિખામણ, મુખ લવરી નવ હસીએ જીરે,
નાત સગાનાં ઘર છોડીને, એકલડાં નવ વસીએ. સુણજો....
અતિશે ઉનું ખાટું ખારૂં, શાક ઘણું નવ ખાવું જી રે,
મૌનપણે ઓઢીંગણ વરજી, જમવા પેલા નાવું. સુણજો...
અન્ન વખાણી વખોડી ન ખાવું, તડકે બેસી ન જમવું જી રે;
માંદા પાસે રાત તજીને, નરણાં પાણી ન પીવું. સુણજો....
કંદ મૂળ અભક્ષ્યને બોળો, વાસી વિદળને વરજો જી રે;
જૂઠ તજો પર નિંદા હિંસા, જો વળી નરભવ સરજો. સુણજો....

મોટા લોક વિષે

મોટાની કરીએ નહિ, જાણી અજાણી વાત;
મોટાની વઢવાડમા, ગરીબ મનુષ્યની ઘાત.
મંદવાડ જે ગરીબનો, જોરાવરનું જાર;
પ્રગટ ન થાયે પલકમાં, ભસે સૌ ભારોભાર.
અજ હત્યા અદકી કરે, નાસે દેખી વાઘ;
પ્રત્યક્ષ દીઠું પારખું, બળિયાના બે ભાગ.
ગરીબને સહુ ગંજશે, કોણ આવ્યું કોણ જાય;
પૂછે કોણ પ્રતાપીને, ગુણ તેના સહુ ગાય.
બગાસું ખાય બળિષ્ટ જન, ચપટી વાગે ત્રણ્ય;
તેને કોણ પૂછી શકે, કથા સુણે કોણ કર્ણ.
એવાં કામ બને અધિક, મોટા જનને મહેલ;
ગરીબ બિચારાં શું કરે, શ્રીમંતને સહુ સહેલ.
નીચું મન કદી નવ કરે, તે મોટા કહેવાય;
સાત લાંઘણ જો સિંહ કરે, તો ય તરણું નવ ખાય.

તુલસીદાસની સાખીઓ



સત્ય વચન ઔર દીનતા, પર સ્ત્રી માત સમાન;
ઇતને સે હરિ ના મીલે, તો તુલસીદાસ જમાન.

તુલસી યે સંસારમેં, ભાત ભાતકે લોગ;
સબસે હીલમીલ ચાલીએ, નદી નાવ સંજોગ.

ઉંચા કુલ કીસ કામકા, જહાં નહિ હરિકો નામ;
તુલસી નીચ વહી ભલો, જીસ મુખ હરિકો નામ.

તુલસી પંછીનકે પીએ, ઘટે ન સરિતા નીર;
ધર્મ કીએ ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.

તુલસી હાય ગરીબકી, કભી ન ખાલી જાય;
મુવા ઢોરકા ચામસે, લોહા ભસ્મ હો જાય.

રામ નામ સબ કોઈ કહે, ઠગ ઠાકોર ઓર ચોર;
વિના પ્રેમ રીઝે નહિ, તુલસી નંદકિશોર.

તુલસી નીચે જનસે, બને ન ઊંચો કામ;
મઢત નગારા ના બને, ચૂવા કેરે ચામ.

તુલસી તલપ ન છોડીએ, નિશ્ચે લીજે નામ;
મનુષ્ય મજુરી દેત હે, ક્યું રખેગા રામ.

તુલસી તબ મેં જાનીયો, બડો ગરીબ નીવાજ;
મોતી કણુ મોંઘા કીયા, સોંઘા કીયા અનાજ.

તુલસી સમય વહી ગયો, જાણ્યા નહિ જુગદીશ;
જનની જણતાં નાડ કટી, ક્યું ના કાટયો શિષ.

એક ઘડી આધી ઘડી, આધીમેં પણ આધ;
તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ.

દયા ધર્મકો મૂળ હે, પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છોડીએ જબ લગ ઘટમેં પ્રાણ.

આવ નહિ આદર નહિ, નહિ નેનનમેં નેહ;
વો ઘર તુલસી ન જોઇએ, કંચન બરસે મેહ.

આવ હય આદર હય, હય નેનનમેં નેહ;
તુલસી વા ઘર જાઇએ, લોહા વરસે મેહ.

તુલસી સીતારામકુ, રીજ ભજો કે ખીજ;
ઉલટા સુલટા વાવીએ, જયું ખેતરમાં બીજ.

તુલસી કીડા લીમકા, ચખા ચાહે ખાંડ;
મન ચાહે વૈરાગકું, ઘરકું ચાહે રાંડ.

તુલસી વશીકરણ મંત્ર હૈ, તજીએ વચન કઠોર;
મીઠી મીઠી બાત હે, વશીકરણ નહિ ઓર.

મોર મુગટ નીચે ધરો, કીટ મુગટ ધરો શીશ;
ધનુષ્ય બાણ હસ્તક ધરો, તો તુલસી નામે શીષ.

કયા કહું છબી આજકી, ભલે બિરાજો નાથ;
તુલસી મસ્તક તબ નમે, ધનુષ્ય બાણ લો હાથ.

તુલસી મટે નહિ મોહ તમ, કોટી કરો ગુણ ગ્રામ;
હૃદય કમલ ફુલે નહિ, બીન રઘુકુળ રઘુરામ.

સતીઆ સત નવ છોડીએ, સત છોડે પત જાય;
સતકી બાંધી લક્ષ્મી, ફીર મીલેગી આય.

ચિત્રકુટકે ઘાટપર. ભઇ સંતનકી ભીર;
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર.

તુલસી પર ઘર જાયકે, દુઃખ ન કહીએ રોય;
ન અપના ભરમ ગુમાઇએ, જો હોની હોય સો હોય.

તુલસી રેખા કરમકી, કણુ ન મીટે રામ;
મેટન સમરથ હય પણ, સમજ કીયો હય કામ.

ન ધન રહે ન જોબન રહે, ન રહે ગામ ને ઠામ;
તુલસી જગમેં જશ રહે, જો કરદે કીસીકો કામ.

પરધન પથ્થર જાણીએ, પર સ્ત્રી માત સમાન;
ઇતને સે હરિ ના મીલે તો, તુલસીદાસ જમાન.

રામ નામકા આલશી, ભોજનકો હુશિયાર;
તુલસી એસે નરકો વાર: વાર ધિક્કાર.

તુલસી કહે ઈસ જગતમેં, સબસે મીલીએ ધાય;
ક્યા જાણે કીસ બેસસેં, રામચંદ્ર મીલ જાય.

સેજ મીલ સો દુધ બરાબર, માંગ લીયા સો પાણી;
ખેંચ લીયા સો રકત બરાબર, બોલે તુલસીવાણી.

ચાર પહર ધંધો કરે, ચાર પહર રહો સોઈ;
રામ નામ ઘડી ના લીયો, મુકિત કહાંસે હોઇ.

કાલ કરંતો આજ કર, આજ કરંતો અબ;
અવસર વીત્યો જાત હે, ફીર કરેંગે કબ.

સંકટસે સાધુ ભયે, સાધુસે મુનીજન હોય;
ચલા જાવે વૈકુંઠમેં, પલા ન પકડે કોય.

જપ માલા છાપા તિલક, સરે ન એકે કામ;
મન રાચે જાયે વૃથા, સાચે રાચે રામ.

ભકિત બીજ છલકે નહિ, જો જુગ જાયે અંનત;
ઉંચ નીચ ઘર જન્મ લે, તોઉ સંતકો સંત.

રામ નામ સબ કોઇ કહે, દિલસે કહે ન કોય;
એકવાર દિલસે કહે, કોટી યજ્ઞ ફળ હોય.

આવ કહેસો ઓલિઆ, બેઠ કહે સો પીર;
જીસ ઘર આદર ભાવ નહીં, ઉસકા કાટો શીર.

રામ રૂપૈયા રોકડે, ખરચત ખૂટત નાહી;
લેતે દેતે ના ઘટે, એસી ચીજ કોઇ નાહી.

કળજુગ સમાન કોઈ જુગ નહી, જો જપે શ્રીરામ લોલાય;
બીજા જુગે મુશ્કીલ મળે, કળજુગમાં મળે જલ્દી આય.

રામ ઝરૂખે બેઠકે, સબકા મુજરા લેત;
જેસી જીનકી ચાકરી, તેસા તીનકું દેત.

રામ નામકી લૂંટ હે, લૂંટ શકે તો લૂંટ,
અંતઃકાળ પસ્તાયગો, પ્રાણ જાયગો છુટ.

જનની જણ તો ભકત જન, કાં દાતા કાં શૂર;
નહીં તો રહેજે વાંઝણી; મત ગુમાવીશ નૂર.

મેં જાણ્યું પ્રભુ દૂર હય, હરિ હય હૃદયામાંહિ;
આડી ત્રાડી કપટકી, તાસે દીસત નાંહિ.

કંચન ત્યાગો સહેજ હય, સહેજ ત્રીયાકા નેહ;
માન બડાઇ ઓર ઈર્ષા, તુલસી દુર્લભ દેહ.

જેસો દીલ હરામસે, તેસો હરિસે હોય;
ચલા જાય વૈકુંઠમેં, પલ્લા ન પકડે કોય.

લેનેકું હર નામ હે, દેનેકું અન્નદાન;
તરનેકું આધીનતા, બુડનેકું અભિમાન.

પાણી તો વહેતા ભલા, બાંધ્યા ગંદા હોય;
સંત તો રમતા ભલા, દાગ ન લાગે કોય.

બડો બડાઇ ન કરે. બડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.

ચીંતાસે ચતુરાઈ ઘટે, દુખસે ઘટે શરીર;
પાપસે લક્ષ્મી, ઘટે કહે ગયા દાસ કબીર.

ભરતે અપની જનની તજી. પિતા તજે પ્રહલાદ;
વિભિષણ અપના ભાઇ તજે, શ્રી રામકે કાજ.

માલા બનાઈ કાષ્ટકી, બીચમે ડાલા સૂત;
માલા બીચારી કયા કરે, જપને વાલા કપૂત.

કયા કહું રઘુનાથજી, સબ કરમકા ખેલ,
વિભિષણકું લંક દીયા, હનુમાનજીકું તેલ.

બ્રાહ્મણ ભયે તો કયા ભયે, ગલેમે ડાલા સૂત;
આત્મજ્ઞાનકી ખબર નહીં, ભયે સ્મશાનકા ભૂત.

ચંદન પડા ચમાર ઘર, નીત ઉઠ કુટે ચામ;
ચંદન બિચારા કયા કરે, પડા નીચસે કામ.

મરના મરના સૌ કહે, મરી ન જાણે કોય;
જો મરનેકુ જાણે તો, ફીર ના મરના હોય.

મનકી જાણે દીલકી જાણે, જાણે ચીતકી ચોરી;
ઉનસેં કયુ છુપાઇએ, જીસ્કે હાથમેં દોરી.

અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ;
દાસ મલુકા યું કહે, સબકા દાતા રામ.

પશુકી તો પનિયા ભઇ, નરકો કછુ ન હોય;
નર જો કરણી કરે તો, નરકો નારાયણ હોય.

કહેતે સો કરતે નહીં, મુખકે બડે લબાડ;
કાળા મુખ લે જાયગા, સાહેબકે દરબાર.

આશા તો રામ નામકી, દુજી આશ નિરાશ;
નદી કિનારે ઘર કરો, કદી ન મરે પ્યાસ.

ઢોર ઘડતાં મનુષ્ય ઘડયો, ભૂલ્યો શીંગ ને પૂછ;
તુલસી હરિકી ભકિત બીન, ધીક દાઢી ધીક મૂછ.

તુલસી કહે મેં પારખ્યું, પરખ્યા રામ રતન;
જપ તપ તીરથ કાચમણી, ત્યાં નહી માન્યું મન.

તુલસી તુલસી સબ કોઈ કહે, તુલસી બનકા ઘાસ;
કૃપા ભઇ રઘુનાથકી, હો ગયે તુલસીદાસ.

તુલસી એ સંસારમે, સબી ભકત બન જાય;
નર્ક કુંડ ખાલી પડે, વૈકુંઠ કહાં સમાય.

તુલસી જહાં વિવેક નહીં, તહાં ન કરીએ બાત;
સત શબ્દ એક હૈ, કર કર કપુર કપાસ.

શ્વાસે શ્વાસમાં રામ ભજ, મિથ્યા શ્વાસ મત ખોય;
ના જાણે એ શ્વાસકી, આવન ફીર નહીં હોય.

ચલના ભલા ન કોસકા, દુહિતા ભલી ન એક;
મંગના ભલા ન બાપસે, જો પ્રભુ રાખે ટેક.

પાવ પલકી ખબર નહીં, કરે જો કલકી બાત;
જીભ પર જમ ફિરતહે, જ્યું તેતર પર બાજ.

ઓછે નરકે પેટમેં, રહે ન મોટી બાત;
પાવ શેરકે પાત્રમે, કેસે શેર સમાત.

ભકિત એસી કીજીએ, જેસો ટંકણખાર;
આપ જલે પર રીઝવે, ભાગ્યાં સાંધે હાડ.

ઘર બાળે ઘર ઊગરે, ઘર રાખ્યે ઘર જાય;
એક અચંબા એસા દેખા, જો સમા કાળકું ખાય.

સાંઈ મેરા બનીયા બની, કરે વણજ વેપાર;
બીન ડાંડી બીન તાજુડી, તોળે સબ સંસાર.

રામ નામકે કારણે, સબ ધન ડાલ્યો ખોય;
મુરખ જાણે ગીર પડયો, દીન દીન દુગુણો હોય.

રામ નામ સબ કોઇ કહે, ઠગ ઠાકોર ઓર ચોર;
ધ્રુવ પ્રહ્‌લાદ જો તર ગયે, વોહી નામ કછુ ઓર.

ગુરુ બીન જ્ઞાન ન ઊપજે, ગુરુ બીન મીલે ન ભેદ;
ગુરુ બીન સંશય ના મીટે, જય જય શ્રી ગુરુદેવ.

કરત કુસંગ ચાહત કુશલ, એહી બડો અફસોસ;
સમુદ્રકો મહિમા ઘટયો, રાવણ ભયો પડોસ.

જીવ જીવકે આશરે, જીવ કરત હે રાજ;
તુલસી રઘુવર આશરે, ક્યું બગડેગો કાજ.

તુલસી ધીરજ કે ધરે, કુંજર મણભર ખાય;
ટુક ટુકકે કારણે, શ્વાન ઘરોઘર જાય.

સી કહેતે શ્રી ઉપજે, તા કહેતા તમ નાસ;
તુલસી સીતા જો કહે, રામ નામ લે પાસ.

મુખ દીયા સુમરનકું, સુનનેકું દીયા કાન;
તરનેકું આધીનતા, બુડનેકું અભિમાન.

જુહાર જુહાર વણિક કહે, ન જાણે જુહારકા ભેદ;
ભેદ જાણે બીન રહત હય, આઠો પહર બહુ ખેદ.

જજામે જગદીશ હય, હહામે હરિ સાર;
રામે રામ રમી રહ્યો, તાકા નામ જુહાર.

સુમરન એસો ચાહીએ, જાકો કરીએ ધ્યાન;
સત જુગ ત્રેતા દ્વાપર, કળી ચારે જુગ પરમાન.

રામ નામ રટતે રહો, જબલગ ઘટમે પ્રાણ;
કબહુ દીન દયાળકું, શબ્દ પડેગા કાન.

સબ નદીયાં ગંગા વહે, સબ પથ્થર સાલીગ્રામ;
સબ વનસ્પતિ હય તુલસી, જાકે હૃદય રામ.

તુલસી એ સંસારમેં, કોણ ભયો સમર્થ;
એક કંચન દોઉ કુચ પર, કો ન પસાર્યો હાથ.

એક દીન એસા હોયગા, કોઇ કીસકા નાહી;
ઘરકી નારી કોન કહે, તનકી નાડી નાહી.

તુલસી એ સંસારમેં, પંચ તત્વ હે સાર;
સંત સમાગમ હરિભજન, દયા દાન ઉપકાર.

તુળસી દેવો કઠીન હય, જો કીસુકો દેત;
સુરજ હોત સંસારમેં, ફેર આપનો લેત.

મેરે મન કછુ ઓર હય, કરતા કે કછુ ઓર;
ઓધવ કહે માધવસે, સબ જુઠી મનકી દોર.

તુલસી રસના તો ભલી, જો તું સુમીરે રામ;
નહીંતર કાઢી નીકાસીયે મુખસે ભલો ન ચામ.

તુલસી સોહી ચતુરતા, રામ ચરણ જો લીન;
પરધન પરમન હરણકું, વેશ્યા બડી પ્રવીણ.

તુલસી ખોટે દાસકો, રઘુપતિ રાખત રામ;
જ્યું મુરખ પુરોહિત (ગોરને), દેત દાન જજમાન.

રામ ભરોસો રામ બળ, રામ નામ વિશ્વાસ;
સુમિરિ નામ મંગળ, કુશળ માંગત તુલસીદાસ.

વૃથા લાભ સંતોષ સુખ, રઘુવર ચરણ સ્નેહ;
તુલસી જો મન વશ કરે, તો જેસે વન તેસે ગેહ.

તુલસી મમતા રાખશો, સમતા સબ સંસાર;
રાગ ન રોષ ન દોષ દુઃખ, દાસ ભયે ભવપાર.

પરમેશ્વરસે પ્રીત રાખે, ઓર પરનારીસે હસના;
તુલસી દોનો ના બને, લોટ ખાય ઓર હસના.

માયાસે માયા મીલે, કર કર લંબે હાથ;
તુલસી રંક ગરીબકી, કોઈ ન પૂછે બાત.

પારસમણિ અરૂ કામધેન; કલ્પતરૂકી વાડ;
તુલસી હરિકે ભજન બીન, તાતે ભલો ઉજાડ.

જ્ઞાન ગરીબી હરિ ભજન, કોમળ વચન અદોય;
તુલસી કબહુ ન છાંડીએ, ક્ષમા શીલ સંતોષ.

તુલસી જગમેં આયકે, કર લીજે દો કામ;
દેનેકો ટુકડા ભલા, લેનેકો હરિ નામ.

અન હોની પ્રભુ કર શકે, હોનહાર મીટ જાય;
તુલસી ઇન સંસારમે, પ્રભુ ભજન સુખદાય.

અરબ ખરબસે દ્રવ્ય મીલે, ઉદય અસ્તસે રાજ;
તુલસી હરિકે ભજન બીન, સબી નર્કકો સાજ.

ચતુરાઇ ચૂલે પડી, ધીક પડયો આચાર;
તુલસી ભગવત ભકિત બીન, ચારો વર્ણ ગમાર.

તુલસી અજ્ઞાનીકું, ધરત નહીં મન ધીર;
પીછે બાળક જન્મ લે, આગે ઉપજત ખીર.

ગંગા જમના સરસ્વતિ, સાત સમુદ્ર ભરપૂર;
તુલસી ચાતકકે મને, બીન સ્વાતિ સબ ધુર.

તુલસી બુરા ન માનીએ, જો ગમાર કહી જાય;
જેસે ઘરકા નર્દવા, (ખાલ મોરી) ભલા બુરા બ્હાં જાય.

તુલસી જીસકે મુખસેં, કબુ ન નીકલે રામ;
તીનકે મુખમેં ડારીએ, નવ સાગરકો બામ.

તુલસી એ તન તવા હય, તપત સદા ત્રિતાપ;
શાંતિ હોય જબ શાંતિ, પદ પાવે રામ પ્રતાપ.

શાહી ગઇ સફેતી આઇ, કરલે હરીસે હેત;
ફીર પીછે પસ્તાયેગો, ચીડીઆં ચુગ ગઇ ખેત.

ગીતા પઢે, ભાગવત પઢે, પઢે ન ગ્યાન સપુત;
દયા નહિ, શાંતિ નહિ, બડે માયકે પુત.

કયા દુર્જનકી ચાકરી, કયા લંગડેકી સાથ;
કયા અંધેકુ આસરા, કયા બહેરેસે બાત

જ્યાં રામ ત્યાં કામ નહિ, જ્યાં કામ ત્યાં નહિ રામ;
તુલસી દોની ના રહે, દીન રજની એક ઠામ.

તુલસી મીટે નહિ કલ્પના, ગયે કલ્પતરૂ છાહ;
જ્યાં લગી દેવ ન કરે કૃપા જનકસુતાકે નહિ.

કોટી વિઘ્ન સંકટ વિકટ, કોટી શત્રુ જન સાથ;
તુલસી બળ નહીં કરી શકે, જો સંતુષ્ટ રઘુનાથ.

જ્યાં સંતોષ ત્યાં રામ હય, રામ સંતોષ નહીં ભેદ;
તુલસી સંતોષ રહત નહીં, સહત વિવિધ વિધ ખેદ.

નીચ નીચાઇ નહીં તજે, જો પાવે સતસંગ;
તુલસી ચંદન લપેટીકે, વિષ ન તજે ભુજંગ.

તુલસી ત્યાં ન જાઇએ, જ્યાં કપટીકા હેત;
મુખ મીઠી બાતાં કરે, અંત કટારી પેટ.

તુલસી વહાં ન જાઇએ, જનમ ભુમીકે ગામ;
ગુણુ અવગુણુ જાણે નહીં, ધરે પીછલો નામ.

તુલસી એસે મુંઢ હે; ઘસે ચામસે ચામ;
નેન ઝપાટા મારીએ, દરશન હીસે કામ.

તુલસી બાંહ સપુતકી, જો ધોખે છુઇ જાય;
આપ નીભાએ જનમભર, લડકનસે કહે જાય.

તુલસી દીલમેં દયા નહીં, ઔર કહાવે સાધ;
વાકી મુખકું દેખતાં, કોટી લગે અપરાધ.

રામ નામ અમોલ હય, બીન દામહી બીકાય;
તુલસી અચરજ દેખીઓ, કોઇ ગ્રાહક ન થાય.

માળા તો મનકી ભલી, ઔર કાષ્ટકા ભાર;
માળામે જો ગુણ હોત તો, ક્યું બેચત મણીઆર.

કાલ શીરપર પગ ધરે, સતગુરૂકા ઉપદેશ;
સતગુરૂ પકડી બાંહડી, લે ચલે અપના દેશ.

૯ નામ લીઆ જેને સબ લીઆ, સકલ શાસ્રકો ભેદ;
બીના નામ નરકે ગયે, પઢ પઢ ચારો વેદ.

ભેદ થકે, બ્રહ્મા થકે, થકે શેષ મહેશ;
ગીતાકું જહાં ગમ નહીં, વહાં સતગુરુકા દેશ.

જાત હમારી આતમા, પરમેશ્વર પરિવાર;
સગા હમારા સંત હે, શિરપર સરજનહાર.

જાત હમારી આતમા, પ્રાણ હમારો ગામ;
અલખ હમારાં ઇષ્ટ હે, ગગન હમારો ગામ.

કયા ધરતીકો ફેર હે, કયા આભકો તોલ;
કયા સાધુકી જાત હે, કયા પારસકો મોલ.

સાધુકી જાત ન પુછીએ, જો પુછો સોહી ગ્યાન;
મોલ હોત તલવારકા, ધરા રહેગા મ્યાન.

અવિનાશી કે આશરે, અજરામરકી ઓટ;
દાદુ શરણે સંતકે, કદી ન લાગે ચોટ.

દયા ગરીબી બંદગી, એ રાખો દીલ માંય;
દાદુ કાંટા જીભકા, કીસે લગાવો નાંય.

તન કર મન કર વચન કર, કહાકું દુખવત તાંય;
તુલસી એસે સંતજન, રામ રૂપ જગ માંય.

દયા ગરીબી બંદગી, સુમતિ શીલ સ્વભાવ;
એ તો લક્ષણુ સાધકે, આદિ ભકિત શણગાર.

સાધુ ન માગે માગણા, જો માગે વો ભાંડ;
સતી ન પીસે પીસણો, પીસે એ તો રાંડ.

સબ બન તો તુલસી ભઇ, સબ પર્વંત સાલીગ્રામ;
સબ નદી ગંગા વહે, જો ચીને આતમરામ.

માયાકે પરપંચમે હમ, જુગ જુગ રહ ભુલાય;
ગુરૂ મહારાજ મોહ તારીએ, અબ વૃથા જન્મ નહીં જાય.

માયા હે બહુ ભ્રાંતિકી, કોઇ ખરચે કોઈ ખાય;
એક મીલાવે નામસે, એક નર્ક લઇ જાય.

માયા મોટો તુંબડો, તે તારૂને તારે;
અણુતારૂ કરી આંધળો, તેને મુંઝવીને મારે.

માંગણ મરણ સમાન હે, મત કોઇ માગો ભીખ;
માગ્યાસેં મરના ભલા, એ સતગુરૂકી રીત.

અહંકારકી અગ્નિમે, બહ્યો જાત સંસાર;
તુલસી બચ ગયે સંત જન, કેવળ નામ આધાર.

રામ ચરણ અનુરાગ બીન, મન લહે શ્રુતિ બોધ;
સહસ્ત્ર બાતકી બાત એક, કહું સહસ્ત્ર ગ્રંથ શોધ.

બહોત ગઇ થોડી રહી, નારાયણ અબ ચેત;
કાલી ચીડીયાં ચુગ રહી, નિશદીન આયુ ખેત.

બની બનાઈ બન રહી, ઓર બનનેકી નાહીં;
તુલસી યા વિધિ સમજકે, મગન રહો મનમાંહી.

ગંગા, જમના, ગોદાવરી, સિંધુ, સરસ્વતી સંગ;
સકલ તીર્થ તહીં બસત હે, જહાં હરિકથા પ્રસંગ.

તુસસી કહત પુકારકે, સુનો સકલ દે કાન;
હેમદાન ગજદાનસે, બડો દાન સન્માન.

પ્રારબ્ધ પહેલે બની, પીછે બના શરીર;
તુલસી યહ આશ્ચર્ય હય, મનમાંહી બાંધે ધીર.

દીપ શીખા સમ યુવતી, રસ મન જો હોસી પતંગ;
ભજહી રામ તજ કામ મદ, કરહી સારા સતસંગ.

કામ ક્રોધ લોભાદિ મદ, પ્રબલ મોહકી ધાર;
તીનમે અતી દારૂણ દુઃખ, માયા રૂપી નાર.



રામ ભરોસો રાખ લે, અપને મનકે માંહીં;
કારજ સઅહી સુધારહી, બીગડે કછુ નાહીં.

રામ ભરોસો છાંડકે, કરે ભરોસો ઓર;
સુખ સંપતકી કયા ચલી, નર્ક ન પાવે ઠોર.

તનકર, મનકર, વચનકર, દેન ન કાહુ દુઃખ,
તુલસી પાતક ઝર રહે, દેખત ઉનકો મુખ.

તુલસી જન્મ તેહી લીખ્યો, દુઃખસુખ જીય કે સાથ;
વ્યાધિ મીલે સો વૈદસો, કલમ ગ્રહી કયું હાથ.

પ્રારબ્ધ જયો તો દીઓ, જબલગ રહે શરીર;
તુલસી ચિંતા મત કરો, ભજલો શ્રીરઘુવીર.

નીચ નીચ સબ તર ગયે, સંત ચરણ લવલીન;
જાતિકે અભીમાનસે, બુડે બહોત કુલીન.

કોઇ તો તન મન દુઃખી, કોઇ ચિત ઉદાસ;
એક એક દુઃખ સબનકે, સુખી સંતકા દાસ.

કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમે ખાન;
તુલસી પંડિત મૂરખા, દોઉ એક સમાન.

પાણી વાધ્યો નાવમે, ઘરમાં વાધ્યો દામ;
દોનુ હાથ ઉલેચીએ, એહી શીઆનો કામ.

પ્રેમ બરાબર યોગ નહીં, પ્રેમ બરાબર ધ્યાન;
પ્રેમ ભકિત બીન સાધવા, સબહી થોથા જ્ઞાન.

કબીરની સાખીઓ



ચલતી ચક્કી દેખકે, દીયા કબીરા રોય;
દો પડ ભીતર આયકે, સાબીત રહા ન કોય.

મન મરે માયા મરે, મરમર જાત શરીર;
આશા તૃષ્ણા ના મરે, કહે ગયા દાસ કબીર.

કામીકા ગુરુ કામ હે, લોભીકા ગુરુ દામ;
કબીરકા ગુરુ સંત હે, સો સંતનકા ગુરુ રામ.

કબીર કહે કનક કામિની, દોનો વિકટ બડી જાલ;
જાત હે હરી મીલનકું, તો બીચમે ડાલે સાલ.

માયા બડી ચોરટી, ફાંસ બેઠી હે વાઢ;
નિરગતસે ફાંસા પડે, કબીરા ગયે કાઢ.

કપટીકે મન કપટ બસે, શૂરકે મન સંગ્રામ;
લોભી કે મન ધન બસે, કબીરા કે મન રામ.

કબીરા કહે મેં હર ભજું, સુવે મુકિત પાઉં;
દોનું હાથમે મોદક હય, મન માને સો ખાઉં.

કબીરા કોઠી કાષ્ટકી, ચોફેર લાગી અંગાર;
માંહે પડયા સો ઉગર્યા, જલ ગયા દેખનહાર.

કબીર કહે ન રાચીએ, ભાણે બેસી ભ્રાત;
પેટમેંસે પીછા કાઢે, એસા મેરા નાથ.

સાહેબકા ઘર દૂર હય, જેસી લંબી ખજૂર;
ચડે તો ચાખે પ્રેમ રસ, ગીરે તો ચખના ચુર.

મનકા કહા ન કીજીએ, મન જ્યાં ત્યાં લે જાય;
પણ મનકો એસા મારીએ, કે ટુક ટુક હો જાય.

લક્ષ્મી કહે મેં નીત્ય નવી, કોઇની ન પુરી આશ;
કીતને સિંહાસન ચઢ ગયે, કીતને ગયે નિરાશ.

સાહેબકે દરબારમેં, સાચેકું શીરપાવ;
જુઠા તમાચા ખાયગા, કયા રંક કયા રાય.

કબીરા કહે મેં ટેક ગ્રહી, ગ્રહી શકે નહી કોય;
પલ ભર વીસરૂં રામકું તો, ગુરૂ હત્યા મુઝે હોય.

સુખીઓ સબ સંસાર, ખાવે ઓર સોવે;
દુખીઆ દાસ કબીર, ગાવે ઓર રોવે.

કબીરા તેરી ઝુંપડી, ગલકટોકે પાસ,
કરેગા સો ભરેગા, તું કયું હોત ઉદાસ.

કબીરા પુકારી યું કહે, શોધો આપ શરીર;
પાંચ ઇન્દ્રી વશ કરો, તો આપે દાસ કબીર.

કબીરા ખડા બજારમેં, લીએ લો કાઠી હાથ:
જો ઘર કુંકે આપના, સો ચલે અમારે સાથ.

સાધ મીલે સાહેબ મીલે, અંતર રહી ન રેખ;
મનસા વાચા કર્મણા, સાધુ સાહેબ એક.

કબીર પંડીત સબ મુઆ, પઢ પઢ વેદ પુરાન;
ભક્તિ ન જાની રામકી, બાજ રહા નીશાન.

નારી નાગન એસી ભઇ, દો તરફસે ખાય;
જીવતે જીવ તો ધન હરે, મુએ નર્ક લઇ જાય.

નારી સબ નઠારી મત કહો, કોઇ તો રતનકી ખાણ;
નારીસે નર ઉપજ્યા, ધ્રુવ પ્રહલાદ સમાન.

ગંગા કિનારે ઘર કરો, નહાવો નિર્મલ નીર;
દાન વિના ના પામીએ, કહે ગયા દાસ કબીર.

માયા એસી ડાકણી, ખાયો સબ સંસાર;
એક ન ખાયો કબીરકો, જે રહ્યો રામ કે આધાર.

કબીર સુતે સુતે કયા કરો, જાઓ જમનાકે તીર;
એક એક ગોપીકે પ્રેમમે, હો ગયે કોટી કબીર.

કરડા શબ્દ કબીરકા, સુનતે લગ જાય આગ;
અજ્ઞાની જલ જલ મરે, જ્ઞાની સોતા જાગ.

સાખી એક કબીરકી, શીખી કહી ન જાય;
રજભર સંચરે ઘટમાં, વો અમર લોક લે જાય.

કપટીકે મન કપટ બસે, શૂરકે મન સંગ્રામ;
લોભી કે મન ધન બસે, કબીરા કે મન રામ.

કબીરા કહે મેં હર ભજું, મુવે મુક્તિ પાઉં;
દોનું હાથમે મોદક હય, મન માને સો ખાઉં.

કબીરા કોઠી કાષ્ટકી, ચોફેર લાગી અંગાર;
માંહે પડયા સો ઉગર્યા, જલ ગયા દેખનહાર.

કબીર કહે ન રાચીએ, ભાણે બેસી ભ્રાત;
પેટમેંસે પીછા કાઢે, એસા મેરા નાથ.

સાહેબકા ઘર દૂર હય, જેસી લંબી ખજૂર;
ચડે તો ચાખે પ્રેમ રસ, ગીરે તો ચખના ચુર.

મનકા કહા ન કીજીએ, મન જ્યાં ત્યાં લે જાય;
પણ મનકો એસા મારીએ, કે ટુક ટુક હો જાય.

લક્ષ્મી કહે મેં નીત્ય નવી, કોઇની ન પુરી આશ;
કીતને સિંહાસન ચઢ ગયે, કીતને ગયે નિરાશ.

સાહેબકે દરબારમેં, સાચેકું શીરપાવ;
જુઠા તમાચા ખાયગા, કયા રંક કયા રાય.

કબીરા કહે મેં ટેક ગ્રહી, ગ્રહી શકે નહી કોય;
પલ ભર વીસરૂં રામકું તો, ગુરૂ હત્યા મુજે હોય.

સુખીઓ સબ સંસાર, ખાવે ઓર સોવે;
દુખીઆ દાસ કબીર, ગાવે ઓર રોવે.

કબીરા તેરી ઝુંપડી, ગલકટોકે પાસ,
કરેગા સો ભરેગા, તું કયું હોત ઉદાસ.

કબીરા પુકારી યું કહે, શોધો આપ શરીર;
પાંચ ઇન્દ્રી વશ કરો, તો આપે દાસ કબીર.

કબીરા ખડા બજારમેં, લીએ લો કાઠી હાથ:
જો ઘર કુંકે આપના, સો ચલે અમારે સાથ.

સાધ મીલે સાહેબ મીલે, અંતર રહી ન રેખ;
મનસા વાચા કર્મણા, સાધુ સાહેબ એક.

કબીર પંડીત સબ મુઆ, પઢ પઢ વેદ પુરાન;
ભક્તિ ન જાની રામકી, બાજ રહા નીશાન.

નારી નાગન એસી ભઇ, દો તરફસે ખાય;
જીવતે જીવ તો ધન હરે, મુએ નર્ક લઇ જાય.

નારી સબ નઠારી મત કહો, કોઇ તો રતનકી ખાણ;
નારીસેં નર ઉપજ્યા, ધ્રુવ પ્રહલાદ સમાન.

ગંગા કિનારે ઘર કરો, નહાવો નિર્મલ નીર;
દાન વિના ના પામીએ, કહે ગયા દાસ કબીર.

માયા એસી ડાકણી, ખાયો સબ સંસાર;
એક ન ખાયો કબીરકો, જે રહ્યો રામ કે આધાર.

કબીર સુતે સુતે કયા કરો, જાઓ જમનાકે તીર;
એક એક ગોપીકે પ્રેમમે, હો ગયે કોટી કબીર.

કરડા શબ્દ કબીરકા, સુનતે લગ જાય આગ;
અજ્ઞાની જલ જલ મરે, જ્ઞાની સોતા જાગ.

સાખી એક કબીરકી, શીખી કહી ન જાય;
રજભર સંચરે ઘટમાં, વો અમર લોક લે જાય.

કબીર માયા રામકી, ચડી નામપે ફુંદ;
હુકમ મીટયા રામકા, આપ ભઇ હે ખુદ.

કબીર કરણી આપકી, કયા કરે કિરતાર;
સાચે સુખપતિ હોત હે, જુઠા આવે માર.

કબીર માલા કાષ્ટકી, ઓત જપનકા ફેર;
માલા ફેરા શ્વાસકી, જામે ગાંઠ ન મેર.

ભૂપ દુઃખી અબધૂત દુઃખી, દુઃખી રંક વિપરીત;
કહે કબીર એ સબ દુઃખી, સુખી સંત મનજીત.

કબીર સોઈ પીર હય, જો જાણે પર પીડ;
જો પર ન જાનહી, સો કાફર એ પીર.

કબીર કલીયુગ કઠીન હય, સાચ ન માને કોય;
કામ ક્રોધ ઓર મશખરા, તીનકા આદર હોય.

કથા કીર્તન કલી વિશે, ભવસાગરકો નાવ;
કહે કબીર જગ તરનકો, નાહી ઓર ઉપાય.

કથા કીર્તન રાત દીન, જાકે ઉદ્યમ એહ;
કહે કબીરતા સાધકી, હમ ચર્ણનકી ખેહ.

કબીર લજ્જા લોકકી, બોલે નહીં સાચ;
જાન બુજ કંચન તજે, કયું તું પકડે કાચ.

કબીર માયા પાપીણી, બહુ મીલાઇ લોગ;
પુરી કીનહુ ન ભોગવી, ઇસકા એહી વિયોગ.

કબીર માયા મોહની, મોયે જાન સુજાન;
ભાગે હું છોડે નહીં. ભઠ ભર મારે બાન.

— સમાપ્ત —